# જૈન પાઠાવલી

## શ્રેણી ૫-૮




પ્રકાશક:
શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
સંચાલિત:
માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

# પ્રકાશન દિન

| | | |
|---|---|---|
| વીર સંવત | : | 2551 |
| વિક્રમ સંવત | : | 2081 |
| ઈ.સ | : | December 2025 |
| પ્રત | : | 1500 |
| જ્ઞાનાર્થે | : | 25 ₹ |

## પ્રાપ્તિ સ્થાન

**શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ**

**: સંચાલિત :**

**માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ**

આરાધ્યા–૧અર્થ–ગ્રાઉન્ડ ફ્લોર, H–વીંગ, નાયડુ કોલોની,
પંતનગર, ઘાટકોપર (ઈ)– મુંબઈ – ૪૦૦ ૦૭૫

Office : 9702277914
Chaaya Coticha : 9029933775
Alpa Mehta : 9820596646

E-mail : jainshikshanboard@gmail.com
website : www.jainshikshan.org




## આજીવન - શ્રુત સેવા શિરોમણિ

(કાયમી દાતા)

**શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના શ્યામ પરિવારના શિષ્યરત્ન**
**પ. પૂ શ્રી ધૈર્ય - સૌમ્ય ગુરુદેવના શિષ્ય પ. પૂ ઉપાધ્યાયજી**
**શ્રી ભવ્ય ગુરુદેવના સુશિષ્ય તપસ્વીરત્ન**
**પ. પૂ શ્રી રાજવિર્યમુનિ મહારાજ સાહેબનું**

## જીવન દર્શન



દીક્ષા દિન - **1st ફેબ્રુઆરી, 2015**
(ઉંમર વર્ષ - **63**) અને
ત્યાર બાદનો તપમય માર્ગ
અઠ્ઠાઈ - **62**, માસક્ષમણ - **4**,
16 ભથ્થાં - **3**

**॥ पच्छावि ते पयाया, खिप्पं गच्छंति अमरभवणांइ**
**जेसिं पिओ तवो संजमो य खंती य बंभचेरं च ॥**

**પાછલી ઉંમરે દિક્ષીત થનાર આત્મા પણ તપ, સંયમ,**
**ક્ષમા અને બ્રહ્મચર્યના પાલનથી શિઘ્રાતીશિઘ્ર ઉચ્ચ ગતિને પામે છે.**

### દીક્ષા પૂર્વ જીવન

ગામ રવ (કચ્છ-વાગડ) ના સુશ્રાવક શ્રી કરસનભાઈ દેવરાજભાઈ કારીયાના પુત્રરત્ન શ્રી રાયશીભાઈ, શ્રી થાણા સંઘના પ્રમુખ પદે 7 વર્ષ સુધી સેવાને જીવનમૂલ્ય બનાવી, અનેક ધાર્મિક પ્રવૃત્તિઓનું સફળ નેતૃત્વ કરનાર અને આ સમયમાં 64 પ્રહરી ચૌવિહારા પૌષધ-અઠ્ઠાઈ જેવી તપસ્યાની એ પાવન ક્ષણોમાં અંદરથી સંયમ જીવન માટે ઊંડો ભાવ ઉદ્‌ભવ્યો.

એવા શ્રી ગુરુભગવંતને કોટી કોટી પ્રણામ

# આજીવન - શ્રુત સેવા શિરોમણિ

(કાયમી દાતા)



**માતુશ્રી નીલુબેન રાયશીભાઈ કરસનભાઈ કારીયા**

**ગામ-રવ (કચ્છ વાગડ) હાલ-થાણા, મુંબઈ**

શ્રી થાણા સંઘની પાઠશાળામાં છેલ્લા 40 વર્ષથી
નિ:સ્વાર્થ ભાવથી જ્ઞાનદાતા તરીકે સેવા અર્પણ કરી રહ્યા છે.

તેમના સેવા કાર્યકાળ દરમિયાન સેંકડો બાળકોમાં જ્ઞાનનું
સિંચન કર્યુ  અને અનેક બહેનોને દીક્ષા ગ્રહણ કરવાની પ્રેરણા મળી છે.

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની જ્ઞાનપ્રચારના કાર્યમાં સહકાર આપી સ્વયંના
જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર, લોકોત્તર પુણ્યનો બંધ કરનાર દાતા પરિવારનો

## ધાર્મિક શિક્ષણ બોર્ડ

**ખૂબ -ખૂબ આભાર માને છે તેમના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે.**

# શ્રુતાધાર



સ્વ. શ્રી પુષ્પાબેન ભૂપેન્દ્રભાઇ શેઠ
હ. હેતલ પરાગ શેઠ, વૃતાંશ (કાંદિવલી) - મુંબઇ



ચી. જૈની અજયભાઈ લાખાણી, બોરીવલી (વેસ્ટ)

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની
જ્ઞાનપ્રસારના કાર્યમાં સહકાર આપી
સ્વયંના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર
લોકોત્તર પુણ્યનો બંધ કરનાર સોહમ મહિલા મંડળનો
ધાર્મિક શિક્ષણ બોર્ડ ખૂબ ખૂબ આભાર માને છે
તેઓના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે

|| નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ ||

## શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Brihad Mumbai Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva Dharmik Shikshan Board,

Aaradhya - 1 Arth, Ground floor, H-Wing, Nayadu Colony, Pant Nagar, Ghatkopar (E), Mumbai- 400077

## જ્ઞાનદાન મહાદાન

### જ્ઞાન યોજના

1,00,000/- શ્રુતસ્તંભ

| | | | |
|---|---|---|---|
| 75,000/- | શ્રુતાધાર | 11,000/- | શ્રુતસહયોગી |
| 51,000/- | શ્રુતપ્રભાવક | 5000/- | શ્રુતસહાયક |
| 25,000/- | શ્રુતપ્રેરક | 2,500/- | શ્રુતઅનુમોદક |

દેશ-વિદેશના હજારો પરીક્ષાર્થીઓ શ્રેણી 1 થી 25 ની પરીક્ષાઓ આપીને જ્ઞાનવૃદ્ધિ કરી રહ્યા છે. આપશ્રી જ્ઞાનદાન યોજનામાં સહભાગી બનશો અને અન્યને અનુમોદના માટે પ્રેરિત કરશોજી.

## Banking Details for DONATION to Dharmik Sikshan Board

**A/c Name** : Shree Greater Bombay Vardhaman Sthanakvasi Jain Mahasangh
**Bank Name** : Bank of Baroda
**A/C No** : 70130100028329
**Branch** : Ghatkopar East
**IFSC Code** : BARBOGHAEAS

**ચેક/ ડ્રાફ્ટ શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થા.જૈન મહાસંઘ નામે લખો**

# અતીતની અટારીએથી

આજે વિશ્વમાં પ્રલોભનો વધી રહ્યાં છે. આજનો માનવી સૂર્યોદયથી સૂર્યાસ્ત નહીં પણ મધરાત સુધી યંત્રવત્ દોડી રહ્યો છે. સમય અને નિરાંત જેવા શબ્દો તો એના જીવનના શબ્દકોષમાંથી ક્યારના રવાના થઈ ગયાં છે, ત્યારે પ્રશ્ન થાય છે કે, આ બધી દોટ કોના માટે ?

ત્યારે જવાબ છે કે, સુખ, સમૃદ્ધિ, અખૂટ સંપત્તિ માટે!

પણ શું આટલી દોડાદોડ કર્યા પછી આ બધું મળે છે ખરું ?

કદાચ યંત્ર યુગમાં સમૃદ્ધિ અને સંપત્તિ મળી જાય છે પણ જીવન યંત્રવત્ બની જાય છે અને સુખ-શાંતિના હવાતિયા મારવા છતાં સુખ-શાંતિ તો વહેંત છેટા રહી જાય છે. દરેક વ્યકિત કોઈને કોઈ દુ:ખથી ઘેરાયેલી છે. આ બધાં દુ:ખોથી મુક્ત થવું હોય તો સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માનો ધર્મ અને ધર્મની યથાર્થ સમજણ જ સહાયક થાય છે.

પરિસ્થિતિને જાણીને સમજીને વિચક્ષણ દીર્ઘદ્રષ્ટા વડીલોની આગેવાની લઈને અંદાજે 60 વર્ષ પૂર્વે એટલે કે, 30.07.1961 ના બૃહદ મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘની આગેવાની હેઠળ માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

જૈનધર્મના 32 આગમમાંથી પ્રેરણા લઈ આગમ સાગરમાંથી મંથન કરીને સરળ ભાષામાં તેનો બોધ થઈ શકે તે માટે, સમસ્ત વિશ્વનાં સ્થાનકવાસી જૈનોના જૈનધર્મ આધારિત જ્ઞાનનો વિકાસ થાય તે માટે ધાર્મિક શિક્ષણ બોર્ડે પ્રારંભમાં શ્રેણી એકથી સાતના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા. આ પાઠ્યક્રમ તૈયાર કરવામાં પૂજ્ય શ્રી સંત-સતીજીઓનો અવિસ્મરણીય સાથ સહકાર મળ્યો.

પછી ક્રમશ: સંઘના વિદ્વાનોએ course નો વિકાસ કર્યો, જેને કારણે આજે એકથી પચ્ચીસ શ્રેણીનો course તૈયાર થઈ ગયો છે અને જ્યારે-જ્યારે જરૂર લાગી ત્યારે નવી આવૃત્તિમાં ફેરફાર પણ કર્યા છે. વર્તમાને ફરીથી આ book ફેરફાર સાથે નવા સ્વરૂપમાં આપણે પ્રકાશિત કરીએ છીએ. આની પાછળનો હેતુ આબાલવૃદ્ધ બધાં આમાં જોડાઈ શકે અને વધુમાં વધુ લોકો પરમાત્માના ધર્મની સન્મુખ થાય, એ જ છે.

સમય અનુસાર ક્રમિક વિકાસ કરતાં-કરતાં આજે માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ સંસ્કાર સિંચન સાથે સંસ્કાર સંપન્ન ભાવિ પેઢીના નિર્માણ માટે કાર્યશીલ છે.

Course તૈયાર કરવામાં અનેક ઉપકારી ગુરુ ભગવંતો, ગુરુણી ભગવંતોનું માર્ગદર્શન મળ્યું છે. અને એ માર્ગદર્શન અનુસાર અભ્યાસુ શ્રાવક-શ્રાવિકાઓએ પોતાનું યોગદાન આપ્યું છે. એ દરેકનું અમે અભિવાદન કરીએ છીએ.

આ Course ને કારણે આજ સુધીમાં લાખો લોકો પરીક્ષાના માધ્યમથી જૈનત્વના સંસ્કારને પામ્યા અને ભવિષ્યમાં પણ વધુમા વધુ લોકો આ અભ્યાસક્રમમાં જોડાઈને સુસંસ્કારને પામીને પોતાના ભાવિને ઉજ્જવળ બનાવે એ જ અભ્યર્થના.

## ધાર્મિક શિક્ષણ બોર્ડની પ્રવૃત્તિ

1. 60 વર્ષોથી જૈનધર્મના જ્ઞાન પ્રસાર અર્થે જૈનશાળા અને મહિલા મંડળની ધાર્મિક પરીક્ષાઓનું આયોજન કરનારી સંસ્થા
2. પરીક્ષા માટે જરૂરી પુસ્તકોનું પ્રકાશન.
3. શિક્ષકોના અને વિદ્યાર્થીઓના સંમેલનો યોજી તેમને અભ્યાસક્રમની સમજણ આપવી.
4. શ્રેણીની પરીક્ષાઓનાં ઈનામી મેળાવડાનું આયોજન કરવું.
5. જ્ઞાનદાતા શિક્ષકોનું અભિવાદન.
6. બાલ પાઠાવલી એવમ એકથી પચ્ચીસ શ્રેણી સુધીનો વિસ્તૃત અભ્યાસક્રમ ઉપલબ્ધ અને નવી શ્રેણીનો વિકાસ.
7. જૈન ધર્મનું ઊંડું જ્ઞાન ધરાવતા અનુભવી અને કુશળ જ્ઞાનદાતા દ્વારા ધાર્મિક અને આધ્યાત્મિક શિબિરોનું આયોજન.
8. Technology ના માધ્યમથી online, મૌખિક અને લિખિત પરીક્ષા દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈમાં લેવામાં આવે છે.
9. વૈશ્વિક (global) પરીક્ષાનું આયોજન, online certificate અને ઇનામ વિતરણ.

આ પુસ્તકમાં છદ્મસ્થાવસ્થાને કારણે
જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# મહાપ્રભાવક શ્રી નવકાર મંત્ર

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજ્ઝાયાણં

નમો લોએ સવ્વ સાહૂણં

એસો પંચ નમોક્કારો

સવ્વપાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હવઈ મંગલં

# જૈન પાઠાવલી

## અનુક્રમણિકા


| | ગુણ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|

### શ્રેણી 5

| | | |
|---|---|---|
| સૂત્ર વિભાગ | 30 | 2 - 24 |
| તત્ત્વ વિભાગ<br>સંસ્કાર વિભાગ | 50 | 25 - 76 |
| કથા વિભાગ | 10 | 77 - 91 |
| કાવ્ય વિભાગ | 10 | 92 - 99 |

### શ્રેણી-6

| | | |
|---|---|---|
| સૂત્ર વિભાગ | 30 | 99 - 105 |
| તત્ત્વ વિભાગ<br>સંસ્કાર વિભાગ | 50 | 106 -155 |
| કથા વિભાગ | 10 | 156 - 165 |
| કાવ્ય વિભાગ | 10 | 168 - 171 |

### શ્રેણી-7

| | | |
|---|---|---|
| સૂત્ર વિભાગ | 30 | 172 - 181 |
| તત્ત્વ વિભાગ<br>સંસ્કાર વિભાગ | 50 | 182 - 206 |
| કથા વિભાગ | 10 | **207 - 223** |
| કાવ્ય વિભાગ | 10 | (જુઓ શ્રેણી 8 pg. no 335 – 344) |

### શ્રેણી-8

| | | |
|---|---|---|
| સૂત્ર વિભાગ | 30 | 224 - 243 |
| તત્ત્વ વિભાગ<br>સંસ્કાર વિભાગ | 50 | 244 - **296** |
| કથા વિભાગ | 10 | 317 - 333 |
| કાવ્ય વિભાગ | 10 | 334 - 343 |
| પરિશિષ્ટ | | 344 - 367 |

# અભ્યાસક્રમ : શ્રેણી 5


| | | |
|---|---|---|
| **સૂત્ર વિભાગ** | **(ગુણ 30)** | **પૃષ્ઠ** |
| 1. સંપૂર્ણ સામાયિક, પ્રતિક્રમણ સૂત્ર પાઠ, અર્થ, | | 2 - 24 |
| 2. પ્રશ્નોત્તર, પુનરાવર્તન પ્રતિક્રમણ: નવમાં વ્રતથી માંગલિક સુધીના પાઠના અર્થ તથા પ્રશ્નોત્તર | | |
| **તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગ** | **(ગુણ 50)** | |
| 1. કર્મ સ્વરૂપ, કર્મ પ્રકૃતિ તથા કર્મની અવસ્થા | (ગુણ-25) | 25 - 52 |
| 2. છ આરાના ભાવ (કાળચક્ર) | (ગુણ-20) | 53 - 71 |
| 3. પૂ. સાધુ-સાધ્વીજીને ગોચરી વહોરાવવાની સમજણ અને સચેત-અચેતની સમજણ | (ગુણ-05) | 72 - 76 |
| **કથા વિભાગ** | **(ગુણ 10)** | |
| 1. ભગવાન ઋષભદેવ | | 77 |
| 2. કામદેવ શ્રાવક | | 85 |
| 3. બે કાચબા | | 89 |
| **કાવ્ય વિભાગ** | **(ગુણ 10)** | |
| 1.સાધુ વંદના (1 થી 77 કડી) | | 92 - 99 |


**Total:100 Marks**

# સૂત્ર વિભાગ

## ❖ પ્રતિક્રમણ સૂત્ર પાઠ 14 : સામાયિક વ્રત ❖

**પ્ર-1: સાધુની અને શ્રાવકની સામાયિકમાં શો ફેર છે ?**

**ઉ-1** (1)સાધુની સામાયિક જાવજ્જીવની હોય છે. શ્રાવકની અમુક સમયની (બે ઘડી, ચાર ઘડી વગેરે) હોય છે. (2) સાધુની સામાયિક 3 કરણ અને 3 યોગથી એમ 9 કોટિથી લેવામાં આવે છે. શ્રાવકની સામાયિક સામાન્ય રીતે બે કરણ અને ત્રણ યોગથી એમ 6 કોટિથી અથવા 8 કોટિથી લેવામાં આવે છે. (8 કોટિનો પાઠ – કરંતં પિ અન્નં ન સમણુજાણામિ, વયસા, કાયસા શબ્દો બોલવામાં આવે છે.)

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) સાવદ્ય યોગ કોને કહે છે ? (2) નવમા વ્રતના અતિચાર કેટલા ?
(2) કયા કયા ? (3) સામાયિક કેવડી ? (4) પ્રથમ શિક્ષાવ્રત ક્યું છે ?

## ❖ પ્રતિક્રમણ પાઠ 15 : દેશાવગાસિક વ્રત ❖

**પ્ર-1: દેશાવગાસિક વ્રત કોને કહે છે ?**

**ઉ-1:** પહેલાનાં બધાં વ્રતોમાં જે મર્યાદાઓ આજીવન માટે કરી હતી, તેને ટૂંકાવી હજી પણ વધુ મર્યાદા પ્રતિદિન માટે કરવી, તે દેશાવગાસિક વ્રત છે.

**પ્ર-2: વર્તમાનમાં આ વ્રત સંક્ષેપમાં શી રીતે કરવામાં આવે છે ?**

**ઉ-2:** વર્તમાનમાં વ્રતસંક્ષેપ ચૌદ નિયમોથી કરવામાં આવે છે :

(1) સચેત – ખાવા પીવાની સચેત વસ્તુની મર્યાદા.
(2) દ્રવ્ય – ખાવા-પીવાનાં કુલ દ્રવ્યોની મર્યાદા.
(3) વિગય – દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, ખાંડ, મીઠાઈની મર્યાદા.
(4) સ્નાન – સ્નાનની સંખ્યા તથા તેમાં પાણીની મર્યાદા.

(5) પગરખાં – બૂટ– ચંપલની સંખ્યાની મર્યાદા

(6) દિશા – રહેઠાણની ચારે દિશામાં જવાની મર્યાદા.

(7) શયન – સૂવા – બેસવાના પલંગ, સોફા, ખુરશી વગેરેની મર્યાદા.

(8) બ્રહ્મચર્ય – યથાશક્તિ બ્રહ્મચર્ય પાળવું.

(9) કુસુમ – ફૂલ તથા સુગંધી દ્રવ્યોની મર્યાદા.

(10) વિલેપન – શરીરે લગાવવાના ક્રીમ, પાઉડર, તેલ વગેરેની મર્યાદા.

(11) વાહન – વાહનની સંખ્યાની મર્યાદા.

(12) વસ્ત્ર – રોજના પહેરવાનાં / વાપરવાનાં વસ્ત્રોની મર્યાદા.

(13) ભોજન – દિવસમાં કેટલીવાર તથા કેટલો આહાર વાપરવો તેની મર્યાદા.

(14) મુખવાસ – મુખવાસ કેટલી જાતના અને કેટલા વાપરવા તેની મર્યાદા.ઉપરોક્ત ધારણા પ્રમાણે પચ્ચક્ખાણ દુવિહં, તિવિહેણં, ન કરેમિ, ન કારવેમિ, મણસા, વયસા, કાયસા, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

**પ્ર-3: છઠ્ઠા વ્રત અને દશમા વ્રતમાં શું ફરક છે?**

**ઉ-3:** છઠ્ઠા વ્રતમાં દિશાની મર્યાદાના જાવજ્જીવના પચ્ચક્ખાણ કરવામાં આવે છે. દશમા વ્રતમાં એક દિવસ-એક રાત્રિ માટે દિશા અને ભોગ-ઉપભોગની મર્યાદા કરવામાં આવે છે.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) દશમા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા? (2) દશમું વ્રત કેટલી કોટિથી ગ્રહણ કરવામાં આવે? (3) એક અહોરાત્રિ એટલે કેટલો સમય? (4) મુનિજીવનનાં સેમ્પલનું વ્રત કયું? (5) દશમું વ્રત લેવાની તથા પારવાની વિધિ શું? (પ્રતિક્રમણના પુસ્તકના આધારે તૈયાર કરવી.) (6) બીજું શિક્ષાવ્રત કયું છે?

## ❖ પ્રતિક્રમણ પાઠ 16 : પરિપૂર્ણ પૌષધવ્રત ❖

**પ્ર-1: પૌષધવ્રત એટલે શું ?**

**ઉ-1:** જ્ઞાન, દર્શન અને ચારિત્ર વડે આત્માને પોષણ આપવું તે.

**પ્ર-2: પ્રતિલેખન, પ્રમાર્જન એટલે શું ?**

**ઉ-2:**વસ્ત્ર આદિ ઉપયોગમાં આવનાર બધાં ઉપકરણોમાં કોઈ જીવ છે કે નહીં, તેનું નિરીક્ષણ (જોવું) કરવું, તે પ્રતિલેખન છે. જીવ આદિ દેખાય તો તેને જતનાપૂર્વક હળવા હાથે પૂંજણી કે રજોહરણથી સુરક્ષિત સ્થાને મૂકવું, તે પ્રમાર્જન છે.

**પ્ર-3: પૌષધમાં કે દશમા વ્રતમાં પ્રતિલેખન કે પ્રમાર્જન શેનું શેનું કરવું જોઈએ?**

**ઉ-3:** પૌષધમાં કે દશમા વ્રતમાં પહેલા મુહપત્તિ, પછી ગુચ્છો, રજોહરણ, વસ્ત્ર, (આટલું ક્રમથી) સંથારિયું, પૌષધશાળા, પરઠવાની ભૂમિ, ગોચરીના પાત્ર અને પુસ્તક આદિ ઉપયોગમાં લેવાતી /લીધેલી દરેક વસ્તુઓનું પ્રતિલેખન કરવું જોઈએ.

**પ્ર-4: પૌષધવ્રતમાં શેના શેના પચ્ચક્ખાણ કરવામાં આવે છે ?**

**ઉ-4:** ચારે આહારનાં, અબ્રહ્મ ન સેવવાનાં, ઝવેરાત અને સુવર્ણ સાથે ન રાખવાના, ફૂલની માળા ન પહેરવાના, ચંદન આદિનું વિલેપન નહીં કરવાના, શસ્ત્ર, સાંબેલાં વગેરેથી થતાં 18 પ્રકારનાં પાપકારી કાર્ય નહીં કરવાના પચ્ચક્ખાણ કરવામાં આવે છે.(પૌષધવ્રત ગ્રહણ કરવાની તથા પારવાની વિધિ પ્રતિક્રમણના પુસ્તકના આધારે તૈયાર કરવી.)

**પ્ર-5: પ્રહર એટલે શું ? પૌષધ કેટલા પ્રહરનો કરાય છે ?**

**ઉ-5:** પ્રહર એટલે દિવસ કે રાત્રિનો ચોથો ભાગ. (અંદાજે પોણા ત્રણથી ત્રણ કલાક) તેને પોરસી પણ કહે છે. સંપૂર્ણ પૌષધ આઠ પ્રહરનો થાય છે. માત્ર રાત્રિનો પૌષધ ગ્રહણ કરવો હોય, તો ચાર પ્રહરનો રાત્રિપૌષધ

ગ્રહણ કરી શકાય છે.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

1. આ વ્રત કેટલી કોટિથી ગ્રહણ કરવામાં આવે છે ?
2. અગિયારમા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ?
3. અગિયારમું વ્રત કેટલા સમય માટે (અથવા પ્રહર માટે) ગ્રહણ કરવામાં આવે છે ?
4. ત્રીજું શિક્ષાવ્રત કયું છે ?

## ❖ પ્રતિક્રમણ પાઠ 17 : અતિથિ સંવિભાગ વ્રત ❖

**પ્ર-1: અતિથિ સંવિભાગ વ્રત એટલે શું ?**

**ઉ-1:** ગૃહસ્થના પોતાના ઉપયોગમાં લેવાતા હોય તેવા આહાર આદિ 14 પ્રકારની વસ્તુઓ જેના આવવાની કોઈ તિથિ કે સમય નક્કી ન હોય, તેવા પંચમહાવ્રતધારી સાધુઓને ફક્ત આત્મકલ્યાણની ભાવનાથી વહોરાવવી, તેને અતિથિ સંવિભાગ વ્રત કહે છે. દરેક શ્રાવકે આવો લાભ મેળવવાની રોજ ભાવના ભાવવી જોઈએ.

**પ્ર-2: પાઢિયારી અને અપાઢિયારી વસ્તુઓ કોને કહે છે ?**

**ઉ-2:** જે વસ્તુઓ સાધુ-સાધ્વી વહોરી લીધાં પછી પાછી આપતાં નથી, તેને અપાઢિયારી વસ્તુઓ કહે છે. જે વસ્તઓને સાધુ-સાધ્વીજી વહોરી લીધાં પછી પોતાના ઉપયોગમાં લઈને પાછી આપી દે છે, તેને પાઢિયારી વસ્તુઓ કહે છે.

**પ્ર-3: સાધુ-સાધ્વીજીને કેટલી વસ્તુ વહોરાવી શકાય ? તેમાં પાઢિયારી અને અપાઢિયારી વસ્તુઓ કઈ કઈ ?**

**ઉ-3:** સાધુ-સાધ્વીજીને 14 પ્રકારની વસ્તુ વહોરાવી શકાય :અપાઢિયારી વસ્તુઓ 8 છે. તેનાં નામ : (1) આહાર, (2) પાણી, (3) મેવા-મીઠાઈ, (4) મુખવાસ, (5) વસ્ત્ર, (6) પાત્ર, (7) કાંબળી, (8) રજોહરણ.
પાઢિયારી વસ્તુઓ 6 છે, તેનાં નામ : (1) બાજોઠ, પાટલા આદિ. (2) પાટ, પાટિયું, (3) શય્યા, મકાન, (4) સંથારિયું, (5) ઔષધ,

(6) ભેષજ.

**પ્ર-4: ઔષધ અને ભેષજમાં શો ફેર છે ?**

**ઉ-4:** સૂંઠ, હળદર, આંબળા, હરડે, લવિંગ વગેરે એક એક દ્રવ્ય 'ઔષધ' કહેવાય છે. હિંગાષ્ટક ચૂર્ણ, ત્રિફળા વગેરે અનેક દ્રવ્યવાળી વસ્તુઓ 'ભેષજ' કહેવાય છે.

**પ્ર-5: શું સાધુ-સાધ્વીને વહોરાવવા લાયક વસ્તુઓ 14 જ છે ?**

**ઉ-5:** આ 14 વસ્તુઓ મુખ્યત્વે સાધુઓને કામમાં આવે છે, તેથી તેનો મન ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સિવાય ધર્મ ઉપયોગી પુસ્તકો, સોય, કાતર વગેરે સમજી લેવું.

**પ્ર-6: શું સાધુ-સાધ્વીઓ જ દાનને પાત્ર છે ?**

**ઉ-6:** સાધુ-સાધ્વીજીને દાન દેવું એ સુપાત્રદાન છે, તેથી આ વ્રતમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રતિમાધારી શ્રાવક, વ્રતધારી શ્રાવક અને સ્વધર્મીને પણ દાન કરી શકાય છે. તે સિવાય બીજાને અપાતું દાન તે અનુકંપાથી થતું દાન છે.

**પ્ર-7: તીર્થંકરને 14 દાનમાંથી કેટલાં અને કયાં દાન દેવાય ?**

**ઉ-7:** તીર્થંકર વસ્ત્ર, પાત્ર, કંબલ અને રજોહરણ ન રાખતા હોવાથી તે 4 દાન સિવાયનાં 10 દાન તેમને આપી શકાય.

**પ્ર-8: બારમા વ્રતને ધારણ કરનારે મુખ્યત્વે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ ?**

**ઉ-8:** (1) રસોઈ બનાવનારે અને જમનારે સચિત્ત વસ્તુઓ દૂર રાખીને બેસવું જોઈએ.(2) ઘરમાં પણ સચેત અને અચેત વસ્તુઓને અલગ અલગ રાખવાની વ્યવસ્થા કરવી જોઈએ.(3) કાચા પાણીના છાંટા, લીલી વનસ્પતિ, શાકભાજીનો કચરો ઘરની જમીન પર ફેલાયેલો ન રાખવો.
(4) અચેત પાણી બનાવ્યું હોય તો તે સાંજ સુધી રાખી મૂકવું.
(5) ગોચરીના સમયે ઘરના દરવાજા ખુલ્લાં રાખવા વિવેક રાખવો.
(6) પોતે સૂઝતા હોય તો પોતાના હાથે વહોરાવવાની ઉત્કૃષ્ટ ભાવના

રાખવી. (7) ગોચરીની વિધિની જાણકારી સાધુ-સાધ્વીજી પાસેથી જાણી લેવી તથા તે જ્ઞાનમાં વધારો કરતા રહેવું. (8) પોતે સૂઝતા કે અસૂઝતા હોય, તો જે હોય તે સાચું બોલવું.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) કરણ, કોટિ વગરનું વ્રત કયું ?
(2) બારમા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ?
(3) બારમા વ્રતમાં શેની ભાવના ભાવવામાં આવે છે ?
(4) ચોથું શિક્ષાવ્રત કયું છે ?

**12 વ્રત અને સંથારાના કરણ, યોગ અને કોટિને સમજાવતું કોષ્ટક**

| વ્રત | કરણ | યોગ | કોટિ | વિગત |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 6 | દુવિહં તિવિહેણં |
| 2 | 2 | 3 | 6 | દુવિહં તિવિહેણં |
| 3 | 2 | 3 | 6 | દુવિહં તિવિહેણં |
| 4 | 2<br>1 | 3<br>1 | 6<br>1 | દેવતા સંબધી દુવિહં તિવિહેણં<br>મનુષ્ય, તિર્યંચ સંબંધી એગવિહં એગવિહેણં |
| 5 | 1 | 3 | 3 | એગવિહં તિવિહેણં |
| 6 | 2 | 3 | 6 | દુવિહં તિવિહેણં |
| 7 | 1 | 3 | 3 | એગવિહં તિવિહેણં |
| 8 | 2 | 3 | 6 | દુવિહં તિવિહેણં |
| 9 | 2 | 3 | 6 | દુવિહં તિવિહેણં |
| 10 | 2<br>1 | 3<br>3 | 6<br>3 | દિશા સબંધી દુવિહં તિવિહેણં<br>ઉવભોગ પરિભોગ સબંધી એગવિહં તિવિહેણં |
| 11 | 2 | 3 | 6 | દુવિહં તિવિહેણં |
| 12 | 0 | 0 | 0 | કરણ, કોટિ વિનાનું વ્રત |
| સંથારો | 3 | 3 | 9 | તિવિહં તિવિહેણં |

## ❖ પ્રતિક્રમણ સૂત્ર : પાઠ 18 : સંથારો – અનસન ❖

**પ્ર-1: મરણ કોને કહે છે ? તેના મુખ્ય ભેદ કેટલા છે ?**

**ઉ-1**: આયુષ્ય કર્મ પૂર્ણ થયા બાદ આત્માનું શરીરથી અલગ થવું અથવા શરીરમાંથી પ્રાણનું નીકળવું તેને 'મરણ' કહે છે.**શાસ્ત્ર**ની અપેક્ષાએ મરણના બે પ્રકાર છે- (1) **સકામ મરણ** : સમકિતની હાજરીમાં થતું જ્ઞાનીનું મરણ તે.(2) **અકામ મરણ**: મિથ્યાત્વની હાજરીમાં થતું અજ્ઞાનીનું મરણ.

**વ્રત**ની અપેક્ષાએ મરણના ત્રણ પ્રકાર છે- (1)**બાલમરણ:** તે અવિરતિ જીવોનું, (2)**બાલપંડિત મરણ:** તે દેશવિરતિ શ્રાવકનું, (3) **પંડિત મરણ :** તે સર્વવિરતિ સાધુનું મરણ.

**પ્ર-2: અનસન એટલે શું? સંલેખના એટલે શું? સંલેખના ક્યારે કરાય છે?**

**ઉ-2:** અનસન એટલે યાવત્ જીવન માટે પ્રત્યાખ્યાન પૂર્વક આહાર પાણીનો ત્યાગ કરવો. બાર તપમાં પ્રથમ તપ અનસન છે.સંલેખના તે અનસન ધારણ કરતાં પહેલાં તેની પૂર્વ તૈયારી કરવારૂપ છે. સંલેખના અનસન ધારણ કરવાના જઘન્ય 6 મહિના પહેલાં અને ઉત્કૃષ્ટ 12 વર્ષ પહેલાં કરી શકાય છે. વ્યવહારમાં અનસન માટે સંલેખણા કે સંથારો શબ્દ વપરાય છે.

**પ્ર-3: સંથારો એટલે શું ?**

**ઉ-3:** સંથારો એટલે અનસન. 3 કે 4 પ્રકારના આહારનો જાવજીવ કે થોડા કાળ માટે ત્યાગ કરવો.

**પ્ર-4: સંથારામાં શેના શેના પચ્ચક્ખાણ કરવામાં આવે છે ? તે બતાવતા મૂળ પાઠના શબ્દો પણ લખો.**

**ઉ-4:** સંથારામાં 18 પાપ, 4 આહાર અને 1 શરીરના ત્યાગરુપ એ 23 બોલના પચ્ચક્ખાણ કરવામાં આવે છે. મૂળપાઠ, સવ્વં પાણાઈવાયં

પચ્ચક્ખામિ...થી... ઈમં શરીરં, સુધી.

**પ્ર-5: સંથારાનું મહત્વ શું છે ?**

**ઉ-5:** સંથારો એ (1) શ્રાવક તથા સાધુનો ત્રીજો મનોરથ છે. (2) શ્રાવકનો ચોથો વિસામો છે. (3) પાપનું પ્રાયશ્ચિત્ત છે. (4) સકામ મરણ તથા પંડિત મરણ છે.

**પ્ર-6: સંથારો ક્યારે કરવામાં આવે છે ?**

**ઉ-6:** જયારે શરીર ધર્મારાધના કરવા માટે સક્ષમ ન હોય, શક્તિઓ ક્ષીણ થઈ ગઈ હોય, શરીરમાં અસાધ્ય રોગ થયો હોય કે મારણાંતિક ઉપસર્ગ આવે ત્યારે અનસન કરવામાં આવે છે. જેમકે આનંદ શ્રાવકનું અનસન.

**પ્ર-7: સંથારો લેવાની વિધિ શું છે ?**

**ઉ-7:**(1)પૌષધશાળા પૂંજીને તથા લઘુનીત, વડીનીતની જગ્યા જોઈને તથા પૂંજીને, પથારી કરવી. પછી (2)પૂર્વ તથા ઉત્તર દિશામાં મુખ રાખીને, પર્યંકાસન (પલાંઠી) અથવા અનુકૂળ આસને બેસીને, બે હાથ જોડીને ડાબો ઢીંચણ ઊભો રાખીને ત્રણ નમોત્થુણં -સિદ્ધ ભગવંતને, અરિહંતદેવને તથા ધર્મગુરુને કરવા.

પછી પૂ. સાધુ-સાધ્વીજી કે અનુભવી શ્રાવક/શ્રાવિકા સમક્ષ પોતાના બાર વ્રતોમાં લાગેલા અતિચારોની નિષ્કપટ આલોચના કરી પ્રાયશ્ચિત્ત લેવું. પછી (4) ચારે આહારનો, અઢાર પાપનો અને શરીરનો ત્રણ કરણ અને ત્રણ યોગથી એમ નવ કોટિએ ત્યાગ કરવો. તે માટે પાઠના આ શબ્દો બોલવા **"સવ્વં પાણાઈવાઈયં... થી... વિહરિસ્સામિ"** અહીં સુધીનો પાઠ બોલીને સંથારાના પચ્ચક્ખાણ એક-એક દિવસ ઉમેરતાં કે જાવજ્જીવના કરવામાં આવે છે.જો પૂ. સાધુ-સાધ્વીજી કે શ્રાવકનો સંયોગ ન મળે તો સ્વયં (પોતે) આલોચના કરીને સંથારો ગ્રહણ કરી શકે છે. જો પાણીનો આગાર રાખવો હોય તો સંથારો ગ્રહણ કરતી વખતે **'પાણં'** શબ્દ ન બોલવો. ગાદી, પલંગ વગેરેનો આગાર સંથારો ગ્રહણ કરતી વખતે નિશ્ચિત કરી લેવો. ગૃહસ્થની સેવાની છૂટ હોય છે.

**પ્ર-૮:સંથારાની કેટલી કોટિ? કઈ કઈ? ગણાવો.**

**ઉ-૮:ત્રણ કરણ :** (1) હું પોતે સાવદ્ય યોગ કરું નહીં. (2) કરાવું નહીં, (3) અનુમોદું નહીં. **ત્રણ યોગ :** (1)મન, વચન અને કાયા. 3 કરણ x 3 યોગ = 9 કોટિએ અનસનના પચ્ચક્ખાણ કરવામાં આવે છે. તે નવ કોટિ આ પ્રમાણે છે : (1) કરું નહીં એ કરણ અને મનથી તે યોગ, એમ, (2) કરાવું નહીં મનથી અને (3) અનુમોદું નહીં મનથી, (4) કરું નહીં વચનથી, (5) કરાવું નહીં વચનથી અને (6) અનુમોદું નહીં વચનથી, (7) કરું નહીં કાયાથી, (8) કરાવું નહીં કાયાથી અને (9) અનુમોદું નહીં કાયાથી એમ 9 કોટિ થઈ.

**પ્ર-૯:સંથારો ગ્રહણ કરતાં પહેલાં આ જીવનમાં જીવે શરીરને કેવું માનીને સાચવ્યું હોય છે ? અથવા અનસનના પાઠમાં શરીર માટે કયા શબ્દોની ઉપમા આપી છે ?**

**ઉ-૯:** (1) **ઈટ્ઠં** = ઈષ્ટકારી, (2) **કંતં** = કાંત, સુંદર, (3) **પિયં** = પ્રિય, (4) **મણુન્નં** = મનોજ્ઞ, (5) **મણામં** = મનને અતિ વહાલું, (6) **ધિજ્જં** = ધૈર્યરૂપ, (7) **વિસાસિયં** = વિશ્વાસ યોગ્ય, (8) **સમયં** = સમ્મત્ત, માનવા યોગ્ય, (9) **અણુમયં** = વિશેષ માનવા યોગ્ય, (10) **બહુમયં** = બધા વડે માનવા યોગ્ય, (11) **ભંડ કરંડગ સમાણં** = આભૂષણોના કરંડિયા સમાન, (12) **રયણ કરંડગ ભૂયં** = રત્નના કંરડિયા સમાન. આમ કુલ 12 શબ્દો દ્વારા શરીરની ઉપમા આપી છે.

**પ્ર-10: સંથારો ગ્રહણ કરતાં પહેલાં આ જીવનમાં જીવે શરીરને કેવા ઉપસર્ગ અને પરિષહથી બચાવ્યું હોય છે ?**

**ઉ-10:** શરીરને આવતા ઉપસર્ગ – પરિષહ આદિનો નિર્દેશ ‘‘માણં સીયં થી પરિસહોવસગ્ગા” શબ્દો દ્વારા કરવામાં આવે છે. તે પ્રમાણે ટાઢ, તાપ, ભૂખ, તરસ, સાપ કરડે, ચોરાદિનો ભય, ડાંસ કરડે, મચ્છર કરડે, વાત, પિત્ત, કફ, ત્રિદોષ, વિવિધ રોગ આદિ ઉપસર્ગ – પરિષહોથી શરીરને બચાવ્યું છે.

**પ્ર-11: સંથારાના વિવિધ પ્રકારોની ટૂંકમાં સમજણ આપો.**

**ઉ-11:** સંથારાના મુખ્ય ત્રણ પ્રકાર છે – (1) ભક્ત પ્રત્યાખ્યાન સંથારો, (2)ઈંગિત મરણ સંથારો, (3) પાદપોપગમન સંથારો. તેની સમજણ (3) નીચે પ્રમાણે છે.

| **ભક્ત પ્રત્યાખ્યાન સંથારો** | **ઈંગિત મરણ સંથારો** | **પાદપોપગમન સંથારો** |
|---|---|---|
| 1. તિવિહારો કે ચૌવિહારો | માત્ર ચૌવિહારો | માત્ર ચૌવિહારો |
| 2. ક્ષેત્ર મર્યાદા કરવી જરૂરી નથી | મર્યાદિત ક્ષેત્રમાં હલનચલન | શરીર હલનચલન ન કરે |
| 3. ભક્ત પ્રત્યાખ્યાન = આહાર પાણી-મર્યાદાથી ત્યાગ | ઈંગિત – મર્યાદિત સીમાની છૂટ | પાદપ + ઉપગમન= વૃક્ષની તૂટેલી ડાળી જેમ શરીર સૂકવવું |
| 4. ચતુર્વિધ સંઘ આદરી શકે | ચતુર્વિધ સંઘ આદરી શકે | ચતુર્વિધ સંઘ આદરી શકે |
| 5. વર્તમાને થાય છે | વર્તમાને થતો નથી | વર્તમાને થતો નથી |
| 6. વૈયાવચ્ચ પણ કરાવે | વૈયાવચ્ચ ન કરાવે | વૈયાવચ્ચ ન કરાવે |

**પ્ર-12: હંમેશાં રાત્રે સંલેખના (સાગારી સંથારો) કેવી રીતે કરવામાં આવે છે ?**

**ઉ-12:** રાત્રે સૂતી વખતે સાગારી (આગાર સહિત) સંથારો કરવામાં આવે છે. તેના પચ્ચક્ખાણ આ પ્રમાણે લેવા :

**"આહાર, શરીર ને ઉપધિ, પચ્ચખ્ખું પાપ અઢાર**
**મરણ આવે તો વોસિરે, જીવું તો આગાર "**

**પ્ર-13: સાગારી સંથારો કયા કયા સમયે કરી શકાય ? કઈ રીતે ?**

**ઉ-13:** સાગારી સંથારો દરરોજ રાત્રે સૂતાં સમયે, સંકટ સમયે, રોગ સમયે, ઑપરેશન સમયે, ભયના પ્રસંગે, અચાનક ગમે ત્યારે મૃત્યુનો ઉપક્રમ આવે એવું લાગે ત્યારે કરી શકાય. જયાં ઉપસર્ગ આવે, ત્યાંની ભૂમિ પૂંજીને સંથારાનો **"નમોત્થુણં થી વિહરામિ"** સુધીનો પાઠ બોલવો. પછી ઉપર બતાવ્યા પ્રમાણે સાગારી સંથારાના પચ્ચક્ખાણ લેવાં.

**પ્ર-14: સંથારાથી શું લાભ થાય છે ?**

**ઉ-14:**અનશન એ સમાધિ મરણ છે. તેનાથી (1) શ્રાવકના ત્રીજા મનોરથની આરાધના થાય છે. (2) શ્રાવકના ચોથા વિસામાની આરાધના થાય છે.

(3)પ્રથમ બાહ્ય તપ થાય છે. (4) કરોડો ભવોના પાપ કર્મની નિર્જરા (4) થાય છે. (5) ભવિષ્યના અનંતા બાલ મરણોથી છૂટી જવાય છે. (6) પરભવમાં ઉચ્ચ ગતિની કે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પ્ર-15: સંથારાની આરાધના કયા તિર્યંચે કરી હતી ?**

**ઉ-15:** છઠ્ઠા અંગ સૂત્ર શ્રી જ્ઞાતાધર્મકથાના તેરમાં અધ્યયનમાં નંદ મણિયારના જીવે 'દેડકા'ના ભવમાં તથા કથામાં વર્ણન આવે છે કે ચંડકૌશિક સર્પે સંથારાની આરાધના કરી હતી.

**પ્ર-16: ઉપાશ્રયનું અન્ય નામ પ્રતિક્રમણના કયા પાઠમાં કઈ રીતે બતાવેલું છે ?**

**ઉ-16:**સંથારામાં "પૌષધશાળા પૂંજીને" શબ્દથી ઉપાશ્રયનું અન્ય નામ 'પૌષધશાળા' છે તે બતાવેલ છે.

**પ્ર-17: શું સંથારો કરવો એ આપઘાત કે આત્મઘાત છે ?**

**ઉ-17:** મૃત્યુનો સમય નજીક જાણી વ્રત, પ્રત્યાખ્યાનથી શુદ્ધ બની, બધાં જીવો પ્રત્યે ક્ષમાભાવ રાખી, શાંતિપૂર્વક મરવાની તૈયારી કરવી તે સંથારો છે. સંથારો સ્વનિર્ણય છે. સંથારામાં અવગુણોનો ઘાત થાય છે. આત્મશુદ્ધિ થાય છે. સંથારો એ સમાધિ મરણ છે, શૂરવીરોની આરાધના છે. અપ્રમાદની સાધના છે અને પ્રાયશ્ચિત્તની પુનિત ગંગામાં સ્નાન છે. તેનાથી સંસાર ઘટે છે અને ઉચ્ચગતિ મળે છે. માટે તેને આપઘાત ન કહેવાય.પણ જયારે કોઈ શારીરિક, માનસિક દુઃખ કે રોગથી ગભરાઈને સાચા-ખોટાનો નિર્ણય કર્યા વિના, વગર વિચારે મરણ કરે છે તે આપઘાત છે. આપઘાત કષાયને કારણે થાય છે. લજ્જા, નિરાશા, મોહ કે રાગ-દ્વેષથી ઘેરાઈને જીવ આપઘાતરૂપ કાયર કામ કરે છે.

**પ્ર-18: સંથારા સહિતનું પંડિત મરણ કોને આવે?**

**ઉ-18:** જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની ઉત્તમ આરાધના કરનાર સાધુ કે શ્રાવકને આવે.

**પ્ર-19: પંડિત મરણનું ફળ કેટલું છે ?**

**ઉ-19:** મિથ્યાત્વીના અનંતા બાલમરણ કરતાં એક પંડિત મરણ વધે. શ્રાવકના બાલ પંડિત મરણ કરતાં એક પંડિત મરણ વધે. સંયમ જીવનનો સાર પણ પંડિત મરણ છે. પંડિત મરણ ઉત્તમ છે, માટે સાધુનો પણ ત્રીજો મનોરથ પંડિત મરણનો છે.

**પ્ર-20: શ્રાવક વ્રતના અતિચાર કેટલા? કયા કયા? તે અતિચાર આદરવા યોગ્ય છે ?**

**ઉ-20:** શ્રાવકના 12 વ્રતના અતિચાર 99 છે. જ્ઞાનના 14, દર્શનના 5, ચારિત્રના 75 અને તપના 5. તે 99 અતિચારોને જાણીને માત્ર છોડવા યોગ્ય છે પણ આદરવા યોગ્ય નથી.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) પ્રતિક્રમણમાં રણસંગ્રામનો, શૂરતાનો, વીરતાનો કે ધીરતાનો પાઠ કયો ? પાપનો પથારો સંકેલવાનો પાઠ કયો ?

(2) પરમગતિ કે સિદ્ધ ગતિના રીઝર્વેશનનો પાઠ કયો ?

(3) સંથારાના પાઠમાં કોને કોને નમસ્કાર છે ?

(4) સંથારામાં ચક્રવર્તી બનવાની ભાવના કરે તો ક્યો અતિચાર લાગે ?

(5) તપના અતિચાર કયા પાઠમાં છે ?

## ❖ પાઠ 19 : અઢાર પાપસ્થાનક ❖

**પ્ર-1: 18 પાપમાં સૌથી મોટું પાપ કયું ? શા માટે ?**

**ઉ-1:** અઢારમું પાપ 'મિથ્યાદર્શન શલ્ય' એ સૌથી મોટું પાપ છે. જયાં સુધી મિથ્યાત્વના પાપનો સંપૂર્ણ ત્યાગ થતો નથી, ત્યાં સુધી પ્રથમના 17 પાપનો પૂર્ણ ત્યાગ થઈ શકતો નથી, માટે અઢારમું પાપ સૌથી મોટું પાપ છે.

**પ્ર-2: 'પાપસ્થાન' એમ શા માટે કહેવામાં આવે છે ?**

**ઉ-2:** જે કર્મના ફળ આત્માને ભોગવતાં કડવા લાગે છે, તે પાપ છે. આ

પાપની ઉત્પત્તિના જે સ્થાન છે તે પાપસ્થાન. આવા પાપસ્થાનક 18 છે. તેનું આચરણ કરવાથી ઘણાં અશુભ કર્મોનો બંધ થાય છે. આત્મા નરક, તિર્યંચ આદિ દુર્ગતિમાં જાય છે.

**પ્ર-3: પરિગ્રહ અને લોભમાં શું ફરક છે ?**

**ઉ-3:** પ્રાપ્ત વસ્તુનો સંગ્રહ કરવો, નવી વસ્તુઓ ગ્રહણ કરવી અને તેના પ્રત્યે મમત્વ રાખવું તે **પરિગ્રહ** છે. અપ્રાપ્ત વસ્તુની ઈચ્છા, પ્રાપ્ત વસ્તુ છોડવાના ભાવ ન કરવા તે **લોભ** છે.

**પ્ર-4: સાત કુવ્યસનના નામ શું છે ?**

**ઉ-4: સાત કુવ્યસનના નામ : (1) મદિરાપાન (દારૂ) (2) માંસાહાર (3)જુગાર (4) ચોરી (5) શિકાર (6) પરસ્ત્રીગમન અને (7) વેશ્યાગમન.**

**પ્ર-5: સાત કુવ્યસનો કયા કયા પાપમાં સમાઈ જાય છે ?**

**ઉ-5:**

| | |
|---|---|
| પ્રાણાતિપાતમાં | - મદિરાપાન, માંસાહાર, શિકાર. |
| અદત્તાદાનમાં | -ચોરી. |
| મૈથુનમાં | -પરસ્ત્રીગમન, વેશ્યાગમન, |
| પરિગ્રહમાં | - જુગાર. |

**પ્ર-6: સાત કુવ્યસનોના કેવા અનર્થ પરિણામ આવે છે ?**

**ઉ-6:** (1)મદિરાપાન કરવાથી આર્થિક નુકસાન, શારીરિક નુકસાન, માનસિક બગાડ, પરિવારમાં સંબંધ બગડે. કુળમાં કલંક લાગે, નશામાં અનૈતિક કૃત્ય થઈ જાય છે. (2) માંસાહારથી નરકગતિનું આયુષ્ય બંધાય, પંચેન્દ્રિયની હિંસા થાય, જૈનધર્મની હિલના થાય, ખાનદાની લજવાય, ક્રૂરતાના કુસંસ્કારો ઘૂંટાય છે. (3) જુગાર રમવાથી ધન સંપત્તિ ખતમ થઈ જાય, ખરાબ મિત્રોની સંગત વધે, દારૂ, ચોરી જેવા બીજા વ્યસનો જીવનમાં પ્રવેશે, પરસેવાની કમાણી પાપમાં તણાઈ જાય છે.
(4) ચોરીથી અપયશ ફેલાય. અવિશ્વાસ વધે. તિર્યંચ ગતિનું આયુષ્ય બંધાય. અનીતિથી આવેલા ધનથી પ્રામાણિકતાથી આવેલું ધન પણ

ચાલ્યું જાય છે. ચોરી પકડાઈ જાય તો અપયશ થાય અને જેલ આદિ દંડ થાય. આ ભવમાં બચી જાય તો પરભવમાં કર્મના ફળ તો ભોગવવા જ પડે છે. (5) શિકારથી નરકગતિનું આયુષ્ય બંધાય. અશાતાવેદનીય કર્મનો તીવ્ર બંધ થાય, પરભવમાં અશુભ દીર્ઘ આયુષ્ય બંધાય. એક મોત લેવાના બદલામાં અનંતા મોતે મરવું પડે છે. (6) પરસ્ત્રીગમનથી શ્રાવકત્વ લાજે. જૈનત્વ નિંદાય, પોતાના પારિવારિક સંબંધો બગડે, પરસ્પર અવિશ્વાસ વધે અને છૂટાછેડાના પ્રસંગો બને. આ ભવ બગડે, સંતાનોના ભવિષ્ય પણ બગડે છે. (7) વેશ્યાગમનથી અબ્રહ્મના ઘોર દુ:ખદ પરિણામ ભોગવવા પડે. નરક, તિર્યંચ આદિ દુર્ગતિ થાય, સંસાર વધી જાય. આ ભવ પરભવ બંને બગડે, માનવના ભવનો ખરાબ ઉપયોગ કરવાથી ભવિષ્યમાં માનવનો ભવ જ મળવો અતિ દુર્લભ થઈ જાય છે.

**પ્ર-7: 18 પાપના ભંગ (ભેદ) કેટલા? કેવી રીતે ?**

**ઉ-7:** 18 પાપને કરવું, કરાવવું, અનુમોદવું એ ત્રણથી ગુણતાં 18 x 3 એમ 54 થાય. તે 54 ને મનથી, વચનથી અને કાયાથી એમ 3 વડે ગુણતાં 54 x 3 એમ 162 ભેદ થાય.

**પ્ર-8: 18 પાપમાંથી મન ,વચન અને કાયાના પાપ કયા કયા?**

**ઉ-8:**

| | **મન** | **વચન** | **કાયા** | | **મન** | **વચન** | **કાયા** |
|---|---|---|---|---|---|---|---|
| (1) પ્રાણાતિપાત | X | X | હા | (10) રાગ | હા | X | X |
| (2) મૃષાવાદ | X | હા | X | (11) દ્વેષ | હા | X | X |
| (3) અદત્તાદાન | X | X | હા | (12) કલહ | X | હા | X |
| (4) મૈથુન | X | X | હા | (13) અભ્યાખ્યાન | X | હા | X |
| (5) પરિગ્રહ | X | X | હા | (14) પૈશુન્ય | X | હા | X |
| (6) ક્રોધ | હા | X | X | (15) પર પરિવાદ | X | હા | X |
| (7) માન | હા | X | X | (16) રઈ-અરઈ | X | હા | X |
| (8) માયા | હા | X | X | (17) માયામોસો | X | X | હા |
| (9) લોભ | હા | X | X | (18) મિચ્છાદંસણ-સલ્લં. | હા | હા | X |
| | | | | **કુલ પાપ 18** | **7** | **6** | **5** |

**પ્ર-9: પ્રતિક્રમણમાં પાપસ્થાનનું વર્ણન શા માટે મૂકવામાં આવેલ છે?**

**ઉ-9:** પાપનું સ્વરૂપ સમજ્યા વિના તેનો ત્યાગ કરવાનું કેવી રીતે સમજાય માટે 18 પાપને જાણીને તેની આલોચના કરી તેને છોડવા માટે આ પાઠ મૂકવામાં આવેલ છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) જેવું કરે, તેવું ભરે તે પાપ કયું ? (અભ્યાખ્યાન).
(2) બે પાપ ભેગાં થઈ કયું પાપસ્થાન બને ? (માયામોસો).
(3) વહાલા લાગે તેવા પાપ કયાં?
(4) સાચું બોલે છતાં કયું પાપ લાગ?
(5) સૌથી મોટું પાપ કયું?
(6) વારસામાં કયું પાપ મળે?

## ❖ પાઠ 20 પચ્ચીસ પ્રકારના મિથ્યાત્વ❖

**પ્ર-1: મિથ્યાત્વ એટલે શું?**

**ઉ-1:** તત્ત્વની ખોટી માન્યતાને મિથ્યાત્વ કહે છે . દર્શન મોહનીય કર્મના ઉદયથી જીવ ,અજીવ વગેરે નવ તત્ત્વમાં શ્રદ્ધા ન હોવી . સુદેવ, સુગુરુ અને સુધર્મમાં ઓછી, અધિક કે વિપરીત શ્રદ્ધા હોવી તે મિથ્યાત્વ છે.

**પ્ર-2: જીવને અજીવ શ્રદ્ધે તે મિથ્યાત્વ એટલે શું?**

**ઉ-2:** જીવને ન માનવું જેમ કે પૃથ્વી, પાણી , વનસ્પતિ, ઈંડા કે સંમૂર્ચ્છિમમાં જીવ ન માનવા.

**પ્ર-3: અજીવને જીવ શ્રદ્ધે તે મિથ્યાત્વ એટલે શું?**

**ઉ-3:** દહીં , થૂંક , પરસેવો વગેરે અજીવને જીવ માનવા.

**પ્ર-4 : ધર્મને અધર્મ શ્રદ્ધે તે મિથ્યાત્વ કઈ રીતે ?**

**ઉ-4 :** કેવળી પ્રરૂપિત સૂત્રો અને સિદ્ધાંતોને મિથ્યા (ખોટા) સમજવા અથવા છદ્મસ્થે રચેલાં સમજવા. ધર્મના ઉપકરણો જેવાં કે રજોહરણ, ગુચ્છો, વસ્ત્ર, પાત્રા વગેરેને પરિગ્રહ માનવા. અભયદાન, સુપાત્રદાનને અધર્મ માનવો.

**પ્ર-5: અધર્મને ધર્મ શ્રદ્ધે તે મિથ્યાત્વ કઈ રીતે ?**

**ઉ-5:** કેવળી સિવાયના પ્રરૂપેલા ગ્રંથોને ધર્મશાસ્ત્ર માનવા. રાગ, દ્વેષ, વિષય અને વિકાર વધારનારાં મિથ્યા વચનોને ભગવાનનાં વચનો માનવા.

**પ્ર-6: સાધુને કુસાધુ શ્રદ્ધે તે મિથ્યાત્વ કઈ રીતે ?**

**ઉ-6:** જે પંચ મહાવ્રતના પાલક છે, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત છે તથા જેની શ્રદ્ધા અને પ્રરૂપણા કેવળી પ્રરૂપિત ધર્મની છે તેવા સાચા સાધુને કુસાધુ માનવા.

**પ્ર-7: કુસાધુને સાધુ માનવા તે મિથ્યાત્વ કઈ રીતે ?**

**ઉ-7:** જે 5 મહાવ્રત, 5 સમિતિ, 3 ગુપ્તિ રહિત છે, જેની શ્રદ્ધા પ્રરૂપણા કેવળીએ બતાવેલ ધર્મની નથી. વેશથી સાધુ છે. તે કુસાધુને સાધુ માનવા.

**પ્ર-8: જિન માર્ગને અન્ય માર્ગ માને તે મિથ્યાત્વ કઈ રીતે ?**

**ઉ-8:** સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપ દ્વારા ધર્મ ન માનવો. સંવર, નિર્જરા, દાન, શીયળ, તપ, ભાવ વગેરેને સંસારનો માર્ગ સમજવો.

**પ્ર-9: અન્ય માર્ગને જિન માર્ગ માને તે મિથ્યાત્વ કઈ રીતે ?**

**ઉ-9:** ખોટી શ્રદ્ધા, અંધશ્રદ્ધા, ખોટું જ્ઞાન કે અસત્ય આચરણને ધર્મનો માર્ગ માનવો. સંસારની વૃદ્ધિ કરાવનાર યજ્ઞ આદિ હિંસાના કારણોને મોક્ષના હેતુ માનવા તે.

**પ્ર-10: આઠ કર્મથી મૂકાણા, તેને નથી મૂકાણા શ્રદ્ધે તે મિથ્યાત્વ કઈ રીતે ?**

**ઉ-10:** સિદ્ધ ભગવંત જેઓ આઠ કર્મનો ક્ષય કરી અજર, અમર એવા મોક્ષ પદને પામેલ છે, છતાં એમ માનવું કે તેઓ કર્મ સહિત છે અને સંસારમાં ફરીથી જન્મ લેશે. અથવા કર્મનો નાશ થતાં આત્માનો નાશ થઈ જાય માટે લોકાગ્રે કોઈ સિદ્ધ જ ન હોય તેમ માનવું.

**પ્ર-11: આઠ કર્મથી નથી મૂકાણા, તેને મૂકાણા શ્રદ્ધે તે મિથ્યાત્વ કઈ રીતે ?**

**ઉ-11:** રાગ-દ્વેષ યુક્ત જે ધર્મગુરુ, ધર્મદેવ લોકોમાં મનાય છે, જેઓના એક પણ કર્મ હજી તૂટ્યા નથી, તેવાને કર્મ મુક્ત, જન્મ-મરણથી મુક્ત માનવા તે.

**પ્ર-12: જિન માર્ગથી ઓછી, અધિક અને વિપરીત પ્રરૂપણા કોને કહીએ ?**

**ઉ-12:** જિન માર્ગથી ઓછી તે આત્માને અંગૂઠા જેવડો, ચોખા જેવડો માને તે. આત્માને સંપૂર્ણ બ્રહ્માંડ(લોક)માં વ્યાપેલો માનવો તે અધિક પ્રરૂપણા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ મહાભૂતથી જીવ ઉત્પન્ન થયો છે એમ માનવું તે વિપરીત પ્રરૂપણા છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) નીચેનાં કામ કરે તો કયું મિથ્યાત્વ લાગે ? (ક) શીતળા સાતમ કરે (ખ) તીર્થંકરના ચિત્રને વાંદે. (ગ) મારું કામ થશે તો છઠ્ઠ કરીશ એવું ધારે. (ઘ) ભગવાનના માર્ગના વિરોધી થાય. (ચ) નરક છે કે કેમ શંકા કરવી. (છ) એકેન્દ્રિયની અણસમજણ. (અણાભોગ) (જ) જ્ઞાની થઈને દુઃખી થવું, તેના કરતાં ન ભણવું સારું એમ માને. (ઝ) ગુરુ આજ્ઞાનો જાણી જોઈને ભંગ કરે.

(2) સૌથી મોટું મિથ્યાત્વ કયું?

## ❖ પાઠ 21 : ચૌદ સ્થાનના સંમૂર્ચ્છિમ મનુષ્ય ❖

**પ્ર-1: સંમૂર્ચ્છિમ જીવ કોને કહે છે?**

**ઉ-1:** જે જીવો માતા-પિતાના સંયોગ વિના/ગર્ભ વિના પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે તેને સંમૂર્ચ્છિમ જીવ કહે છે. સર્વ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવોને **સંમૂર્ચ્છિમ** જીવ કહેવાય છે.

**પ્ર-2: ગર્ભજ કોને કહે છે ? તેઓ સંજ્ઞી કે અસંજ્ઞી?**

**ઉ-2:** જે જીવો માતા-પિતાના સંયોગથી ગર્ભમાં ઉત્પન્ન થાય છે તેને ગર્ભજ કહે છે. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય તથા સંજ્ઞી મનુષ્યો ગર્ભજ હોય છે. તેઓ સંજ્ઞી એટલે કે મનવાળા હોય છે.

**પ્ર-3: દેવો અને નારકીના જીવો ગર્ભજ છે કે સંમૂર્ચ્છિમ?**

**ઉ-3:** દેવો ઉપપાત શય્યામાં અને નારકી કુંભિમાં જન્મે છે તેથી તેઓને ગર્ભજ કે સંમૂર્ચ્છિમ ન કહેતાં ઉપપાતિક (ઔપપાતિક) જીવો કહે છે.

**પ્ર-4: સંમૂર્ચ્છિમ મનુષ્ય એટલે શું? તેઓ સંજ્ઞી કે અસંજ્ઞી?**

**ઉ-4:** જે પંચેન્દ્રિય મનુષ્ય (1) માતા-પિતાના સંયોગ વિના, (2) 101 ક્ષેત્રના સંજ્ઞી મનુષ્યના શરીરની 14 પ્રકારની અશુચિમાં, (3) પોતાની મેળે (સ્વયંમેવ) ઉત્પન્ન થઈ જાય તેને સંમૂર્ચ્છિમ મનુષ્ય કહે છે. સંમૂર્ચ્છિમ મનુષ્ય અસંજ્ઞી એટલે કે મન વિનાના હોય છે.

**પ્ર-5: મનુષ્યના શરીરની અશુચિમાં કેટલા, કયાં અને ક્યારે સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે?**

**ઉ-5:** મનુષ્યની અશુચિના એક ટીપાં કે કણમાં અસંખ્યાતા સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે. શરીરની અશુચિ શરીરના પોતાના મૂળ ઉત્પત્તિ-સ્થાનથી બહાર નીકળી જાય પછી અંતર્મુહૂર્તમાં સંમૂર્ચ્છિમ મનુષ્યની ઉત્પત્તિ થઈ જાય છે.

**પ્ર-6 : સંમૂર્ચ્છિમ મનુષ્યને પર્યાપ્તિ કેટલી હોય ? આપણે તેમને જોઈ શકીએ?**

**ઉ-6 :** સંમૂર્ચ્છિમ મનુષ્ય પ્રથમ પાંચ પર્યાપ્તિ બાંધવાની શરૂઆત એક સાથે કરે છે.પરંતુ ચોથી શ્વાસોચ્છ્વાસ નામની પર્યાપ્તિ બાંધવાનું પૂર્ણ કરે તે પહેલાં અપર્યાપ્તા અવસ્થામાં મૃત્યુ પામે છે. આથી તે જીવોના શરીર એટલાં બધાં નાનાં હોય છે કે આપણે તેમને આંખથી જોઈ શકતા નથી.

**પ્ર-7: સંમૂર્ચ્છિમ મનુષ્યનું આયુષ્ય કેટલું તથા તેને ઈન્દ્રિય કેટલી?**

**ઉ-7:** સંમૂર્ચ્છિમ મનુષ્યનું આયુષ્ય અંતર્મુહૂર્તનું તથા ઈન્દ્રિય પાંચ હોય.

**પ્ર-8: અસંજ્ઞી પંચેન્દ્રિયમાં કોનો-કોનો સમાવેશ કરવામાં આવે છે?**

**ઉ-8:** અસંજ્ઞી પંચેન્દ્રિયમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો અને જળચર, સ્થળચર, ઉરપર, ભૂજપર અને ખેચર એ પાંચ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયનો સમાવેશ કરવામાં આવે છે.

**પ્ર-9 : નીચેના બોલોમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય કે નહીં તે કહો?**

(1)મચ્છરનું લોહી (2)જુગલિયા મનુષ્યનો પેશાબ (3)કૂતરાની ઊલટીમાં (4)આપણા પરસેવામાં (5)સાધુના મૃતદેહમાં (6)બિલાડીની વિષ્ટામાં (7)આપણા થૂંકમાં (8)મહાવિદેહના મનુષ્યની અશુચિમાં (9) કાનના મેલમાં, (10) લઘુનીત પરઠીને ભાજન ભીનું રાખી દે તેમાં.

**ઉ-9:** (2) જુગલિયા મનુષ્યનો પેશાબ (5) સાધુના મૃતદેહમાં (8) મહાવિદેહના મનુષ્યની અશુચિમાં (10) લઘુનીત પરઠીને ભાજન ભીનું રાખી દે તેમાં. આ બોલમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે. (1) મચ્છરનું લોહી (3) કૂતરાની ઊલટી (4) આપણો પરસેવો, (6) બિલાડીની વિષ્ટા (7) આપણું થૂંક અને (9) કાનનો મેલ એ બોલોમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન ન થાય.

**પ્ર-10: તો તિર્યંચ પંચેન્દ્રિયની અશુચિ જેમ કે વિષ્ટા, વમન, છાણ આદિમાં કયા જીવો ઉત્પન્ન થાય છે ?**

**ઉ-10:** સંમૂર્ચ્છિમ મનુષ્યો તો માત્ર સંજ્ઞી મનુષ્યોની અશુચિમાં જ ઉત્પન્ન થાય છે, તેથી તિર્યંચ પંચેન્દ્રિયની અશુચિમાં માત્ર વિકલેન્દ્રિય જીવો ઉત્પન્ન થાય.

**પ્ર-11: 14 સંમૂર્ચ્છિમ મનુષ્યોના ઉત્પત્તિસ્થાનોની સામાન્ય સમજણ આપો.**

**ઉ-11:** (1)પહેલું ઉચ્ચારેસુ વા... થી. સુક્કેસુ વા એ નવ મુખ્ય અશુચિ સ્થાન છે. (2)દસમે શુક્રના પુદ્ગલો સૂકાઈ ગયાં હોય અને ફરી પાછાં ભીનાં થાય તો તેમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય. (3)11મે મનુષ્યના કલેવરમાં ઉચ્ચારેસુ વા આદિ પ્રથમ નવ અશુચિ હોય તેમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થઈ શકે. એક જ કલેવરમાં અનેક અશુચિ હોય તે દરેકમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થઈ શકે છે. (4) 12મું સ્ત્રી-પુરુષના સંયોગમાં સ્ત્રીના રુધિરમાં અને પુરુષના વીર્ય/શુક્રના સંયોગોમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થઈ શકે છે. (5) 13માં અને 14માં બોલમાં પણ ઉચ્ચારેસુ વા આદિ પ્રથમ નવ અશુચિ ભેગી થાય તો જ સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થઈ શકે છે. આમ ચૌદ સ્થાનમાં પ્રથમ દસ એક-એક સંમૂર્ચ્છિમ મનુષ્યોને ઉત્પન્ન થવાના સ્થાન છે અને 11 થી 14 એ પ્રથમ દસના સંયોગી સ્થાન છે.

**પ્ર-12: પ્રતિક્રમણમાં સંમૂર્ચ્છિમ મનુષ્યનો પાઠ શા માટે બોલવામાં આવે છે?**

**ઉ-12:** આપણા શરીરમાંથી પેશાબ, ઝાડો, વગેરે અશુચિ જે 14 સ્થાન સંમૂર્ચ્છિમના પાઠમાં બતાવેલ છે, તે આખા દિવસ દરમિયાન નીકળ્યા કરતાં જ હોય છે. તે અશુચિનો આપણે ખુલ્લી જગ્યામાં ત્યાગ કરવો જોઈએ, જેથી તે જલદી સુકાઈ જાય અને તેમાં જીવો ઉત્પન્ન ન થાય. સંમૂર્ચ્છિમ જીવોની હિંસાના પાપોને દૂર કરવા માટે અને પાપની પરંપરા તોડવા માટે આ પાઠ બોલવામાં આવે છે.

**પ્ર-13: સંમૂર્ચ્છિમ મનુષ્યની દયા પાળવા તમે શું ધ્યાન રાખશો ?**

**ઉ-13:** (1)સંડાસ-બાથરૂમનો ઉપયોગ ઘટાડશું (2) ગટરમાં પાણી આદિ અશુચિ ન જાય તેનું ધ્યાન રાખશું (3) ખુલ્લી જગ્યાની અનુકૂળતા હોય તો ભાજનનો ઉપયોગ કરશું. જ્યાંની જગ્યામાં સૂર્યનો તાપ અને હવાથી અશુચિ જલદી સૂકાઈ જાય તેવી રીતે પરઠશું (4) રસ્તા પર કફનો બળખો વગેરે નાંખશું નહીં (5) નીચે જોઈને ચાલશું કે જેથી નાકની લીંટ, બળખો વગેરે પર પગ ન પડે (6) નાની સામાન્ય બીમારીમાં બ્લડ (લોહી), યુરીન (પેશાબ) આદિ તપાસ કરાવશું નહીં. (7)બ્લડબૅન્ક આદિ માટે લોહી ભેગું કરવું વગેરે પ્રવૃત્તિમાં ભાગ લેશું નહીં (8) સામાયિક અને પ્રતિક્રમણ દરમિયાન અશુચિ ત્યાગ કરવાની જરૂર પડે તો બાથરૂમનો ઉપયોગ ન કરતાં ભાજનનો ઉપયોગ કરવો અને ખુલ્લી જગ્યામાં અશુચિ પરઠવી.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) પ્રતિક્રમણમાં નપુસંકવેદનો પાઠ ક્યો ? (2) ગંદકીમાં ઉત્પન્ન થનારો માણસ કોણ ? (3) ટૂંકામાં ટૂંકા આયુષ્યવાળો માણસ કોણ ? (4) શું માખી માણસને ખાય ? કઈ રીતે ? (5) **નીચેની અશુચિમાં કયા બોલના જીવો ઉત્પન્ન થાય?** (ક) ચકાસણી માટે પેશાબ/ઝાડો આપે તેમાં ? (ખ) બ્લડબૅન્કમાં લોહી ભેગું કરે તેમાં ? (ગ) મૃત માણસના શરીરમાં ? (ઘ) કફ/બળખો ગટરમાં થૂંકે તો ? (ચ) ઊલટી કરે તેમાં ? (છ) ઘા વાગે તેમાંથી પરુ નીકળે તેમાં ? (જ) કૂતરાની વિષ્ટામાં.

## ❖ પાઠ 22 : માંગલિક ❖

**પ્ર-1: મંગલ એટલે શું ?**

**ઉ-1:** (1) જેના દ્વારા **'મમ્'** એટલે અભિમાન અને **'ગલ'** એટલે ગાળવામાં આવે તે મંગલ છે. (2) જે બધાં પ્રાણીઓનાં હિતને માટે પ્રયત્નશીલ હોય છે તે મંગલ. (3) જેના દ્વારા દુર્ભાગ્ય આદિ બધાં સંકટો દૂર થઈ જાય તે મંગલ. (4) જે જીવને સંસાર સમુદ્રમાંથી પાર કરે તે મંગલ.

**પ્ર-2: ઉત્તમ કોને કહેવાય ? ઉત્તમ કેટલા અને કયા કયા ?**

**ઉ-2:** ઉત્તમ એટલે અનંતકાળથી ભટકતાં ભવ્ય આત્માઓને ઉત્થાનના માર્ગે લઈ જાય તે ઉત્તમ છે. અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મ એ ચાર ઉત્તમ છે.

**પ્ર-3: અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મ એ ભવ્ય જીવો માટે કેવો છે ?**

**ઉ-3:** કેવલી પ્રરૂપિત ધર્મ એ મંગલકારી અને કલ્યાણકારી છે. ઉત્તમ અને સર્વોત્તમ છે. શરણદાતા અને સુખદાતા છે.

**પ્ર-4: અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મ એ આપણા માટે શા માટે મંગલ રૂપ છે ?**

**ઉ-4:** અરિહંત ભગવાને ઘાતી કર્મો ક્ષય કરીને, સિદ્ધ ભગવાને આઠ કર્મો ક્ષય કરીને, સાધુ ભગવાને સંયમ તપનું પાલન કરીને પોતાના આત્માનું મંગલ કર્યું છે. કેવલી પ્રરૂપિત ધર્મ વડે આપણે પણ ધર્મી, ત્યાગી, વીતરાગી અને સિદ્ધ બની શકીએ છીએ. માટે તે મંગલ રૂપ છે.

**પ્ર-5: અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મ એ આપણા માટે શા માટે ઉત્તમરૂપ છે ?**

**ઉ-5:** અરિહંત ભગવાન 12 ગુણ, 34 અતિશય, 1008 લક્ષણે ઉત્તમ છે. સિદ્ધ ભગવાન સાદિ અનંત ભાંગે મોક્ષના સુખો પામી ઉત્તમ છે. સાધુ-સાધ્વી પાંચ મહાવ્રત, અષ્ટ પ્રવચન માતાનું પાલન કરતાં 27 ગુણે ઉત્તમ છે. કેવલી પ્રરૂપિત ધર્મ, શ્રુતધર્મ, ચારિત્રધર્મ, જિનવાણી એ સર્વ દુઃખોથી છોડાવનાર હોવાથી ઉત્તમ છે.

**પ્ર-6: અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મ એ આપણા માટે કઈ રીતે શરણરૂપ છે ? તેમના પ્રત્યે આપણું શું કર્તવ્ય છે ?**

**ઉ-6:** મંગલકારી અને ઉત્તમ એવા અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મનું શરણું લેવું એ જ આપણું કર્તવ્ય છે. (1) અરિહંતનું શરણું લેવા તીર્થંકર ભગવાનની આજ્ઞાનું પાલન કરવું. (2) સિદ્ધનું શરણું લેવા

આત્માર્થી બની મોક્ષ માર્ગની આરાધના કરી સિદ્ધ બનવાનું લક્ષ રાખવું. (2)સાધુ-સાધ્વીનું શરણું લેવા સાચા શ્રાવક બનવું. (4) કેવલી પ્રરૂપિત ધર્મનું શરણું લેવા કુધર્મનો ત્યાગ કરી સુધર્મ, શ્રાવકધર્મ, સાધુધર્મ આરાધવો. આ ચાર શરણા રોજ અંગીકાર કરવા અને મૃત્યુ સમય નજીક આવ્યો જાણી તેનું પ્રગટરૂપે ઉચ્ચારણ કરવું.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1)જગતમાં શરણા કેટલાં ? કયાં કયાં ? (2) જગતમાં મંગળ કેટલાં ? કયા કયા ? (3) દેવ, ગુરુ અને ધર્મનો સમાવેશ કયા પાઠમાં થાય છે ? (3) ચાર શરણાના ફળ શું છે ?

# તત્ત્વ વિભાગ / સંસ્કાર વિભાગ

## ❖ 1.કર્મ સ્વરૂપ, કર્મ પ્રકૃતિ તથા કર્મની અવસ્થા ❖

### કર્મ સ્વરૂપ

જૈનદર્શન કહે છે કે – આ સૃષ્ટિની, શરીરની તથા સંયોગોની વિષમતાનું જો કોઈ મુખ્ય કારણ હોય તો તે **કર્મ** છે. કારણ વિના કોઈપણ કાર્યની ઉત્પત્તિ થતી નથી. કર્મના કારણે જ પુનર્જન્મ-ભવપરંપરાની સિદ્ધિ થાય છે. કર્મબંધનો અભાવ થવાથી અને કર્મથી સંપૂર્ણ મુક્ત થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પ્ર-1: કર્મ એટલે શું? તેની વ્યાખ્યા લખો.**

**ઉ-1:** 'ક્રિયતે ઇતિ કર્મ: ।' જે ક્રિયા કરવાથી બંધાય તે કર્મ.મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને જોગના કારણે આત્મા સાથે જે બંધાય તેને **'કર્મ'** કહે છે. જીવ જ્યારે રાગ કે દ્વેષ કરે છે, ત્યારે જીવે અવગાહેલા (રોકેલાં) આકાશપ્રદેશમાં રહેલાં કાર્મણ વર્ગણાના અનંત-અનંત સૂક્ષ્મ સ્કંધો લોહચુંબકની જેમ આકર્ષાઈને આત્મપ્રદેશોની સાથે ચોંટી જાય છે તેને **'કર્મ'** કહે છે.

**વર્ગણા** એટલે લોકમાં રહેલાં વિશિષ્ટ પુદ્ગલોનો સમૂહ. વર્ગણા અનંત પ્રકારની છે. મુખ્ય વર્ગણા 16 પ્રકારની છે.8 ગ્રાહ્ય, 8 અગ્રાહ્ય છે. તેનાં નામ : (1) ઔદારિક, (2) વૈક્રિય, (3) આહારક, (4) તૈજસ, (5) શ્વાસોચ્છ્વાસ, (6) ભાષા (7) મન (8) કાર્મણ વર્ગણા.

**પ્ર-2: જીવ અને કર્મનો સંબંધ કેવી રીતે અને ક્યારથી છે ?**

**ઉ-2:** જેમ લોખંડનો ગોળો અગ્નિમાં નાંખતા તેના અણુએ અણુમાં અગ્નિ પ્રવેશી જાય છે, જેમ દૂધ અને પાણી એકમેક થઈ જાય છે, તેમ આત્માના પ્રદેશો અને કર્મપુદ્ગલોનો સંબંધ થાય છે.જીવ અને કર્મનો આ સંબંધ અનાદિકાળનો છે, જેવી રીતે સોનાની ખાણમાં સોનું અને માટી. માટી સોનામાં ક્યારે મળી તેની કોઈને ખબર નથી. તે રીતે જીવ અને કર્મનો સંબંધ પણ અનાદિથી છે. તેના પરિણામે તેને 4 ગતિ, 24

દંડક, 84 લાખ જીવાયોનિમાં અનંત જન્મ-મરણ કરવા પડે છે.

**પ્ર-3 :શું જન્મ-મરણની આ હારમાળા અટકી શકે ? તેને શું કહેવાય ?**

**ઉ-3 :**જ્યારે જીવમાં **વિવેક** પ્રગટે છે, ત્યારે જન્મ-મરણરૂપી સંસારથી મુક્ત થવા માટે સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ મોક્ષમાર્ગનો આશ્રય લઈ **પુરુષાર્થ** કરે છે. ત્યારે તે કર્મમળનો નાશ કરી શુદ્ધ સુવર્ણ સમાન **નિર્મળ** થઈ જાય છે. તે નિર્મળ આત્મા લોકના અગ્રભાગે સ્થિર થઈ જાય છે, તેને જ **મોક્ષ** કહે છે. તે જ આત્મા પરમાત્મા બની જાય છે. શુદ્ધ આત્માને પછી ક્યારે પણ કર્મબંધ થતો નથી કે જન્મ-મરણ કરવા પડતાં નથી.

**પ્ર-4: કર્મના પ્રકાર કેટલા ? કયા કયા ?**

**ઉ-4:** કર્મના મુખ્ય બે પ્રકાર છે :

(1) **દ્રવ્ય કર્મ :** જીવના **રાગ-દ્વેષ રૂપ** પરિણામ વિશેષથી લોકમાં ઠાંસી-ઠાંસીને ભરેલા **કાર્મણ વર્ગણાના** પુદ્ગલો આત્મા સાથે જોડાય તેને **'દ્રવ્ય કર્મ'** કહે છે.

(2) **ભાવ કર્મ :** જીવના રાગ-દ્વેષ રૂપ પરિણામ જેનાથી દ્રવ્ય કર્મ બંધાય તેને **'ભાવ કર્મ'** કહે છે.

અન્ય દ્રષ્ટિએ પણ કર્મના બે પ્રકાર છે : (1) **ઘાતી કર્મ :** જે કર્મ આત્માના જ્ઞાનગુણ, દર્શનગુણ, વીતરાગતા આદિ મૂળ (સ્વાભાવિક) ગુણોનો ઘાત કરે (આવરણ કરે) તેને **ઘાતી કર્મ** કહે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતી કર્મ છે.

(2) **અઘાતી કર્મ :** જે કર્મ આત્માના જ્ઞાન આદિ મૂળ ગુણોનો ઘાત ન કરે તથા મૂળ ગુણોને પ્રગટ થવામાં જે બાધક બનતાં નથી તેને **અઘાતી કર્મ** કહે છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મ છે.

ઘાતી કર્મોનો નાશ થયા પછી અઘાતી કર્મો લાંબો સમય ટકતાં નથી. આયુષ્ય પૂર્ણ થતાં જ બાકીના ત્રણે અઘાતી કર્મોનો ક્ષય થાય છે. તેથી જીવ કર્મરહિત બની સિદ્ધ થઈ જાય છે.

**પ્ર-5: જૈનદર્શનમાં કર્મ સિદ્ધાંતની વિશિષ્ટતા સમજાવો.**

**ઉ-5:** જૈનદર્શનમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ત્રણ વાત કર્મને સ્પષ્ટ સમજાવનારી છે : (1) જીવના પોતાના જ રાગ-દ્વેષના પરિણામથી કર્મ બંધાય છે. (2) કર્મ કર્તાને જ અનુસરે છે. (3) કરેલાં કર્મ ભોગવ્યાં વિના જીવનો મોક્ષ થતો નથી.આમ, કર્મનો કર્તા અને ભોક્તા જે રીતે જીવ છે, તેમ કર્મનો સંહર્તા (નાશ કરનાર) પણ જીવ જ છે. માટે કર્મથી મુક્ત થવા કર્મ પ્રકૃતિઓ અને તેનો બંધ કેવી રીતે થાય છે તે જાણવું જરૂરી છે.

---

**માત્ર સમજણ માટે : પ્રશ્ન પૂછાશે નહીં**

લોકને વિશે પરમાણુથી લઈને અભવ્યોથી અનંતગુણ તેમજ સિદ્ધોથી તથા પ્રકારના અનંતમા ભાગ સુધીના પ્રદેશોથી બનેલ સ્કંધ જીવને કામ આવતાં જ નથી. આ બધી અગ્રાહ્ય વર્ગણા કહેવાય છે. તેમાં એક પરમાણુ ઉમેરવાથી ઔદારિક શરીરની જઘન્ય ગ્રહણ વર્ગણા થાય છે. તેમાં એક-એક પરમાણુના વધવાથી બનતા સ્કંધોની અનંત વર્ગણા ઔદારિક ગ્રહણ યોગ્ય હોય છે. ઔદારિક ગ્રહણ યોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણામાં એક પરમાણુ ઉમેરવાથી વૈક્રિય શરીરની જઘન્ય અગ્રહણ વર્ગણાનો પ્રારંભ થાય છે. એ રીતે એક-એક પરમાણુ વધતા, બનતા સ્કંધોથી વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અગ્રહણ વર્ગણા થાય છે. એમાં એક પરમાણુ ઉમેરવાથી વૈક્રિય શરીરની જઘન્ય ગ્રહણ વર્ગણા થાય છે. આ રીતે (1) ઔદારિક, (2) વૈક્રિય, (3) આહારક, (4) તૈજસ, (5) ભાષા, (6) શ્વાસોચ્છ્વાસ, (7) મન અને (8) કાર્મણ એમ આઠ જાતની અગ્રહણ વર્ગણા અને આઠ જાતની ગ્રહણ વર્ગણા જાણવી. આ સિવાય અન્ય અનંતી વર્ગણાઓ રહેલી છે.

# કર્મપ્રકૃતિ

**❖ શ્રી પન્નવણા સૂત્ર પદ 23, ઉ. 1 તથા શ્રી ભગવતી સૂત્ર શતક 8 ઉદ્દેશક 9 ❖**

**આઠ કર્મના નામ** : (1) જ્ઞાનાવરણીય કર્મ, (2) દર્શનાવરણીય કર્મ, (3) વેદનીય કર્મ, (4) મોહનીય કર્મ, (5) આયુષ્ય કર્મ, (6) નામ કર્મ, (7) ગોત્ર કર્મ, (8) અંતરાય કર્મ.

**❖ આઠ કર્મના લક્ષણ ❖**

(1) પહેલું **જ્ઞાનાવરણીય કર્મ**, તે આંખના પાટા સમાન.
(2) બીજું **દર્શનાવરણીય કર્મ**, તે રાજાના દ્વારપાળ સમાન.
(3) ત્રીજું **વેદનીય કર્મ**, તે મધે ખરડ્યા ખડગ (તલવાર) સમાન.
(4) ચોથું **મોહનીય કર્મ**, તે મદિરાપાન સમાન.
(5) પાંચમું **આયુષ્ય કર્મ**, તે બેડી સમાન.
(6) છઠ્ઠું **નામ કર્મ**, તે ચિત્રકાર સમાન.
(7) સાતમું **ગોત્ર કર્મ**, તે કુંભારના ચાકડા સમાન.
(8) આઠમું **અંતરાય કર્મ**, તે રાજાના ભંડારી સમાન.

**❖ આઠ કર્મે કયો ગુણ રોક્યો/ઢાંક્યો છે ? ❖**

(1) **જ્ઞાનાવરણીય કર્મે** અનંત જ્ઞાન ગુણ ઢાંક્યો છે.
(2) **દર્શનાવરણીય કર્મે** અનંત દર્શનગુણ ઢાંક્યો છે.
(3) **વેદનીય કર્મે** અનંત અવ્યાબાધ આત્મિક સુખ ગુણ રોક્યો છે.
(4) **મોહનીય કર્મે** વીતરાગતા ગુણ રોક્યો છે.
(5) **આયુષ્ય કર્મે** અક્ષય સ્થિતિ ગુણ રોક્યો છે.
(6) **નામ કર્મે** અમૂર્ત ગુણ રોક્યો છે.
(7) **ગોત્ર કર્મે** અગુરુલઘુ ગુણ રોક્યો છે.
(8) **અંતરાય કર્મે** અનંતવીર્ય ગુણ રોક્યો છે.

**આઠ કર્મની પ્રકૃતિ, આઠ કર્મ કેટલા પ્રકારે બાંધે ? કેટલા પ્રકારે ભોગવે? આઠ કર્મની સ્થિતિ, એ સર્વનો વિસ્તાર**

# 1.જ્ઞાનાવરણીય કર્મનો વિસ્તાર

## ❖ જ્ઞાનાવરણીય કર્મ છ પ્રકારે બાંધે ❖

(1) **નાણ પડિણિયાએ** : તે જ્ઞાનના તથા જ્ઞાનીના અવર્ણવાદ બોલે.

(2) **નાણ નિન્હ-વણિયાએ** : તે જ્ઞાન પમાડનારના ઉપકાર ભૂલે, જેની પાસે જ્ઞાન લીધું હોય તેના નામ છુપાવે.

(3) **નાણ અંતરાયેણં** : તે જ્ઞાન ભણવામાં અંતરાય પાડે.

(4) **નાણ આસાય-ણાએ** : તે જ્ઞાનની તથા જ્ઞાનીની આશાતના કરે.

(5) **નાણ પઓસેણં** : તે જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનના સાધનો પર દ્વેષ કરે.

(6) **નાણ વિસંવાયણા જોગેણં** : તે જ્ઞાની સાથે ખોટો વિવાદ, ક્લેશ,ઝગડા કરે.

## ❖ જ્ઞાનાવરણીય કર્મ પાંચ પ્રકારે ભોગવે ❖

(1) **મતિ જ્ઞાનાવરણીય** : પાંચ ઈન્દ્રિય તથા મન દ્વારા વસ્તુનું જે યથાર્થ જ્ઞાન થાય છે, તે મતિજ્ઞાન છે. તેના પર આવરણ તે મતિજ્ઞાનાવરણીય

(2) **શ્રુત જ્ઞાનાવરણીય** : શબ્દ દ્વારા થતું અર્થનું યથાર્થ જ્ઞાન અથવા સૂત્ર સિદ્ધાંતનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. તેના પર આવરણ તે શ્રુતજ્ઞાનાવરણીય.

(3) **અવધિ જ્ઞાના-વરણીય** : આત્મા દ્વારા રૂપી દ્રવ્યોનું જે મર્યાદિત યથાર્થ જ્ઞાન થાય તેને અવધિજ્ઞાન કહે છે. તેના પર આવરણ તે અવધિજ્ઞાનાવરણીય.

(4) **મન:પર્યવ જ્ઞાના-વરણીય** : અઢીદ્વીપમાં રહેલાં સંજ્ઞી જીવોના મનના ભાવોને જાણનારું જ્ઞાન તે મન:પર્યવજ્ઞાન છે. તેના પર આવરણ તે મન:પર્યવજ્ઞાનાવરણીય.

(5) **કેવલ જ્ઞાના-વરણીય** : સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વ દ્રવ્યોના, સર્વ ગુણોની, સર્વ પર્યાયોને, આત્મા દ્વારા એકસાથે એકસમયમાં જાણે તેને કેવળજ્ઞાન કહે છે. તેના પર આવરણ તે કેવળજ્ઞાનાવરણીય.

## ❖ જ્ઞાનાવરણીય કર્મ દસ પ્રકારે ભોગવે ❖

(1) **શ્રોત્ર આવરણ** : શબ્દનું જ્ઞાન ન થાય, કાન ન મળે તેથી શબ્દ સાંભળી ન શકે.

(2) **શ્રોત્રવિજ્ઞાન આવરણ** : શબ્દનું જ્ઞાન થાય પણ વિશેષ જ્ઞાન ન થાય કે કોણ બોલાવે છે ? વગેરે

(3) **નેત્ર આવરણ** : રૂપ રંગનું જ્ઞાન ન થાય, આંખ ન મળે તેથી જોઈ ન શકે.

(4) **નેત્રવિજ્ઞાન આવરણ** : આંખથી દેખાય પણ વિશેષ જ્ઞાન ન થાય. જોઈને કઈ વ્યક્તિ કે વસ્તુ છે તે નક્કી ન કરી શકે.

(5) **ઘ્રાણ આવરણ** : ગંધનું જ્ઞાન ન થાય, નાક ન મળવાથી સૂંઘી ન શકે.

(6) **ઘ્રાણવિજ્ઞાન આવરણ** : નાકથી સૂંઘે પણ વિશેષ જ્ઞાન ન થાય કે શેની ગંધ આવે છે ?

(7) **રસ આવરણ** : રસનું જ્ઞાન ન થાય. જીભ ન મળવાથી ચાખી ન શકે.

(8) **રસવિજ્ઞાન આવરણ** : ચાખી શકે પણ વિશેષ જ્ઞાન ન થાય કે શેનો સ્વાદ છે ?

(9) **સ્પર્શ આવરણ** : સ્પર્શનું જ્ઞાન ન થાય જેમ કે લકવો થઈ જાય તેમ.

(10) **સ્પર્શવિજ્ઞાન આવરણ** : સ્પર્શનું જ્ઞાન થાય પણ વિશેષ જ્ઞાન ન થાય કે શેનો સ્પર્શ છે ? જેમ કોઈ અંધ વ્યક્તિ સ્પર્શથી ઓળખી શકે તે રીતે ઓળખી ન શકે.

**જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની. *અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષનો.**

## 2. દર્શનાવરણીય કર્મનો

### ❖ દર્શનાવરણીય કર્મ છ પ્રકારે બાંધે ❖

| | |
|---|---|
| (1) **દંસણ પડિણિયાએ** | : તે ચક્ષુ, અચક્ષુ, અવધિ કે કેવળ એ ચાર દર્શનના કે તે દર્શનના ધારકના અવર્ણવાદ બોલે. |
| (2) **દંસણ નિન્હવણિયાએ** | : તે દર્શન અને દર્શનીના ઉપકાર ઓળવે. |
| (3) **દંસણ અંતરાયેણં** | : તે દર્શન અને દર્શનીના જોવાના ચશ્મા વગેરે સાધનોમાં અંતરાય પાડે. |
| (4) **દંસણ આસાયણાએ** | : તે દર્શન અને દર્શનીની આશાતના કરે. |
| (5) **દંસણ પઓસેણં** | : તે દર્શન અને દર્શનીની ઉપર દ્વેષ કરે. |
| (6) **દંસણ વિસંવાયણા-જોગેણં** | : તે દર્શની સાથે ખોટા ઝઘડા, વિવાદ કરે. |

### ❖ દર્શનાવરણીય કર્મ નવ પ્રકારે ભોગવે ❖

| | |
|---|---|
| (1) **નિદ્રા** | : તે સુખે ઊંઘે, સુખે જાગે |
| (2) **નિદ્રા નિદ્રા** | : તે દુઃખે ઊંઘે, દુઃખે જાગે. |
| (3) **પ્રચલા** | : તે બેઠાં-બેઠાં ઊંઘે. |
| (4) **પ્રચલા પ્રચલા** | : તે બોલતાં-બોલતાં, ચાલતાં-ચાલતાં ઊંઘે. |
| (5) **થીણદ્ધિ (સ્ત્યાનર્દ્ધિ) નિદ્રા*** | : દિવસે વિચારેલા સાધારણ કે અસાધારણ કાર્ય ઊંઘમાં કરી લેવા તે થીણદ્ધિ નિદ્રા છે. જયારે થીણદ્ધિ નિદ્રા કર્મનો ઉત્કૃષ્ટ ઉદય થાય છે, ત્યારે વજ્રઋષભનારાચ સંઘયણવાળા જીવમાં વાસુદેવનું અડધું બળ આવે છે.જો આવી ઊંઘમાં આયુષ્યનો બંધ કરે તો મરીને નરકે જાય છે. આ વાત ઉત્કૃષ્ટ બળની છે. જઘન્ય અને મધ્યમ બળ પણ હોઈ શકે અને તેમાં જો આયુષ્યનો બંધ કરે તો કોઈપણ ગતિમાં જઈ શકે છે. |

(6) **ચક્ષુ દર્શનાવરણીય** : આંખ દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ તે ચક્ષુદર્શન.તેના પર આવરણ.

(7) **અચક્ષુ દર્શનાવરણીય** : આંખ સિવાયની બીજી ચાર ઈન્દ્રિયો તથા મન દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ તે અચક્ષુદર્શન. તેના પર આવરણ.

(8) **અવધિ દર્શનાવરણીય** : આત્મદ્રવ્ય દ્વારા મર્યાદિત ક્ષેત્રમાં રહેલાં રૂપી દ્રવ્યોનો સામાન્ય બોધ તે અવધિદર્શન. તેના પર આવરણ. અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન થયા પહેલાં જે સામાન્ય બોધ થાય તેના પર આવરણ.

(9) **કેવલ દર્શનાવરણીય** : સંપૂર્ણ લોકાલોકના સર્વ દ્રવ્યોનો સામાન્ય બોધ થવો તે કેવળદર્શન. તેના પર આવરણ.

દર્શનાવરણીય કર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ ત્રીસક્રોડાક્રોડી સાગરોપમની. અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્તનો, ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષનો.

## 3. વેદનીય કર્મનો વિસ્તાર

વેદનીય કર્મના બે ભેદ

(1) **શાતા વેદનીય :** જેનાથી સુખનું વેદન થાય.

(2**) અશાતા વેદનીય :** જેનાથી દુઃખનું વેદન થાય.

વેદનીય કર્મ **22 પ્રકારે** બાંધે તેમાં **શાતા વેદનીય 10 પ્રકારે બાંધે**.

(1) **પાણાણુકંપયાએ** (પ્રાણી અનુકંપા) **:** બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, (વિકલેન્દ્રિય) જીવો પર અનુકંપા રાખવાથી.

(2) **ભૂયાણુકંપયાએ** (ભૂત અનુકંપા) **:** વનસ્પતિના જીવો પર અનુકંપા રાખવાથી.

(3) **જીવાણુકંપયાએ** (જીવની અનુકંપા) **:** પંચેન્દ્રિય જીવો પર અનુકંપા રાખવાથી.

(4) **સત્તાણુકંપયાએ** (સત્ત્વની અનુકંપા) **:** ચાર સ્થાવર (પૃથ્વી, અપ, તેઉ, વાઉ.) જીવો પર અનુકંપા રાખવાથી. બહૂણં પાણાણં ભૂયાણં જીવાણં સત્તાણં – ઘણાં છકાયના જીવોને.

(5) **અદુક્ખણયાએ :** દુઃખ ન આપવાથી.

(6) **અસોયણયાએ :** શોક નહીં કરાવવાથી.

(7) **અઝૂરણયાએ :** ન તરફડાવવાથી, ઝૂરણા કે વિયોગ ન કરાવવાથી.

(8) **અટિપ્પણયાએ :** ટપક-ટપક આંસું ન પડાવવાથી.

(9) **અપિટ્ટણયાએ :** ન મારવા, પીટવાથી.

(10) **અપરિયાવણયએ :** પરિતાપ કે ત્રાસ ન ઉપજાવવાથી.

## ❖ અશાતાવેદનીય કર્મ 12 પ્રકારે બાંધે ❖

(1) **પરદુક્ખણયાએ** **:** કોઈ એક પ્રાણી, ભૂત, જીવ, સત્વને દુઃખ આપે.

(2) **પરસોયણયાએ** **:** તેને (છકાયને) શોક કરાવવો.

(3) **પરઝૂરણયાએ** **:** તેને તરફડાવે, ઝૂરણા કે વિયોગ કરાવે.

(4) **પરટિપ્પણયાએ** **:** તેને ટપક-ટપક આંસું પડાવે.

(5) **પરપિટ્ટણયાએ** **:** તેને મારે, પીટે.

(6) **પરપરિયાવણિયાએ:** તેને પરિતાપ કે ત્રાસ ઉપજાવે. બહૂણં પાણાણં ભૂયાણં જીવાણં સત્તાણં – ઘણાં છકાયના જીવોને.

(7) **દુક્ખણયાએ** **:** દુઃખ આપે.

(8) **સોયણયાએ** **:** શોક કરાવે.

(9) **ઝૂરણયાએ** **:** તરફડાવે, ઝૂરણા કે વિયોગ કરાવે.

(10) **ટીપ્પણયાએ** **:** રડાવે, ટપક-ટપક આંસું પડાવે.

(11) **પિટ્ટણયાએ** **:** મારે પીટે

(12) **પરિયાવણયાએ** **:** પરિતાપ કે ત્રાસ ઉપજાવે.

વેદનીય કર્મની 16 પ્રકૃતિ, તેમાં શાતા વેદનીયની 8 ને અશાતા વેદનીયની 8. આ રીતે વેદનીય કર્મ 16 પ્રકારે ભોગવાય.

## ❖ શાતાવેદનીય કર્મ આઠ પ્રકારે ભોગવે ❖

(1) **મનોજ્ઞ શબ્દ :** મનને ગમે તેવા શબ્દો સાંભળવા મળે.
(2) **મનોજ્ઞ રૂપ :** મનને ગમે તેવું રૂપ જોવા મળે.
(3) **મનોજ્ઞ ગંધ :** મનને ગમે તેવી સુગંધ મળે.
(4) **મનોજ્ઞ રસ :** મનને ગમે તેવા રસ મળે.
(5) **મનોજ્ઞ સ્પર્શ :** મનને ગમે તેવો સ્પર્શ મળે.
(6) **મન સૌખ્ય :** મનનું સુખ
(7) **વચન સૌખ્ય :** વચનનું સુખ,
(8) **કાય સૌખ્ય :** કાયાનું સુખ.

## ❖ અશાતાવેદનીય કર્મ આઠ પ્રકારે ભોગવે ❖

(1) **અમનોજ્ઞ શબ્દ :** મનને ગમે નહીં તેવા શબ્દો સાંભળવા મળે.
(2) **અમનોજ્ઞ રૂપ :** મનને અણગમતું રૂપ જોવા મળે
(3) **અમનોજ્ઞ ગંધ :** મનને અણગમતી દુર્ગંધ સૂંઘવા મળે
(4) **અમનોજ્ઞ રસ :** મનને ન ગમતા રસ મળે
(5) **અમનોજ્ઞ સ્પર્શ :** મનને અણગમતાં સ્પર્શ મળે.
(6) **મણ દુહયા :** મનનું દુઃખ
(7) **વય દુહયા :** વચનનું દુઃખ
(8) **કાય દુહયા :** કાયાનું દુઃખ.

**વેદનીય કર્મની સ્થિતિ:** શાતા વેદનીય કર્મની સ્થિતિ જઘન્ય બે સમયની, ઉત્કૃષ્ટ 15 ક્રોડાક્રોડી સાગરોપમની. અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દોઢ હજાર વર્ષનો.

**અશાતા વેદનીય કર્મની સ્થિતિ:** જઘન્ય એક સાગરોપમના સાત ભાગ કરીએ તે માંહેના ત્રણ ભાગને એક પલ્યનો અસંખ્યાતમો ભાગ ઊણી **(3/7 સાગરોપમમાં પલ્યનો અસંખ્યાતમો ભાગ ઓછો),** ઉત્કૃષ્ટ **ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની. અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્ત,** ઉત્કૃષ્ટ **ત્રણ હજાર વર્ષનો.**

## 4. મોહનીય કર્મનો વિસ્તાર

**મોહનીય કર્મ છ પ્રકારે બાંધે:**

(1) તીવ્ર ક્રોધ
(2) તીવ્ર માન
(3) તીવ્ર માયા
(4) તીવ્ર લોભ
(5) તીવ્ર દર્શન મોહનીય
(6) તીવ્ર ચારિત્ર મોહનીય.

**મોહનીય કર્મ પાંચ પ્રકારે (વિસ્તારથી 28 પ્રકારે) ભોગવે:**

(1) સમકિત મોહનીય
(2) મિથ્યાત્વ મોહનીય
(3) મિશ્ર મોહનીય
(4) કષાય ચારિત્ર મોહનીય
(5) નોકષાય ચારિત્ર મોહનીય. તેની વિસ્તારથી 28 પ્રકૃતિ છે.

**1. દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ:**

(1) **સમ્યક્ત્વ મોહનીય :** ભગવાનની વાણીમાં શ્રદ્ધા હોય પણ તેમાં થોડી મલિનતા પણ હોય

(2) **મિથ્યાત્વ મોહનીય :** નવ તત્ત્વમાં શ્રદ્ધા ન હોવી. સુદેવ, સુગુરુ, સુધર્મ પર શ્રદ્ધા ન હોવી. જિનેશ્વર ભગવંતે કહેલાં તત્ત્વો પર અરુચિ અને અતત્ત્વમાં રુચિ કરવી તે

(3) **મિશ્ર મોહનીય :** જિનવાણીમાં ન રુચિ કે ન અરુચિ. જિનવાણી સાચી કે અન્યવાણી સાચી તે નક્કી ન કરી શકે.

**2. ચારિત્ર મોહનીયની બે પ્રકૃતિ:**

(1) કષાયચારિત્ર મોહનીય
(2) નોકષાય ચારિત્ર મોહનીય.

**કષાય ચારિત્ર મોહનીયની સોળ પ્રકૃતિ :**

(1) **અનંતાનુબંધી ક્રોધ** : તે પર્વત ફાટયા સમાન.

(2) **અનંતાનુબંધી માન** : તે પથ્થરના સ્તંભ સમાન.

(3) **અનંતાનુબંધી માયા** : તે વાંસના મૂળ સમાન.

(4) **અનંતાનુબંધી લોભ** : તે કીરમજીના* રંગ સમાન. એ ચારે ગતિ નરકની કરે, સ્થિતિ જાવજ્જીવની, ઘાત કરે સમકિતની.

(5)**અપ્રત્યાખ્યાની ક્રોધ** : તે તળાવની તિરાડ સમાન.

(6) **અપ્રત્યાખ્યાની માન** : તે હાડકાંના સ્તંભ સમાન.

(7)**અપ્રત્યાખ્યાની માયા** : તે ઘેટાના શીંગડાં સમાન.

(8) **અપ્રત્યાખ્યાની લોભ** : તે નગરની ગટરના કાદવ સમાન. એ ચારે ગતિ તિર્યંચની કરે, સ્થિતિ એક વર્ષની કરે, ઘાત કરે દેશ વિરતિની એટલે શ્રાવકપણાની.

(9) **પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ** : તે વેળુ (નદીની રેતી) મધ્યે લીટી સમાન.

(10) **પ્રત્યાખ્યાનાવરણીય માન** : તે લાકડાના સ્તંભ સમાન.

(11) **પ્રત્યાખ્યાનાવરણીય માયા:** તે ગૌમૂત્રિકા સમાન.

(12) **પ્રત્યાખ્યાનાવરણીય લોભ:** તે ગાડાના ખંજન સમાન. તે ચારે ગતિ મનુષ્યની કરે, સ્થિતિ ચાર માસની કરે, ઘાત કરે સાધુપણાની.

(13) **સંજ્વલનનો ક્રોધ** : તે ભરતીથી થતાં પાણી મધ્યે લીટી સમાન.

(14) **સંજ્વલનનો માન** : તે નેતરના સ્તંભ સમાન.

(15) **સંજ્વલનની માયા** : તે વાંસની છોઈ સમાન.

(16) **સંજ્વલનનો લોભ** : તે પતંગિયા** તથા હળદરના રંગ સમાન. એ ચારે ગતિ દેવની કરે, સ્થિતિ પંદર દિવસની કરે, ઘાત કરે યથાખ્યાત ચારિત્રની.

**(2) નોકષાય[3] ચારિત્ર મોહનીયની નવ પ્રકૃતિ છે.**

(1) **હાસ્ય:** જેના ઉદયે જીવને કારણથી અથવા વગર કારણે હસવું આવે.

(2) **રતિ:** જેના ઉદયથી જીવને સંસારના અને પાપના કામમાં આનંદ આવે.

(3) **અરતિ:** જેના ઉદયથી જીવને ધર્મકાર્યમાં આળસ અને કંટાળો આવે.

(4) **ભય:** જેના ઉદયથી ડર ઉત્પન્ન થાય.

(5) **શોક:** જેના ઉદયથી ચિંતા, ઉદાસી કે શોક ઉત્પન્ન થાય.

(6) **દુગંછા :** જેના ઉદયથી જીવને વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થાય.

(7) **સ્ત્રીવેદ:** જેના ઉદયથી સ્ત્રીને પુરુષ સમાગમની ઈચ્છા થાય.

(8) **પુરુષવેદ:** જેના ઉદયથી પુરુષને સ્ત્રી સમાગમની ઈચ્છા થાય.

(9) **નપુંસકવેદ**ઃ જેના ઉદયથી નપુંસકને પુરુષ અને સ્ત્રી બંનેના સમાગમની ઈચ્છા થાય.

**ચારિત્ર મોહનીયની કુલ 16 + 9 = 25 અને દર્શન મોહનીયની 3 પ્રકૃતિ મળી કુલ 28 પ્રકૃતિ થાય.**

મોહનીય કર્મની સ્થિતિ **જઘન્ય અંતર્મુહૂર્તની** ઉત્કૃષ્ટ **70 ક્રોડાક્રોડી સાગરોપમની. અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષનો.**

***સમજણ :** કર્મ બાંધ્યા પછી જ્યાં સુધી ફળ આપવાને માટે ઉદયમાં ન આવે અને કર્મ સત્તામાં પડ્યા રહે, ત્યાં સુધીના કાળને કર્મનો 'અબાધાકાળ' કહે છે. જે કર્મની જેટલા ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ બંધાય છે, તેટલા જ 100 વર્ષનો અબાધાકાળ બંધાય છે. જેમ કે 10 ક્રોડાક્રોડ સાગરોપમની સ્થિતિનો અબાધાકાળ 10 X 100 એટલે 1000 વર્ષનો અબાધાકાળ. જે કર્મની સ્થિતિ 1 ક્રોડાક્રોડી સાગરોપમની અંદર બંધાય છે. તેનો અબાધાકાળ અંતર્મુહૂર્ત હોય છે. *જેમ શિયાળામાં ઘી થીજી જાય તો આપણે તેને થીણું ઘી કહીએ છીએ તેમ જે નિદ્રાના ઉદયમાં જીવની ચેતના થીજી જાય છે, ચેતના ગાઢ થઈ જાય છે તેને 'થીણદ્ધિ નિદ્રા' કહે છે.

# 5. આયુષ્ય કર્મનો વિસ્તાર

**❖ આયુષ્ય કર્મ સોળ પ્રકારે બાંધે છે ❖**

**નરકનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે –** (1) મહા આરંભ (2) મહા પરિગ્રહ (3) કુણિમ આહાર (મદ્ય-માંસનું સેવન) કરે (4) પંચેન્દ્રિય જીવોનો વધ કરે.

**તિર્યંચનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે –** (1) માયા કરે (2) ગાઢ માયા કરે. (3) અસત્ય બોલે, (4) ખોટાં તોલ માપ કરે.

**મનુષ્યનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે –** (1) ભદ્ર (સરળ) પ્રકૃતિ (2) વિનય પ્રકૃતિ (3) સાનુકોશ : દયાભાવ રાખવાથી (4) અમત્સર : અહંકાર રહિત, તુચ્છતા રહિત હોય.

**દેવતાનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે –** (1) સરાગ સંયમ (સરાગી સાધુપણું) પાળે (2) સંયમાસંયમ (શ્રાવકપણું) પાળે (3) બાલ (અજ્ઞાન) તપ કરે (4) અકામ નિર્જરા કરે.

**આયુષ્ય કર્મ ચાર પ્રકારે ભોગવે.** (1) નારકી, નારકીનું આયુષ્ય ભોગવે (2) તિર્યંચ, તિર્યંચનું ભોગવે (3) મનુષ્ય, મનુષ્યનું ભોગવે (4) દેવ, દેવનું ભોગવે

---

[1] કીરમજીના રંગને બાળતાં તેની રાખ પણ તે જ રંગની થાય છે તેવો ઘટ્ટ રંગ.

[2] પતંગિયાને પકડવામાં આવે ત્યારે તેની પાંખનો રંગ હાથની આંગળી પર આવી જાય છે. હળદરના કપડાં પર પડેલાં ડાઘા ભીનાં કરી તડકામાં મૂકતાં ઊડી જાય છે તેવો.

[3] નોકષાય : નોકષાય એ વાસ્તવમાં કષાય જ છે. પરંતુ એ સ્પષ્ટરૂપમાં કષાય લાગતાં નથી. એ પરંપરાથી કષાયનું કારણ છે. એ કષાયને ઉત્તેજિત કરે છે. કષાયના ઈંધનરૂપ છે.

**આયુષ્ય કર્મની સ્થિતિ :** નારકી અને દેવની સ્થિતિ **જઘન્ય દસ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ 33 સાગર ને પૂર્વ ક્રોડ વર્ષનો ત્રીજો ભાગ અધિક.** મનુષ્ય અને તિર્યંચની સ્થિતિ **જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ 3 પલ્યને પૂર્વક્રોડ વર્ષનો ત્રીજો ભાગ અધિક. અબાધાકાળ નથી.**

## 6. નામ કર્મનો વિસ્તાર

**નામ કર્મના બે ભેદ,** (1) **શુભ નામ,** (2) **અશુભ નામ.**

**❖ નામ કર્મ આઠ પ્રકારે બાંધે ❖**

**શુભ નામ કર્મ ચાર પ્રકારે બાંધે.** (1) કાયાની સરલતા, (2) ભાષાની સરલતા, (3) ભાવની સરલતા, (4) અવિસંવાદ યોગ : તે ખોટા ઝઘડા, વિખવાદ ન કરે.

**અશુભનામ કર્મ ચાર પ્રકારે બાંધે.** (1) કાયાની વક્રતા (2) ભાષાની વક્રતા (3) ભાવની વક્રતા (4) વિસંવાદ યોગ : તે ખોટા ઝઘડા, વિખવાદ કરે.

**નામ કર્મ 28 પ્રકારે ભોગવે. શુભ નામ કર્મ 14 પ્રકારે ભોગવે અને અશુભનામ કર્મ 14 પ્રકારે ભોગવે.**

**શુભ નામ કર્મ ચૌદ પ્રકારે ભોગવે.**

(1) **ઈષ્ટ શબ્દ** : સારા શબ્દો. પોતાના બોલાતાં શબ્દો બીજાને સાંભળવા ગમે,

(2) **ઈષ્ટ રૂપ** : પોતાને સુંદર રૂપ મળે (ધોળો હોય છતાં રૂપાળો પણ હોય, કાળો હોય છતાં રૂપાળો એટલે કે નમણો હોય),

(3) **ઈષ્ટ ગંધ** : પોતાને સુગંધી શરીર મળે,

(4) **ઈષ્ટ રસ** : પોતાના શરીરના પુદ્ગલો સારા રસવાળા હોય,

(5) **ઈષ્ટ સ્પર્શ** : પોતાનું શરીર સુંદર સ્પર્શવાળું હોય,

(6) **ઈષ્ટ ગતિ** : શરીરની ની ચાલ સારી હોય.

(7) **ઈષ્ટ સ્થિતિ** : શરીરનું બેસવું, ઊભા રહેવું સારું હોય.

(8) **ઈષ્ટ લાવણ્ય** : સુંદર શરીરનું ઓજ, કાળો છતાં સલોણો લાગે,

(9) **ઈષ્ટ યશોકીર્તિ** : શરીરના સંયોગે વિશિષ્ટ પરાક્રમ વગેરે કરવાથી લોકોમાં યશ, ખ્યાતિ થાય.

(10) **ઈષ્ટ ઉત્થાન, કર્મ, બલવીર્ય, પુરુષાકાર પરાક્રમ** : તેનું દરેક કાર્ય સારું લાગે. શારીરિક શક્તિ સારી મળે. ઉત્થાન : કાયાની ચેષ્ટા / ઊભા થવું. કર્મ : આકુંચન પ્રસારણ, બલ : શારીરિક શક્તિ. વીર્ય : આત્માથી ઉત્પન્ન થતું વીર્ય/માનસિક શક્તિ, પુરુષાકાર પરાક્રમ : કાર્ય કરવું.

(11) **ઈષ્ટ સ્વર** : મનને ગમે તેવો સ્વર, કંઠ મધુર હોય,

(12) **કાંત સ્વર** : વારંવાર સાંભળવાનું મન થાય તેવો કમનીય સ્વર,

(13) **પ્રિય સ્વર** : સામેની વ્યક્તિને પ્રિય લાગે તેવો સ્વર.

(14) **મનોજ્ઞ સ્વર** : સામેની વ્યક્તિના મનને ગમે તેવો સ્વર.

**અશુભ નામ કર્મ ચૌદ પ્રકારે ભોગવે:**

(1) **અનિષ્ટ શબ્દ** : પોતાના બોલાતાં શબ્દો બીજાંને સાંભળવા ન ગમે.

(2) **અનિષ્ટ રૂપ** : પોતાને ખરાબ કે કદરૂપું શરીર મળે.

(3) **અનિષ્ટ ગંધ** : શરીરમાંથી દુર્ગંધ નીકળે.

(4) **અનિષ્ટ રસ** : શરીરના પુદ્ગલો ખરાબ રસવાળા હોય.

(5) **અનિષ્ટ સ્પર્શ** : પોતાનું શરીર ખરબચડું આદિ સ્પર્શવાળું હોય.

(6) **અનિષ્ટ ગતિ** : શરીરની ચાલ અણગમતી હોય.

(7) **અનિષ્ટ સ્થિતિ** : શરીરથી ઊભા થવું, બેસવું સારું ન હોય.

(8) **અનિષ્ટ લાવણ્ય** : બેડોળ કે ખરાબ શરીર મળે.

(9) **અનિષ્ટ યશોકીર્તિ** : શરીરના સંયોગે લોકોમાં અપયશ અને અપકીર્તિ થાય.

(10) **અનિષ્ટ ઉત્થાન, કર્મ, બલવીર્ય, પુરુષાકાર પરાક્રમ :** શારીરિક શક્તિ ખરાબ મળે, તેનું દરેક કાર્ય ખરાબ લાગે.

(11) **અનિષ્ટ સ્વર** : મનને ન ગમે તેવો સ્વર હોય.
(12) **અકાંત સ્વર** : બીજીવાર સાંભળવાનું મન ન થાય તેવો કંઠ હોય.
(13) **હીણ સ્વર** : બીજા કરતાં હીન સ્વર હોય (મંદ સ્વર, ઝીણો સ્વર).
(14) **દીન સ્વર** : બિનપ્રભાવી, દયામણો અવાજ મળે.

**નામ કર્મની 93 પ્રકૃતિ :**

| | |
|---|---|
| 14 પિંડપ્રકૃતિ વિસ્તારથી મળી | 65 પ્રકૃતિ |
| 8 પ્રત્યેક પ્રકૃતિ | 8 પ્રકૃતિ |
| ત્રસ દશકની | 10 પ્રકૃતિ |
| સ્થાવર દશકની | 10 પ્રકૃતિ |
| **કુલ પ્રકૃતિ** | **93** |

**14 પિંડ પ્રકૃતિનો વિસ્તાર :** (જે પ્રકૃતિના વિશેષ વિભાગ હોય તેને પિંડ પ્રકૃતિ કરે છે.

| પિંડ પ્રકૃતિ | ઉત્તર પ્રકૃતિ | પિંડ પ્રકૃતિ | ઉત્તર પ્રકૃતિ |
|---|---|---|---|
| (1) ગતિ નામ | 4 | (8) સંસ્થાન નામ | 6 |
| (2) જાતિ નામ | 5 | (9) વર્ણ નામ | 5 |
| (3) શરીર નામ | 5 | (10) ગંધ નામ | 2 |
| (4) શરીર અંગોપાંગ નામ | 3 | (11) રસ નામ | 5 |
| (5) શરીર બંધન નામ | 5 | (12) સ્પર્શ નામ | 8 |
| (6) શરીર સંઘાતન નામ | 5 | (13) આનુપૂર્વી નામ | 4 |
| (7) સંઘયણ નામ | 6 | (14) વિહાયગતિ નામ | 2 |

**1. ગતિ નામના ચાર ભેદ –**

**(1) નરકની ગતિ** **(2) તિર્યંચની ગતિ**
**(3) મનુષ્યની ગતિ** **(4) દેવની ગતિ**

**2. જાતિ નામના પાંચ ભેદ –**

**(1) એકેન્દ્રિયની જાતિ** **(2) બેઈન્દ્રિયની જાતિ.**
**(3) તેઈન્દ્રિયની જાતિ** **(4) ચૌરેન્દ્રિયની જાતિ**
**(5) પંચેન્દ્રિયની જાતિ.**

**3. શરીર નામના પાંચ ભેદ –** શરીર એટલે જે સમયે-સમયે ક્ષીણ થાય તે.
(1) **ઔદારિક શરીર :** તે સડી જાય, પડી જાય, વિણસી જાય, કોહી જાય, બગડી જાય, મૃત્યુ પછી મૃતદેહ પડ્યો રહે તે. ઉદાર એટલે પ્રધાન. જે તીર્થંકર, ગણધર આદિ મોક્ષગામી પુરુષોને પ્રધાન એવી મોક્ષ ગતિ મેળવવામાં સહાય કરે તે.
(2) **વૈક્રિય શરીર :** તે સડે નહીં, પડે નહીં, વિણસે નહીં, બગડે નહીં, મૃત્યુ પછી કલેવર વિસરાલ (કપૂરની ગોટીની જેમ) થાય તે વૈક્રિય શરીર છે. વૈક્રિય એટલે રૂપ પરાવર્તન કરવાની શક્તિ તથા એક, અનેક, નાના, મોટા, ખેચર, ભૂચર, દ્રશ્ય, અદ્રશ્ય આદિ વિવિધ રૂપ વિવિધ ક્રિયાથી બનાવે તે. તે શરીરમાં હાડકાં, માંસ આદિ ન હોય.
(3) **આહારક શરીર :** તે 14 પૂર્વી સાધુને તપ આદિ કરવાથી લબ્ધિ ઉપજે અને તેના દ્વારા ઉત્તમ સ્ફટિક સમાન પુદ્ગલોથી જે શરીર બનાવે તેને આહારક શરીર કહે છે. જઘન્ય 1 હાથ ન્યૂન, ઉત્કૃષ્ટ 1 હાથનું શરીર બનાવે.
(4) **તૈજસ શરીર :** જેના કારણે શરીરમાં ઉષ્ણતા રહે અને આહારને પચાવે તે તૈજસ શરીર. તેજોલબ્ધિથી તેજોલેશ્યા (ઉષ્ણ કે શીત પુદ્ગલોને) છોડવામાં કારણભૂત શરીરને તૈજસ શરીર કહે છે.
(5) **કાર્મણ શરીર :** જેમાં આઠે કર્મોના સ્કંધ સંગ્રહીત રહે છે તે કાર્મણ શરીર. (14)

**4. શરીર અંગોપાંગના ત્રણ ભેદ – અંગોપાંગ :** જે કર્મના ઉદયથી જીવને શરીરના અંગો હાથ, પગ, મસ્તક વગેરે તથા ઉપાંગો આંગળી, નખ વગેરે મળે.
(1) **ઔદારિક શરીર અંગોપાંગ**
(2) **વૈક્રિય શરીર અંગોપાંગ**

(3) **આહારક શરીર અંગોપાંગ** (તૈજસ અને કાર્મણ શરીર સૂક્ષ્મ હોવાથી તેમને અંગોપાંગ હોતાં નથી.) (17)

**5. શરીર બંધન નામના પાંચ ભેદ – બંધન નામ :** શરીરને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને શરીર બનાવવા માટે જોડવાં તે.

(1) **ઔદારિક શરીર બંધન** (2) **વૈક્રિય શરીર બંધન**
(3) **આહારક શરીર બંધન** (4) **તૈજસ શરીર બંધન**
(5) **કાર્મણ શરીર બંધન.** (22)

**6. શરીર સંઘાતન નામના પાંચ ભેદ – સંઘાતન નામ :** જુદાં-જુદાં શરીર બનાવવા માટે તે તે શરીર યોગ્ય પુદ્ગલો એકત્રિત થાય તે સંઘાતન નામ છે.

(1) **ઔદારિક શરીર સંઘાતન** (2) **વૈક્રિય શરીર સંઘાતન**
(3) **આહારક શરીર સંઘાતન** (4)**તૈજસ શરીર સંઘાતન**
(5) **કાર્મણ શરીર સંઘાતન.** (27)

**7. સંઘયણ (સંહનન) નામના છ ભેદ – સંઘયણ :** શરીરની મજબૂતાઈ.

(1) **વજ્રઋષભનારાચ સંઘયણ :** વજ્ર કહેતાં ખીલી, ઋષભ કહેતાં પાટો, નારાચ કહેતાં બંને પડખે મર્કટબંધ. જે શરીરની રચનામાં બે હાડકાંને બે પડખેથી મર્કટબંધે કરી બાંધ્યા, તેના પર હાડકાંનો પટ્ટો હોય તેને ખીલી જેવા હાડકાંએ કરી સજ્જડ કર્યા હોય તેવું મજબૂત સંઘયણ.

(2) **ઋષભનારાચ સંઘયણ :** તેમાં ઉપર પ્રમાણે પણ ખીલી ન હોય.

(3) **નારાચ સંઘયણ :** તેમાં બે પડખે મર્કટબંધ હોય.

(4) **અર્ધનારાચ સંઘયણ :** એક પડખે મર્કટ બંધ અને બીજે પડખે માત્ર ખીલી હોય.

(5) **કીલકુ (કીલિકા) સંઘયણ :** ખીલીથી બંને હાડકાં જોડેલાં હોય.

(6) **છેવટું (સેવાર્ત્ત) સંઘયણ :** બંને હાડકાં અડીને રહેલ હોય, ખીલી ન હોય. (33)




**8. સંસ્થાન નામના છ ભેદ – સંસ્થાન :** આકાર.

(1) **સમચતુરંસ્ત્ર સંસ્થાન :** પગથી માથા સુધી શોભાયમાન શરીર. પલાંઠી વાળી બેસતાં ચારે બાજુથી સરખી આકૃતિ થાય.

(2) **ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન** : કમરથી માથા સુધી શોભાયમાન શરીર.

(3) **સાદિ સંસ્થાન** : પગથી કમર સુધી શોભાયમાન શરીર.

(4) **વામન સંસ્થાન** : હાથ, પગ, માથાની આકૃતિ ઠીંગણી હોય.

(5) **કુબ્જ સંસ્થાન** : હાથ,પગ,માથું,ગ્રીવાઓછાં,અધિકપ્રમાણવાળા હોય. અન્ય અવયવ સુંદર હોય.

(6) **હૂંડ સંસ્થાન** : સર્વ અવયવ અશુભ હોય. (39)

**9. વર્ણના પાંચ ભેદ –** જેના ઉદયથી જીવને વિવિધ વર્ણવાળું શરીર મળે.

(1) **કાળો** (2) **નીલો (લીલો)**

(3) **લાલ** (4) **પીળો**

(5) **સફેદ.** (44)

**10. ગંધના બે ભેદ –** જેના ઉદયથી જીવના શરીરમાં વિવિધ ગંધ હોય.

(1) **સુરભિ ગંધ** (2) **દુરભિગંધ.** (46)

**11. રસના પાંચ ભેદ –**જેના ઉદયથી જીવના શરીરના પુદ્ગલોનો વિવિધ

રસ હોય.

(1) **તીખો** (2) **કડવો**
(3) **તૂરો** (4) **ખાટો**
(5) **મીઠો** (51)

**12. સ્પર્શના આઠ ભેદ –** જેના ઉદયથી જીવના શરીરનો વિવિધ સ્પર્શ હોય.

(1) **સુંવાળો** (2) **કર્કશ**
(3) **હળવો** (4) **ભારે**
(5) **ગરમ** (6) **ઠંડો**
(7) **લૂખો** (8) **ચોપડ્યો** (59)

**13. આનુપૂર્વીના ચાર ભેદ –** આનુપૂર્વી : જીવ મરણ પામીને બીજી ગતિમાં જાય ત્યારે રસ્તામાં વિગ્રહગતિમાં સાથે રહે અને વળાંક લેવામાં મદદ કરે.

(1) **નરક આનુપૂર્વી** (2) **તિર્યંચ આનુપૂર્વી**
(3) **મનુષ્ય આનુપૂર્વી** (4) **દેવ આનુપૂર્વી** (63)

**14. વિહાય ગતિ નામના બે ભેદ –**

(1) **પ્રશસ્ત વિહાયગતિ -** તે ગંધ હસ્તીની જેમ શુભ ચાલવાની ગતિ
(2) **અપ્રશસ્ત વિહાય ગતિ –** તે ઊંટની જેમ અશુભ ચાલવાની ગતિ. (65)

**પ્રત્યેક પ્રકૃતિ 8 :**

(1) **અગુરુલઘુ નામ** : જે કર્મના ઉદયથી જીવનું શરીર ન ભારે, ન હળવું હોય.
(2) **ઉપઘાત નામ** : જે કર્મના ઉદયથી જીવ પોતાના અવયવોથી જ ક્લેશ પામે, અવયવો નડતર રૂપ બને. રસોળી, છઠ્ઠી આંગળી વગેરે
(3) **પરાઘાત નામ** : જેના ઉદયથી જીવ બીજા માટે અજેય બની જાય, બીજાને પ્રભાવિત કરે.
(4) **ઉચ્છ્વાસ નામ** : જેના ઉદયથી શ્વાસ વડે હવા ગ્રહણ કરી ઉચ્છ્વાસ વડે છોડવી

(5) **ઉદ્યોત નામ** : જેના ઉદયથી જીવનું શરીર શીત પ્રકાશ કરે, જેમ કે ચંદ્રના પૃથ્વીકાયનું શરીર

(6) **આતાપ નામ** : જેના ઉદયથી શરીર તો ઠંડું હોય પણ આતાપ રૂપ પ્રકાશ કરે, જેમ કે સૂર્યમંડળના પૃથ્વીકાયનું શરીર

(7) **તીર્થંકર નામ** : જેના ઉદયથી તીર્થંકરની પદવી મળે

(8) **નિર્માણ નામ** : જેના ઉદયથી શરીરના અંગોપાંગ પોતાને સ્થાને વ્યવસ્થિત મળે (73)

**ત્રસ દશક –**

(1) **ત્રસ નામ** : જેના ઉદયથી જીવ પોતે હલનચલન કરી શકે તેવું તેને શરીર મળે

(2) **બાદર નામ** : જેના ઉદયથી બાદરપણું (સ્થૂલપણું) પામે

(3) **પર્યાપ્ત નામ** : જેના ઉદયથી પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ મળે

(4) **પ્રત્યેક નામ** : જેના ઉદયથી જીવને પોતાનું અલગ સ્વતંત્ર શરીર મળે

(5) **સ્થિર નામ** : જેના ઉદયથી દાંત, હાડકાં વગેરે અવયવો પોતાના સ્થાને સ્થિર રહે

(6) **શુભ નામ** : જેના ઉદયથી શરીર શુભ હોય (નાભિ ઉપરનો ભાગ)

(7) **સૌભાગ્ય નામ** : જેના ઉદયથી જીવ બીજા જીવોને પ્રીતિપાત્ર બને

(8) **સુસ્વર નામ** : જેના ઉદયથી સ્વર, કંઠ સારો હોય.

(9) **આદેય નામ** : જેના ઉદયથી જીવના વચન માન્ય, આદરણીય હોય.

(10) **યશોકીર્તિ નામ** : જેના ઉદયથી સંસારમાં યશ અને કીર્તિ ફેલાય. (83)

**સ્થાવર દશક:**

(1) **સ્થાવર નામ** : જેના ઉદયથી જીવ પોતે હલનચલન કરી શકે નહીં તેવું એકેન્દ્રિયનું શરીર મળે.

(2) **સૂક્ષ્મ નામ** : ઉદયથી શરીર સૂક્ષ્મ હોય.

(3) **અપર્યાપ્ત નામ** : જેના ઉદયથી પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન મળે.

(4) **સાધારણ નામ** : એક શરીરમાં અનંત જીવો સાથે રહે તેવું શરીર મળે. સ્વતંત્ર શરીર ન મળે.

(5) **અસ્થિર નામ** : જેના ઉદયથી જીભ, ચામડી આદિ અવયવો અસ્થિર હોય.

(6) **અશુભ નામ** : જેના ઉદયથી અશુભ શરીરની પ્રાપ્તિ થાય. (નાભિ નીચેનો ભાગ)

(7) **દુર્ભાગ્ય નામ** : જેના ઉદયથી જીવ બીજા જીવોને અપ્રીતિપાત્ર બને.

(8) **દુ:સ્વર નામ** : જેના ઉદયથી સ્વર ખરાબ કે ઘોઘરો વગેરે હોય.

(9) **અનાદેય નામ** : જેના ઉદયથી જીવના વચન અમાન્ય, અનાદરણીય હોય.

(10) **અયશોકીર્તિ નામ :** જેના ઉદયથી સંસારમાં અપયશ અને અપકીર્તિ ફેલાય. (93)

**શુભ નામ કર્મની 93 પ્રકૃતિ સંપૂર્ણ.**

નામ કર્મની સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્ત, ઉત્કૃષ્ટ 20 ક્રોડાક્રોડી સાગરોપમની. અબાધાકાળ જઘન્ય અંતમુહૂર્ત, ઉત્કૃષ્ટ બે હજાર વર્ષનો.

## 7. ગોત્ર કર્મનો વિસ્તાર

**ગોત્ર કર્મના બે ભેદ:**

(1) **ઊંચ ગોત્ર.** (2) **નીચે ગોત્ર.**

ગોત્ર કર્મ સોળ પ્રકારે બાંધે. તેમાં ઊંચ ગોત્ર આઠ પ્રકારે અને નીચ ગોત્ર આઠ પ્રકારે બાંધે.

**ઊંચ ગોત્ર આઠ પ્રકારે બાંધે:**

(1) **જાતિ અમદ** : માતૃપક્ષને જાતિ કહે છે. તેનો મદ, અભિમાન

ન કરે.

(2) **કુળ અમદ** : પિતૃપક્ષને કુળ કહે છે. તેનો મદ ન કરે.

(3) **બળ અમદ** : શરીરને મળેલ વિશિષ્ટ બળનું અભિમાન ન કરે.

(4) **રૂપ અમદ** : શરીરના રૂપનું અભિમાન ન કરે.

(5) **તપ અમદ** : શરીરની તપ શક્તિનો મદ ન કરે.

(6) **સૂત્ર અમદ** : શ્રુત (સૂત્ર) જ્ઞાનનો મદ ન કરે.

(7) **લાભ અમદ** : લાભ પ્રાપ્તિનો મદ ન કરે.

(8) **ઐશ્વર્ય અમદ** : ધન, સંપત્તિ વગેરે ઐશ્વર્યનો મદ ન કરે.

**નીચ ગોત્ર આઠ પ્રકારે બાંધે:**

(1) જાતિ મદ (2) કુળ મદ

(3) બળ મદ (4) રૂપ મદ

(5) તપ મદ. (6) સૂત્ર મદ

(7) લાભ મદ. (8) ઐશ્વર્ય મદ.

આ રીતે આઠનો મદ કરે.ગોત્ર કર્મની સોળ પ્રકૃતિ, તેમાં ઊંચ ગોત્રની આઠ પ્રકૃતિ, નીચ ગોત્રની આઠ પ્રકૃતિ.

**ઊંચ ગોત્ર આઠ પ્રકારે ભોગવે:**

(1) **જાતિ વિશિષ્ટ** : ઊંચી જાતિમાં જન્મ થાય.

(2) **કુળ વિશિષ્ટ** : ઊંચા કુળમાં જન્મ થાય.

(3) **બળ વિશિષ્ટ** : વિશિષ્ટ શારીરિક બળ મળે.

(4) **રૂપ વિશિષ્ટ** : વિશિષ્ટ રૂપાળું શરીર મળે.

(5) **તપ વિશિષ્ટ** : તપ કરવાની વિશિષ્ટ શક્તિ મળે.

(6) **સૂત્ર વિશિષ્ટ** : વિશિષ્ટ જ્ઞાનનો લાભ થાય.

(7) **લાભ વિશિષ્ટ** : વિશિષ્ટ પ્રકારના ઊંચા સંયોગો મળે.

(8) **ઐશ્વર્ય વિશિષ્ટ** : ધન, સંપત્તિ વગેરે વિશિષ્ટ ઐશ્વર્ય મળે.

**નીચ ગોત્ર આઠ પ્રકારે ભોગવે:**

(1) **જાતિ વિહીન** (2) **કુળ વિહીન**

(3) **બળ વિહીન** (4) **રૂપ વિહીન**

(5) **તપ વિહીન** (6) **સૂત્ર વિહીન**
(7) **લાભ વિહીન** (8) **ઐશ્વર્ય વિહીન.**

**ગોત્ર કર્મની સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્ત, ઉત્કૃષ્ટ 20 ક્રોડાક્રોડી સાગરોપમની. અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ બે હજાર વર્ષનો.**

## 8. અંતરાય કર્મનો વિસ્તાર

**અંતરાય કર્મ પાંચ પ્રકારે બાંધે :**

(1) **દાનાંતરાય** : દાન દેવામાં અંતરાય આપે.
(2) **લાભાંતરાય** : લાભ લેવામાં અંતરાય આપે.
(3) **ભોગાંતરાય** : એકવાર ભોગવાય તેવી વસ્તુમાં અંતરાય પાડે.
(4) **ઉપભોગાંતરાય** : વારંવાર ભોગવાય તેવી વસ્તુમાં અંતરાય પાડે.
(5) **વીર્યાંતરાય** : વીર્ય શક્તિનો પ્રયોગ કરવામાં અંતરાય પાડે.

**અંતરાય કર્મની પાંચ પ્રકૃતિ,** પાંચ પ્રકારે ભોગવે તે ઉપર પ્રમાણે.અંતરાય કર્મની **સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ 30 કોડાક્રોડી સાગરોપમની. અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂત, ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષનો.**

**આઠ કર્મના ક્રમનું કારણ :**

(1) સકળ શાસ્ત્રની વિચારણા જ્ઞાન દ્વારા જ થાય છે. સકળ લબ્ધિઓ પણ જ્ઞાન દ્વારા જ પ્રગટે છે અને મોક્ષ પ્રાપ્તિ સમયે જ્ઞાનનો જ ઉપયોગ હોય છે, તેથી જ્ઞાન ગુણને પ્રધાન ગણીને તેને ઢાંકનારું **જ્ઞાનાવરણીય કર્મ** પ્રથમ ગણાયું છે
(2) જ્ઞાન ઉપયોગ પૂર્ણ થવા પર તરત જ દર્શનનો ઉપયોગ હોય, તેથી **દર્શનાવરણીય કર્મ** બીજું
(3) આ બંને કર્મોના ક્ષયોપશમની હીનાધિકતાને કારણે દુઃખની પ્રાપ્તિ થાય છે, તેથી **વેદનીય કર્મ** ત્રીજું
(4) સુખ-દુઃખ રાગ- દ્વેષને જન્મ આપે છે, તેથી **મોહનીય કર્મ** ચોથું.
(5) મોહથી મૂંઝાયેલો આત્મા ઊંચ-નીચ ગતિમાં આયુષ્યનો બંધ કરે છે, તેથી પાંચમું **આયુષ્ય કર્મ**

(6) આયુષ્યના કારણે જીવન ગતિ, જાતિ આદિની પ્રાપ્તિ થાય છે, માટે **નામ કર્મ** છઠ્ઠું.
(7) જાતિ આદિમાં ઊંચ-નીચપણું પ્રાપ્ત થાય છે, તેથી સાતમું **ગોત્ર કર્મ.**
(8) ગોત્ર પ્રમાણે દાન, લાભ આદિ પ્રાપ્તિ અને વિયોગ થાય છે, તેથી આઠમું **અંતરાય** કર્મ.

**કર્મના દલિકોની વહેંચણી :** જીવ સમયે-સમયે 7 કર્મ બાંધે છે. જ્યારે આયુષ્ય બાંધે ત્યારે આઠ કર્મ બાંધે છે. આ આયુષ્ય તો સંપૂર્ણ ભવમાં એક જ વાર બંધાય છે. વિવિધ કારણે કર્મના પુદ્ગલો આત્મા સાથે બંધાય ત્યારે કયા કર્મોને કેટલો ભાગ મળે ?

(1) સૌથી થોડો ભાગ **આયુષ્ય કર્મને** મળે છે, કારણ કે, તેની સ્થિતિ ઓછી છે.
(2) ત્યાર પછી નામ-ગોત્રને પરસ્પર સરખો અને
(3) આયુષ્ય કર્મને તેથી અધિક ભાગ મળે છે કારણકે તેમની સ્થિતિ અન્યા કર્મો કરતાં ઓછી છે ત્યાર પછી **જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયને પરસ્પર સરખો અને ઉપરના બેથી વધારે ભાગ** મળે છે. કારણ કે, તેમની સ્થિતિ પણ વધારે છે.
(4) તેથી **મોહનીય કર્મને વધારે ભાગ** મળે છે, કારણ કે, તેની સ્થિતિ વિશેષ છે.
(5) તેથી **વેદનીય કર્મને** સૌથી વધારે ભાગ મળે છે, તેની સ્થિતિ થોડી છે, પરંતુ તેમાં પુદ્ગલો વધારે હોય તો જ પોતાનું ફળ દેખાડી શકે/અનુભવી શકાય. માટે સૌથી વધુ ભાગ **વેદનીય કર્મને** મળે છે.

**અનાદિ કર્મનો અંત :**
કર્મો અનાદિથી લાગેલાં છે, છતાં તે કર્મોનો અંત થઈ શકે છે. જે રીતે ખાણમાં સોનું તથા માટી અનાદિથી સાથે રહેલાં હોવા છતાં તેને પ્રયોગ દ્વારા શુદ્ધ કરી તેમાંથી માટી વગેરે અશુદ્ધિ દૂર કરવામાં આવે છે. તે જ રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના દ્વારા આત્માને શુદ્ધ કરીને સિદ્ધ બનાવી શકાય છે.

**કર્મોની વિવિધ અવસ્થા:**

| | | |
|---|---|---|
| 1. **બંધ** | 2. **ઉદ્દવર્તન** | 3. **અપવર્તન** |
| 4. **સત્તા** | 5. **ઉદય** | 6. **ઉદીરણા** |
| 7. **સંક્રમણ** | 8. **ઉપશમ** | 9. **નિદ્ધત્** |
| 10.**નિકાચિત** | 11. **ક્ષયોપશમ** | 12. **ક્ષય.** |

(1) **બંધ** : મિથ્યાત્વ આદિ કારણોથી જીવ અને કર્મોનું એકમેક થવું તે બંધ.દૂધમાં પાણીની જેમ અથવા લોખંડમાં અગ્નિની જેમ.

(2) **ઉદ્દવર્તન** : જીવના પરિણામને કારણે પૂર્વે બાંધેલા કર્મની સ્થિતિ અને અનુભાગ(રસ)ને વધારવા તે ઉદ્દવર્તન.

(3) **અપવર્તન** : જીવના પરિણામને કારણે પૂર્વે બાંધેલા કર્મની સ્થિતિ અને અનુભાગ(રસ)ને ઘટાડવા તે અપવર્તન.

(4) **સત્તા** : બંધાયેલાં કર્મ જ્યાં સુધી આત્માની સાથે સંબંધિત રહે અટેલે કે આત્મા પ્રદેશે વિદ્યમાન રહે તેને સત્તા કહે છે.

(5) **ઉદય** : કર્મનો અબાધાકાળ પૂરો થવા પર ફળ આપવા માંડે તેને ઉદય કહે છે. ઉદય બે પ્રકારના છે:

(1) **પ્રદેશોદય** : જે કર્મનો ઉદય આત્મપ્રદેશે આવીને ખરી જાય છે પણ જીવને અનુભવમાં આવતો નથી તેને પ્રદેશોદય કહે છે. પ્રદેશોદયમાં વિપાકોદયની ભજના (હોય અથવા ન પણ હોય).

(2) **વિપાકોદય** : જે કર્મનું ફળ શુભ કે અશુભરૂપે જીવને અનુભવમાં આવે તે વિપાકોદય છે. વિપાકોદયમાં પ્રદેશોદયની નિયમા (હોય જ).

(6) **ઉદીરણા** : જે કર્મ હવે પછી ભવિષ્યમાં ઉદયમાં આવવાના છે, તેને તપ આદિ દ્વારા પ્રયત્ન વિશેષથી ખેંચીને ઉદયમાં લાવવા તેને ઉદીરણા કહે છે. જે કર્મો ઉદય આવલિકામાં ન આવ્યા હોય, તેની જ ઉદીરણા થઈ શકે છે.

(7) **સંક્રમણ** : એક કર્મની પ્રકૃતિનું બીજી સજાતીય કર્મ પ્રકૃતિમાં પલટાવું

તે સંક્રમણ છે. જેમ કે અશાતાનું શાતામાં સંક્રમણ થાય. પરંતુ જ્ઞાનાવરણીય કર્મનું દર્શનાવરણીય કર્મમાં સંક્રમણ ન થાય.

(8) **ઉપશમ** : કર્મના પુદ્ગલો ઉદયમાં ન આવી જાય કે તેની ઉદીરણા પણ ન થઈ જાય તેવી રીતે દબાવી રાખવા તે ઉપશમ છે. ઉપશમ માત્ર મોહનીય કર્મનો જ થાય છે.

(9) **નિદ્ધત્ત** : જે કર્મ મજબૂત, ગાઢ રીતે બંધાય તથા જેમાં ઉદ્વર્તન અને અપવર્તન સિવાય સંક્રમણ આદિ થઈ શકતાં નથી, તેને નિદ્ધત્ત કહે છે.

(10) **નિકાચિત** : જે કર્મ તીવ્ર રસથી, ગાઢ રીતે બંધાયાં હોય, જેમાં ઉદ્વર્તન, અપવર્તન કે સંક્રમણ વગેરે કોઈ ફેરફાર થઈ ન શકે. જેના ફળને અવશ્યમેવ ભોગવવા પડે, તેને નિકાચિત કર્મ કહે છે.

(11) **ક્ષયોપશમ** : જે કર્મ ઉદયમાં આવે તેને વિપાકોદયથી ભોગવી લેવા અને સત્તામાં પડેલા હોય તેનો ઉપશમ કરવો તે. ક્ષયોપશમ માત્ર ચાર ઘાતીકર્મનો જ થાય છે.

(12) **ક્ષય** : આત્મપ્રદેશથી કર્મ પુદ્ગલનું અલગ થવું તે. ક્ષય આઠે કર્મોનો થઈ શકે છે.

**|| ઈતિ શ્રી આઠ કર્મની પ્રકૃતિ ।।**

## આઠ કર્મનું કોષ્ટક

| ક્રમ | કર્મનું નામ | કોના સમાન | કયો ગુણ રોક્યો? | બાંધે | ભોગવે | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | જ્ઞાનાવર ણીય | આંખે પાટા સમાન | અનંત જ્ઞાન ગુણ | 6 | 5/10 | અંતર્મુ. | 30 ક્રો. ક્રો. સાગર |
| 2 | દર્શનાવર ણીય | રાજાનાદ્વારપાળ સમાન | અનંત દર્શન ગુણ | 6 | 9 | અંતર્મુ. | 30 ક્રો. ક્રો. સાગર |
| 3 | વેદનીય | મધે ખરડેલ ખડગ સમાન | અનંત અવ્યાબાધ આત્મિક સુખ | 22 | 16 | બે સમય | 30 ક્રો. ક્રો. સાગર |
| 4 | મોહનીય | મદિરાપાન સમાન | વીતરાગતા | 6 | 5/28 | અંતર્મુ. | 70 ક્રો.ક્રો. સાગર |
| 5 | આયુષ્ય | બેડી સમાન | અક્ષય સ્થિતિ | 16 | 4 | અંતર્મુ. | 33સાગરો પમ |
| 6 | નામ | ચિત્રકાર સમાન | અમૂર્ત | 8 | 28/93 | 8 મુહૂર્ત | 20 ક્રો. ક્રો. સાગર |
| 7 | ગોત્ર | કુંભારના ચાકડા | અગુરુલઘુ | 16 | 16 | 8 મુહૂર્ત | 20 ક્રો. ક્રો.સાગર |
| 8 | અંતરાય | રાજાના ભંડારી સમાન | અનંતવીર્ય | 5 | 5 | અંતર્મુ. | 30 ક્રો. ક્રો.સાગર |

# 2. છ આરાના ભાવ (કાળચક્ર)

**❖ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, વક્ષસ્કાર-2 ❖**

અનંતા અલોકની વચ્ચે જેમાં આપણે રહીએ છીએ તે લોક રહેલો છે. લોકના ત્રણ ભાગ છે : **નીચે અધોલોક, મધ્યે તિર્ચ્છાલોક/મધ્યલોક તથા ઊંચે ઊર્ધ્વલોક.** તિર્ચ્છાલોકમાં અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્રો છે. તેના મધ્ય ભાગમાં અઢીદ્વીપ છે. આ અઢીદ્વીપમાં સૂર્ય અને ચંદ્ર ચલ (ફરતાં) હોવાથી દિવસ-રાત થાય છે.

આ અઢીદ્વીપમાં **પંદર કર્મભૂમિ** આવેલી છે. તેમાં પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં એકસરખો કાળ હોય છે. પરંતુ પાંચ ભરત અને પાંચ ઈરવત ક્ષેત્રમાં સદા એકસરખો કાળ હોતો નથી. **ઊતરતા કાળને અવસર્પિણીકાળ** અને **ચડતાં કાળને ઉત્સર્પિણીકાળ કહેવાય છે.** આ બંને મળીને એક કાળચક્ર થાય છે. જેમ ગાડાના પૈડાંના વિભાગને આરા કહે છે, એમ કાળચક્રના વિભાગને આરા કહે છે. અવસર્પિણીના 6 અને ઉત્સર્પિણીના 6 એમ મળીને કુલ બાર આરાનું એક કાળચક્ર થાય છે. આવા કાળચક્ર એક પછી એક એમ અનંત થઈ ગયા અને ભવિષ્યમાં અનંત થશે. એ કાળ અને કાળચક્રની સમજણ આ છ આરાના થોકડામાં છે.

દસ ક્રોડાક્રોડી સાગરોપમના અવસર્પિણીકાળના છ આરા હોય છે તથા દસ ક્રોડાક્રોડી સાગરોપમના ઉત્સર્પિણીકાળના છ આરા છે. એમ કુલ 20 **ક્રોડાક્રોડી સાગરોપમનું એક કાળચક્ર થાય છે.** (કાળનું માપ તથા અવગાહનાની સમજણ માટે જુઓ શ્રેણી આઠ તત્ત્વ વિભાગ)

આપણે અહીં સૌ પ્રથમ **અવસર્પિણીકાળના છ આરાના ભાવ** જાણીશું. **અવસર્પિણીકાળ** એટલે જે કાળમાં જીવોના સંઘયણ, સંસ્થાન, આયુષ્ય, અવગાહના, ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાકાર અને પરાક્રમ ક્રમશઃ ઘટતાં જાય છે, તેમજ પુદ્ગલોના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ઘટતાં જાય, અશુભ ભાવો વધતાં જાય તેવો કાળ.

## ❖ પહેલો આરો ❖

પહેલો આરો **ચાર ક્રોડાક્રોડી સાગરોપમનો, સુષમ સુષમ** નામે એટલે અતિશય સુખમય જાણવો. એ આરો બેસતાં શરીરની **અવગાહના 3 ગાઉની,** ઊતરતા આરે બે ગાઉની. આયુષ્ય બેસતા આરે 3 પલ્યનું, ઊતરતા આરે બે પલ્યનું. આરો બેસતાં શરીરમાં **256 પાંસળીઓ** અને ઊતરતા આરે **128 પાંસળીઓ** હોય. વજ્રઋષભનારાચ સંઘયણ, અને **સમચતુરંસ્ત્ર** સંસ્થાન હોય. એ આરાના વિશે **અઠ્ઠમભક્તે** (ત્રણ દિવસે) આહારની ઈચ્છા થાય, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે. જમીનની **સરસાઈ (રસ) સાકર** સરખી જાણવી. ઊતરતે આરે જમીનની સરસાઈ **ખાંડ** સરખી જાણવી. એ આરાને વિષે દસ પ્રકારના કલ્પવૃક્ષ જુગલિયાની આવશ્યકતાઓને પૂરી કરવાવાળા હોય છે.

તે **દસ પ્રકારના કલ્પવૃક્ષ પાસે જે ફળ છે, તે જ જુગલિયા મેળવે છે. જે મનમાં ચિંતવે તે મેળવવા સમર્થ નથી.** દસ કલ્પવૃક્ષના નામના અર્થ :

(1) મધુર રસવાળા ફળનાં કલ્પવૃક્ષ
(2) રત્નજડાવ ભાજન (વાસણ), પાત્રનાં કલ્પવૃક્ષ
(3) 49 જાતિના વાજિંત્રનાં કલ્પવૃક્ષ
(4) રત્નજડાવ દીવાનાં કલ્પવૃક્ષ
(5) સૂર્યની સમાન જ્યોતિ દેવાવાળા કલ્પવૃક્ષ
(6) ચિત્રામણ સહિત ફૂલની માળાનાં કલ્પવૃક્ષ
(7) ચિત્તને ગમે તેવાં રસવંતા ભોજનનાં કલ્પવૃક્ષ
(8) રત્નજડાવ આભૂષણનાં કલ્પવૃક્ષ
(9) આવાસ (મકાન)નાં કલ્પવૃક્ષ
(10) રત્નજડાવ વસ્ત્રનાં કલ્પવૃક્ષ

એ દસ પ્રકારના કલ્પવૃક્ષ (વનસ્પતિકાયનાં) જુગલિયાને સુખ આપે.

એ આરાને વિષે જુગલિયાને આયુષ્યના છ મહિના બાકી રહે, તે વખતે જુગલિયા પરભવનું આયુષ્ય બાંધે. ત્યારે જુગલાણી એક જોડલું પ્રસવે. તે જોડલાની પ્રતિપાલના (સારસંભાળ) 49 દિવસ કરે. જુગલ-જુગલાણીને ક્ષણ માત્રનો વિયોગ ન પડે. એકને છીંક, એકને બગાસું કે ઓડકાર આવે

ત્યારે મરીને દેવગતિમાં જાય. (જુગલિયાના ક્ષેત્રમાં ભૂમિની સ્નિગ્ધતા-સરસતાને કારણે શરીર ગળી જાય છે.) ગતિ એક માત્ર દેવની કરે. એ આરાને વિષે વેર નહીં, ઝેર નહીં, ઈર્ષ્યા નહીં, જરા (ઘડપણ) નહીં, રોગ નહીં, કુરૂપ નહીં, પરિપૂર્ણ અંગ-ઉપાંગને વિશે સુખ ભોગવે. તે પૂર્વના દાન-પુણ્યના ફળ જાણવા.

## ❖ બીજો આરો ❖

પહેલો આરો ઊતરીને બીજો આરો બેસતાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંત-અનંત ઓછા થાય. બીજો આરો **ત્રણ ક્રોડાક્રોડી સાગરોપમનો,** એ આરો સુષમ નામે એટલે સુખમય જાણવો. એ આરો બેસતાં **શરીરની અવગાહના** 2 ગાઉની, ઊતરતા આરે 1 ગાઉની. **આયુષ્ય 2 પલ્યોપમનું,** ઊતરતા આરે 1 પલ્યોપમનું, વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરંસ્ત્ર સંસ્થાન હોય. **બેસતાં આરે શરીરમાં 128 પાંસળીઓ** અને ઊતરતા આરે 64 પાંસળીઓ હોય. એ આરાને વિશે **છઠ્ઠ ભક્તે (બે દિવસે) આહારની ઈચ્છા** થાય, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે. જમીનની **સરસાઈ ખાંડ** સરખી, ઊતરતે આરે ગોળ સરખી જાણવી. એ આરાને વિશે પહેલા આરામાં કહ્યાં તે પ્રમાણે દસ પ્રકારના કલ્પવૃક્ષ મનવાંછિત સુખ આપે.

જુગલિયાને આયુષ્યના છ મહિના બાકી રહે તે વખતે જુગલિયા પરભવનું આયુષ્ય બાંધે. ત્યારે જુગલાણી એક જોડલું પ્રસવે. તે જોડલાની પ્રતિપાલના 64 દિવસ કરે. જુગલ-જુગલાણીને ક્ષણ માત્રનો વિયોગ ન પડે. એકને છીંક, એકને બગાસું કે ઓડકાર આવે ત્યારે મરીને દેવગતિમાં જાય. ગતિ એક દેવની કરે. એ આરાને વિશે વેર નહીં, ઝેર નહીં, ઈર્ષ્યા નહીં, જરા નહીં, રોગ નહીં, કુરૂપ નહીં, પરિપૂર્ણ અંગ-ઉપાંગને વિશે સુખ ભોગવે. તે પૂર્વના દાન-પુણ્યના ફળ જાણવા.

## ❖ ત્રીજો આરો ❖

બીજો આરો ઊતરીને ત્રીજો આરો બેસે ત્યારે વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંત-અનંત હીણા થાય. ત્રીજો **આરો બે ક્રોડાક્રોડી સાગરોપમનો,** સુષમ દુઃષમ નામે એટલે સુખમયતા ઘણી અને વિષમતા થોડી. એ આરો બેસતાં **શરીરની અવગાહના 1 ગાઉની,** ઊતરતા આરે પાંચસો ધનુષ્યની. આરો

બેસતાં **1 પલ્યોપમનું આયુષ્ય,** ઊતરતા આરે 1 ક્રોડ પૂર્વવર્ષનું આયુષ્ય જાણવું. એ આરાને તે વિશે જુગલકાળ સુધી વજ્રઋષભનારાચ સંઘયણ, ને સમચતુરંસ્ર સંસ્થાન હોય. ઊતરતે આરે છ સંઘયણ અને છ સંસ્થાન હોય. શરીરમાં **64 પાંસળીઓ** હોય, ઊતરતા આરે 32 પાંસળીઓ હોય. એ આરાને વિશે **ચઉથભક્તે** (એક દિવસે) **આહારની ઈચ્છા થાય,** ત્યારે શરીર પ્રમાણે આહાર કરે. જમીનની **સરસાઈ ગોળ** સરખી જાણવી. ઊતરતે આરે જમીનની સરસાઈ સારી જાણવી. એ આરાને વિશે યુગલિકકાળ સુધી દસ પ્રકારના કલ્પવૃક્ષ મનવાંછિત સુખ આપે, તે ઉપર પહેલા આરામાં કહ્યાં છે તે પ્રમાણે જાણવા.

એ આરાને વિશે જુગલિયાને આયુષ્યના છ મહિના બાકી રહે તે વખતે જુગલિયા પરભવનું આયુષ્ય બાંધે. ત્યારે જુગલાણી એક જોડલું પ્રસવે. તે જોડલાની **પ્રતિપાલના 79 દિવસ** કરે. જુગલ-જુગલાણીને ક્ષણ માત્રનો વિયોગ ન પડે. એકને છીંક, એકને બગાસું કે ઓડકાર આવે ત્યારે મરીને દેવગતિમાં જાય. એ ત્રણ આરા જુગલિયાના જાણવા. એકલો જુગલ ધર્મ જાણવો. એ ત્રીજા આરામાં જુગલિયાકાળ સુધી ગતિ એક દેવની જાણવી. એ આરાને વિશે જુગલિયાકાળ સુધી વેર નહીં, ઝેર નહીં, ઈર્ષ્યા નહીં, જરા નહીં, રોગ નહીં, કુરૂપ નહીં, પરિપૂર્ણ અંગ-ઉપાંગને વિશે સુખ ભોગવે. તે પૂર્વના દાન-પુણ્યના ફળ જાણવા.

આ ત્રીજા આરાના એક પલ્યના આઠમાં ભાગ જેટલો કાળ બાકી રહ્યો, ત્યારે કલ્પવૃક્ષોની શક્તિ ઓછી થવા લાગી. તે કારણે યુગલિયાઓમાં દ્વેષ અને કષાય વધવા લાગ્યા અને અંદરોઅંદર ઝગડા થવા લાગ્યા. તેમના ઝગડાઓના નિવારણ માટે **'સુમતિ'**ની કુલકર (વ્યવસ્થાપક/માંડલિક રાજા) તરીકે વ્યવસ્થા કરવામાં આવી. ત્યારબાદ પંદર કુલકર થયા. તેમાં પ્રથમ પાંચ કુલકર સુધી 'હ'કાર દંડ અર્થાત્ 'હં' કહી દે પછી તે વ્યક્તિ ફરીથી અપરાધ ન કરતો. પછીના છઠ્ઠાથી દસમાં એમ પાંચ કુલકરો સુધી 'મ'કાર દંડ "આવું ન કરો" એમ કહેવાતું. 11 થી 15 કુલકર સુધી 'ધિક્કાર' દંડ અર્થાત્ "તમે આવું કાર્ય કર્યું ? તમને ધિક્કાર છે" એટલું કહેવાતું. 14માં કુલકર નાભિરાજા 15માં કુલકર ઋષભદેવ (અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર) થયા.ત્રીજા

આરાનો સમય જતાં શેષ 84 લાખ પૂર્વ, 3 વર્ષ અને 81/2 માસ બાકી રહ્યા ત્યારે પાંચમા અનુત્તર વિમાન સર્વાર્થસિદ્ધમાં 33 સાગરોપમનું આયુષ્ય ભોગવીને ત્યાંથી ચ્યવીને, નાભિકુલકર રાજાને ઘેર, મરુદેવી માતાની કુક્ષિમાં શ્રી ઋષભદેવ સ્વામી ઊપજ્યા.

સવા નવ માસે વૃક્ષ નીચે જન્મ થયો. માતાએ જોયેલ 14 સ્વપ્નમાં પ્રથમ ઋષભનું સ્વપ્ન જોયું માટે ઋષભદેવ નામ પાડયું. જન્મ થયો, ત્યારે જુગલકાળ ચાલુ હતો. 20 લાખ પૂર્વની ઉંમરે શક્રેન્દ્રએ વિનિતા નગરીની રચના કરી આપી અને ઋષભદેવને રાજા બનાવ્યા. તે ઋષભદેવ સ્વામીએ જુગલિયા ધર્મ દૂર કરીને 1 અસિ, 2 મસિ, 3 કૃષિ આદિ 72 કળા પુરુષને શીખવી. સ્ત્રીઓને 64 કળા શીખવી. અનુકંપા નિમિત્તે વીસ લાખ પૂર્વ વર્ષ સુધી કુંવરપણે રહ્યાં અને 63 લાખ પૂર્વ વર્ષે રાજ્ય પાળ્યું. પછી પોતાના પુત્ર ભરતને રાજ્ય સોંપી પોતે 4000 પુરુષ સાથે દીક્ષા લીધી. 1000 વર્ષ પછી કેવળજ્ઞાન પામ્યા. ઋષભદેવના પુત્ર ભરત રાજાને એક સાથે બે શુભ સંદેશા મળ્યા,1. પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને 2.ભરતના શસ્ત્રાગારમાં સુદર્શનચક્ર (ચક્રરત્ન) ઉત્પન્ન થયું. તે ચક્રરત્નના બળે ભરતરાજા આ અવસર્પિણીકાળના પ્રથમ ચક્રવર્તી થયા. તેમના પિતા શ્રી ઋષભદેવ આ અવસર્પિણીકાળના પ્રથમ રાજા, પ્રથમ કેવળી, પ્રથમ તીર્થંકર થયા.

ઋષભદેવે છદ્મસ્થપણું તથા કેવળપણું મળીને એક લાખ પૂર્વનો સંયમ પાળ્યો. તેઓ અષ્ટાપદ પર્વત ઉપર છ દિવસના ચૌવિહારા સંથારા સાથે, પદ્માસને બેસીને દસ હજાર સાધુ સહિત મોક્ષ પધાર્યા. તે તીર્થંકરના પાંચે કલ્યાણક*, ઉત્તરાષાઢા નક્ષત્રમાં જ થયા. તે

1.સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવીને મરુદેવી રાણીની કુક્ષિમાં ઊપજ્યા

2.જન્મ થયો

3. રાજ્યાભિષેક

4. દીક્ષા લીધી

5. કેવળજ્ઞાન પામ્યા અને અભિજિત નક્ષત્રમાં મોક્ષે પધાર્યા.

જુગલિયા ધર્મ નિવાર્યા પછી ગતિ પાંચ જાણવી.

## ❖ ચોથો આરો ❖

ત્રીજો આરો ઊતરીને ચોથો આરો બેસે ત્યારે વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંત-અનંત હીણા થાય. ચોથો આરો એક ક્રોડાક્રોડી સાગરોપમમાં 42,000 વર્ષ ઓછો. એ આરો દુઃષમ સુષમ નામે એટલે વિષમતા ઘણી અને સુખમયતા થોડી. એ આરો બેસતા અવગાહના પાંચસો ધનુષ્યની, ઊતરતા આરે સાત હાથની હોય. બેસતાં ક્રોડ પૂર્વનું આયુષ્ય, ઊતરતા આરે સો વર્ષ ઝાઝેરું આયુષ્ય હોય. બેસતાં આરે 32 પાંસળી અને ઊતરતા આરે 16 પાંસળી હોય. એ આરાને વિશે છ સંઘયણ, છ સંસ્થાન હોય. એ આરામાં દિન-દિન પ્રત્યે આહારની ઈચ્છા થાય, ત્યારે પુરુષ 32 કવલનો, સ્ત્રી 28 કવલનો અને નપુંસક 24 કવલનો[2] આહાર કરે.

એ આરાને વિશે ગતિ પાંચ જાણવી. જમીનની સરસાઈ સારી જાણવી. ઊતરતે આરે જમીનની સરસાઈ ઓછી જાણવી.આ ચોથા આરામાં બાકીના 23 તીર્થંકરો, 11 ચક્રવર્તી, 9 બળદેવ, 9 વાસુદેવ અને 9 પ્રતિવાસુદેવો ઉત્પન્ન થયા. આમ કુલ 24 તીર્થંકરો, 12 ચક્રવર્તી, 9 બળદેવ,9 વાસુદેવ અને 9 પ્રતિવાસુદેવ એમ 63 શ્લાઘનીય પુરુષો(શ્રેષ્ઠ પુરુષો)એક અવસર્પિણીકાળમાં જન્મ ધારણ કરે છે.

એ આરાને વિશે શેષ 75 વરસ અને સાડા આઠ મહિના બાકી રહ્યાં, ત્યારે દસમાં પ્રાણત દેવલોકે વીસ સાગરોપમનું આયુષ્ય ભોગવી, ચ્યવીને માહણકુંડ નગરીને વિશે ઋષભદત્ત બ્રાહ્મણના ઘેર, દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં શ્રી મહાવીર સ્વામીનો જીવ અષાઢ સુદ છઠ્ઠની મધ્યરાત્રિએ ઊપજ્યો. ત્યાં 82 રાત્રિ રહ્યા. 83મી રાત્રિએ શક્રેન્દ્રનું આસન ચલિત થયું, ત્યારે શક્રેન્દ્રે ઉપયોગ મૂકીને જોયું કે શ્રી મહાવીર સ્વામી ભિક્ષુકને કુળે ઊપજ્યા છે, એ અનંતકાળે આશ્ચર્ય થયું. ત્યારે શક્રેન્દ્રે હરિણૈગમૈષી દેવને બોલાવીને કહ્યું, ''તમે જાઓ, જઈને શ્રી મહાવીર સ્વામીનો ગર્ભ ક્ષત્રિયકુંડ નગરને વિશે, સિદ્ધાર્થ રાજાને ઘેર, ત્રિશલાદેવી રાણીની કુક્ષિએ મૂકો. ત્રિશલાદેવી રાણીની કુક્ષિએ પુત્રીપણે ગર્ભ છે, તે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં મૂકો.” ત્યારે તે હરિણૈગમૈષી દેવે ત્યાં “તથૈતિ” (કહો છો તેમ કરીશ)

એમ કહીને તે જ વખતે તે માહણકુંડ આવ્યા. ત્યાં ભગવંતને નમસ્કાર કરીને કહ્યું, “હે સ્વામી ! તમે સારું જાણશો, હું તમારો ગર્ભ સાહરણ કરું છું.'' તે વખતે દેવાનંદા બ્રાહ્મણીને અવસ્વાપિની નિદ્રા મૂકીને ગર્ભનું સાહરણ કર્યું, તે લઈ ક્ષત્રિયકુંડ નગરને વિશે, સિદ્ધાર્થ રાજાને ઘેર, ત્રિશલાદેવી રાણીની કુક્ષિમાં મૂક્યો અને ત્રિશલાદેવી રાણીની કુક્ષિમાં પુત્રીનો જે ગર્ભ હતો, તે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં મૂકી દીધો.

સર્વ થઈ સવા નવ માસે ભગવંત મહાવીરનો ચૈત્ર સુદ તેરસે જન્મ થયો. પછી દિવસે-દિવસે તેઓ વધવા લાગ્યા. અનુક્રમે યૌવનાવસ્થા પામ્યાં, ત્યારે યશોદા નામે સ્ત્રીને પરણ્યા. સાંસારિક સુખ ભોગવતાં એક પુત્રી થઈ, તેનું નામ પ્રિયદર્શના પાડ્યું. ભગવંતની 28 વર્ષની ઉંમરે સિદ્ધાર્થ રાજા અને ત્રિશલામાતા એક મહિનાનો સંથારો કરી આરાધક શ્રાવક બની બારમાં દેવલોકે ઉત્પન્ન થયા. પછી બે વર્ષ મોટાભાઈના કહેવાથી વૈરાગ્યભાવે સંસારમાં રહ્યાં. 30 વર્ષની ઉંમરે કારતક વદ દસમે એકાકીપણે સંયમ લીધો. સંયમ લઈને સાડાબાર વર્ષ ને 15 દિવસ સુધી સંયમ અને તપની ઘોર સાધના કરી. તે ભગવંત વૈશાખ સુદ દશમે, ચોથી પોરસીએ, (જૃંભિક ગામની બહાર), ઋજુવાલિકા નદીને ઉત્તર દિશાને કિનારે, સામાનિક ગાથાપતિના ખેતરમાં, ગુપ્ત યક્ષના ચૈત્યના ઈશાન ખૂણે, શાલ વૃક્ષ નીચે, ઉકડુ અર્થાત્ ગોદૂહાસને તડકાની આતાપના લેતા હતા. ચઉવિહારો છઠ્ઠ તપ કરીને, શ્રી મહાવીર સ્વામીએ શુક્લધ્યાન ધ્યાવીને (1)મોહનીય (2)જ્ઞાનાવરણીય (3) દર્શનાવરણીય (4)અંતરાય એક ચાર ઘનઘાતી કર્મને ક્ષય કરી કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કર્યું. ઓગણત્રીસ વર્ષ અને સાડા પાંચ મહિના સુધી કેવળી પણે વિચર્યા. સર્વ થઈને 72 વર્ષનું આયુષ્ય ભોગવ્યું. ચોથા આરા ના શેષ ત્રણ વર્ષને 81/2 મહિના બાકી રહ્યા ત્યારે આસો વદ અમાસને દિને (આગમિક ભાષામાં કાર્તિક વદ અમાસ) પાવાપુરી નગરીને વિશે, ભગવાન એકલા નિર્વાણ (મોક્ષ) પધાર્યા. તે ભગવંતના 5 કલ્યાણક ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં થયા.તે

(1) દસમાં પ્રાણત દેવલોકથી આવીને દેવાનંદાની કુક્ષિએ ઉત્પન્ન થયા

(2) ગર્ભનું સાહરણ થયું

(3) જન્મ થયો
(4) દીક્ષા લીધી
(5) કેવળજ્ઞાન પામ્યાં અને સ્વાતિ નક્ષત્રમાં ભગવંત મોક્ષ પામ્યાં.

શ્રી મહાવીર પ્રભુ નિર્વાણ પધાર્યા, ત્યારે શ્રી ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન ઊપજ્યું. શ્રી ગૌતમ સ્વામી 12 વર્ષ કેવળી રહી મોક્ષ પધાર્યા, ત્યારે શ્રી સુધર્મા સ્વામીને કેવળજ્ઞાન ઊપજ્યું. તે સુધર્મા સ્વામી આઠ વર્ષ કેવળી રહી મોક્ષ પધાર્યા, ત્યારબાદ શ્રી જંબૂ સ્વામીને કેવળજ્ઞાન ઊપજ્યું. તે જંબૂ સ્વામી 44 વર્ષ કેવળી રહી મોક્ષ પધાર્યા. સર્વ થઈને શ્રી મહાવીર દેવ મોક્ષ પધાર્યા પછી 64 વર્ષ સુધી કેવળજ્ઞાન રહ્યું, પછી વિચ્છેદ (નષ્ટ) ગયું.

ચોથા આરાને વિશે જન્મેલ હોય, તે પાંચમાં આરામાં મોક્ષે જઈ શકે પરંતુ પાંચમાં આરાનો જન્મેલ હોય તે પાંચમાં આરામાં મોક્ષે જાય નહીં. જંબૂ સ્વામીજી મોક્ષ પધાર્યા પછી દસ બોલ વિચ્છેદ (નાશ) ગયા. (1) કેવળજ્ઞાન, (2) મન:પર્યવજ્ઞાન, (3) પરમ અવધિજ્ઞાન, (4) યથાખ્યાત ચારિત્ર, (5) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, (6) પરિહાર વિશુદ્ધ ચારિત્ર, (7) પુલાક લબ્ધિ, (8) ક્ષપક શ્રેણી, ઉપશમ શ્રેણી, (9) આહારક શરીર, (10) જિનકલ્પી પણું.

## ❖ પાંચમો આરો ❖

ચોથો આરો ઊતરીને પાંચમો આરો બેસે ત્યારે વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંત-અનંત હીણા થાય. **પાંચમો આરો 21,000 વર્ષનો.** એ આરો **દુ:ષમ નામે** એટલે એકલી વિષમતા (દુ:ખ) જાણવી. એ આરાને વિશે સાત **હાથની અવગાહના** અને ઊતરતા આરે બે હાથની અવગાહના હોય. બેસતાં **આરે સો વર્ષ ઝાઝેરું આયુષ્ય** અને ઊતરતા આરે વીસ વર્ષનું આયુષ્ય હોય.

બેસતાં આરે **શરીરમાં 16 પાંસળી,** ઊતરતા આરે 8 પાંસળી હોય. એ આરાને વિશે છ સંઘયણ, છ સંસ્થાન જાણવા. ઊતરતે આરે છેવટું (સેવાર્ત્ત) સંઘયણ અને હૂંડ સંસ્થાન જાણવું. એ આરાના વિશે દિન-દિન પ્રત્યે આહારની ઈચ્છા થાય, ત્યારે પોતાના શરીર પ્રમાણે આહાર કરે. જમીનની સરસાઈ થોડી એટલે કાંઈક સારી જાણવી, ઊતરતે આરે કુંભારના નીંભાડાની છાર (રાખ) સરખી જાણવી. **ગતિ ચાર જાણવી.** મોક્ષગતિ બંધ.

**પાંચમાં આરાના લક્ષણના 32 બોલ** નીચે પ્રમાણે :

(1) મોટાં નગર તે ગામડાં સરખાં થશે
(2) ગામડાં તે સ્મશાન સરખાં થશે
(3) ઊંચા કુળનાં સંતાનો તે દાસ, દાસી સરખા એટલે કે નીચા કુળના થશે
(4) પ્રધાનો લાલચુ થશે
(5) રાજાઓ યમદંડ સરખા થશે
(6) સારા કુળની સ્ત્રી તે લજ્જારહિત થશે
(7) સારા કુળની સ્ત્રી તે વેશ્યા સરખી થશે.
(8) પુત્રો પોતાના છંદે, મરજી મુજબ, સ્વતંત્ર ચાલશે
(9) શિષ્ય ગુરુના અવર્ણવાદ બોલશે
(10)દુર્જન લોક સુખી થશે
(11) સજ્જન લોકો દુ:ખી થશે
(12) દુર્ભિક્ષ (વરસાદ પડે, થોડો પાક પણ ઊગે પરંતુ તે ક્ષેત્રમાં અનાર્યતા આદિને કારણે ભિક્ષા મળવી દુર્લભ હોય) દુકાળ (વરસાદ ના પડે, પાક ના ઊગે તેવો કાળ) ઘણા પડશે
(13) ઉંદર, સર્પાદિની દાઢ ઘણી થશે. (અર્થાત્ વાતાવરણમાં ઝેરી તત્ત્વો, વિષમ તત્ત્વો વધુ હોવાથી તેમના ઝેરની તીવ્રતા વધશે.)
(14) બ્રાહ્મણો અર્થના (ધનના) લોભી થશે
(15) હિંસાએ ધર્મ પ્રવર્તાવનાર ઘણા થશે
(16) એક ધર્મના ઘણા ભેદ થશે
(17) મિથ્યાત્વી દેવ ઘણા થશે
(18) મિથ્યાત્વી લોકો ઘણા થશે
(19) માણસને દેવદર્શન દુર્લભ થશે
(20) વૈતાઢ્ય પર્વતની શ્રેણીમાં રહેતા વિદ્યાધરના વિદ્યાપ્રભાવ થોડાં રહેશે
(21) ગોરસ(દૂધ, દહીં, ઘી)માં પૌષ્ટિકતા/સારાપણું થોડું રહેશે

---

[1]**કલ્યાણક:** જેનાથી અધોલોક, તિર્ચ્છાલોક અને ઊર્ધ્વલોકના જીવોનું કલ્યાણ થાય, તેને કલ્યાણક કહે છે. તીર્થંકરોના ગર્ભ, જન્મ, દીક્ષા, કેવળ અને મોક્ષગમન વખતે એમ પાંચ કલ્યાણક થાય છે.

[2]**કવલ :** સહેલાઈથી એક કોળિયાને મોઢામાં મૂકીને ચાવી શકાય તેટલા આહારને એક કવલ કહે છે. અથવા પુરુષના પૂર્ણ આહારના બત્રીસમાં ભાગને કવલ કહે છે.

(22) બળદ પ્રમુખના બળ, આયુષ્ય થોડાં રહેશે
(23) સાધુ-સાધ્વીજીને માસ કલ્પ તથા ચોમાસું કરવા જેવા ક્ષેત્ર થોડાં રહેશે
(24)શ્રાવકની અગિયારમી પ્રતિમા તથા સાધુની બાર પ્રતિમા વિચ્છેદ જશે
(25) ગુરુ શિષ્યને ભણાવશે નહીં
(26) શિષ્ય અવિનીત, ક્લેશી થશે
(27) અધર્મી, ક્લેશી, ઝગડાખોર, કુમાણસ ઘણા થશે, અને સુમાણસ થોડા થશે
(28) આચાર્ય પોતપોતાના ગચ્છની પરંપરા, સમાચારી જુદી-જુદી પ્રવર્તાવશે તથા મૂઢ, મૂર્ખ માણસને મોહ, મિથ્યાત્વના પાશમાં નાંખશે, ઉત્સૂત્ર ભાખશે. નિંદનીક, કુબુદ્ધિક ઘણા થશે, પોતપોતાની પરંપરામાં રાચશે
(29) સરલ, ભદ્રિક, ન્યાયી, પ્રામાણિક પુરુષ થોડા રહેશે
(30) મ્લેચ્છ(અનાર્ય)ના રાજ્ય ઘણાં થશે
(31) હિંદુના રાજ્ય અલ્પઋદ્ધિવાળાં અને થોડાં રહેશે
(32)મોટા કુળના રાજા તે નીચ કામ કરશે. અન્યાય, અધર્મ તથા કુવ્યસનમાં ઘણા રાચશે.

એ આરાને વિશે ધન સર્વ વિચ્છેદ જશે. લોઢાની ધાતુ રહેશે. ચામડાની મહોરો હશે, તે ધનવંત કહેવાશે. એ આરાને વિશે એક ઉપવાસ, તે માસક્ષમણ સરખો લાગશે.
એ આરાને છેડે જ્ઞાન સર્વે વિચ્છેદ જશે. ફક્ત 'શ્રી દશવૈકાલિક સૂત્ર'ના પહેલા ચાર અધ્યયન રહેશે. તેના આધારે ચાર જીવ સંથારો કરીને એકાવતારી થશે. તે ચાર જીવના નામ, (1) દુપસહ નામે આચાર્ય (2) ફાલ્ગુની નામે સાધ્વી
(3) જિનદાસ નામે શ્રાવક (4) નાગશ્રી નામે શ્રાવિકા.
અષાડ સુદ પૂનમ (15) ને દિવસે શક્રેન્દ્રનું આસન ચલાયમાન થશે, ત્યારે શક્રેન્દ્ર ઉપયોગ મૂકીને જોશે કે આજે પાંચમો આરો ઊતરીને કાલે છઠ્ઠો આરો બેસશે. તેઓ આવીને 4 જીવને કહેશે કે કાલે છઠ્ઠો આરો બેસશે, માટે આલોવી, પડિક્કમિ, નિંદી, નિઃશલ્ય થાઓ. તેથી તે ચાર જીવો તે પ્રમાણે કરી સર્વને ખમાવી, નિઃશલ્ય થઈ સંથારો કરશે, તે વખતે સંવર્તક, મહાસંવર્તક નામે વાયરો થશે.

તે કાળમાં દિશાઓ નિરંતર ધૂળવાળી રહેશે. રજકણ અને ધૂળથી ભરેલી દિશાને કારણે આગળ કાંઈ દેખાશે નહીં. અંધકારને કારણે પ્રકાશશૂન્ય થઈ જશે. કાળની રૂક્ષતાને કારણે ચંદ્રથી અસહ્ય ઠંડી પડશે અને સૂર્ય અત્યંત તપશે. ત્યાર પછી 10 પ્રકારનો મેઘ વરસશે.

(1) **અરસ મેઘ :** રસ વગરનો મેઘ

(2) **વિરસ મેઘ :** વિપરીત રસવાળો મેઘ

(3) **ક્ષાર મેઘ :** ક્ષાર સમાન પાણીવાળો મેઘ

(4) **ખાટો મેઘ**

(5) **અગ્નિ મેઘ:** આગ વરસાવતો મેઘ

(6) **વિદ્યુત મેઘ**

(7) **વિષ મેઘ :** ઝેરી પાણીનો મેઘ

(8) **વ્યાધિ મેઘ :** વિવિધ પ્રકારના રોગોથી વેદના ઉત્પન્ન કરાવતો મેઘ

(9) **જલ મેઘ :** દૂષિત જલયુક્ત મેઘ

(10) **અપ્રિય મેઘ :** સતત જોરદાર, અનરાધાર ધારે વરસતો મેઘ વરસશે.

તેણે કરી પહાડ, પર્વત, ગઢ, બેટ, કૂવા, વાવ, સર્વ સ્થાનક વિસરાલ (નાશ) થશે. માત્ર (1) વૈતાઢ્ય પર્વત (2) ગંગા નદી (3) સિંધુ નદી (4) ઋષભ કૂટ (ઋષભકૂટ નામે પર્વત છે. એ કૂટ એટલે શિખરના આકારનો હોવાથી ઋષભકૂટ કહેલ છે.) (5) લવણની ખાડી, એ પાંચ સ્થાનક રહેશે. બીજાં સર્વ સ્થાનક તૂટી પડશે. તે ચાર જીવ સમાધિ પરિણામે કાળ કરીને પહેલા દેવલોકે જશે ત્યારે ચાર બોલ વિચ્છેદ જશે (1) પહેલે પ્રહરે જૈન ધર્મ વિચ્છેદ જશે, (2) બીજે પ્રહરે મિથ્યાત્વીનો ધર્મ વિચ્છેદ જશે (3) ત્રીજે પ્રહરે રાજનીતિ વિચ્છેદ જશે (4) ચોથે પ્રહરે બાદર અગ્નિ વિચ્છેદ જશે.

## ❖ છઠ્ઠો આરો ❖

પાંચમો આરો ઊતરીને છઠ્ઠો આરો બેસશે ત્યારે વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંત-અનંત હીણા થાય. એ **આરો 21,000 વર્ષનો** જાણવો. એ આરો **દુ:ષમ દુ:ષમ** નામે જાણવો. એટલે એ આરો ઘણો ભયંકર – ઘણો ત્રાસદાયક જાણવો. **બેસતાં આરે બે હાથની અવગાહના, ઊતરતે આરે** એક હાથની અવગાહના હોય. **બેસતાં આરે 20 વર્ષનું** આયુષ્ય, ઊતરતા આરે 16 વર્ષનું આયુષ્ય, **એ આરામાં આઠ પાંસળી,** ઊતરતે આરે ચાર પાંસળી, **છેવટું**

**સંઘયણ અને હૂંડ સંસ્થાન,** ઊતરતે આરે પણ એમ જ જાણવું. ધરતીની **સરસાઈ રાખ સરખી** જાણવી. છ વર્ષની સ્ત્રી ગર્ભ ધારણ કરશે. તે કાળાં, કુદર્શની, રોગી, રિસાળ, નખ અને કેશ ઘણાં એવાં છોકરાં પ્રસવશે. તે કૂતરીની પેઠે પરિવાર સાથે ફેરવશે. એ આરાને વિશે ગંગા અને સિંધુ નદીમાં વૈતાઢ્ય પર્વતના મૂળમાં 72 બિલ (ગુફા) રહશે. તેમાં મનુષ્ય, તિર્યંચ, પક્ષી બીજ માત્ર (જાતિના અંશરૂપે થોડાંક) હશે. તે નદીનો પટ 621/2 યોજનનો છે, તેમાં રથના ચીલા (બે પૈડાં વચ્ચેના અંતર જેટલું) પ્રમાણે પહોળું અને ગાડાની ધરી ડૂબે એટલું જ ઊંડું પાણી રહેશે. તેમાં મચ્છ, કચ્છ ઘણાં થશે. તે 72 બિલના મનુષ્યો સાંજે અને સવારે મચ્છ કચ્છ કાઢીને રેતીમાં શેકશે. સૂર્ય ઘણો તપશે, ટાઢ ઘણી પડશે, તેથી સીઝવાઈ રહેશે અને તેનો મનુષ્ય આહાર કરશે. તેનાં હાડકાં, ચામડાં તિર્યંચ ચાટીને રહેશે. મનુષ્યના માથાની ખોપરીમાં પાણી લાવીને પીશે. ગતિ પ્રાયઃ નરક અને તિર્યંચ હશે. એ રીતે એકવીસ હજાર વર્ષ પૂરાં કરશે. જે માણસ દાન, પુણ્ય રહિત તેમજ નમસ્કાર મંત્ર રહિત, પ્રત્યાખ્યાન રહિત, સમકિત વિનાનો હશે, તે આવા છઠ્ઠા આરાને વિશે આવીને ઊપજશે. એવું જાણી જે કોઈ મનુષ્ય જૈન ધર્મ પાળશે અથવા જૈન ધર્મની શ્રદ્ધા રાખશે તે જીવ આ ભવસાગરમાંથી તરીને સુખ પામશે.

**અવસર્પિણીકાળના છ આરાનું વર્ણન સમાપ્ત**

## ઉત્સર્પિણીકાળના છ આરાનું વર્ણન

**ઉત્સર્પિણીકાળ** એટલે જે કાળમાં જીવોના સંઘયણ, સંસ્થાન, આયુષ્ય, અવગાહના, ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાકાર અને પરાક્રમ ક્રમશઃ વધતાં જાય છે તેમજ પુદ્ગલોનો વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પણ વધતા જાય અને શુભ ભાવો વધતા જાય છે તેવો કાળ.

### ❖ પ્રથમ આરો ❖

ઉત્સર્પિણીકાળનો પ્રથમ આરો અવસર્પિણીકાળના છઠ્ઠા આરા જેવો હોય છે. એ આરો 21,000 વર્ષનો જાણવો. એ આરો દુઃષમ દુઃષમ નામે જાણવો.

એ આરો ઘણો ભયંકર – ઘણો ત્રાસદાયક જાણવો. અન્ય સર્વ ભાવો ઉપર કહેલ છઠ્ઠા આરા જેવા જાણવા.

### ❖ બીજો આરો ❖

ઉત્સર્પિણીકાળનો બીજો આરો અવસર્પિણીકાળના પાંચમા આરા જેવો હોય છે. એ આરો 21,000 વર્ષનો જાણવો. એ આરો દુઃષમ નામે જાણવો. અવસર્પિણીકાળના છઠ્ઠા આરાના 21 હજાર વર્ષમાં અને અને ઉત્સર્પિણીકાળના 1લા આરાના 21,000 વર્ષમાં જે રૂક્ષતા આદિ અશુભતાઓ આવેલી તેને દૂર કરવા માટે બીજા આરાના પ્રારંભમાં સાત-સાત દિવસના પાંચ વરસાદ એમ સળંગ પાંત્રીસ દિવસ સુધી વરસાદ વરસશે.

પ્રથમ સાત દિવસ સુધી **પુષ્કરાવર્ત મેઘ** વરસશે તેના કારણે ધરતીની ઉષ્ણતા દૂર થશે, ધરતી ઠંડી પડશે. બીજા સાત દિવસ સુધી **ક્ષીર મેઘ** અર્થાત્ દૂધ જેવું પાણી વરસશે, તેથી ધરતીની રૂક્ષતા દૂર થશે. શુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ઉત્પન્ન થશે. ત્રીજા સાત દિવસ સુધી **ધૃતમેઘ** અર્થાત્ ઘી જેવું પાણી વરસશે, તેથી ધરતી સ્નિગ્ધ બનશે. તેમાં ચીકાશ ઉત્પન્ન થશે. ચોથા સાત દિવસ સુધી **અમૃતમેઘ** અર્થાત્ એક પ્રકારનું સફેદ પાણી વરસશે. જેથી સ્નિગ્ધ પૃથ્વીમાં બીજારોપણ થઈ જાય છે અને તેનાથી વનસ્પતિના અંકુરો ફૂટશે. પાંચમા અને અંતિમ સાત દિવસમાં **રસમેઘ** અર્થાત્ વનસ્પતિમાં રસ ઉત્પન્ન કરે તેવું પાણી વરસશે, જેથી અંકુરિત વનસ્પતિને પત્ર, પુષ્પ, ફળ આદિથી એ પલ્લવિત કરશે. આમ વિવિધ પાંચ વર્ષાથી ધરતીમાં વિવિધ પાંચ ગુણો ઉત્પન્ન થાય છે અને ધરતી સારી બને છે. તેથી બિલમાં રહેલા માનવો બહાર નીકળશે. પુષ્પ અને ફળ આદિથી શોભિત વનસ્પતિ જોઈ માંસાહાર ન કરવાનો નિયમ કરશે.

આ આરામાં કોઈપણ પ્રકારનો ધર્મ નહીં હોય. સાધુ-સાધ્વીજી પણ નહીં હોય. અસિ, મસિ આદિ વિદ્યાઓ પોતાની મેળે જરૂરિયાત પ્રમાણે લોકો શીખી જશે. ચારે ગતિમાં જીવ જઈ શકશે. અન્ય વિગતો અવસર્પિણીકાળના પાંચમા આરા જેવી જ જાણવી.

### ❖ ત્રીજો આરો ❖

ઉત્સર્પિણીકાળનો ત્રીજો આરો અવસર્પિણીકાળના ચોથા આરા જેવો હોય છે. એ આરો 1 ક્રોડાક્રોડી સાગરોપમમાં 42,000 વર્ષ ઓછો જાણવો. એ આરો દુ:ષમ સુષમ નામે જાણવો. આ આરામાં 3 વર્ષને 8 (સાડાઆઠ) મહિના વીત્યા બાદ પ્રથમ નરકેથી નીકળીને શ્રેણિક મહારાજાનો જીવ પહેલા તીર્થંકર મહાપદ્મ સ્વામી રૂપે જન્મ લેશે. તે પ્રથમ તીર્થંકરનું આયુષ્ય 72 વર્ષનું (ભગવાન મહાવીર જેટલું) હશે. ત્યારબાદ 22 તીર્થંકરો, 11 ચક્રવર્તી, 9 બળદેવ, 9 વાસુદેવ અને 9 પ્રતિવાસુદેવ આ ત્રીજા આરામાં થશે.

### ❖ ચોથો આરો ❖

ઉત્સર્પિણીકાળનો ચોથો આરો અવસર્પિણીકાળના ત્રીજા આરા જેવો હોય છે. એ આરો 2 ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. આ આરાના 3 વર્ષને 8 (સાડાઆઠ) મહિના વીત્યા બાદ 24માં તીર્થંકરનો જન્મ થશે. તે તીર્થંકરનું આયુષ્ય 84 લાખ પૂર્વ વર્ષનું (ભગવાન ઋષભદેવ જેટલું) હશે. 24માં તીર્થંકર શિલ્પકળા આદિ શિક્ષા આપશે નહીં, કારણ કે તે શિક્ષા આગળથી ચાલી આવતી હશે. તે જ કાળમાં 12માં ચક્રવર્તી પણ થશે. ચોવીસમાં તીર્થંકરના મોક્ષ ગયા પછી બાદર અગ્નિ, રાજધર્મ અને ચારિત્રધર્મ વિચ્છેદ જશે. આ આરાનો એક ક્રોડ પૂર્વ વર્ષ જેટલો સંધિકાળ પસાર થયા પછી પૂર્ણ અકર્મભૂમિ જેવો વ્યવહાર (જુગલિયા કાળ) થઈ જશે.

### ❖ પાંચમો અને છઠ્ઠો આરો ❖

ઉત્સર્પિણીકાળનો પાંચમો અને છઠ્ઠો આરો અવસર્પિણીકાળના બીજા અને પ્રથમ આરા જેવો હોય છે. સર્વ વર્ણન જુગલિયાભૂમિ જેવું જાણવું.

આ કાળચક્ર માત્ર પાંચ ભરત અને પાંચ ઈરવત એમ મનુષ્યના દસ ક્ષેત્રમાં જ હોય છે. અકર્મભૂમિના **દેવકુરુ, ઉત્તરકુરુ** એ બે ક્ષેત્રમાં અવસર્પિણીકાળના બેસતાં પહેલાં આરા જેવા ભાવો સદાકાળ વર્તે છે. **હરિવાસ, રમ્યક્વાસ**માં બેસતાં બીજા આરા જેવા ભાવો સદાકાળ વર્તે છે. **હેમવય, હિરણ્યવય**માં બેસતાં ત્રીજા આરાના જેવા ભાવો **સદાકાળ** વર્તે છે. **56 અંતરદ્વીપ**માં ઊતરતા ત્રીજા આરા જેવા (જુગલકાળ જેવા, કર્મભૂમિ જેવા નહીં) ભાવો સદાકાળ વર્તે છે. **મહાવિદેહક્ષેત્ર**માં ચોથા આરા જેવા ભાવો **સદાકાળ** વર્તે છે, એટલે કે તે સર્વ ક્ષેત્રોમાં છ આરા કે કાળચક્ર હોતા નથી.

**અવસર્પિણીકાળમાં ધર્મકાળ** 1 ક્રોડાક્રોડ સાગરમાં 21 હજાર વર્ષ ઉણા + 1 લાખ પૂર્વ 3 વર્ષ ને 8|| મહિના. **ઉત્સર્પિણીકાળમાં ધર્મકાળ** 1 ક્રોડાક્રોડ સાગરમાં 42 હજાર વર્ષ ઉણા + 84 લાખ પૂર્વ 3 વર્ષ ને 8|| મહિના. આમ, એક કાળચક્રમાં ધર્મકાળ માત્ર 2 ક્રોડાક્રોડ સાગર + 85 લાખ પૂર્વમાં 62,992 વર્ષને સાત મહિના ઊણા જ હોય છે. (21000 + 42000 -7 વર્ષ ને પાંચ મહિના).

**॥ ઈતિ ઉત્સર્પિણીકાળના છ આરાનું વર્ણન**

**॥ ઈતિ છ આરાના ભાવ સમાપ્ત**

# અવસર્પિણીકાળના છ આરાનું કોષ્ટક

| ક્રમ | વિગત | પ્રથમ આરો | બીજો આરો | ત્રીજો આરો | ચોથો આરો | પાંચમો આરો | છઠ્ઠો આરો |
|---|---|---|---|---|---|---|---|
| 01 | આરાનું નામ | સુષમ સુષમ | સુષમ | સુષમ દુષમ | દુષમ સુષમ | દુષમ | દુષમ દુષમ |
| 02 | કાળમાન | 4કો.ક્રો.સાગર | 3કો.ક્રો.સાગર | 2 કો.ક્રો. સાગર | 1 કો.ક્રો. સાગરમાં 42,000 વર્ષ ઓછું | 21,000 વર્ષ | 21,000 વર્ષ |
| 03 | બેસતાંદેહમાન | 3 ગાઉનું | 2 ગાઉનું | 1 ગાઉનું | 500 ધનુષ્યનું | 7 હાથનું | 2 હાથનું |
| 04 | ઊતરતાં દેહમાન | 2 ગાઉનું | 1 ગાઉનું | 500 ધનુષ્યનું | 7 હાથનું | 2 હાથનું | 1 હાથનું |
| 05 | બેસતાં આયુષ્ય | 3 પલ્યનું | 2 પલ્યનું | 1 પલ્યનું | 1ક્રોડ પૂર્વનું | 100વર્ષ ઝાઝેરું | 20 વર્ષનું |
| 06 | ઊતરતાં આયુષ્ય | 2 પલ્યનું | 1 પલ્યનું | 1ક્રોડ પૂર્વનું | 100વર્ષ ઝાઝેરું | 20 વર્ષનું | 16 વર્ષનું |
| 07 | બેસતાં પાંસળી | 256 | 128 | 64 | 32 | 16 | 8 |
| 08 | ઊતરતાં પાંસળી | 128 | 64 | 32 | 16 | 8 | 4 |
| 09 | સંઘયણ | વજ્રઋષભ-નારાચ | વજ્રઋષભ-નારાચ | વજ્રઋષભ-નારાચ/6 | 6 | 6 | સેવાર્ત |
| 10 | સંઠાણ | સમચતુરંસ્ત્ર | સમચતુરંસ્ત્ર | સમચતુરંસ્ત્ર /6 | 6 | 6 | હૂંડ |
| 11 | આહાર ઈચ્છા ? | 3 દિવસે | બે દિવસે | 1દિવસે | દરરોજ | દરરોજ | દરરોજ |
| 12 | આયુષ્ય બંધ ક્યારે | છ મહિના પહેલાં | છ મહિના પહેલાં | છ મહિના પહેલાં | ગમે ત્યારે | ગમે ત્યારે | ગમે ત્યારે |
| 13 | સંતાનની પ્રતિપાલના | 49 દિવસ | 64 દિવસ | 79 દિવસ | --- | --- | --- |
| 14 | ગતિ કઈ કઈ | દેવ | દેવ | દેવ/પાંચ | પાંચ | પાંચ/ચાર | બે |
| 15 | ધરતીની સરસાઈ ઊતરતે આરે | સાકર જેવી ખાંડ જેવી | ખાંડ જેવી ગોળ જેવી | ગોળ જેવી સારી | સારી ઓછી-સારી | ઓછી સારી નિંભાડાની રાખ સમાન | નિંભાડાની રાખ સમાન |

## અભ્યાસક્રમમાં નથી માત્ર સમજણ માટે (પરીક્ષામાં પૂછશે નહીં)

**યુગલિયા અને દસ કલ્પવૃક્ષનું વિવરણ : યુગલિયા વિશે વધારાની જાણકારી**

યુગલિયાના ક્ષેત્રમાં નીચે પ્રમાણે હોય છે : (1)તેમનું શરીર સુંદર આકારવાળું અને મજબૂત તથા કંઠ સુંદર હોય (2) શાંત પ્રકૃતિના, મંદ કષાયવાળા, સરળ, નમ્ર, વિનયી અને ભદ્રિક હોય (3) તેમના ક્ષેત્રમાં કલ્પવૃક્ષના ફળોનો આહાર હોય છે, જે ચક્રવર્તીના ભોજન કરતાં પણ વધુ મીઠાં હોય છે (4) સોના. ચાંદી, હીરા, માણેક, રત્નો વગેરે હોય છે (5) માતા-પિતા, ભાઈ, બહેન, મિત્ર, સંબંધી આદિ હોય છે (6) ગાય, ભેંસ, બળદ વગેરે પ્રાણીઓ (સ્થળચર અને ખેચર) પણ જુગલિયા હોય છે.

(7) જુગલિયા એક જગ્યાએથી બીજી જગ્યાએ પગપાળા જાય છે (8) સિંહ, વાઘ આદિ હિંસક પશુઓ પણ હોય છે (9) ઘઉં, બાજરી વગેરે ધાન્ય સ્વયંમેવ પાકે છે (10) તે ક્ષેત્રોમાં વરસાદ થાય છે.

**યુગલિયાના ક્ષેત્રમાં નીચે પ્રમાણે હોય નહીં :** (1) શરીર ઘરડું ન થાય, શરીરમાં મેલ, પરસેવો ન હોય (2) અસિ, મસિ અને કૃષિ આદિ વ્યાપાર (3) ગામ, નગર, ઘર, દુકાન (4) રાજા, પ્રજા, શેઠ, નોકર, પદવી, આદર સત્કાર, ઊંચ-નીચ વગેરે ભેદ (5) રાંધવું, ધોવું, નૃત્ય, મકાન બાંધવા વગેરે 72 માંથી કોઈ કળા (6) સોના, ચાંદી વગેરેનો ઉપયોગ (7) કુટુંબીજનો પર તીવ્ર રાગ કે આસક્તિ (8) વિધિથી લગ્ન, નૈવેદ્ય, પૂજા, કુળ દેવી વગેરે (9) કોઈ જાતના તહેવાર, ઉત્સવ, લૌકિક કે ધાર્મિક અભ્યાસ (10) પ્રાણીઓનો ઉપયોગ વાહન તરીકે કે દૂધ માટે (11)વાહન ન હોય (12) હિંસક પશુઓ મનુષ્યને કે પરસ્પર પ્રાણીઓને ત્રાસ દેતા નથી તેમ જ માંસાહાર કરતાં નથી (13) મચ્છર, જૂ, તીડ, માખી આદિ જંતુ કે ઉપદ્રવ (14) ઘઉં, બાજરી વગેરે ધાન્યનો ઉપયોગ, (15) બાદર અગ્નિ, ચૂલા, ભઠ્ઠી, સગડી આદિ યુગલિયાના ક્ષેત્રમાં ન હોય.

## 10 પ્રકારનાં કલ્પવૃક્ષ (પરીક્ષામાં પૂછાશે નહીં, માત્ર સમજણ માટે

દસ કલ્પવૃક્ષ તે સામાન્ય વૃક્ષ જેવાં છે, બાદર વનસ્પતિકાય છે, સચેત છે. આ કલ્પવૃક્ષો પાંચ ભરત, પાંચ ઈરવત ક્ષેત્રમાં અવસર્પિણીકાળના પ્રથમ ત્રણ આરામાં અને ઉત્સર્પિણીકાળાના અંતિમ ત્રણ આરામાં હોય છે. હેમવય, હિરણ્યવય, હરિવાસ, રમ્યક્ વાસ, દેવકુરુ અને ઉત્તરકુરુ તથા 56 અંતરદ્વીપોમાં સદાકાળ હોય છે. તેમના રસ વગેરેમાં આરા પ્રમાણે કે ક્ષેત્ર પ્રમાણે વધઘટ હોય છે. પરંતુ આપણે જે ફળો ભોગવીએ છીએ તેનાં કરતાં અનેકાનેક ગણા વધારે સ્વાદવાળા, શક્તિવાળા અને રસવાળા હોય છે.

(1)**મતંગા :** આ વૃક્ષના અંગ (અવયવ) મીઠાં અને મધુર રસવાળા હોય જેના સેવનથી શરીર પુષ્ટ થાય છે.

(2) **ભિંગા :** આ વૃક્ષના અંગ ફળ, ફૂલ, પાન વગેરે જુદાં-જુદાં ભાજન એટલે કે વાસણ જેવા આકારના હોય છે. રત્નજડિત હોય છે.

(3) **તુડીયંગા :** આ વૃક્ષના અંગ 49 જાતના સૂરો સંભળાવે છે. તેના પાન, ફળ વગેરે વાયુના સંયોગથી હલે-ચલે અને આપસમાં અથડાય તેથી તેમાંથી વિવિધ સૂરાવલી સંભળાય છે.

(4) **દિપશિખાંગ :** આ વૃક્ષના અંગ રત્નજડિત દીવાના હોય છે, તેથી તે દીવા કે ટમટમિયા જેવો પ્રકાશ આપે છે.

(5) **જ્યોતિ શિખાંગ :** આ વૃક્ષના અંગ અગ્નિ કે સૂર્યની જેમ અત્યંત પ્રકાશ આપનારા હોય છે. પરંતુ તે તાપ બપોરના તાપની જેમ આંખ બાળનાર ન હોય.

(6) **ચિતંગા :** આ વૃક્ષના અંગ ફૂલની માળા જેવા હોય છે તથા તેના પાન, ફૂલ વગેરેમાં જુદાં- જુદાં ચિત્રો હોય છે.

(7) **ચિત્તરસા :** આ વૃક્ષો મનને ગમે તેવા રસવંતા ભોજન આપનારાં હોય છે. તેના ફળ, ફૂલ, પાંદડાં સ્વાદિષ્ટ હોય છે અને તે આહારમાં વપરાય છે. આહાર રાંધવાનો હોતો નથી.

(8)**મણીયંગા :** આ વૃક્ષના અંગ આભરણ, ઘરેણાં દેનાર હોય છે. સોના, ચાંદી, મણિ રત્નના વિવિધ પ્રકારના આભૂષણો જેવાં હોય છે. આભૂષણની જેમ તેને પહેરવામાં આવે છે.

(9) **ગેહાગારા :** આ વૃક્ષ જુદાં-જુદાં આકારના ઘર કે મકાન જેવાં હોય છે. તે હવેલી, મહેલ કે બંગલા કરતાં પણ સુંદર આકૃતિવાળાં અને આકર્ષક હોય છે. અંદર સુંદર ચિત્રો વગેરે પણ હોય છે.

(10) **અનિગણા :** અનગ્ન નામના વૃક્ષ. આ વૃક્ષના અંગ વસ્ત્રો આપનાર છે. તેના ફળ, ફૂલ, પાન રંગબેરંગી, સુંવાળા, ડિઝાઈનવાળાં વસ્ત્રો જેવાં હોય છે. વજનમાં હળવાં અને સુગંધિત હોય છે.

## 3. પૂ. સાધુ-સાધ્વીજીને ગૌચરી વ્હોરાવવાની સમજણ

પંચમહાવ્રતધારી પૂ. સાધુ-સાધ્વીજીની આહાર પાણી લેવાની વિધિને 'ગોચરી' કહે છે. તીર્થંકરની આજ્ઞા પ્રમાણે ગોચરી વહોરાવતાં પહેલાં, ગોચરી દેતી વખતે કે ગોચરી દીધાં પછી કોઈપણ જીવની હિંસા ન થાય તેવી રીતે ગોચરી વહોરાવવી. નિર્દોષ આહાર પાણી વહોરાવવાની ભાવનાવાળાએ નીચેની બાબતોનું ધ્યાન રાખવું.

**પૂ. સાધુ-સાધ્વીજી પધારે તે પહેલાં આટલું ધ્યાન રાખવું :**

(1) પૂ. સાધુ-સંતોના નિયમિત દર્શન કરવા જવું અને પોતાના ઘરની માહિતી આપવી, તેમ જ અન્ય શ્રાવકના ઘર બતાવવાં અથવા ગોચરીના ઘર બતાવનારને પોતાના ઘરની માહિતી આપવી.

(2) ગોચરીના સમયે ઘરના દરવાજા ખુલ્લાં રાખવાં. પોતે સૂઝતાં રહેવું. તે સમય દરમિયાન છકાય જીવોની હિંસાના કાર્ય કરવા નહીં. આંગણું, ફળિયું કે રૂમ ધોવા નહીં.

(3) જમતાં પહેલાં પૂ. સંતોને વહોરાવવાની ભાવના ભાવવી.

(4) પૂ. સંતોને વહોરાવવાની વિધિની સમજણ રાખવી. પોતે સૂઝતાં હોય તો અચૂક વહોરાવવાનો લાભ લેવો. સચેત-અચેત વસ્તુઓને અલગ ખાનામાં રાખવી. સૂઝતી, નિર્દોષ વસ્તુ ક્યાં રાખી છે તેનો ખ્યાલ રાખવો.

(5)કાચાં પાણીના છાંટાં, લીલી વનસ્પતિ, શાકભાજીનો કચરો, ફળના બીજ કે ઠળિયા વગેરેનો ઘરમાં પથારો ન કરવો. રસ્તે ચાલતાં સચેત વસ્તુ નડે તેમ ન રાખવી.

(6) સંતોને જોઈને ગૅસ, પંખા, ટી.વી., ઈલેક્ટ્રિક સાધનો બંધ કરવા નહીં.

**પૂ. સાધુ-સાધ્વી ઘરે પધારે ત્યારે આટલું ધ્યાન રાખવું :**

**સચેત-અચેત:** જે પદાર્થમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવમાંથી કોઈપણ પ્રકારના જીવો હોય છે તે **સચેત** છે. જે પદાર્થમાં કોઈપણ જીવ નથી, જે અગ્નિ આદિ શસ્ત્ર વડે નિર્જીવ થઈ ગયા હોય અથવા સ્વભાવથી જ જીવ રહિત હોય તે **અચેત** છે. **તેવા અચેત પદાર્થો સાધુ-સંતોને વહોરાવવા યોગ્ય હોવાથી તેને સૂઝતાં પદાર્થ કહેવાય.** અચેત પદાર્થને સ્પર્શેલી વ્યક્તિ સૂઝતી કહેવાય છે.

સચેત પદાર્થને સ્પર્શેલી વ્યક્તિ **અસૂઝતી** કહેવાય છે. સચેત વસ્તુના સ્પર્શથી અસૂઝતું થાય છે. **સચેત પદાર્થો પૂ. સાધુ-સંતોને વહોરાવવા યોગ્ય ન હોવાથી તેને અસૂઝતાં પદાર્થ કહેવાય છે.**

(1) પૂ. સાધુ-સાધ્વીજી ઘરે પધારે ત્યારે "પધારો-પધારો" કહી વિનયપૂર્વક સાત-આઠ ડગલાં સામે જવું. ગોચરી વહોરીને પાછાં ફરે ત્યારે પણ સાત-આઠ ડગલાં સુધી વળાવવા જવું. જરૂર હોય તો ગોચરીના અન્ય ઘર બતાવવા જવું.

(2) પૂ. સાધુ-સાધ્વીજી પધારે ત્યારે અસૂઝતાં આહાર પાણી અને અસૂઝતાં વ્યક્તિને અડવું નહીં.

(3) અસૂઝતી વસ્તુઓ ગ્રહણ કરેલ વ્યક્તિએ વહોરવા માટે નિમંત્રણ કરવું નહીં તથા સૂઝતાં આહારપાણીને સ્પર્શ પણ ન કરવો. સૂઝતાં આહારપાણી વહોરાવનાર વ્યક્તિને તેણે અડવું નહીં તથા તેનાથી દૂર રહેવું.

(4) સમજણ ન પડતી હોય તેણે સંતોને પૂછીને વસ્તુ લેવી મૂકવી, પણ ઉતાવળ ન કરવી.

(5) ગોચરીના સમયે કદાચ રસોઈ તૈયાર ન હોય કે ઘરની વડીલ વ્યક્તિ હાજર ન હોય તો પણ સુપાત્રદાનનો લાભ ગુમાવવો નહીં. ઘી, ગોળ, સાકર આદિ કોઈ વસ્તુ વહોરાવી સુપાત્રદાનનો લાભ લેવો.

(6) પૂ. સાધુ-સાધ્વીને આધાકર્મી એટલે કે તેમનાં નિમિત્તે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિ અને ત્રસકાય એ છકાય જીવની હિંસા કરીને

આહારપાણી બનાવેલાં હોય તો વહોરાવવા નહીં. સાધુનાં નિમિત્તથી વધારે આહારપાણી બનાવવા નહીં, પરંતુ શ્રાવકે પોતાના માટે બનાવેલ આહારપાણીમાંથી વહોરાવવું.

(7) ક્રીતકૃત એટલે કે સાધુના નિમિત્તે વેચાતું લીધેલું હોય તે વહોરાવવું નહીં. શ્રાવકે પોતાના માટે કે પોતાના પરિવાર માટે ખરીદેલ કે લાવેલ વસ્તુ હોય તે જ વહોરાવવી.

(8) સાધુ આવ્યા છે કે આવવાના છે તેવું જાણી આહારપાણી વધારે કે વહેલાં તૈયાર કરીને વહોરાવવા નહીં.

(9) શ્રાવકે પોતે રાત્રિભોજનના ત્યાગી થવું અને પોતાને માટે સૂર્યાસ્ત પહેલાં રસોઈ બનાવવી.

(10) સર્ચેત વસ્તુ પર અચેત વસ્તુ મૂકી હોય તેવા સંઘટ્ટાવાળું હોય તો અથવા અચેત વસ્તુ પર સચેત વસ્તુ મૂકી હોય તેવા સંઘટ્ટાવાળું હોય તો અથવા સચિત અચિત ભેગું હોય અથવા પૂરો અચિત ન થયેલો પદાર્થ હોય તો વહોરાવવું નહીં.

(11) ભીનું આંગણું હોય ત્યાં ઊભા રહીને વહોરાવવું નહીં.

(12) ગાય, કૂતરા આદિ તિર્યંચ માટે રાખેલ હોય તે. દેવ, દેવી, નૈવેદ્ય, બલિ માટેની વસ્તુ હોય તો. ગરીબોને દાન માટે, પુણ્ય/શ્રાદ્ધ આદિ માટે, બાવા સાધુ માટે બનાવેલ કે રાખેલ હોય તે વહોરાવવું નહીં.

(13) વહોરાવતાં પહેલાં કે વહોરાવ્યા પછી સચેત પાણીથી હાથ ધોઈ વહોરાવવું નહીં. કપડાંથી હાથ લૂછી લેવા. જે ચમચી કે વાટકાની મદદથી વહોરાવ્યું હોય તેને ધોવામાં મૂકી ન દેતાં અન્ય ઉપયોગમાં લેવા. વહોરાવ્યા પછી આહાર ઓછો પડે તો નવો આહાર ન બનાવતાં ઘરમાં જે અન્ય નાસ્તો આદિ આહાર હોય તેનાથી પોતે ચલાવી લેવું.

(14) બાળક કે ગર્ભવતી માટે ખાસ બનાવેલ વસ્તુ હોય તો તે વાપરી લે તે પહેલાં સંતોને વહોરાવવી નહીં. વાપર્યા પછી બચેલો આહાર હોય તો જ વહોરાવવો.

(15) સાતમો મહિનો શરૂ થઈ ગયો હોય તેવી ગર્ભવતી મહિલાએ કષ્ટ થાય તેવી રીતે શરીરને હલાવી ચલાવીને વહોરાવવું નહીં. બાળકને ધવડાવતી માતા ધાવતાં બાળકને છોડી વહોરાવી શકે નહીં, તેમ જ અપંગ વ્યક્તિએ પરિશ્રમપૂર્વક વહોરાવવું નહીં.

(16) જે કષ્ટથી ઉતારવી પડે તેમ હોય તેવી માળિયા પર રાખેલી વસ્તુ વહોરાવવી નહીં.

(17)કબાટના ખાનામાં કાગળ ઉપર સચેત વસ્તુ પડી હોય અને તેની બાજુમાં સૂઝતી વસ્તુ પડી હોય તો તે વસ્તુ અસૂઝતી ગણાય. માટે અચેત વસ્તુઓને અલગ રાખવી.

(18)પૂ. સાધુ-સાધ્વીજી પધારે ત્યારે કાચું મીઠું, પાણી, અગ્નિ, વનસ્પતિ વગેરે સચેતને અડવાથી વ્યક્તિ અસૂઝતી થઈ જાય માટે તેવી વ્યક્તિએ વહોરાવવું નહીં. આમ, અતિથિ સંવિભાગ નામના શ્રાવકના બારમાં વ્રતની આરાધના પૂ. જૈન સાધુ-સાધ્વીજીને 14 પ્રકારના નિર્દોષ દાન દેવાથી થાય છે. આહારના દોષમાંથી વહોરાવનાર ગૃહસ્થ દ્વારા લાગતાં દોષ ન લાગે તેની કાળજી કરવી. નિર્દોષ આહારપાણી આદિ વહોરાવનારને સંયમીની અનુમોદનાનો તથા કર્મનિર્જરાનો લાભ થાય.

# કથા વિભાગ

## 1. ભગવાન ઋષભદેવ

### (તીર્થંકર ચરિત્ર તથા જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ)

ત્રીજા આરાના 84 લાખ પૂર્વ 3 વર્ષને 81/2 મહિના બાકી હતા ત્યારે **જેઠ વદ ચોથના** દિવસે **ઉત્તરાષાઢા નક્ષત્રમાં સર્વાર્થસિદ્ધ મહાવિમાન-માંથી 33 સાગરનું** આયુષ્ય પૂર્ણ કરીને **નાભિ કુલકરની** પત્ની **મરુદેવી** માતાના ગર્ભમાં **ભગવાન ઋષભદેવનો** જીવ ઉત્પન્ન થયો. તે ગર્ભમાં આવ્યા ત્યારે ત્રણે લોકમાં સુખ અને પ્રકાશ ફેલાયો. મરુદેવી માતાએ 14 સ્વપ્ન જોયાં. નાભિ કુલકરે પોતાની સહજ બુદ્ધિથી કહ્યું કે “તમને એવો પુત્ર થશે જે મહાન કુલકર થશે.” ખરેખર તો ગર્ભસ્થ જીવ ભવિષ્યમાં તીર્થંકર બનવાનો હતો. ભગવાનનાં ચ્યવન અને ગર્ભસ્થ થવાથી ઈન્દ્રોના આસનો ચલાયમાન થયાં. અવધિજ્ઞાનથી તેનું કારણ જાણી તે બધાં ઈન્દ્રો મરુદેવી માતા પાસે આવ્યાં અને 14 સ્વપ્નનો સાચો અર્થ સમજાવીને કહ્યું: “આપના ગર્ભમાં રહેલો જીવ 14 રાજલોકનો સ્વામી થશે. તીર્થંકર થશે.”

ગર્ભના પ્રભાવથી મરુદેવી માતાના શરીરની શોભા, કાંતિ અને લાવણ્ય વધવા લાગ્યાં. નાભિરાજાની ઋદ્ધિ, યશ, પ્રભાવ અને પ્રતિષ્ઠા વધવા લાગ્યા. ગર્ભનો સમય પૂરો થતાં **ફાગણ વદ આઠમને** દિવસે **ઉત્તરાષાઢા નક્ષત્રમાં** મરુદેવી માતાની કૂખે એક યુગલનો સુખપૂર્વક જન્મ થયો.

બાલપ્રભુ અને માતાની શુચિ (શુદ્ધિ) **56 દિશાકુમારી** દેવીઓએ કરી. દેવલોકના ઈન્દ્રોનું આસન ચલાયમાન થયું, તેથી તેઓએ અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ થયો જાણી **‘હરિણૈગમૈષી’** દેવ દ્વારા **‘સુઘોષા’** મહાઘંટ વગડાવી બધાં દેવ-દેવીઓને મધ્યરાત્રિએ જન્મ મહોત્સવમાં ભાગ લેવાની સૂચના મોકલી. મરુદેવી માતાને નિદ્રાધીન કરી દીધાં બાદ ભવનપતિના 20, વાણવ્યંતરના 32, જ્યોતિષીના 2 અને વૈમાનિકના 10 ઈન્દ્રો એમ **64 ઈન્દ્રોએ** પોતપોતાના દેવ-દેવી પરિવારો સાથે પ્રભુનો જન્મ મહોત્સવ મેરુ પર્વત પર

ઉજવ્યો. (ભરત, ઈરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં બધાં જ તીર્થંકરોનો જન્મ મહોત્સવ આ રીતે મધ્યરાત્રિએ ઉજવાય છે.)

સૌધર્મેન્દ્રએ ભગવાનના હાથના અંગૂઠામાં અનેક પ્રકારની ઉત્તમોત્તમ રસયુક્ત અમૃતમય નાડી(નસ)નું સંક્રમણ કર્યું, જેથી અંગૂઠો ચૂસતાં જ તેમની ભૂખ શાંત થઈ જાય. (બાલ તીર્થંકરો માતાનું સ્તનપાન કરતાં નથી તેથી આ વ્યવસ્થા દરેક તીર્થંકર માટે કરવામાં આવે છે.)

પ્રભુની જાંઘ પર વૃષભનું ચિહ્ન હતું તથા માતાએ 14 સ્વપ્નમાંથી પ્રથમ સ્વપ્નમાં ઋષભ જોયો તેથી તેમનું નામ **'ઋષભ'** અને બાલિકાનું નામ 'સુમંગલા' રાખ્યું. પ્રભુ જ્યારે માત્ર એક વર્ષના હતા ત્યારે સૌધર્મેન્દ્ર કર્મભૂમિના આદિ તીર્થંકરના વંશની સ્થાપના કરવા માટે એક શેરડીનો સાંઠો સાથે લેતા આવ્યા. બાળ પ્રભુએ અવધિજ્ઞાનથી ઈન્દ્રના મનોગત ભાવો જાણીને પોતાનો હાથ શેરડીનો સાંઠો લેવા લાંબો કરી તે શેરડી સ્વીકારી, તેથી તેમના **'ઈક્ષ્વાકુ'** વંશની સ્થાપના થઈ.

પ્રભુનું શરીર વજ્રઋષભનારાચ સંઘયણવાળું અને સમચતુરંસ્ત્ર સંસ્થાનવાળું હતું. તેમનું સંપૂર્ણ શરીર માથાથી તે પગ સુધી સુશોભિત અને શ્રેષ્ઠ લક્ષણોવાળું હતું. તેમની સાથે રમવા માટે કેટલાંક દેવો બાળકનું રૂપ બનાવીને આવતાં અને રમતા. અંગૂઠો ચૂસવાની અવસ્થા વીત્યા બાદ ઋષભદેવ તો દેવકુરુ અને ઉત્તરકુરુ નામની અકર્મભૂમિમાંથી દેવો દ્વારા લાવવામાં આવેલાં કલ્પવૃક્ષોના ફળોનું જ ભોજન કરતા. કારણ કે આ સમયે સર્વજનો ફળાહાર જ કરતાં હતાં. ભોજન રાંધવા માટે જરૂરી બાદર અગ્નિ હતો જ નહીં અને અન્ન પકવવાની વિધિ કોઈ જાણતું નહોતું. ક્ષીરસમુદ્રના પાણીનું પ્રભુ પાન કરતાં હતાં.

આ કાળમાં અન્ય સાથે જન્મેલ એક બાળયુગલ તાડવૃક્ષ નીચે રમી રહેલ હતું. કમનસીબે તાડવૃક્ષનું મોટું ફળ પુરુષ બાળ પર પડતાં તેનું મરણ થયું. બાલિકા એકલી રહી ગઈ. તેનાં યુગલ માતા-પિતા તેને ત્યાંથી લઈ ગયાં અને તેનું નામ **'સુનંદા'** રાખ્યું. પરંતુ તે માતા-પિતા પણ થોડા જ દિવસમાં

મૃત્યુ પામ્યાં. બાલિકા એકલી થવાથી અહીંતહીં ભટકતી હતી તેથી કેટલાંક યુગલો તે બાલિકાને કુલપતિ નાભિરાજાની પાસે લાવ્યાં. નાભિરાજાએ તેને ઋષભદેવની ભાવિ પત્ની તરીકે સ્વીકારી લીધી.

પ્રભુ યુવાન થતાં સૌધર્મેન્દ્રએ ભગવાનને વિવાહ યોગ્ય જાણી સુનંદા અને સુમંગલાનો હાથ ઋષભના હાથમાં આપી તેમના વિવાહ કરાવીને લગ્ન સંબંધી લોકનીતિ પ્રચલિત કરાવી. આ વિવાહમાં અનેક ઈન્દ્રો તથા દેવ-દેવીઓ હાજર રહ્યાં. પૂર્વ સંચિત કર્મ પ્રમાણે અનાસક્ત ભાવે ભોગો ભોગવતાં **સુમંગલાની** કુક્ષિએ યુગલ **પુત્ર 'ભરત'** અને **પુત્રી 'બ્રાહ્મી'** નો જન્મ થયો. **સુનંદાની** કુક્ષિએ **પુત્ર 'બાહુબલી'** અને **પુત્રી 'સુંદરી'** નો જન્મ થયો. ત્યારબાદ સુમંગલાએ અનુક્રમથી **49 યુગલપુત્રો** (૯૮ પુત્રો)ને જન્મ આપ્યો. ત્રીજા આરાના બચેલા શેષ ભાગમાં હવે જુગલકાળ પૂર્ણ થવાને આરે હોવાથી કલ્પવૃક્ષોનો પ્રભાવ ક્ષીણ થવા લાગ્યો. કલ્પવૃક્ષો ઓછાં ફળ આપતાં હોવાથી યુગલિકોમાં કષાયની ભાવના જાગવા લાગી. **'હકાર'** કહેવાથી ''હા, તમે દુષ્કૃત્ય કરો છો'', **'મકાર'** કહેવાથી "તમે દુષ્કૃત્ય ન કરો." અને 'ધિક્કાર' કહેવાથી "તમે દુષ્કૃત્ય કર્યું, તમને ધિક્કાર છે." આ પદ્ધતિથી ભૂલ કરનારને સજા દેવાતી અને તેને શરમ આવતી. આવી 'હકાર', 'મકાર' અને 'ધિક્કાર'ની જે પદ્ધતિ ચાલતી હતી, તે પણ નકામી સાબિત થવા લાગી. તેથી ઋપભદેવે પોતાના અવધિજ્ઞાનનાં બળથી હવે કર્મભૂમિ જેવી વ્યવસ્થા કરવી પડશે તેવા ઉદયોને જાણ્યાં. આથી હવે તેમણે એક શાસનની નિમણૂંક કરવાની, સૈન્યશક્તિઓ સ્થાપિત કરવાની અને શાસકની આજ્ઞામાં સહુએ રહેવું પડશે તે વાત સમજાવી. આથી નાભિકુલકરની આજ્ઞાથી સર્વાનુમતે **'ઋષભ'** ને જ રાજા તરીકે નક્કી કરાયા. સૌધર્મ દેવલોકના શક્રેન્દ્રનું આસન ચલાયમાન થયું અને અવધિજ્ઞાનથી તેમણે ભગવાનના રાજ્યાભિષેકનો સમય જાણી **વિનિતા નગરી** બનાવી.

તેમાં ઋષભ રાજકુમારનો રાજ્યાભિષેક કરાવી રાજા બનાવ્યા. ઋષભદેવની ઉંમર ત્યારે વીસ લાખ પૂર્વ વર્ષની હતી. આ અવસર્પિણીકાળના તેઓ પ્રથમ રાજા થયા.કાળના પ્રભાવથી મનુષ્યોના મનોગત ભાવમાં પણ કિલષ્ટતા આવી હતી. તેથી રાજ્ય વ્યવસ્થા સાચવવા રાજા ઋષભે મંત્રી,

સૈનિક, અશ્વદળ, પાયદળ, હાથીદળ, રથસેના આદિ નિમણૂંક કરી. ગાય, ભેંસ, બળદ વગેરે પશુઓને પાળી તેમનો ઉપયોગ કરવાનું શીખવ્યું. લોકો કાચા અનાજ ખાતાં હતાં, તેથી તેનો કચરો કાઢીને પલાળીને ખાતાં શીખવ્યું. એક દિવસ વૃક્ષોની ડાળીઓ ઘસાવાથી તેમાંથી અગ્નિ ઉત્પન્ન થયો. તેથી માટીનું વાસણ બનાવીને તેમાં રસોઈ પકવીને ખાવાની કળા પ્રભુએ બતાવી. આમ પ્રભુએ પ્રથમ કુંભારનું શિલ્પ શીખવ્યું. સાથે ત્યારબાદ વસ્ત્ર નિર્માણકળા, કેશકળા, ચિત્રકળા વગેરે **પુરુષોની 72 કળા 'ભરત'** ને શીખવી. ભરતે તે કળાઓ પોતાના ભાઈઓને અને પુત્રોને શીખવી. **બ્રાહ્મીને જમણા હાથે અઢાર પ્રકારની લિપિ શીખવી તથા સુંદરીને ડાબા હાથથી ગણિત, તોલ, માપ** વગેરે શીખવ્યું. આમ સ્ત્રીઓની કુલ 64 કળાઓ શીખવી. જે બંને બહેનોએ લોકોને શીખવી. આ બધાં કાર્યો સાવદ્ય છે તેમ જાણવા છતાં કર્મના ઉદય પ્રમાણે પોતાની જવાબદારીનું માત્ર પાલન કરવા માટે આ પ્રવૃત્તિ ઋષભ રાજાએ કરી.

ત્યારપછી અધિકારી, સૈનિક આદિનું **ઉગ્રકુળ,** પુરોહિત વગેરેનું **ભોગકુળ,** પરિવારજનોનું **રાજકુળ** અને બાકી સર્વેનું **ક્ષત્રિયકુળ** એ ચાર પ્રકારના કુળની રચના કરી. પ્રભુના વિવાહની વિધિ પ્રમાણે લોકો વિવાહ કરતા થયા. એકવાર વિનીતા નગરીમાં વસંતોત્સવ ઉજવાઈ રહ્યો હતો. લોકોની મોહલીલા, ખેલકૂદ, હંસીમજાક, નૃત્યો ગીતો વગેરે વિકારવર્ધક ચેષ્ટા જોઈને પ્રભુ વિચારમાં ચડી ગયા. પોતાના પૂર્વભવોમાં ભોગવેલાં દેવોનાં સુખ અને મનુષ્યભવમાં પાળેલા ચારિત્રને તેમણે જોયું. મોહનાં કડવાં ફળનો વિચાર કરતાં-કરતાં પ્રભુને વૈરાગ્ય થયો, વિરક્ત થયા. ત્યારે બ્રહ્મ દેવલોકના અંતમાં રહેનારા નવ લોકાંતિક દેવોના સ્વામી પ્રભુ પાસે આવ્યા. તેમણે પ્રભુને નમ્ર નિવેદન કર્યું કે, 'પ્રભુ ! બહુ લાંબા કાળથી ભરતક્ષેત્રમાંથી થયેલા મોક્ષમાર્ગરૂપી ધર્મતીર્થનું પ્રવર્તન કરીને ભવ્ય જીવો પર ઉપકાર કરો. આપે લોકવ્યવસ્થા કરીને સાંસારિક ઉપકાર તો કર્યો, પણ હવે ધર્મતીર્થનો ફેલાવો કરીને પરમસુખનો માર્ગ ખોલો.'

પ્રભુએ પોતાના પુત્રોને બોલાવ્યા અને રાજ્યની વહેંચણી કરી. ભરતને રાજા બનાવ્યા અને બાકીના 99 પુત્રોને યોગ્યતા પ્રમાણે રાજ્ય સોંપી

દીધું. ત્યારબાદ પ્રભુએ સાંવત્સરીક દાન **'વર્ષીદાન'** આપવાનું શરૂ કર્યું. ઈન્દ્રના હુકમથી **કુબેર દેવે** જૃંભકદેવોને મોકલી જમીન, બાગ, ઉદ્યાન, સ્મશાન, જળાશયો, પર્વતો વગેરેમાં દટાયેલું (જેનો કોઈ માલિક ન હોય તેવું) દ્રવ્ય પ્રભુના ભંડારોમાં જમા કરાવી દીધું. જેનું દાન પ્રભુએ આપ્યું. જેમાં દરરોજની એક કરોડ આઠ લાખ સોનામહોરનું એમ એક વર્ષમાં **388 કરોડ ને 80 લાખ સોનામહોરનું** દાન આપ્યું. (આવું વર્ષીદાન સર્વ તીર્થંકરો આપે છે.)

એક વર્ષ બાદ **ફાગણ વદ આઠમને** દિવસે **ઉત્તરાષાઢા નક્ષત્રના** દિવસે શક્રેન્દ્રનું આસન ચલિત થયું અને તેમણે આવીને પ્રભુનો દીક્ષાભિષેક કર્યો. **'સુદર્શના'** નામની શિબિકામાં પ્રભુ બિરાજ્યા. જેને પહેલાં મનુષ્યોએ અને પછી દેવોએ ઉઠાવી. 'સિદ્ધાર્થ' નામના બગીચામાં અશોકવૃક્ષની નીચે શિબિકામાંથી ઊતરીને પ્રભુએ પોતાનાં આભૂષણો અને વસ્ત્રો ઉતારી નાખ્યાં. ઈન્દ્રે એક દેવદૂષ્ય વસ્ત્ર પ્રભુના ખભા પર મૂકી દીધું. પ્રભુએ ચાર મુષ્ઠિ લોચ કર્યો. તેના વાળ શક્રેન્દ્રે પોતાના વસ્ત્રમાં ગ્રહણ કર્યા.

છઠ્ઠની તપસ્યાવાળા ઋષભે મનુષ્યો અને દેવોની હાજરીમાં સિદ્ધને નમસ્કાર કર્યા. "હું જાવજ્જીવ સુધી બધી પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કરું છું." એમ બોલીને સામાયિક નામનું પ્રથમ ચારિત્ર (દીક્ષા) ગ્રહણ કર્યું. આ ક્ષણે નારકીના જીવોને ક્ષણભર માટે શાંતિ મળી. પ્રભુની સાથે ચાર હજાર રાજાઓએ પણ અનુકરણ કરીને દીક્ષા લીધી. ભગવાનને જન્મથી ત્રણ જ્ઞાન મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવિધજ્ઞાન તો હતાં જ અને દીક્ષા લેતાં જ ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. (આ જ્ઞાન દીક્ષા લેતાં જ બધા તીર્થંકરોને ઉત્પન્ન થાય છે.) શોકથી ઘેરાયેલ પરિવારજનો મહેલ પર પાછા ફર્યા અને સર્વ દેવો અને ઈન્દ્રો પણ દેવલોકમાં ગયા.

શ્રી ઋષભદેવ સાથે 'કચ્છ' અને 'મહાકચ્છ' વગેરે સર્વ મુનિઓએ ત્યાંથી વિહાર કર્યો. ઋષભદેવે તો હવે મૌન ધારણ કરેલ હતું. છઠ્ઠના પારણાના દિવસે તેઓ ગોચરી લેવા માટે ગયા. પણ તે સમયે તેઓ આ ત્રીજા આરાના સહુ પ્રથમ સાધુ હોવાથી લોકો ગોચરીના જ્ઞાનથી સાવ અજાણ

હોવાથી તેમને ગોચરી ન મળી. લોકો તેમને પોતાના રાજા સમજીને હાથી, ઘોડા, સુંદર કન્યાઓ, હીરા, મોતી, બહુમૂલ્ય વસ્ત્રો ભેટમાં અર્પણ કરતાં. પરંતુ કોઈએ તેમને આહાર-પાણી માટે પૂછ્યું નહીં. તેથી તેઓ સ્વસ્થાને પાછા ફર્યા. તેમની સાથે અનુકરણ કરનારા સ્વયં દીક્ષા લેનારા રાજાઓ પણ પાછા ફર્યા.

આહાર વિના ઘણાં દિવસો પસાર થવાથી સમજણથી **અજ્ઞાન એવા અન્ય રાજાસંતોથી ભૂખનું દુઃખ સહન ન થતું.** ભરતને રાજ્ય સોંપી દીધું છે તેથી હવે ઘરે પાછા ફરવું પણ સંભવ નથી તેમ વિચારી તેઓ વનમાં મળતાં સારાં ફળ, કંદ, મૂળ વગેરે ખાવા લાગ્યા. વલ્કલથી (ઝાડનું પાંદડું) શરીર ઢાંકવા લાગ્યા, જટા રાખવા લાગ્યા વગેરે પ્રવૃત્તિ કરતા થયા. ત્યારથી જ જટાધારી વગેરે પાખંડીના 363 ભેદોની શરૂઆત થઈ.

એક વર્ષથી ભૂખ્યા ઋષભદેવ મૌનપણે વિચરણ કરતાં-કરતાં હસ્તિનાપુર નગરમાં પધાર્યા. તે નગરમાં બાહુબલીના પૌત્ર તથા સોમપ્રભ રાજાના પુત્ર 'શ્રેયાંસકુમાર' રહેતાં હતાં. તેમણે સ્વપ્નમાં રાત્રે જોયું કે સોના જેવો મેરુ પર્વત કાંઈક અંશે કાળો પડી ગયો છે. આ પર્વતરાજને તેમણે દૂધથી અભિષેક કરીને ઉજળો કર્યો.

તે જ રાત્રે તેમના ગામમાં 'સુબુદ્ધિ' શેઠે સ્વપ્ન જોયું કે સૂર્યમાંથી બહાર નીકળેલાં હજારો કિરણોને શ્રેયાંસકુમારે ફરી સૂર્યમાં પ્રવેશ કરાવ્યો આથી સૂર્ય ખૂબ પ્રકાશિત થયો.

સોમપ્રભ રાજાએ સ્વપ્નમાં જોયું કે, અનેક શત્રુઓથી ઘેરાયેલા રાજાએ મારા પુત્ર શ્રેયાંસકુમારની સહાયતાથી વિજય મેળવ્યો. આ ત્રણે સવારે મળતાં એકબીજાને પોતાના સ્વપ્નની વાત કહી. પરંતુ સ્વપ્નનું શું પરિણામ હશે એ નક્કી ન કરી શક્યા.

આ તરફ પ્રભુ ઋષભ શ્રેયાંસકુમારને આંગણે ગોચરી માટે પધારે છે. શ્રેયાંસકુમારે વંદન નમસ્કાર કર્યા અને એકીટશે પ્રભુને જોવા લાગ્યા. આવા મહાપુરુષને પહેલાં મેં ક્યાંક જોયા છે તેવો વિચાર કરતાં-કરતાં તેમને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. તેમણે પોતાના જ્ઞાનમાં જોયું કે પૂર્વભવમાં

ઋષભદેવ વજ્રનાભ ચક્રવર્તી હતા અને તેમણે દીક્ષા લીધી હતી, ત્યારે તેમની પાછળ મેં પણ દીક્ષા લીધી હતી. આ ભવમાં તેઓ મારા પ્રપિતામહ છે. આવો વિચાર કરતાં હતાં, ત્યારે જ કોઈ તેમને શેરડીના રસના ઘડા ભેટમાં આપી ગયા. જાતિસ્મરણજ્ઞાનથી નિર્દોષ ગોચરીની વિધિ જાણી હોવાથી શ્રેયાંસકુમારે શેરડીના રસના ઘડા લઈને ભગવાનના કરપાત્રમાં રસ આપ્યો. આમ છઠ્ઠના તપ સાથે શરૂ થયેલ ઋષભદેવના તપનું પારણું એક વર્ષ પછી થયું. ત્યારે આકાશમાં પાંચ દિવ્યો પ્રગટ થયા. 1. સોનામહોરોની વૃષ્ટિ, 2. પાંચવર્ણનાં ફૂલોની વૃષ્ટિ, 3. આકાશમાં વસ્ત્રો તથા ધ્વજાનું ફરકાવવું. 4. આકાશમાં દેવદુંદુભિ વાગવી, 5. દેવો વડે 'અહોદાનં'નો દિવ્ય ઘોષ થવો. ભગવાન 1000 વર્ષ સુધી મૌનપણે વિવિધ પ્રકારના તપ તેમ જ અભિગ્રહ કરી વિચરતા રહ્યાં. પ્રભુ વિનીતાનગરીના પુરિમતાલ ઉપનગરમાં પધાર્યા. "શકટમુખ' ઉદ્યાનમાં ધ્યાનસ્થ થયા. ધર્મધ્યાનની ધારા આગળ વધતી ગઈ અને પ્રભુ અપૂર્વકરણ કરીને શુક્લ ધ્યાનના પાયાને ધ્યાવીને પ્રથમ મોહનીય કર્મને ક્ષય કર્યા બાદ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ ઘાતીકર્મોનો એકસાથે ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પામ્યા. **મહા વદ અગિયારસે** જયારે ચંદ્ર **ઉત્તરાષાઢા નક્ષત્ર**માં આવ્યો, ત્યારે સવારના સમયે પ્રભુને ત્રણે કાળના સર્વ ભાવોને જાણનારું કેવળજ્ઞાન પ્રગટ થયું. નારકી જીવોને થોડા સમય સુખનો અનુભવ થયો. દેવોએ તેમનો કેવળ મહોત્સવ ઉજવ્યો.

ઋષભદેવ વીસ લાખ પૂર્વ વર્ષ સુધી કુંવરપણે રહ્યાં અને 63 લાખ પૂર્વ વર્ષ રાજ્ય પાળ્યું. 1000 વર્ષનું છદ્મસ્થપણું સહિત એક લાખ પૂર્વનો સંયમ પાળ્યો. તેઓ **પોષ વદ 13**ના દિવસે નિર્વાણ (મોક્ષ) પામ્યાં. ત્રીજા આરાના **ત્રણ વર્ષ, આઠ માસ અને પંદર દિવસ** બાકી રહ્યાં, ત્યારે સિદ્ધ ગતિ પામ્યાં.

**ઋષભદેવનો પરિવાર :** 84 ગણધર, 84,000 સાધુ, 3 લાખ સાધ્વી, 3,05,000 શ્રાવકો, 5,54,000 શ્રાવિકા, વીસ હજાર કેવળી, 12,650 મન:પર્યવજ્ઞાની, 9,000 અવધિજ્ઞાની, 4,750 ચૌદ પૂર્વધર સાધુઓ હતા.50 લાખ ક્રોડ

સાગરોપમ (અડધો ચોથો આરો) સુધી તેમનું શાસન ચાલ્યું. જેમાં અસંખ્ય સાધુ-સાધ્વીજીઓ મોક્ષમાં ગયાં.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1)ભગવાન ઋષભદેવનો જન્મ ક્યાં અને ક્યારે થયો ? (2) જન્મ અભિષેક મહોત્સવનું વર્ણન કરો. (3) તીર્થંકરના અંગૂઠામાં શેની તાકાત હોય છે ? (4) ઈક્ષ્વાકુ વંશની સ્થાપના કેવી રીતે થઈ ? (5) ઋષભદેવ બાળપણ અને યુવાવસ્થામાં શેનો આહાર કરતાં ? (6) ઋષભદેવે સુનંદાને કેમ પત્ની બનાવી ? (7) હકાર, મકાર અને ધિક્કાર એટલે શું ? (8) ભગવાને કોને કઈ કઈ કળાઓ શીખવી ? કેટલા અને કયા કુળની રચના કરી ? (9) વૈરાગ્ય થતાં પ્રભુ પાસે કોણે આવીને શું નિવેદન કર્યું ? (10)વર્ષીદાન એટલે શું ? તે ઋષભદેવે કેટલું આપ્યું ? (11) ઋષભદેવ સાથે જેણે દીક્ષા લીધી તેઓ શું કરતાં હતાં ? (12) ભગવાનને સૌ પ્રથમ આહાર કેવી રીતે અને કોના હાથે મળ્યો ? શેની વૃષ્ટિ થઈ ? (13) ભગવાનનો પરિવાર લખો. (14) ભગવાનનું શાસન ક્યાં સુધી ચાલ્યું ?

## 2.કામદેવ શ્રાવક

### (શ્રી ઉપાસક દશાંગ સૂત્ર)

**ચંપાનગરીમાં કામદેવ** નામે એક ગાથાપતિ રહેતા હતા. તેની પત્નીનું નામ ભદ્રા હતું. કામદેવ પાસે છ કરોડ સુવર્ણમુદ્રા ભંડારમાં, છ કરોડ સુવર્ણમુદ્રા વેપારમાં અને છ કરોડ સુવર્ણમુદ્રાની અન્ય વસ્તુઓ હતી. સાઠ હજાર ગાયોનું ગોકૂળ તેની પાસે હતું. આમ, તે ખૂબ સુખી હતો. તે કામદેવ અનેક રાજાઓ તેમજ વ્યાપારીઓને પૂછવાનું સ્થાન હતા, સલાહનું સ્થાન હતા. કુટુંબના મોભી સમાન અને બધાં કામોમાં અગ્રણી હતા.

એક વખત શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા. ચંપાનગરીના રાજા જિતશત્રુ તેમ જ કામદેવ પગે ચાલતાં-ચાલતાં ભગવાનના દર્શન કરવા અને ધર્મ શ્રવણ કરવા ગયા. ભગવાનને ત્રણવાર પ્રદક્ષિણા તેમ જ વંદન કરીને ધર્મ દેશના સાંભળી ખૂબ આનંદિત થઈ ગયા. તેઓ હર્ષાવેશમાં આવી ગયા અને ભગવાન પાસે આવીને કહેવા લાગ્યા : “હે ભગવન્! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું, વિશ્વાસ કરું છું, રુચિ કરું છું, આદર કરું છું. પરંતુ હું ગૃહત્યાગ કરીને દીક્ષા લેવા અસમર્થ છું, આથી પ્રભુ આપની પાસે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ 12 વ્રતધારી શ્રાવકધર્મને ગ્રહણ કરવા ઈચ્છું છું.”

ત્યાર પછી કામદેવ શ્રાવક અને તેમની પત્ની ભદ્રા બંનેએ ભગવાન મહાવીર પાસેથી બાર વ્રત ધારણ કર્યાં. ત્યાર પછી કામદેવ શ્રાવક બની નવ તત્ત્વોના જ્ઞાતા બની ગયા. શ્રાવક સાધુ ભગવંતોને 14 પ્રકારે નિર્દોષ દાન આપી ધર્મમય જીવન પસાર કરવા લાગ્યાં.

આમ, ધર્મ કરતાં-કરતાં 14 વર્ષ પસાર થયાં પછી એક રાત્રે ધર્મ જાગરણ કરતાં-કરતાં કામદેવને વિચાર આવ્યો કે મારે હવે સંસારનાં કાર્યોથી નિવૃત્તિ લઈ લેવી જોઈએ. તેથી પોતાનો બધો કારોભાર પોતાનાં મોટા પુત્રને સોંપી દીધો.

નિવૃત્ત કામદેવ હવે વધુને વધુ ધર્મ કરવા લાગ્યા. પોતાની પૌષધ-શાળામાં તેઓ આભૂષણો, પુષ્પમાળાઓ, વિલેપનો, શસ્ત્રો આદિ સર્વ ઉપધિઓને ત્યાગી પૌષધ કરીને પોતાનાં જીવનનો સમય વ્યતીત કરવા લાગ્યા.

એક રાત્રે પૌષધશાળામાં શ્રાવકની પ્રતિમા ધારણ કરી હતી ત્યારે એક માયાવી મિથ્યાદ્રષ્ટિ દેવ પ્રગટ થયો. તેણે એક ભયંકર પિશાચનું રૂપ ધારણ કર્યું હતું. તેના હાથમાં ખડગ્ હતું. તે ગર્જના કરતાં બોલ્યો : “હે કામદેવ ! તું દુર્ભાગી છે. આજે તારા જીવનની અંતિમ ક્ષણો આવી ગઈ છે. તું મોટો ધર્માત્મા બની ગયો છે ને ? તારે મોક્ષ જવું છે ને ? તેં મારા જેવા શક્તિશાળી દેવની ઉપેક્ષા કરી છે. પરંતુ તને ખબર નથી કે તારી ધર્મ સાધના વ્યર્થ છે. તું તારા પાખંડને છોડી દે. તારા ધર્મને છોડી દે. તું તારી જીદ નહીં છોડે તો હું આ ખડગ્ થી તારા શરીરના ટુકડાં કરી નાંખીશ. તું અસહ્ય વેદના ભોગવતાં-ભોગવતાં અકાળે મૃત્યુ પામી જઈશ.”

પિશાચનું વિકરાળ રૂપ, ભયાનક ગર્જના અને કર્કશ વચન સાંભળીને કામદેવ ડર્યા નહીં, તેમ જ જરાપણ વિચલિત થયા નહીં. પરંતુ શાંતિપૂર્વક ધર્મધ્યાનમાં લીન રહ્યાં. દેવે બે-ત્રણવાર પોતાની કર્કશ વાણીમાં આ ધમકી આપી, પરંતુ કામદેવે ઉપેક્ષા કરી. જ્યારે દેવે જોયું કે તેમની ધમકી નકામી ગઈ છે, તેથી તેણે ક્રોધિત થઈ તલવારના પ્રહારથી કામદેવના શરીરના ટુકડાં કરી નાંખ્યા.

ત્યાર પછી દેવે હાથીનું સ્વરૂપ બનાવ્યું. પોતાની સૂંઢમાં કામદેવને ઉપાડીને તેમને આકાશમાં ઊંચે ફંગોળ્યા. નીચે પડતાં કામદેવને પોતાના દંતશૂળમાં ઝીલી નીચે જમીન પર પાડીને પોતાના પગથી ત્રણવાર રગદોળ્યા. કામદેવ ચલાયમાન ન થતાં તે હાથી બોલ્યો : “તું આર્ત્તધ્યાન તેમ જ વિકટ દુઃખની પીડા પામીને અકાળે જીવન રહિત થઈ જઈશ, મરી જઈશ.” કામદેવની ધર્મદ્રઢતા સ્થિર રહી, કોઈ ફેરફાર ન થયો.

હવે તે દેવ મરણિયો થઈ ગયો હતો. તેથી પૌષધશાળાની બહાર નીકળીને સાપનું રૂપ બનાવીને પાછો આવ્યો. તે સાપ તીવ્ર ઝેરી હતો, કાળો ડિબાંગ હતો. ક્રૂર સ્વરૂપ હતું. આંખ લાલઘૂમ હતી. નેત્ર વિષ અને રોષથી ભરેલાં હતાં. કામદેવના શરીર પર ચઢીને પાછળના ભાગથી પૂંછડી ગળામાં ભરાવી તેના તીક્ષ્ણ દાંત વડે છાતી પર દંશ માર્યો. તેથી શ્રાવકને અસહ્ય વેદના થઈ. પરંતુ જૈન ધર્મના ઉપાસક શ્રાવક ધર્મ પર અડગ અને અવિચલિત રહ્યાં.

મહાવીર ઉપાસક શ્રાવકની દ્રઢતા સામે આખરે દેવ થાકી-હારીને પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરે છે. આકાશમાં પોતાનો પ્રકાશ ફેલાવતો રહીને જમીનથી અદ્ધર રહીને કામદેવને તેણે કહ્યું: "હે કામદેવ ! તમે ધન્ય છો, કૃતાર્થ છો. તમારો માનવભવ સફળ થયો. તમને નિર્ગ્રંથ પ્રવચન ફળ્યું છે. તમારી ધર્મશ્રદ્ધાની પ્રશંસા દેવલોકમાં શક્રેન્દ્રએ કરી કે, "અત્યારે ભરતક્ષેત્રમાં ચંપા નગરીમાં કામદેવ શ્રાવક પૌષધશાળામાં પડિમા ધારણ કરીને ધર્મચિંતન કરી રહેલ છે. તેમની ધર્મ દ્રઢતા ખૂબ જ મજબૂત છે. કોઈ દેવ કે દાનવ તેમને ધર્મમાંથી ચલાયમાન કરવા શક્તિમાન નથી." તેથી હું તમારી પરીક્ષા લેવા આવ્યો હતો. હું આપની ક્ષમા ચાહું છું અને પ્રતિજ્ઞા કરું છું કે ભવિષ્યમાં કોઈપણ ધર્મસાધક સાથે આવો ક્રૂર વ્યવહાર નહીં કરું."

કામદેવે ઉપસર્ગ ટળી ગયો છે તે જાણીને ધ્યાન પારી લીધું. તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ચંપા નગરીની બહાર પૂર્ણભદ્ર ઉદ્યાનમાં પધાર્યા. કામદેવને આ સમાચાર મળતાં તેણે વિચાર્યું કે ભગવાનને વંદન નમસ્કાર કરીને પાછાં ફરીને પૌષધનાં પારણાં કરું. તેઓ જ્યાં ભગવાન બિરાજમાન હતાં, ત્યાં આવ્યા. તેમને વંદન નમસ્કાર કર્યા. ભગવાને ધર્મદેશના આપતાં કહ્યું : "હે કામદેવ ! ગઈ રાત્રિએ એક દેવ તમને પિશાચ, હાથી અને સર્પનું રૂપ ધારણ કરીને ઉપસર્ગ આપતો હતો ?" "હા, ભગવાન આપ સત્ય કહો છો." કામદેવે કહ્યું.

ભગવાને પોતાનાં સાધુ-સાધ્વીને સંબોધીને કહ્યું : "હે આર્યો, આ કામદેવ શ્રાવકે ગૃહસ્થાવાસમાં રહીને એક માયાવી દેવના પરિષહ, ઉપસર્ગોને

સહન કરી અને ધર્મશ્રદ્ધાનો પરિચય આપેલ છે. તમે તો સાધુ છો, નિર્ગ્રંથ પ્રવચનના જાણકાર છો અને સંસારના ત્યાગી છો. તમારે દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી સર્વ ઉપસર્ગોને પૂર્ણ શાંતિથી સહન કરીને પોતાના ચારિત્રમાં કામદેવની સમાન દ્રઢ તેમ જ અતૂટ રહેવું જોઈએ." આમ ભગવાને સભામાં કામદેવ શ્રાવકના વખાણ કર્યા.

ત્યાર બાદ કામદેવે ઘરે આવીને શ્રાવકોની અન્ય પડિમાઓ અંગીકાર કરી. એક મહિનાનો સંલેખના સંથારો ગ્રહણ કર્યો, વીસ વર્ષ શ્રાવકધર્મનું પાલન કર્યું. કાળ કરીને સુધર્મ દેવલોકમાં ચાર પલ્યની સ્થિતિવાળા દેવ થયા. આગામી ભવમાં મનુષ્ય બની અધૂરી સાધના પૂર્ણ કરી મોક્ષે પધારશે.
ધન્ય છે કામદેવ શ્રાવકની શ્રદ્ધાને...! દ્રઢતાને...!

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1)કામદેવ શ્રાવકની સમૃદ્ધિ લખો. (2) ભગવાન પાસે કામદેવે કેવી રીતે શ્રાવકધર્મ અંગીકાર કર્યો તેનું વર્ણન કરો. (3) કામદેવ શ્રાવકને કોનો ઉપસર્ગ આવ્યો ? તેણે કયા કયા રૂપ બનાવીને અને કેવી રીતે કામદેવને ડગાવવાનો પ્રયત્ન કર્યો? (4) ઉપસર્ગની લડતમાં કોણ જીત્યું ? (5) પરીક્ષા કરનાર દેવે કામદેવની શું પ્રશંસા કરી ? (6) ભગવાન મહાવીરે કામદેવ શ્રાવકના કયા શબ્દોમાં વખાણ કર્યા ? (7) કામદેવ શ્રાવક કાળ કરીને કયાં ગયા ? મોક્ષ ક્યાંથી અને ક્યારે જશે

# 3. બે કાચબા

**(શ્રી જ્ઞાતાધર્મ કથા સૂત્ર)**

જ્ઞાન બનાવે જીવનને પારસ. જેનું બીજું નામ છે બનારસ, એવી હતી વૈભવી વારાણસી નગરી. અનેક રીતે આકર્ષક નગરીની બહાર હતી ગંગા મહાનદી. જેના ઈશાનખૂણામાં આવેલું એક દ્રહ. જે હંમેશાં શીતળ જળથી પરિપૂર્ણ, અનેક પ્રકારનાં કમળોથી શોભતું હતું. જે જળાશયની અંદર મત્સ્ય, મગર, કાચબા, ગ્રાહ વગેરે અનેક જળચર પ્રાણીઓ જીવન સુખપૂર્વક વિતાવતાં હતાં. જળ એ જ જેનું જીવન. આ રીતે તે દ્રહ દર્શનીય, અભિરૂપ એટલે કે અત્યંત સુંદર, આનંદપ્રદ અને સૌનું આકર્ષણનું કેન્દ્ર બની ગયું હતું.

તે દ્રહની નજીક એક માલુકા કચ્છ હતો. તેમાં બે પાપી શિયાળ રહેતાં હતાં. તે ક્રોધી, કપટી અને પાપનું જ નિરંતર આચરણ કરનાર તેમ જ માંસાહારી હતાં અને માંસનાં જ લોલુપી હતાં. માંસ માટે રાત્રે ફરતાં હતાં. દિવસે છૂપાઈને રહેતાં હતાં.

એક સમયે સૂર્યાસ્ત થતાં સંધ્યા ઢળી. લોકોનું આવાગમન ઓછું થયું, ત્યારે તે દ્રહમાંથી બે કાચબા ખોરાકની શોધ માટે બહાર નીકળ્યા અને આમતેમ ફરવા લાગ્યા.આ બાજુ બે શિયાળ પણ માલુકા કચ્છમાંથી બહાર નીકળીને આ દ્રહની આસપાસ ચારે બાજુ ફરવા લાગ્યા. એક તો પાપોદયે તિર્યંચનો ભવ મળે તેમાં પણ આવી માંસાહાર વૃત્તિ.

આ બંને પાપી શિયાળે બે કાચબાને જોયા અને જ્યાં બે કાચબા હતા ત્યાં નજીક આવ્યા. કાચબાઓ પણ પોતાની આંખોથી આ પાપી શિયાળને જોઈ ડરી ગયા. તરત જ પોતાનાં બધાં અંગોપાંગો ઢાલની અંદર ગોપવીને શાંત થઈ ગયા.

શિયાળ તરત જ કાચબા હતા ત્યાં આવીને કાચબાને હલાવવા લાગ્યા. નખ અને દાંત વડે શરીરને ઈજા પહોંચાડવાના બધાં પ્રયત્નો કર્યા, પણ તેની ચામડી છેદવામાં જરાપણ સમર્થ ન બન્યાં.

કાચબાને માટે ઢાલ તે તેના શરીરનું રક્ષણ કરનાર કવચ છે. ઢાલમાં રહે ત્યાં સુધી બધી સલામતી. બંને શિયાળે બે-ત્રણવાર પ્રયત્ન કર્યા. ઘણી મહેનત, ઘણો પરિશ્રમ છતાં જરાપણ તેના શરીરને છેદવામાં સફળ ન થયા ત્યારે અંતે થાકીને ત્યાંથી એકાંતમાં જઈને સ્થિર રહીને ઊભા રહી ગયા.

હવે બંને કાચબામાંથી એક કાચબાએ 'બંને શિયાળિયા ચાલ્યા ગયા છે' તેમ જાણીને ઢાલમાંથી એક પગ બહાર કાઢ્યો. આ બંને શિયાળે જોઈ લીધું કે તરત જ ત્વરિત ગતિથી જયાં કાચબો હતો ત્યાં ગયા અને કાચબાનો પગ, નખ અને દાંત વડે તોડીને તેને ચાવી, માંસ તથા લોહી પીધું. પછી જોયું તો કાચબો ફરીને ઢાલમાં. તેથી તેની ચામડી છેદવામાં સમર્થ ન થયા. વળી બંને શિયાળ દૂર ચાલ્યા ગયા. ફરી થોડીવારે પેલા કાચબાએ વિચાર્યું કે 'શિયાળ ચાલ્યાં ગયા છે' તેથી બીજો પગ બહાર કાઢ્યો અને તરત શિયાળ ટપકી પડ્યાં અને બીજો પગ પણ ચવાઈ ગયો.

આ રીતે ક્રમથી પાછળના બે પગ અને ડોક બહાર કાઢતાં આખો કાચબો ધીરે-ધીરે ચવાઈ ગયો. જીવનરહિત બની ગયો.

પાપી શિયાળ જ્યાં બીજો કાચબો હતો ત્યાં પહોંચી ગયા અને તે કાચબાને ઉલટાવીને, ફેરવીને બધી બાજુથી તોડવા માટે દાંતનો, નખનો પ્રયોગ કર્યો પણ તેની ચામડી કાપવામાં સમર્થ ન જ થયા. આ રીતે બે-ત્રણવાર પ્રયત્નો કર્યા, અંતે થાકી-હારીને જયાંથી તેઓ આવેલા, ત્યાં પાછા ચાલ્યાં ગયા.

ત્યાર પછી ઘણા સમયે કાચબાએ સૌથી પ્રથમ પોતાની ડોક બહાર કાઢીને ચારે દિશામાં જોઈ લીધું. પછી એક સાથે ચારે પગ ઢાલમાંથી બહાર કાઢી જલદીથી દ્રહમાં પહોંચી ગયો અને પોતાના બધા સાથીને મળીને સુખપૂર્વક જીવવા લાગ્યો.

સારાંશ અને બોધ : પ્રથમ ખોલો આંખ, પછી ફફડાવો પાંખ... જે સાધક સાધના કરવા માટે પોતાને મળેલી પાંચ ઈન્દ્રિયોનો સંયમ રાખી શકતો નથી. મનફાવે તે રીતે વર્તે અથવા ઈન્દ્રિયો જે રીતે માંગે તે રીતે આપતો રહે. જેમ કે, આંખો વિકારી દ્રશ્યો જુએ, કાનથી સુમધુર ગીતો સાંભળવામાં તલ્લીન રહે, જીભથી જેમ-તેમ બોલે, આમ અસંયમ રાખે તો નિંદાપાત્ર બની કર્મબંધનથી ભારે બની સંસાર પરિભ્રમણ વધારે છે.

જે સાધક પોતાની ઈન્દ્રિયોને સંયમની ઢાલમાં રાખે છે, મનને બહાર જવા દેતાં નથી, એટલે કે પાપકર્મોમાં ઈન્દ્રિય તથા મન ન જવાથી આત્મસંયમની ઢાલમાં તેને સુરક્ષિત રાખે છે. જરૂર પડે ત્યાં સમિતિમાં રહે એટલે કે જાગૃતિ અને ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરે. બાકીના સમયમાં ગુપ્તિ એટલે પ્રવૃત્તિથી નિવૃત્તિ કરે. આ જ સાધકની સાધના છે. અષ્ટ પ્રવચન માતાને શરણે જે સાધક પોતાનું જીવન સમર્પણ કરે છે તે જ મુક્તિપદને યોગ્ય બને છે. ગુપ્તિથી જ સમાધિ અને સદ્ગતિ મળે છે.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) કઈ નગરીમાં દ્રહ હતું? ત્યાં કોણ રહેતું હતું? તેઓ કેવા હતા?
(2) શિયાળે કાચબાનો આહાર કઈ રીતે કર્યો? (3) કયા કાચબાનું જીવન સમાપ્ત થયું ? શા માટે ? (4) કયો કાચબો બચી ગયો ? કેવી રીતે ? (5) આ વાર્તાનો સારાંશ લખો. (6) સાધક કોને કહે છે ? (7) સમિતિ, ગુપ્તિમાં ક્યારે રહેવું ? (8) સાધકની સાધના શું છે ?

# કાવ્ય વિભાગ

## 1.સાધુવંદના (1 થી 77 કડી )

નમું અનંત ચોવિશી, ઋષભાદિક મહાવીર
આર્ય ક્ષેત્રમાં, ઘાલી ધર્મની શીર .... 1

મહા અતુલ્ય બળી નર, શૂરવીર ને ધીર
તીરથ પ્રવર્તાવી, પહોંચ્યા ભવ જળ તીર ... 2

સીમંધર પ્રમુખ, જઘન્ય તીર્થંકર વીસ
છે અઢી દ્વીપમાં, જયવંતા જગદીશ ... 3

એકસો ને સીત્તેર, ઉત્કૃષ્ટ પદે જગીશ
ધન્ય મોટા પ્રભુજી, તેહને નમાવું શીશ ... 4

કેવલી દોય ક્રોડી, ઉત્કૃષ્ટા નવ ક્રોડ
મુનિ દોય સહસ્ત્ર ક્રોડી, ઉત્કૃષ્ટા નવ સહસ્ત્ર ક્રોડ ... 5

વિચરે વિદેહે, મોટા તપસ્વી ઘોર
ભાવે કરી વંદુ, ટાળે ભવની ખોડ ... 6

ચોવીસેં જિનનાં, સઘળા એ ગણધાર
ચૌદસેં ને બાવન, તે પ્રણમું સુખકાર ... 7

જિનશાસન નાયક, ધન્ય શ્રી વીર જિણંદ
ગૌતમાદિક ગણધર, વર્તાવ્યો આણંદ ... 8

શ્રી ઋષભદેવનાં, ભરતાદિક સો પુત્ર
વૈરાગ્ય મન આણી, સંયમ લિયો અદ્ભૂત ... 9

કેવળ ઉપરાજ્યું, કરી કરણી કરતૂત
જિનમત દીપાવી, સઘળા મોક્ષ પહૂંત ... 10

શ્રી ભરતેશ્વરના, હુવા પટોધર આઠ
આદિત્ય જશાધિક, પહોંચ્યા શિવપુર વાટ ... 11

શ્રી જિન અંતરના, હુવા પાટ અસંખ્ય
મુનિ મુગતે પહોંચ્યા, ટાળી કર્મના વંક ... 12

ધન્ય કપિલ મુનિવર, નમિ નમું અણગાર
જેણે તત્ક્ષણ ત્યાગ્યો, સહસ્ત્ર રમણી પરિવાર ... 13

મુનિવર હરિકેશી, ચિત્ત મુનિશ્વર સાર
શુદ્ધ સંયમ પાળી, પામ્યા ભવનો પાર ... 14

વળી ઈષુકાર રાજા, ઘેર કમળાવતી નાર
ભૃગુને જશા, તેહના દોય કુમાર ... 15

છયે ઋદ્ધિ છાંડીને, લીધો સંયમ ભાર
ઈણ અલ્પ કાળમાં, પામ્યા મોક્ષ દ્વાર ... 16

વળી સંયતિ રાજા, હરણ આહિડે જાય
મુનિવર ગર્દભાળી આણ્યો મારગ ઠાય ... 17

ચારિત્ર લઈને, ભેટ્યા ગુરુના પાય
ક્ષત્રિરાજ ઋષીશ્વર, ચર્ચા કરી ચિત્ત લાય ... 18

વળી દશે ચક્રવર્તી, રાજ્ય રમણી ઋદ્ધિ છોડ
દશે મુગતે પહોંચ્યા, કુળને શોભા ચોડ ... 19

ઈણ અવસર્પિણીમાં , આઠ રામ ગયા મોક્ષ
બળભદ્ર મુનિશ્વર, ગયા પાંચમે દેવલોક ... 20

દર્શાણભદ્ર રાજા, વીર વાંદ્યા ધરી માન
પછી ઈન્દ્ર હટાયો, દિયો છકાય અભયદાન ... 21

કરકંડુ પ્રમુખ, ચારે પ્રત્યેક બુદ્ધ
મુનિ મુગતે પહોંચ્યા, જીત્યા કર્મ મહાજોધ ... 22

ધન્ય મોટા મુનિવર, મૃગાપુત્ર જગીશ,
મુનિવર અનાથી, જીત્યા રાગ ને રીસ ... 23

વળી સમુદ્રપાળ મુનિ, રાજેમતિ રહનેમ
કેશી ને ગૌતમ, પામ્યા શિવપુર ક્ષેમ ... 24

ધન્ય વિજયઘોષ મુનિ, જયઘોષ વળી જાણ
શ્રી ગર્ગાચારજ, પહોંચ્યા છે નિર્વાણ ... 25

શ્રી 'ઉત્તરાધ્યયન'માં, જિનવરે કર્યાં વખાણ
શુદ્ધ મનમેં ધ્યાવો, મનમાં ધીરજ આણ ... 26

વળી ખંધક સંન્યાસી, રાખ્યો ગૌતમ સ્નેહ,
મહાવીર સમીપે પંચ મહાવ્રત લેહ ...27

તપ કઠણ કરીને ઝોંસી આપણી દેહ
ગયા અચ્યુત દેવલોકે, ચવી લેશે ભવ છેહ ...28

વળી ઋષભદત્ત મુનિ, શેઠ સુદર્શન સાર,
શિવરાજ ઋષીશ્વર, ધન્ય ગાંગેય અણગાર ... 29

શુદ્ધ સંયમ પાળી, પામ્યા કેવળ સાર
એ ચારે મુનિવર, પહોંચ્યા મોક્ષ મોઝાર ... 30

ભગવંતની માતા, ધન્ય ધન્ય સતી દેવાનંદા
વળી સતી જયંતી, છોડ દિયા ઘર ફંદા ... 31

સતી મુગતે પહોંચ્યાં, વળી તે વીરની નંદા
મહાસતી સુદર્શના, ઘણી સતીઓનાં વૃંદા ... 32

વળી કાર્તિક શેઠે, પડિમા વહી શૂરવીર
જમ્યો મહોરા ઉપર, તાપસ બળતી ખીર ... 33

પછી ચારિત્ર લીધું, મિત્ર એક સહસ્ત્ર આઠ ધીર
મરી હુવા શક્રેન્દ્ર, ચવી લેશે ભવ તીર ... 34

વળી રાય ઉદાયન, દિયો ભાણેજને રાજ
પછી ચારિત્ર લઈને, સાર્યાં આતમ કાજ ... 35

ગંગદત મુનિ આણંદ, તરણ તારણ જહાજ
કુશળ મુનિ રોહો, દિયો ઘણાંને સાજ ... 36

ધન્ય સુનક્ષત્ર મુનિવર, સર્વાનુભૂતિ અણગાર
આરાધિક હુઈને, ગયા દેવલોક મોઝાર ... 37

ચવી મુગતે જાશે, વળી સિંહ મુનીશ્વર સાર
બીજા પણ મુનિવર, 'ભગવતી'માં અધિકાર ...38

શ્રેણિકનો બેટો, મોટો મુનિવર મેઘ,
તજી આઠ અંતેઉરી, આણ્યો મન સંવેગ ... 39

વીરપેં વ્રત લઈને, બાંધી તપની તેગ,
ગયા વિજય વિમાને, ચવી લેશે શિવ વેગ ... 40

ધન્ય થાવચ્ર્ચા પુત્ર, તજી બત્રીસે નાર
તેની સાથે નીકળ્યા, પુરુષ એક હજાર ... 41

શુકદેવ સંન્યાસી, એક સહસ્ત્ર શિષ્ય સાર
પંચશયશું શેલક, લીધો સંયમ ભાર ... 42

સર્વ સહસ્ત્ર અઢાઈ, ઘણા જીવોને તાર
પુંડરગિરિ ઉપર કીયો, પદોપગમન સંથાર ... 43

આરાધિક હુઈને, કીધો ખેવો પાર,
હુવા મોટા મુનિવર, નામ લિયા નિસ્તાર ... 44

ધન્ય જિનપાલ મુનિવર, દોય ધન્ના હુઆ સાધ
ગયા પ્રથમ દેવલોકે, મોક્ષ જાશે આરાધ ... 45

મલ્લિનાથના છ મિત્ર, મહાબળ પ્રમુખ મુનિરાય
સર્વે મુગતે સીધાવ્યા, મોટી પદવી પાય ... 46

વળી જિતશત્રુ રાજા, સુબુદ્ધિ નામે પ્રધાન
પોતે ચારિત્ર લઈને, પામ્યા મોક્ષ નિધાન ... 47

ધન્ય તેતલી મુનિવર, દિયો છકાય અભયદાન
પોટિલા પ્રતિબોધ્યા,પામ્યા કેવળ જ્ઞાન ... 48

ધન્ય પાંચે પાંડવ, તજી દ્રૌપદી નાર
સ્થવીરની પાસે, લીધો સંયમ ભાર ... 49

શ્રી નેમિવંદનનો, એવો અભિગ્રહ કીધ
માસ-માસખમણ તપ, શત્રુંજય જઈ સિદ્ધ ... 50

ધર્મઘોષ તણા શિષ્ય, ધર્મરુચિ અણગાર
કીડીઓની કરુણા, આણી દયા અપાર ... 51

કડવા તુંબાનો, કીધો સઘળો આહાર,
સર્વાર્થ સિદ્ધ પહોંચ્યા, ચવી લીધો ભવ પાર ... 52

વળી પુંડરિક રાજા, કુંડરિક ડગિયો જાણ
પોતે ચારિત્ર લઈને, ન ઘાલી ધર્મમાં હાણ ... 53

સર્વાર્થ સિદ્ધ પહોંચ્યા, ચવી લેશે નિર્વાણ
શ્રી 'જ્ઞાતાસૂત્ર'માં, જિનવરે કર્યાં વખાણ ... 54

ગૌતમાદિક કુંવર, સગા અઢારે ભ્રાત
સર્વ અંધક વિષ્ણુસુત, ધારિણી જ્યારી માત ... 55

તજી આઠ અંતેઉરી, કાઢી દીક્ષાની વાત,
ચારિત્ર લઈને, કીધો મુક્તિનો સાથ ... 56

શ્રી અનેક સેનાદિક, છયે સહોદર ભાય
વસુદેવના નંદન, દેવકી જ્યારી માય ... 57

ભદ્દીલપુર નગરી, નાગ ગાહાવઈ જાણ
સુલસા ઘેર વધીયા, સાંભળી નેમિની વાણ ... 58

તજી બત્રીસ (2) અંતેઉરી, નીકળ્યા છટ્કાય
નળકુબેર સમાણા, ભેટ્યા શ્રી નેમિના પાય ... 59

કરી છઠ્ઠ-છઠ્ઠ પારણાં, મનમેં વૈરાગ્ય લાય
એક માસ સંથારે, મુક્તિ બિરજ્યા જાય ... 60

વળી દારુક સારણ, સુમુખ દુમુખ મુનિરાય
વળી કુંવર અનાદ્રષ્ટિ, ગયા મુક્તિ ગઢમાંય ... 61

વસુદેવના નંદન, ધન્ય ધન્ય ગજસુકુમાલ
રૂપે અતિ સુંદર, કલાવંત વય બાળ ... 62

શ્રી નેમિ સમીપે, છોડ્યો મોહ જંજાળ
ભિક્ષુની પડિમા, ગયા મસાણ મહાકાળ ... 63

દેખી સોમિલ કોપ્યો, મસ્તકે બાંધી પાળ
ખેર તણાં ખીરા, શિર ઠવિયા અસરાળ ... 64

મુનિ નજર ન ખંડી, મેટી મનની જાળ
પરિષહ સહીને, મુક્તિ ગયા તત્કાળ ... 65

ધન્ય જાલી મયાલી, ઉવયાલાદિક સાધ
સાંબને પ્રદ્યુમન, અનિરુદ્ધ સાધુ અગાધ ... 66

વળી સચ્ચનેમિ દ્રઢનેમિ, કરણી કીધી અગાધ
દશે મુગતે પહોંચ્યા, જિનવર વચન આરાધ ... 67

ધન્ય અર્જુનમાળી, કિયો કદાગ્રહ દૂર
વીરપેં વ્રત લઈને, સત્યવાદી હુવા શૂર ... 68

કરી છઠ્ઠ છઠ્ઠ પારણાં, ક્ષમા કરી ભરપૂર
છ માસની માંહી, કર્મ કિયા ચકચૂર ... 69

કુંવર અઈમુત્તે, દીઠા ગૌતમ સ્વામી
સુણી વીરની વાણી, કીધા ઉત્તમ કામ ... 70

ચારિત્ર લઈને, પહોંચ્યા, શિવપુર ઠામ
ધુર આદિ મકાઈ, અંત અલક્ષ મુનિ નામ ... 71

વળી કૃષ્ણરાયની, અગ્રમહિષી આઠ
પુત્ર વહુ દોયે, સંચ્યા પુણ્યના ઠાઠ ... 72

જાદવકુળ સતીયાં, ટાળ્યો દુઃખ ઉચાટ
પહોંચ્યા શિવપુરમાં એ છે સૂત્રનો પાઠ ... 73

શ્રેણીકની રાણી, કાલીયાદિક દશ જાણ
દશે પુત્ર વિયોગે, સાંભળી વીરની વાણ ... 74

ચંદન બાળાપેં, સંયમ લઈ હુવા જાણ
તપ કરી દેહ ઝોંસી, પહોંચ્યા છે નિર્વાણ ... 75

નંદાદિક તેરે, શ્રેણિક નૃપની નાર
સઘળી ચંદનબાળાપેં, લીધો સંયમભાર ... 76

એક માસ સંથારે, પહોંચ્યા મુક્તિ મોઝાર
એ નેવું જણાનો, ‘અંતગડ’માં અધિકાર ... 77

# અભ્યાસક્રમ : શ્રેણી 6

| | | |
|---|---|---|
| **સૂત્ર વિભાગ** | **(ગુણ 30)** | **પૃષ્ઠ** |
| 1.શ્રેણી 1 થી 5 ના પાઠો, અર્થ, પ્રશ્નોત્તરનું પુનરાવર્તન | | |
| 2.પ્રતિક્રમણ : 1 થી 3 શ્રમણસૂત્રના અર્થ તથા પ્રશ્નોત્તર | | 100 – 106 |
| **તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગ** | **(ગુણ 50)** | |
| 1.આગાર ધર્મનું સ્વરૂપ અને દુર્લભતા | (ગુણ-07) | 107 – 112 |
| 2. નવ તત્ત્વનો થોકડો | (ગુણ-35) | 113 - 151 |
| 3. 32 આગમ (સૂત્રો)નો પરિચય | (ગુણ-08) | 152 - 156 |
| **કથા વિભાગ** | **(ગુણ 10)** | |
| 1. મુનિ મેઘકુમાર | | 157 |
| 2. મૃગાપુત્ર દારક | | 162 |
| 3. દશાર્ણભદ્ર રાજા | | 166 |
| **કાવ્ય વિભાગ** | **(ગુણ 10)** | |
| 1. સાધુ વંદના સંપૂર્ણ | | 169- 172 |

**Total:100 Marks**

# સૂત્ર વિભાગ

## પ્રતિક્રમણ – પાઠ 23 : આલોયણા તથા પ્રથમ શ્રમણસુત્ર

**પ્ર-1: 18, 24,120 પ્રકારે પાપ દોષ લાગે છે, તે કયા કયા ?**

| ઉ-1: હિંસા આદિ દોષ | કેટલા પ્રકારે ? | માટે થયા |
|---|---|---|
| (1) સંસારી જીવના ભેદ | 563 | 563 |
| (2) તેની હિંસા અભિહયા..થી જીવિયાઓ વવરોવિયા એ 10 પ્રકારે થાય. | 563 × 10 | 5,630 |
| (3) એ હિંસા રાગ કે દ્વેષથી થાય | 5,630 × 2 | 11,260 |
| (4) મન, વચન અને કાયા એત્રણ યોગથી થાય | 11,260 × 3 | 33,780 |
| (5) કરવું, કરાવવું, અનુમોદવું ૩ કરણથી થાય | 33,780 × 3 | 1,01,340 |
| (6) ભૂતકાળ, ભવિષ્યકાળ,વર્તમાનકાળમાં થાય | 1,01,340 × 3 | 3,04,020 |
| (7) અરિહંત, સિદ્ધ, આચાર્ય,ઉપાધ્યાય, સાધુ તથા પોતાના આત્માની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં | 3,04,020 × 6 | 18,24,120 |

**પ્ર-2 : આલોયણામાં આવતાં ખળાયે આદિ શબ્દના અર્થ લખો.**

**ઉ-2 :** **ખળાએ** = સ્ખલના, ભૂલ થઈ જવાથી. **ધ્રીઠાએ** = તિરસ્કારથી, **આપથાપના** = સ્વચ્છંદથી, **પરઉથાપના** = બીજાને તોડી પાડવાથી, **મમતે** = મમત્વથી-મારાપણાથી.

**પ્ર-3 : શ્રમણસૂત્ર એટલે શું ?**

**ઉ-3 :** ચતુર્વિધ સંઘરૂપ શ્રમણોના અધ્યયન - સૂત્ર વિશેષ તે શ્રમણસૂત્ર છે.

**પ્ર-4 : શ્રમણસૂત્ર કોણે કોણે કરવા જોઈએ ?**

**ઉ-4 :** શ્રમણસૂત્ર સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘે કરવા જોઈએ. (1) શ્રી ભગવતી સૂત્રના વીસમા શતકના આઠમા ઉદ્દેશામાં **"ચઉવ્વિહે સમણસંઘે પન્નત્તે"** કહીને સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘને એક 'શ્રમણસંઘ' કહેલ છે (2) આમ માત્ર સાધુ માટે નહીં પણ શ્રાવક માટે પણ **'શ્રમણ'** શબ્દનો ઉલ્લેખ આગમમાં મળે છે (3) શ્રાવક દેશશ્રમણ છે અને સાધુ પૂર્ણશ્રમણ છે

(4) શ્રાવક જીવનમાં એકવાર થવાવાળો સંથારો પણ રોજ બોલી શકાય છે, તો શ્રાવકને શ્રમણસૂત્ર રોજ બોલવામાં વાંધો ન હોય (5) શ્રાવક પણ દશમું વ્રત, પૌષધવ્રત, દયાવ્રત આદિ ધારતાં હોય છે, ત્યારે શ્રાવકને નિંદ્રા દોષ, ગોચરી દોષ અને પ્રતિલેખના કે સ્વાધ્યાય દોષ આદિથી નિવૃત્ત થવાનો પ્રસંગ આવે છે, ત્યારે તે પ્રથમ ત્રણ શ્રમણસૂત્રોનો ઉપયોગ કરી શકે છે (6) ચોથું શ્રમણસૂત્ર **શ્રદ્ધા, પ્રરૂપણા અને સ્પર્શના** સંબંધી છે (7) પાંચમું શ્રમણસૂત્ર નિગ્રંથ પ્રવચનનું મહત્વ અને શ્રદ્ધાની વિશુદ્ધિ કરવા સંબંધી છે, જે ચતુર્વિધ સંઘ માટે અત્યંત જરૂરી છે. માટે પાંચે શ્રમણસૂત્ર ચતુર્વિધ સંઘે કરવા જોઈએ.

**પ્ર-5 : પ્રથમ શ્રમણસૂત્ર શેના વિશે છે ?**

**ઉ-5 :** પ્રથમ શ્રમણસૂત્ર નિદ્રા દોષથી નિવર્તવાનો પાઠ છે. પૌષધવ્રત, રાત્રિ સંવર વગેરેમાંથી સૂઈને ઊઠયા પછી કાયોત્સર્ગ કરી નિદ્રા સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરવા માટે છે.

**પ્ર-6 : પ્રથમ શ્રમણસૂત્રનો ઉપયોગ ક્યારે કરવાનો હોય છે ?**

**ઉ-6 :** (1) સવારે અને સાંજે પ્રતિક્રમણમાં આ પાઠ બોલવો જોઈએ

(2) શ્રાવક કે સાધુએ દરરોજ નિદ્રા ત્યાગ કરીને તરત જ ભાવવિશુદ્ધિ માટે ચાર લોગસ્સ તથા પ્રથમ શ્રમણસૂત્રનો કાયોત્સર્ગ કરવો જોઈએ. ત્યારપછી ક્ષેત્રવિશુદ્ધિ માટે ઈરિયાવહિયં સૂત્રનો કાયોત્સર્ગ કરવાનો હોય છે.

**પ્ર-7 : નિદ્રામાં કયા કયા પ્રકારના દોષ લાગે છે ?**

**ઉ-7 :** નિદ્રામાં મન, વચન અને કાયાથી સંયમ મર્યાદા બહાર કોઈ કાર્ય થઈ શકે છે. જેમ કે, **મનથી** સ્વપ્નમાં મૈથુન સેવવાની ઇચ્છા થઈ હોય, દ્રષ્ટિથી કે મનથી ક્રીડા કરી હોય, સારા-ખરાબ ભોજન-પાણીના ભાવ થયા હોય. **વચનથી** જેમ-તેમ ઊંઘમાં બોલ્યા હોય. **કાયાથી** વગર પૂંજ્યે હાથ-પગ લાંબા કરવા, સંકોચવા, શરીર ખંજાળવું, અયત્નાથી

છીંક, ખાંસી કે બગાસું ખાવા, છપગી જૂ આદિને કચરવા વગેરે દોષ લાગે છે.

**પ્ર-8 : વ્રત દરમિયાન રાત્રે સૂતાં શું ધ્યાન રાખવું જોઈએ ?**

**ઉ-8 :** વ્રત દરમિયાન રાત્રે સૂતાં નીચે પ્રમાણે ધ્યાન રાખવું જોઈએ :

(1) નિદ્રાને પ્રમાદ સમજી ઊંઘ ઘટાડવી જોઈએ. રાત્રે વધુમાં વધુ ધર્મધ્યાન અને ધર્મજાગરણ કરવું જોઈએ. (2) પાથરવા, પહેરવાના વસ્ત્રો તથા રાત્રે સૂવાની જગ્યાનું દિવસે પ્રતિલેખન કરેલું હોવું જોઈએ (3) સૂવાની જગ્યાને પૂંજીને પથારી પાથરવી જોઈએ (4) શરીરને પૂંજીને પથારીમાં જવું જોઈએ (5) સૂતા પહેલાં નમસ્કાર મંત્ર,લોગસ્સ આદિ સૂત્રોનું સ્મરણ કે કાયોત્સર્ગ કરવો જોઈએ (6) રાત્રે સૂતા દરમિયાન મુહપત્તિ પહેરી રાખવી જોઈએ (7) પૂંજ્યા વગર પડખાં બદલાય નહીં, પગ લાંબા-ટૂંકા કરાય નહીં (8) સવારે ઊઠીને પહેલાં શ્રમણસૂત્રનો કાઉસ્સગ્ગ કરવો જોઈએ (9) દિવસ ઊગ્યા બાદ રાત્રે કામમાં લીધેલ વસ્ત્ર, પથારીનું ફરી પ્રતિલેખન કરવું જોઈએ.

### ❖અપેક્ષિત પ્રશ્નો❖

**(1)** છીંક, બગાસાં માટેના શબ્દો પ્રતિક્રમણના કયા પાઠમાં આવે છે ?

**(2)** સ્વપ્નમાં દોષ લાગે તે કયા શબ્દોથી બતાવવામાં આવ્યું છે ?

**(3)** પ્રથમ શ્રમણસૂત્રનું નામ શું છે ?

## પાઠ 24 : બીજું શ્રમણસૂત્ર

**પ્ર-1 : ગોચરચર્યા એટલે શું? ભિક્ષાચર્યા એટલે શું ?**

**ઉ-1 :** ગાય આદિ પશુઓનું ચરવું, થોડું-થોડું ઉપર-ઉપરથી ખાવું તેને ગોચર કહે છે. એના માટે ગાય ગતિભ્રમણ કરે છે, તેથી તે ગોચરચર્યા. ગાય તો અદત્ત પણ ગ્રહણ કરે છે તથા તેમાં છકાય જીવોની હિંસા પણ થાય છે. સાધુ તો ગૃહસ્થીને અને છકાયના જીવોને પીડા ન આપતાં માત્ર દીધેલાં આહાર-પાણી જ ગ્રહણ કરે છે, માટે તેને ભિક્ષાચર્યા કહે છે. અર્થાત્ સાધુ-સાધ્વીની ગોચરચર્યારૂપ ભિક્ષાચર્યા હોય છે.

**પ્ર-2 : બીજું શ્રમણસૂત્ર શેના વિશે છે ?**
**ઉ-2 :** ગોચરીના દોષથી નિવર્તવાનું છે.

**પ્ર-3 : બીજું શ્રમણસૂત્ર ક્યારે બોલવાનું હોય છે?**
**ઉ-3 :** (1) ચતુર્વિધ સંઘે સવારે અને સાંજે પ્રતિક્રમણમાં, (2) સાધુ-સાધ્વીએ ગોચરી કરીને પાછા આવ્યા પછી ગોચરીમાં લાગેલા દોષોની ચિંતવના કરવા માટે આ પાઠનો અને ઇરિયાવહિયં પાઠનો, તથા (3) શ્રાવક-શ્રાવિકાઓએ દશમું વ્રત કર્યું હોય ત્યારે ગોચરી લાવ્યા પછી કાઉસ્સગ્ગમાં આ પાઠ બોલવાનો હોય છે.

**પ્ર-4 : મંડીપાહુડિયાએ દોષ એટલે શું?**
**ઉ-4 :** તૈયાર કરેલા ભોજનનો થોડો પહેલો ભાગ પુણ્ય અર્થે કોઈ વાસણમાં કાઢીને અલગ મૂકવામાં આવે છે, એને અગ્રપિંડ કહે છે. આવા અગ્રપિંડને ગોચરીમાં લેવો તે મંડીપાહુડિયાએ દોષ છે. કારણ કે, તે પુણ્ય અર્થે કાઢવામાં આવેલો હોવાથી સાધુ માટે લેવાનો નિષેધ છે.

**પ્ર-5 : બલિપાહુડિયાએ દોષ એટલે શું ?**
**ઉ-5 :** દેવતા વગેરેને માટે પૂજા અર્થે તૈયાર કરેલું ભોજન 'બલિ' છે, તે ગ્રહણ કરવું તે **અથવા** સાધુ ગોચરીએ આવે ત્યારે અગ્નિમાં અને ચારે દિશામાં બલિ ફેંકીને જે આહાર દેવામાં આવે, તે બલિપાહુડિયાએ દોષ છે. તેમાં આરંભ થતો હોવાથી તેનો નિષેધ છે.

**પ્ર-6 : ઠવણાપાહુડિયાએ દોષ એટલે શું ?**
**ઉ-6 :** સાધુના ઉદ્દેશથી અથવા અન્ય ભિક્ષુકને માટે અલગ કાઢીને રાખેલું ભોજન લેવું તે.

**પ્ર-7 : પશ્ચાત્ કર્મ દોષ અને પુર:કર્મ દોષ એટલે શું?**
**ઉ-7 :** સાધુ-સાધ્વીને આહાર વ્હોરાવ્યા પછી તે અર્થે સચેત પાણીથી હાથ કે વાસણ ધોવાને કારણે લાગનાર દોષને **'પશ્ચાત્ કર્મ'** કહે છે. સાધુ-સાધ્વીને આહાર વ્હોરાવતા પહેલાં સચેત પાણીથી હાથ કે વાસણ

ધોવાથી લાગતાં દોષને **'પુર: કર્મ'** દોષ કહે છે.

**પ્ર-8 : આ પાઠમાં પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય અને ત્રસકાયની વિરાધના થઈ હોય તેવું બતાવતા શબ્દો કયા છે ?**

**ઉ-8 : પૃથ્વીકાય** : રયસંસટ્ઠહડાએ. **અપકાય** : દગ સંસટ્ઠહડાએ.
**વનસ્પતિકાય** : બીયભોયણાએ અને હરિયભોયણાએ.
**ત્રસકાય** : સાણા વચ્છા દારા સંઘટ્ટણાએ અને પાણભોયણાએ.

**પ્ર-9 : ગોચરી વખતે કોનાથી કયા કયા દોષ લાગી શકે ?**

**ઉ-9 :** ગોચરી વખતે ઉદગમનના 16 દોષ વહોરાવનાર ગૃહસ્થથી લાગે. ઉત્પાદનના 16 દોષ વહોરનાર સાધુથી લાગે. એષણાના 10 દોષ ગૃહસ્થ અને સાધુ બંનેથી લાગે. એમ કુલ 42 દોષ લાગી શકે છે.

**પ્ર-10 : કયા શ્રાવક ગોચરી કરવા જઈ શકે છે ?**

**ઉ-10 :** દશમું વ્રત ધારણ કરવાવાળા અથવા શ્રાવકની 11મી શ્રમણભૂત પડિમા ધારણ કરવાવાળા શ્રાવક ગોચરી કરવા જઈ શકે છે.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

**(1)** વેરાતો-ઢોળાતો આહાર લે તો કયો દોષ લાગે ?
**(2)** કારણ વિના વસ્તુ માંગે તો કયો દોષ લાગે ?
**(3)** ગોચરીમાં કોને ઓળંગીને જવું નહીં ?
**(4)** બીજા શ્રમણસૂત્રનું નામ શું છે ?

## પાઠ 25 : ત્રીજું શ્રમણસૂત્ર

**પ્ર-1 : ત્રીજું શ્રમણસૂત્ર શેના વિશેનું છે ?**

**ઉ-1 :** સ્વાધ્યાય અને પ્રતિલેખનના દોષોથી નિવૃત્ત થવા વિશે છે.

**પ્ર-2 : કાલ પ્રતિલેખના એટલે શું ?**

**ઉ-2 :** પ્રતિલેખના એટલે જોવું. પ્રતિક્રમણ પછી આગમની મૂળ ગાથાઓનો

સ્વાધ્યાય કરતાં પહેલાં આકાશ આદિ સંબંધી કોઈ અસજ્ઝાય નથી ને ? એટલે કે આ કાળ સ્વાધ્યાય માટે યોગ્ય છે કે નહીં એ જોવું તે **'કાલપ્રતિ-લેખના'** છે. તેનાથી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં બતાવ્યા પ્રમાણે જ્ઞાનાવરણીયકર્મની નિર્જરા થાય છે.

**પ્ર-3 : સ્વાધ્યાય એટલે શું? તેનાથી શું લાભ થાય છે ?**

**ઉ-3 :** સ્વાધ્યાય એટલે (1) શ્રેષ્ઠ પઠનપાઠનરૂપ અધ્યયન (2) સ્વ આત્માના ગુણોના સ્વરૂપનું અધ્યયન (3) ચિંતન કરવું કે પોતાનું જીવન ઊંચું બની રહ્યું છે કે નહીં ? સ્વાધ્યાયથી હિત, અહિત, કર્તવ્ય, અકર્તવ્ય, ધર્મ, અધર્મ, પુણ્ય, પાપને જાણી શકાય છે.

**પ્ર-4 : સાધકને સ્વાધ્યાય કેટલીવાર કરવાનો હોય ?**

**ઉ-4 :** રાત્રિના પહેલા પહોરે અને ચોથા પહોરે તથા દિવસના પહેલા પહોરે અને ચોથા પહોરે એમ ચાર પ્રહર સ્વાધ્યાય કરવાનો હોય છે. અન્ય અસજ્ઝાય ટાળીને **કાલિક સૂત્રોનો** સ્વાધ્યાય આ ચાર પ્રહર કરી શકાય છે તથા **ઉત્કાલિક સૂત્રોનો** સ્વાધ્યાય તો ચાર સંધિકાળ છોડીને આઠે પ્રહર કરી શકાય છે.

**પ્ર-5 : સ્વાધ્યાયના ભેદ કેટલા ? ક્યા કયા ?**

**ઉ-5 :** સ્વાધ્યાયના પાંચ ભેદ છે : (1) **વાચના** : શાસ્ત્રના સૂત્ર, અર્થ તથા તે બંનેને ગ્રહણ કરે તે (2) **પુચ્છણા** : શંકા થાય તો પ્રશ્ન કરે તે (3) **પરિયટ્ટણા** : સૂત્રનું અને અર્થનું પુનરાવર્તન કરે, જેથી ભૂલાઈ ન જાય (4) **અનુપ્રેક્ષા** : સૂત્રના તત્ત્વોનું, અર્થનું ચિંતન કરે (5) **ધર્મકથા** : સૂત્રના રહસ્યો જાણીને પછી તેનો ઉપદેશ આપે તે ધર્મકથા.

**પ્ર-6 : સાધકને પ્રતિલેખન કેટલીવાર કરવાનું હોય ?**

**ઉ-6 :** દિવસના પ્રથમ અને ચોથા પ્રહરે એમ બે વાર કરવાનું હોય.

**પ્ર-7 : પ્રતિલેખન અને પ્રમાર્જન શેનું કરવાનું હોય છે ?**

**ઉ-7:** પ્રતિલેખન એટલે **જોવું** અને પ્રમાર્જન એટલે **પોંજવું.** સાધક પાસે

રહેલાં મુહપત્તિ, ગુચ્છો, રજોહરણ, વસ્ત્રો આદિનું **પ્રતિલેખન** કરવાનું હોય છે. પાત્રા, પાટ, પાટલાં, બાજોઠ જેવી કડક વસ્તુઓનું પ્રતિલેખન ઉપરાંત ગુચ્છા આદિથી પૂંજીને **પ્રમાર્જન** કરવાનું હોય છે. વસ્ત્રો તો દિવસે અને રાત્રે પણ કામમાં આવે છે, માટે તેનું દિવસમાં પહેલાં અને ચોથા પ્રહરમાં એમ બે વાર પ્રતિલેખન કરવાનું હોય છે. પ્રતિલેખન કરતી વખતે ઉત્કૃષ્ટ વંદનાના આસને બેસવું જોઈએ.

**પ્ર-8 : ત્રીજા શ્રમણસૂત્રનો પાઠ ક્યારે બોલવામાં આવે છે ?**

**ઉ-8 :** સવારે અને સાંજે પ્રતિક્રમણમાં આ પાઠ બોલવો જોઈએ, તેમ જ પ્રતિલેખનથી નિવૃત્ત થઈને આ પાઠનો કાયોત્સર્ગ કરવો જોઈએ.

**પ્ર-9 : દુષ્પ્રતિલેખન અને દુષ્પ્રમાર્જનનો શું અર્થ છે ?**

**ઉ-9 :** આળસપૂર્વક, ઉતાવળથી, વિધિપૂર્વક ન જોવું તે દુષ્પ્રતિલેખન છે. ઉતાવળમાં, વિધિ વિના, ઉપયોગહીન દશામાં પૂંજવું તે દુષ્પ્રમાર્જન છે.

**પ્ર-10 : આ પાઠ બોલવો આવશ્યક શા માટે છે ?**

**ઉ-10 :** શાસ્ત્રોમાં બતાવ્યા પ્રમાણે સ્વાધ્યાય કે પ્રતિલેખન ન કર્યા હોય અથવા નિષેધ સમયે કર્યા હોય, તેના પર શ્રદ્ધા ન કરી હોય, તે સંબંધી મિથ્યા પ્રરૂપણા કરી હોય, યોગ્ય વિધિથી ન થયું હોય વગેરે જે અતિચાર દોષ લાગ્યા હોય તેનાથી મુક્ત થવા માટે આ પાઠ બોલવાનો હોય છે.

**પ્ર-11 : સ્વાધ્યાય અને પ્રતિલેખનામાં અતિક્રમ આદિ ચાર દોષ લાગ્યા હોય તેનું શું પ્રતિક્રમણ થઈ જાય ?**

**ઉ-11 :** સ્વાધ્યાય અને પ્રતિલેખન એ ઉત્તરગુણ છે. એમાં અતિક્રમ આદિ ચારે દોષ લાગે તો ચારિત્રમાં મલિનતા આવે છે. પરંતુ પૂર્ણ ચારિત્રનો ભંગ થતો નથી, માટે તેનું પ્રતિક્રમણ થઈ જાય છે.

### ❖અપેક્ષિત પ્રશ્નો❖

(1) ત્રીજા શ્રમણસૂત્રનું નામ શું છે ?

(2) અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર એટલે શું ?

# તત્ત્વ વિભાગ / સંસ્કાર

## ❖ 1. આગારધર્મનું સ્વરૂપ અને દુર્લભતા ❖

અનંતકાળના પરિભ્રમણમાં, ભૂતકાળમાં પંચેન્દ્રિયપણે આપણે સહુથી ઓછો કાળ રહ્યાં છીએ. તેમાં પણ નારકી અને દેવમાં વધુ કાળ પસાર કર્યો. તિર્યંચ પંચેન્દ્રિયમાં પણ ઘણો કાળ ગયો. આમ પંચેન્દ્રિયપણે મનુષ્યના ભવ ઓછા મળ્યા. તેમાં પણ જૈનકુળ, આર્યક્ષેત્ર, પૂ. સાધુ-સાધ્વીજીનો સમાગમ, જિનવાણી, સમ્યગ્દર્શન, શ્રાવકપણું અને સાધુપણું મળવું અતિદુર્લભ છે.

ચારેય ગતિના સંસારી જીવોની સરેરાશ કાઢીએ તો **અનંત મિથ્યાત્વી જીવોની સામે એક જીવ સમકિતી છે. એવા અસંખ્ય સમકિતી જીવોની સરેરાશે એક જીવ શ્રાવક છે.** માટે શ્રાવકધર્મની દુર્લભતા જાણી **આરાધક શ્રાવક બનવા સમ્યક્ પરાક્રમ** કરવા તેના સ્વરૂપને સમજીએ.

વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે. જ્ઞાન, દર્શન એ આત્માના ગુણ છે. આત્માનું મૂળ સ્વરૂપ સમતારૂપ છે. માટે સમતારૂપ આત્માનો ધર્મ છે (2) જૈન ધર્મમાં સાધકને માટે અરિહંત ભગવાનની આજ્ઞાની આરાધના કરવી તે ધર્મ છે. અરિહંત ભગવાન જે કરવાનું કહે, તે કરવું તે ધર્મ. અરિહંત ભગવાન જે છોડવાનું કહે અને છોડવું તે ધર્મ (3) ધર્મના મુખ્ય બે પ્રકાર છે - શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મ (4) ચારિત્ર ધર્મના બે પ્રકાર છે - આગાર ધર્મ અને અણગાર ધર્મ. આગાર ધર્મ એટલે શ્રાવક ધર્મ અને અણગાર ધર્મ એટલે સાધુ ધર્મ (5) શ્રાવક મન, વચન, કાયાથી સાધુ-સાધ્વીની પર્યુપાસના કરે છે, માટે તેને શ્રમણોપાસક કહે છે (6) શ્રાવક એટલે, **શ્ર** = શ્રદ્ધા સહિત હોય, **વ** = વિવેકી હોય અને **ક** = ક્રિયા કરી કર્મ કાપે (7) શ્રાવક શ્રદ્ધાવાન હોય એટલે સમ્યક્ દર્શનની આરાધના કરે. શ્રાવક વિવેકી હોય એટલે સમ્યગ્ જ્ઞાનની આરાધના કરે. શ્રાવક ક્રિયાવાન હોય એટલે સમ્યગ્ ચારિત્રની આરાધના કરે (8) જ્ઞાનથી પદાર્થને જાણવો અને દર્શનથી તેના પર શ્રદ્ધા કરવી, ચારિત્રથી આચરણ કરવું અને તપથી પૂર્વે બાંધેલાં કર્મોનો નાશ કરવો (9) તે માટે શ્રાવક યથાશક્તિ વ્રત-નિયમને ધારણ કરે છે, માટે શ્રાવક ધર્મ તે સોનું ખરીદવા સમાન છે. સાધુધર્મ તે હીરા ખરીદવા સમાન છે. આમ બંને ધર્મ પણ યથાર્થ મોક્ષમાર્ગ છે.

## ચાલો, પ્રશ્નોત્તર દ્વારા શ્રાવકધર્મની અન્ય વિગતો જાણીએ.

| | |
|---|---|
| **શ્રાવક કોણ થઈ શકે ?** | મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય |
| **શ્રાવકધર્મનું બીજું નામ ?** | દેશવિરતિ ચારિત્ર ધર્મ અથવા સંયમાસંયમ. |
| **ચતુર્વિધ સંઘમાં શ્રાવકનું સ્થાન?** | ત્રીજું |
| **શ્રાવિકાનું સ્થાન ?** | ચોથું |
| **કયા મનુષ્ય શ્રાવક ?** | 15 કર્મભૂમિ (અઢીદ્વીપના) ગર્ભજ મનુષ્ય. |
| **કયા તિર્યંચ શ્રાવક ?** | અઢી દ્વીપ અંદરના અને અઢી દ્વીપની બહારના તિર્યંચ પંચેન્દ્રિય શ્રાવક. |
| **અઢીદ્વીપમાં શ્રાવકો કયા કાળમાં ?** | અવસર્પિણીકાળના 3, 4, 5 આરામાં,ઉત્સર્પિણીકાળના 3,4 આરામાં |
| **મહાવિદેહ ક્ષેત્રમાં કયા કાળમાં ?** | હંમેશાં હોય, શાશ્વતા. |
| **મનુષ્ય શ્રાવકો કેટલા ?** | સંખ્યાતા, |
| **તિર્યંચ શ્રાવકો કેટલા?** | અસંખ્યાતા. |
| **શ્રાવકના વ્રતો કેટલાં ?** | 12 |
| **શ્રાવકના મનોરથ કેટલા ?** | 3 |
| **શ્રાવકનું ગુણસ્થાનક કેટલામું** | 5 મું, |
| **શ્રાવકના અભિગમ કેટલા ?** | 5 |
| **શ્રાવકના ગુણ કેટલા ?** | 21 |
| **શ્રાવકને ઇન્દ્રિય?** | 5 |
| **શ્રાવકની ઉંમર કેટલી?** | મનુષ્યની જઘન્ય 9 વર્ષ, તિર્યંચ શ્રાવકની જઘન્ય અંતર્મુહૂર્તની. બંનેની ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ વર્ષની. |
| **એક કરોડ પૂર્વ વર્ષ એટલે કેટલા ?** | 84 લાખ વર્ષ X 84 લાખ વર્ષ એટલે કે 70,560 અબજ વર્ષ X 1 કરોડ વર્ષ. |

| | |
|---|---|
| **શ્રાવકની અવગાહના કેટલી?** | મનુષ્ય જઘન્ય બે હાથ, ઉ. 500 ધનુષ્ય. તિર્યંચ જ. આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉ.હજાર યોજન. |
| **શ્રાવકમાં જીવના ભેદ કેટલા ?** | 15 કર્મભૂમિ મનુષ્ય + 5 સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એમ 20ના પર્યાપ્તા. |
| **શ્રાવક મરીને ક્યાં જાય ?** | દેવલોકમાં (જ. 1લું, ઉ. 12મું દેવલોક) |
| **શ્રાવકપણું પરભવમાં આવે?** | ના, સાથે ન આવે. |
| **શ્રાવકધર્મની આરાધના ક્યાં સુધી થઈ શકે ?** | જાવજ્જીવ સુધી અને તે પરભવમાં સાથે આવે. |

જ્યારે તીર્થની સ્થાપના થાય, ત્યારે પહેલે જ દિવસે ગણધરો દ્વાદશાંગીની (૧૨ અંગ સૂત્રોની) રચના કરે. તે દ્વાદશાંગીની રચના કરે તે શાશ્વત છે. તીર્થ સ્થાપનાના પહેલે જ દિવસે ૧૨ અંગસૂત્રની ગૂંથણી થાય. પહેલે જ દિવસે સાતમા શ્રી ઉપાશકદશાંગ સૂત્રની ગૂંથણી થઈ ગઈ. આગમોમાં ગણધરો તીર્થંકરે કહેલાં શ્રાવકોના જીવન ગુંથે. પોતાના શાસનના શ્રાવકો તો હવે થવાના હોય માટે આગલા તીર્થંકરના શાસનમાં થયેલા શ્રાવકની નોંધ લે. તીર્થંકરના હ્રદયમાં શ્રાવક... ગણધરોના હૈયામાં શ્રાવક... જિનશાસનમાં શ્રાવક...શ્રાવક માટે એક આખું અલગ આગમ ગુંથન. આ જ વસ્તુ શ્રાવકના શ્રાવકપણાનું મહત્વ બતાવે છે. શ્રાવકના 12 વ્રત ધારવાની પુસ્તકમાંથી યથાશક્તિ વ્રત નિયમ ધારવા.

## શ્રાવકધર્મની સુવર્ણ શિક્ષા

દેહના દર્શન કરાવે અરીસો. આત્માના દર્શન કરાવે આગમ અરીસો.
આગમ અરીસામાં તમે નિહાળો એટલે તમે આત્મસ્વરૂપને નિહાળવાના, આત્મ કલ્યાણનો માર્ગ પામવાના, આત્માને પરમાત્મા બનાવવાના. તો

આવો... આગમના પાને ઝળકતા શ્રાવકધર્મની આરાધના કરેલ શ્રમણોપાસકના જીવનને નિહાળીએ અને આપણી શ્રાવકધર્મની આરાધના તેમના જેવી બનાવવા પ્રેરણા પાન કરીએ.

## શ્રી ઉપાસકદશાંગ સૂત્ર

વાહ રે વાહ ! ભગવાન મહાવીર સ્વામીએ સ્વમુખેથી **કામદેવ શ્રાવકની** દૃઢતાના વખાણ કર્યા...!! "હે આર્યો ! ગૃહસ્થવાસમાં રહી શ્રાવકધર્મનું પાલન કરનાર શ્રાવક પણ દેવતા, મનુષ્ય, તિર્યંચના ઉપસર્ગ સહે છે. ધર્મમાં દૃઢ રહે છે. તો દ્વાદશાંગીના પાઠી સાધુ-સાધ્વીઓ માટે કહેવું જ શું? તેમણે તો ઉપસર્ગ સહન કરવા જ જોઈએ ને!" દૃઢધર્મી બનવાના લાભ કાંઈ જેવા તેવા થોડા છે ? "નિગ્રંથ પ્રવચનમાં સત્ય, તથ્ય અને વાસ્તવિક ભાવોનું પ્રાયશ્ચિત્ત હોતું નથી. માટે ગૌતમ ! આપ પ્રાયશ્ચિત્ત લો." એવું કહી પ્રભુએ **ગૌતમ સ્વામીને** આનંદ શ્રાવકના ઘરે ખમાવવા મોકલ્યા. આનંદ શ્રાવકને તેટલું અવધિજ્ઞાન થયું છે, એ વાતને પ્રભુએ સમર્થન આપ્યું. જો સાધુને મન ક્ષમાપનાના આ મૂલ્યો હોય તો શ્રાવકને માટે ક્ષમાપનાના મૂલ્યો એથી વધે જ ને...!!!

## શ્રી ભગવતી સૂત્ર

શ્રાવકના મુખે પ્રભુનું નામ હોય તે તો સામાન્ય વાત છે પણ પ્રભુના મુખે શ્રાવકોના નામ એ જ અસામાન્ય છે. પ્રભુ પોતાના સ્વમુખેથી ગૌતમ ગણધર આદિને કહે છે, "હે ગૌતમ ! તે કાળે તે સમયે તુંગીયા નામે નગરી હતી. તે **તુંગીયા નગરીમાં** ઘણા શ્રાવકો રહેતા હતા. તે **શ્રાવકો** નવ તત્ત્વના જાણકાર હતા. પુણ્ય-પાપના સ્વરૂપને જાણવામાં કુશળ હતા. દેવોની સહાયતા ન ઇચ્છનાર હતા. ધર્મનો રંગ હાડ અને મિજ્જામાં હતો."

ભગવાનના મુખે અને હૃદયે જે શ્રાવકો વસ્યા,તે તો સંસારસાગર તરી ગયા! પ્રભુ ! કષાયને વશ થતાં શ્રાવકોને આપ બોધ તો આપો જ ને ! પોખલી આદિ શ્રાવકોને બોધ આપતાં ભગવાને કહ્યું કે "તમે શંખ શ્રાવકની હીલના, નિંદા ન કરો. તે ધર્મને વિશે પ્રીતિવાળો અને દૃઢતાવાળો છે."

**શંખ શ્રાવક** ધન્ય છે તમને, તમારો મનુષ્ય ભવ સફળ થઈ ગયો...!

ભગવાને **મંડૂક શ્રાવકને** કહ્યું કે, "હે મંડૂક ! તમે અન્ય તીર્થિઓને ઠીક ઉત્તર આપ્યો. બરાબર ઉત્તર આપ્યો. અરિહંતોની, અરિહંત પ્રરૂપિત ધર્મની આશાતના કરતાં એ અન્યધર્મીઓને તમે નિરૂત્તર કરી દીધાં. વાહ રે વાહ ! જ્ઞાન અને બુદ્ધિ વડે અન્ય તીર્થિઓને હરાવનાર દૃઢધર્મી એ શ્રાવક એકાવતારી બને જ ને...!!

## શ્રી સુખવિપાક સૂત્ર

પ્રભુ ! આપે સ્વમુખેથી **સુબાહુકુમારને** શ્રાવકના બાર વ્રત ધરાવ્યાં જ ને...!! ત્યારે તે સુબાહુકુમારે ભગવાન પાસે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત રૂપી ગૃહસ્થધર્મ સ્વીકાર્યો. કહો એ બાર વ્રતની કિંમત કેટલી.

## શ્રી વહ્નિદશા સૂત્ર

ભગવાન અરિષ્ટનેમિએ બલભદ્ર રાજાના **નિષિધકુમાર આદિ બાર રાજકુમારો**ને પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત ધરાવ્યા.

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રરૂપ અંતિમ દેશનામાં પણ પ્રભુ આપે કહ્યું ને, "શ્રાવક સામાયિક આદિની આરાધના કરતાં થકા પાક્ખીની રાત્રિએ પૌષધવ્રત કરે." દેહને નહીં, આત્માને પોષવાની વાત પ્રભુ જ કરે ને...!

## શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

સાધુના પાંચ મહાવ્રત અને શ્રાવકના પાંચ અણુવ્રતમાં આવતા અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના ગુણલા ગાવામાં પ્રભુએ શું બાકી રાખ્યું ?વાત માત્ર આટલી જ...

સર્વજ્ઞ, સર્વદર્શી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ શ્રાવકધર્મને ચારિત્રધર્મનો એક ભેદ કહ્યો છે. પ્રભુએ સ્વમુખે અનેક ભવ્યાત્માઓને શ્રાવકના બાર વ્રત ધારણ કરાવ્યાં છે. શ્રાવકોના સમ્યક્ત્વના, સમ્યગ્જ્ઞાનના, પ્રિયધર્મતાના, દૃઢધર્મતાના, ઉપસર્ગો મધ્યેની અડગતાના, પડિમાધારણના, અન્ય તીર્થિઓને નિરૂત્તર કરવા સંબંધીના નિરતિચાર આરાધનાના ગુણગ્રામ કરેલા છે, જે ભવ્ય જીવાત્માઓને પ્રેરણાપાન કરાવી રહ્યાં છે.

## ❖ 2. અથ શ્રી નવ તત્ત્વ ❖

વિવેકી સમદેષ્ટિ જીવોએ નવ તત્ત્વ જેવા છે, તેવા તથારૂપ બુદ્ધિ પ્રમાણે ગુરુગમથી ધારવા. તત્ત્વ એટલે વસ્તુનું સાચું સ્વરૂપ તથા જેનું સદાકાળ હોવાપણું છે તે. નવ તત્ત્વના નામ કહે છે : (1) જીવ તત્ત્વ, (2) અજીવ તત્ત્વ, (3) પુણ્ય તત્ત્વ, (4) પાપ તત્ત્વ, (5) આશ્રવ તત્ત્વ, (6) સંવર તત્ત્વ, (7) નિર્જરા તત્ત્વ, (8) બંધ તત્ત્વ, (9) મોક્ષ તત્ત્વ.

### 1.જીવ તત્ત્વ

ચૈતન્ય લક્ષણ, સદા સઉપયોગી, અસંખ્યાત પ્રદેશી, સુખ-દુઃખનો જાણ, સુખ-દુઃખનો વેદક, અરૂપી હોય તેને જીવ કહીએ. અથવા વ્યવહારનયે કરી જે શુભાશુભ કર્મોનો કર્તા, હર્તા તથા ભોક્તા છે અને નિશ્ચયનયે કરી જ્ઞાન, દર્શન તથા ચારિત્રરૂપ નિજગુણોનો જ ભોક્તા છે, તેને જીવ કહીએ. જીવના સ્વરૂપને જીવ તત્ત્વ કહીએ.

### જીવના વિવિધ પ્રકારે ભેદો

| જીવના ભેદ | સંસારી જીવ અપેક્ષા | સંસારી અને સિદ્ધ સર્વ જીવ અપેક્ષા |
|---|---|---|
| 1 | ચૈતન્ય[1] લક્ષણ જીવ | ચૈતન્ય લક્ષણ જીવ |
| 2 | ત્રસ[2] અને સ્થાવર[3] | સંસારી અને સિદ્ધ |
| 3 | સ્ત્રીવેદ[4],પુરુષવેદ,નપુંસકવેદ | ભવસિદ્ધિયા[7],અભવસિદ્ધિયા[૬] નોભવ સિદ્ધિયા નોઅભવ સિદ્ધિયા[૯] |
| 4 | નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ | ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, અવધિદર્શની, કેવળદર્શની |
| 5 | એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય | સજોગી, મનજોગી, વચનજોગી, કાયજોગી, અજોગી. |

[1]જેમ ગોળનો ગુણ મીઠાશ તેમ જીવનો ગુણ ચૈતન્ય. જેમ ગોળ અને મીઠાશ એક તેમ જીવ અને ચૈતન્ય એક, **ચૈતન્ય** તે જ્ઞાન ગુણ.[2]**ત્રસ** એટલે જે જીવો પોતાની મેળે હલનચલન કરી શકે. જે ત્રાસ પામે તે ત્રસ, જે તડકેથી છાંયે જાય, છાંયેથી તડકે જાય તે ત્રસ. [3]**સ્થાવર** એટલે જે જીવો પોતાની મેળે હલનચલન ન કરી શકે. [4]**વેદ** એટલે વિષય અને વિકારનો ઉદય.[5]**ભવ** સિદ્ધિયા એટલે મોક્ષ પામવાની લાયકાતવાળા ભવ્ય જીવો. [6]**અભવ** સિદ્ધિયા એટલે મોક્ષ પામવાની લાયકાત વગરના અભવ્ય જીવો. [7]**નો ભવસિદ્ધિયા**-નોઅભવસિદ્ધિયા એટલે સિદ્ધ ભગવાન

| | | |
|---|---|---|
| 6 | પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય વનસ્પતિકાય, ત્રસકાય | સકષાયી, ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી, લોભકષાયી, અકષાયી. |
| 7 | નારકી, તિર્યંચ, તિર્યંચાણી, મનુષ્ય, મનુષ્યાણી, દેવ, દેવી. | |
| 8 | | સલેશી, કૃષ્ણલેશી, નીલલેશી, કાપોતલેશી, તેજોલેશી, પદ્મલેશી, શુક્લલેશી, અલેશી. |
| 9 | 1 પૃથ્વીકાય, 2 અપકાય, 3 તેઉકાય, 4 વાઉકાય, 5 વનસ્પતિકાય, 6 બેઈન્દ્રિય, 7 તેઈન્દ્રિય, 8 ચૌરેન્દ્રિય, 9 પંચેન્દ્રિય. | |
| 10 | એકેન્દ્રિયથી પંચેન્દ્રિયના અપર્યાપ્તા~ પાંચ અને પર્યાપ્તા પાંચ મળી દશ | |
| 11 | એકેન્દ્રિય,બેઈન્દ્રિય,તેઈન્દ્રિય,ચૌરેન્દ્રિય, નારકી, તિર્યંચ,મનુષ્ય, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક. | |
| 12 | છકાયના અપર્યાપ્તા અને પર્યાપ્તા બાર. | |
| 13 | | છ લેશ્યાના અપર્યાપ્તા, પર્યાપ્તા ૧૨ તથા અલેશી ૧ મળી ૧૩. |

**સંસારી જીવના ચૌદ ભેદ :** (1) સૂક્ષ્મ એકેન્દ્રિય*નો અપર્યાપ્તો, (2) સૂક્ષ્મ એકેન્દ્રિયનો પર્યાપ્તો, (3) બાદર એકેન્દ્રિયનો અપર્યાપ્તો, (4) બાદર એકેન્દ્રિયનો પર્યાપ્તો, (5) બેઈન્દ્રિયનો અપર્યાપ્તો, (6) બેઈન્દ્રિયનો પર્યાપ્તો, (7) તેઈન્દ્રિયનો અપર્યાપ્તો, (8) તેઈન્દ્રિયનો પર્યાપ્તો, (9) ચૌરેન્દ્રિયનો અપર્યાપ્તો, (10) ચૌરેન્દ્રિયનો પર્યાપ્તો, (11) અસંજ્ઞી પંચેન્દ્રિયનો અપર્યાપ્તોx (12) અસંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો,+ (13) સંજ્ઞી પંચેન્દ્રિયનો અપર્યાપ્તો, (14) સંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો.

વ્યવહાર વિસ્તારનયે કરીને જીવના 563 ભેદ છે. નારકીના 14 + તિર્યંચના 48 + મનુષ્યના 303 + દેવના 198 ભેદ = કુલ 563.

## નારકીના 14 ભેદ

**નરક :** જેમને શુભફળ દેવાવાળા કર્મ હાજર નથી તે નરક. જ્યાં જીવ રડે, બૂમ પાડે પરમાધામી દેવ કષ્ટ આપે તે નરક. જેમાંથી સુખરૂપી અર્ક નીકળી ગયો છે અને માત્ર દુ:ખ છે તે નરક.

**સાત નરકના નામ:** (1) ધમા (2) વંશા (3) શિલા (4) અંજણા (5) રિઠ્ઠા (6) મઘા (7) માઘવતી. **તેના ગોત્ર -** (1) રત્નપ્રભા (2) શર્કરાપ્રભા (3) વાલુપ્રભા (4) પંકપ્રભા (5) ધૂમ્રપ્રભા (6) તમસ્ પ્રભા (7) તમસ્તમઃ પ્રભા. એ સાતના અપર્યાપ્તા 7 અને પર્યાપ્તા 7 મળી 14 ભેદ નારકીના કહ્યાં.

**તેના અર્થ:** (1) રત્નપ્રભામાં 16 જાતિના રત્નની બહુલતાવાળી પૃથ્વી છે (2) શર્કરાપ્રભામાં વળાંકવાળા, તીક્ષ્ણ પથ્થરો છે (3) વાલુપ્રભામાં વાલુ (રેતી) છે (4) પંકપ્રભામાં લોહી-માંસના કાદવકીચડ જેવા પુદ્ગલ છે (5) ધૂમ્રપ્રભામાં ધુમાડો છે (6) તમસ્ પ્રભામાં અંધકાર છે (7) તમસ્તમઃપ્રભામાં ઘોર અંધકાર છે.

## સાત નરકનો વિસ્તાર

**પહેલી નરક**નો પિંડ 1,80,000 યોજનનો છે. તેમાંથી એક હજાર યોજનનો દળ ઉપર મૂકીએ ને એક હજાર યોજનનો દળ નીચે મૂકીએ તેની વચ્ચે 1,78,000 યોજનની પોલાણ છે. તે પોલાણમાં 13 પાથડા અને 12 આંતરા છે. ઉપરના બે આંતરા છોડી નીચેના **10 આંતરામાં 10 અસુરકુમાર** આદિ ભવનપતિ દેવો રહે છે. 13 પાથડામાં **30 લાખ નરકાવાસા** છે. સાતેય નરકના દરેક પાથડા **3,000 યોજનના** છે. તેમાં નારકી રહે છે. નારકીને ઉપજવાની અસંખ્યાતી કુંભીઓ છે. અસંખ્યાતા નારકી છે. પ્રથમ નરકના તેરમા પાથડાની નીચે ચાર બોલ છે. (1) 20,000 યોજનનો **ઘનોદધિ** (બરફ જેવું ઘન પાણી) છે, (2) અસંખ્ય યોજનનો **ઘનવાત** (વધુ ઘનતાવાળો ભારે વાયુ, જેમ રસોડામાં વપરાતા ગૅસના બાટલાનો ગૅસ) છે, (3) અસંખ્ય યોજનનો **તનવાત** (ઓછી ઘનતાવાળો હલકો વાયુ, જેમ

---

[8]**લેશ્યા** એટલે કષાય અને યોગની પ્રવૃત્તિથી ઉદ્ભવતા આત્માના શુભ-અશુભપરિણામ. જેના દ્વારા આત્મા કર્મોથી લેપાય છે તે લેશ્યા. [9]**અપર્યાપ્તા :** એટલે જે જીવને જેટલી પર્યાપ્તિ બાંધવાની હોય તેટલી પૂર્ણ બાંધી ન લે ત્યાં સુધી તેને અપર્યાપ્તા કહે છે. [10]**પર્યાપ્તા :** એટલે જે જીવને જેટલી પર્યાપ્તિ બાંધવાની હોય તેટલી પૂરેપૂરી બાંધી લે પછી તેને પર્યાપ્તા કહે છે.

***સૂક્ષ્મ એકેન્દ્રિયમાં** સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મ અપકાય, સૂક્ષ્મ તેઉકાય, સૂક્ષ્મ વાઉકાય, સૂક્ષ્મ વનસ્પતિકાયનો સમાવેશ થાય છે. તેવી જ રીતે બાદર એકેન્દ્રિયમાં સમજવું. નિગોદમાં સૂક્ષ્મ વનસ્પતિ અને સાધારણ વનસ્પતિના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ચાર ભેદનો સમાવેશ થાય છે. [x]**અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં** અસંજ્ઞી નારકી, સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય, અસંજ્ઞી દેવનો સમાવેશ થાય છે. [+]**અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં** સંમૂર્ચ્છિમ જળચર, સ્થળચર, ઉરપર, ભૂજપર, ખેચર એ પાંચ તિર્યંચ પંચેન્દ્રિયનો સમાવેશ થાય છે.

ગૅસના ફુગ્ગાની હવા) છે. (4) અસંખ્ય યોજનનું **આકાશ** છે. (ઘનવાત અને તનવાત કરતાં જુદા પ્રકારનો વાયુ છે. પરંતુ આકાશાસ્તિકાય દ્રવ્ય નહીં.)

**પાથડા** : એટલે પ્રતર. બિલ્ડિંગના માળના સ્લેબ સમાન ભાગ કરનારા.

**આંતરા** : બે પાથડા વચ્ચેનો ભાગ. પાથડા કરતાં જુદા પ્રકારની પૃથ્વી. આંતરા એ પોલાણ નથી.

પ્રથમ નરકની નીચે ક્રમથી બીજીથી સાતમી નરક છે. તે સર્વ નરકની નીચે પહેલી નરકમાં કહ્યાં તે ચાર બોલ છે. તે નરકના આંતરા ખાલી છે. સાતમી નરકમાં 52,500 યોજન દળ ઉપર નીચે મૂકીએ તો વચ્ચે 3,000 યોજન પોલાણ છે. સાતમી નરકની નીચે અસંખ્યાતા યોજનનું આકાશ લોકના છેડા સુધી છે, ત્યારબાદ અનંતો અલોક છે. અન્ય વિગતો નીચે પ્રમાણે છે.

## સાત નરકની વિગતનું કોષ્ટક

| નરક | પિંડ (યોજન) | પોલાણ (યોજન) | પાથડા | આંતરા | નરકાવાસા |
|---|---|---|---|---|---|
| 1 | 1,80,000 | 1,78,000 | 13 | 12 | 30 લાખ |
| 2 | 1,32,000 | 1,30,000 | 11 | 10 | 25 લાખ |
| 3 | 1,28,000 | 1,26,000 | 9 | 8 | 15 લાખ |
| 4 | 1,20,000 | 1,18,000 | 7 | 6 | 10 લાખ |
| 5 | 1,18,000 | 1,16,000 | 5 | 4 | 3 લાખ |
| 6 | 1,16,000 | 1,14,000 | 3 | 2 | 99,995 |
| 7 | 1,08,000 | 3,000 | 1 | 0 | 5 |
| | | | કુલ | નરકાવાસા | 84 લાખ |

## તિર્યંચના 48 ભેદ

જે તિર્છું ચાલે, જેની તિર્છી વૃદ્ધિ થાય, તે તિર્યંચ છે.

**એકેન્દ્રિય (સ્થાવર) તિર્યંચના 22 ભેદ :**

| | |
|---|---|
| (1) સૂક્ષ્મ પૃથ્વીકાયના અપર્યાપ્તા, પર્યાપ્તા. બાદર પૃથ્વીકાયના અપર્યાપ્તા, પર્યાપ્તા | 4 |
| (2) સૂક્ષ્મ અપકાયના અપર્યાપ્તા, પર્યાપ્તા. બાદર અપકાયના અપર્યાપ્તા, પર્યાપ્તા | +4 |
| (3) સૂક્ષ્મ તેઉકાયના અપર્યાપ્તા, પર્યાપ્તા. બાદર તેઉકાયના અપર્યાપ્તા, પર્યાપ્તા | +4 |
| (4)સૂક્ષ્મ વાઉકાયના અપર્યાપ્તા, પર્યાપ્તા. બાદર વાઉકાયના અપર્યાપ્તા, પર્યાપ્તા | +4 |
| (5)વનસ્પતિકાયના સૂક્ષ્મ, પ્રત્યેક અને સાધારણ એ ત્રણેના અપર્યાપ્તા, પર્યાપ્તા | 6 |

**વિકલેન્દ્રિયના 6 ભેદ :**

| | |
|---|---|
| 1.બેઈન્દ્રિય, ૨. તેઈન્દ્રિય, ૩. ચૌરેન્દ્રિય એ ત્રણના અપર્યાપ્તા,પર્યાપ્તા | 6 |

**તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦ ભેદ :**

| | |
|---|---|
| (1)ગર્ભજ જલચર અપર્યાપ્તા, પર્યાપ્તા, સંમૂર્ચ્છિમ જલચર અપર્યાપ્તા, પર્યાપ્તા | 4 |
| (2)ગર્ભજ સ્થળચર અપર્યાપ્તા, પર્યાપ્તા, સંમૂર્ચ્છિમ સ્થળચર અપર્યાપ્તા, પર્યાપ્તા | +4 |
| (3) ગર્ભજ ઉરપર અપર્યાપ્તા, પર્યાપ્તા, સંમૂર્ચ્છિમ ઉરપર અપર્યાપ્તા, પર્યાપ્તા | +4 |
| (4) ગર્ભજ ભૂજપર અપર્યાપ્તા પર્યાપ્તા, સંમૂર્ચ્છિમ ભૂજપર અપર્યાપ્તા, પર્યાપ્તા | +4 |
| (5)ગર્ભજ ખેચર અપર્યાપ્તા, પર્યાપ્તા, સંમૂર્ચ્છિમ ખેચર અપર્યાપ્તા, પર્યાપ્તા | +4 |

**તિર્યંચના કુલ ભેદ 22 + 6 + 20 = 48**

## મનુષ્યના ૩૦૩ ભેદ

**જે મનન કરી શકે છે, તે મનુષ્ય છે.**

15 કર્મભૂમિના મનુષ્ય, 30 અકર્મભૂમિના મનુષ્ય, 56 અંતરદ્વીપના મનુષ્ય એમ 101 થાય. તે ક્ષેત્રના ગર્ભજ મનુષ્યના અપર્યાપ્તા 101 + ગર્ભજ મનુષ્યના પર્યાપ્તા 101 એમ 202 + 101 ક્ષેત્રના સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા = કુલ 303 ભેદ થાય.

**કર્મભૂમિ એટલે શું?** (1)અસિ (શસ્ત્ર ચલાવવા), (2) મસિ (કલમ ચલાવવી, વ્યાપાર કરવો), (3) કૃષિ (ખેતી કરવી), એ ત્રણ પ્રકારના વેપારે કરી જીવે તે.

જેમાં મોક્ષમાર્ગને જાણનારા, તેનો ઉપદેશ કરનારા તીર્થંકર આદિ ઉત્પન્ન થઈ શકે છે, તેને કર્મભૂમિ કહે છે.

તે કર્મભૂમિના ક્ષેત્ર કેટલાં અને કયાં છે ? 5 ભરત, 5 ઈરવત અને 5 મહાવિદેહ એ 15 કર્મભૂમિના ક્ષેત્ર છે. મધ્યલોકમાં એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે. (તે થાળીના આકારે ગોળ છે તથા બાકીના અસંખ્ય દ્વીપ સમુદ્ર બંગડીને આકારે ગોળ છે.) તેમાં 1 ભરત, 1 ઈરવત અને 1 મહાવિદેહ એ કર્મભૂમિના ત્રણ ક્ષેત્ર જંબૂદ્વીપમાં છે.

તેને ફરતો બે લાખ યોજનનો લવણસમુદ્ર છે. તેને ફરતો ચાર લાખ યોજનનો ધાતકીખંડ દ્વીપ છે, તેમાં 2 ભરત, 2 ઈરવત અને 2 મહાવિદેહ એમ 6 ક્ષેત્ર છે.

તેને ફરતો આઠ લાખ યોજનનો કાળોદધિ સમુદ્ર છે. તેને ફરતો આઠ લાખ યોજનનો અર્ધ પુષ્કર દ્વીપ છે. તેમાં 2 ભરત, 2 ઈરવત અને 2 મહાવિદેહ એમ 6 ક્ષેત્ર છે.

તેથી જંબૂદ્વીપમાં 3 + ધાતકીખંડમાં 6 + અર્ધપુષ્કરદ્વીપમાં 6 એમ પંદર કર્મભૂમિના મનુષ્યના ક્ષેત્રો છે.

**અકર્મભૂમિ એટલે શું?** તે ત્રણ કર્મ - વ્યાપાર રહિત, દશ પ્રકારના કલ્પવૃક્ષે કરી જીવન જીવે. 5 હેમવય, 5 હિરણ્યવય, 5 હરિવાસ, 5 રમ્યક્વાસ, 5 દેવકુરુ, 5 ઉત્તરકુરુ, એ ત્રીસ અકર્મભૂમિના નામ છે.

તેમાંથી 1 હેમવય, 1 હિરણ્યવય, 1 હરિવાસ, 1 રમ્યક્વાસ, 1 દેવકુરુ, 1 ઉત્તરકુરુ, એ છ ક્ષેત્ર જંબૂદ્વીપમાં છે.

2 હેમવય, 2 હિરણ્યવય, 2 હરિવાસ, 2 રમ્યક્વાસ, 2 દેવકુરુ, 2 ઉત્તરકુરુ, એ 12 ક્ષેત્ર ધાતકીખંડ દ્વીપમાં છે.

2 હેમવય, 2 હિરણવય, 2 હરિવાસ, 2 રમ્યક્વાસ, 2 દેવકુરુ, 2 ઉત્તરકુરુ, એ 12 ક્ષેત્ર અર્ધપુષ્કર દ્વીપમાં છે. એ સર્વ મળી કુલ 30 અકર્મભૂમિના મનુષ્યના ક્ષેત્રો છે.

## અંતરદ્વીપના મનુષ્યના 56 ભેદ

**અંતરદ્વીપના** મનુષ્ય એટલે શું ? ચારે બાજુ સમુદ્ર અને વચ્ચે જમીન હોય તે દ્વીપ. એક દ્વીપના આંતરે બીજો દ્વીપ હોય તે અંતરદ્વીપ.

લવણસમુદ્રની મધ્યમાં રહેતા હોવાથી અથવા પરસ્પર બે દ્વીપ વચ્ચે અંતર હોવાથી અંતરદ્વીપના મનુષ્ય કહીએ. અકર્મભૂમિ અને અંતરદ્વીપના સર્વ મનુષ્યો જુગલિયા હોય છે.

જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રની મર્યાદા કરનારો **ચુલ હિમવંત** નામે પર્વત છે. તે સોના જેવો પીળો છે. તેને પૂર્વ પશ્ચિમને છેડે ચુલહિમવંત પર્વતની બંને બાજુએથી લવણસમુદ્રમાં આંતરે-આંતરે 7 દ્વીપો આવેલા છે. સાતમા અંતરદ્વીપનો છેડો ચુલહિમવંત પર્વતના છેડાથી 8,400 યોજન દૂર આવેલો છે. આ રીતે એક પર્વતના ચાર છેડે સાત-સાત આંતરે-આંતરે દ્વીપો છે. કુલ 28 દ્વીપો છે. બધાં દ્વીપો સ્વતંત્ર છે જોડાયેલા નથી. બધાં અંતરદ્વીપો થાળીના આકારે ગોળ છે.

**તે અંતરદ્વીપ ક્યાં છે ?**

જગતિની કોટથકી 300 યોજન લવણસમુદ્રમાં જઈએ, ત્યારે પહેલો અંતરદ્વીપ આવે; તે 300 જોજનનો લાંબો, પહોળો, ગોળ છે.

પહેલા અંતરદ્વીપથી 400 યોજન દૂર બીજો અંતરદ્વીપ આવે; તે 400 યોજનનો લાંબો-પહોળો છે. બીજા અંતરદ્વીપથી 500 યોજન દૂર ત્રીજો અંતરદ્વીપ આવે; તે 500 યોજનનો લાંબો-પહોળો છે. ત્રીજા અંતરદ્વીપથી 600 યોજન દૂર ચોથો અંતરદ્વીપ આવે; તે 600 યોજનનો લાંબો-પહોળો છે. ચોથા અંતરદ્વીપથી 700 યોજન દૂર પાંચમો અંતરદ્વીપ આવે; તે 700 યોજનનો લાંબો-પહોળો છે. પાંચમા અંતરદ્વીપથી 800 યોજન દૂર છઠ્ઠો અંતરદ્વીપ આવે; તે 800 યોજનનો લાંબો-પહોળો છે. છઠ્ઠા અંતરદ્વીપથી 900 યોજન દૂર સાતમો અંતરદ્વીપ આવે; તે 900 યોજનનો લાંબો-પહોળો છે. એમ બંને બાજુ સાત-સાત અંતરદ્વીપ આવે, કુલ ચારે તરફ મળી 28 અંતરદ્વીપ જાણવા.

આવી જ રીતે ઈરવત ક્ષેત્રની મર્યાદા કરનારો શિખરી નામે પર્વત છે. તે ચુલહિમવંત સમાન જ છે. ત્યાં પણ ઉપર પ્રમાણે 28 અંતરદ્વીપ છે. એમ કુલ 56 અંતરદ્વીપ છે.

**101 ક્ષેત્રના સંમૂર્ચ્છિમ મનુષ્ય, 101 ગર્ભજ મનુષ્યોની અશૂચિના 14 સ્થાનમાં ઊપજે છે. (તે સ્થાન પ્રતિક્રમણના 14 સ્થાનના સંમૂર્ચ્છિમ મનુષ્યના પાઠ પ્રમાણે જાણવા.)**

## કર્મભૂમિના 15 અને અકર્મભૂમિના 30 ક્ષેત્રોનું કોષ્ટક

| ક્ષેત્રનું નામ | ભરત | ઈર-વત | મહા-વિદેહ | **કુલ કર્મ.** | હેમ-વય. | હિરણ્ય-વય | હરિ-વાસ | રમ્યક્ વાસ | દેવ-કુરુ | ઉત્તર કુરુ | **કુલ અકર્મ** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જંબૂદ્વીપમાં | 1 | 1 | 1 | **3** | 1 | 1 | 1 | 1 | 1 | 1 | **6** |
| ઘાતકીખંડમાં | 2 | 2 | 2 | **6** | 2 | 2 | 2 | 2 | 2 | 2 | **12** |
| અર્ધપુષ્કરમાં | 2 | 2 | 2 | **6** | 2 | 2 | 2 | 2 | 2 | 2 | **12** |
| કુલ ક્ષેત્ર | 5 | 5 | 5 | **15** | 5 | 5 | 5 | 5 | 5 | 5 | **30** |

## મનુષ્યના 303 ભેદની સમજણ આપતું કોષ્ટક

| ભેદ ક્ષેત્રનું નામ | ભરત ભેદ | ઈર-વત ભેદ | મહા-વિદેહ ભેદ | કુલ કર્મ ભેદ | હેમ-વય ભેદ | હિરણ્ય-વય ભેદ | હરિ-વાસ ભેદ | રમ્યક્ વાસ ભેદ | દેવ-કુરુ ભેદ | ઉત્તર કુરુ ભેદ | **કુલ અકર્મ ભેદ** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જંબૂદ્વીપમાં | 3 | 3 | 3 | **9** | 3 | 3 | 3 | 3 | 3 | 3 | 18 |
| ઘાતકીખંડમાં | 6 | 6 | 6 | **18** | 6 | 6 | 6 | 6 | 6 | 6 | **36** |
| અર્ધપુષ્કરમાં | 6 | 6 | 6 | **18** | 6 | 6 | 6 | 6 | 6 | 6 | **36** |
| કુલ ક્ષેત્ર | 15 | 15 | 15 | **45** | 15 | 15 | 15 | 15 | 15 | 15 | **90** |

- કર્મભૂમિના મનુષ્યના 15 ×3 = 45
- અકર્મભૂમિના મનુષ્યના ભેદ 30 ×3 = 90
- તથા લવણસમુદ્રમાં અંતરદ્વીપના ક્ષેત્ર 56 × 3 = 168
- મનુષ્યના કુલ ભેદ 101 × 3 = 303 ક્ષેત્ર

↓ **પર્યા. અપર્યા. સમું.**

## દેવતાના 198 ભેદ

**દેવ :** જે દિવ્ય ઋદ્ધિ ભોગવે છે, તે દેવ છે. જેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મહેલ, વૈક્રિય લબ્ધિ વગેરે દિવ્ય હોય તે દેવ. જે યથેચ્છ ક્રીડા કરે તે દેવ.

**ભવનપતિના 25 ભેદ : 10 ભવનપતિ + 15 પરમાધામી.**

**10 ભવનપતિના નામ :** (1) અસુરકુમાર, (2) નાગકુમાર, (3) સુપર્ણકુમાર, (4) વિદ્યુતકુમાર, (5) અગ્નિકુમાર, (6) દ્વીપકુમાર, (7) ઉદધિકુમાર, (8)

દિશાકુમાર, (9) વાયુ (પવન) કુમાર, (10) સ્તનિતકુમાર. આ દેવો ભવન કે આવાસમાં રહેતા હોવાથી **ભવનપતિ** કહેવાય.

**15 પરમાધામીના નામ :** (1) અંબ, (2) અંબરિસ, (3) સામ, (4) સબલ, (5) રુદ્ર, (6) વૈરુદ્ર, (7) કાળ, (8) મહાકાળ, (9) અસિપત્ર, (10) ધનુષ્ય, (11) કુંભ, (12) વાલુ, (13) વૈતરણી, (14) ખરસ્વર, (15) મહાઘોષ, ઘોર પાપ આચરણ કરવાવાળા, ક્રૂર પરિણામવાળા, પરમ અધાર્મિક દેવોને **પરમાધામી** કહે છે.

**વાણવ્યંતરના 26 ભેદ : 16 વ્યંતર + 10 જૃંભક**

**16 વાણવ્યંતરના નામ :** (1) પિશાચ, (2) ભૂત, (3) યક્ષ, (4) રાક્ષસ (5) કિન્નર, (6) કિંપુરૂષ, (7) મહોરગ, (8) ગંધર્વ, (9) આણપન્ની, (10) પાણપન્ની, (11) ઈસીવાઈ, (12) ભુઈવાઈ, (13) કંદિય, (14) મહાકંદિય, (15) કોહંડ, (16) પયંગદેવ. જે દેવ વનોના અંતર(જગ્યા)માં રહે અથવા પર્વત, ગુફા, વનખંડ વગેરે જગ્યામાં રહે છે, હરવાફરવાની રુચિવાળા છે તેમને **વાણવ્યંતર** કહે છે.

**10. જૃંભકના નામ :** (1) આણજૃંભકા, (2) પાણજૃંભકા, (3) લયણજૃંભકા (4) સયણજૃંભકા, (5) વત્થજૃંભકા, (6) પુષ્પજૃંભકા, (7) ફળજૃંભકા, (8) બીયજૃંભકા, (9) વિજ્જુજૃંભકા (વિદ્યુત/અગ્નિ), (10) અવિયતજૃંભકા (ઘરવખરી). નિરંતર ક્રીડામાં લીન રહે તેવા દેવ તે **જૃંભકા** છે. **જૃંભકા** એટલે માલિક દેવો.

## જ્યોતિષીના ૧૦ ભેદ

**10 જ્યોતિષીના નામ :** (1) ચંદ્ર, (2) સૂર્ય, (3) ગ્રહ, (4) નક્ષત્ર (5) તારા, એ પાંચ ચર (ફરતાં) તે અઢીદ્વીપમાં છે અને એ જ નામના બીજા પાંચ સ્થિર તે અઢીદ્વીપ બહાર છે, એમ કુલ 10 ભેદ. પ્રકાશ કરનારા દેવો હોવાથી **જ્યોતિષી** દેવો કહેવાય છે.

**વૈમાનિકના 38 ભેદ : 12 દેવલોક + 3 કિલ્વિષિક + 9 લોકાંતિક + 9 ગ્રૈવેયક + 5 અનુત્તર વિમાન**

**12 દેવલોકના નામ:** (1) સુધર્મા, (2) ઈશાન, (3) સનતકુમાર, (4) માહેન્દ્ર (5) બ્રહ્મલોક, (6) લાંતક, (7) મહાશુક્ર, (8) સહસ્ત્રાર, (9) આણત, (10)પ્રાણત,

(11) આરણ (12) અચ્યુત. આ દેવ વિમાનમાં રહેવાવાળા હોવાથી **વૈમાનિક દેવ** કહેવાય છે.

**3 કિલ્વિષિકના નામ** (1) ત્રણ પલીયા, (2) ત્રણ સાગરીયા, (3) તેર સાગરીયા, તીર્થંકરની આશાતના કરવાવાળા, ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાવાળા જીવો આવા દેવ બને છે.

**9 લોકાંતિકના નામ :** (1) સારસ્વત, (2) આદિત્ય, (3) વન્હિ (4) વરુણ, (5) ગર્દતોયા, (6)તોષિયા,(7)અવ્યાબાધા, (8) અગિચ્ચા, (9) રિઠા. બ્રહ્મદેવલોકના અંત ભાગમાં રહેવાવાળા હોવાથી **લોકાંતિક** કહેવાય છે.

**9 ગ્રૈવેયકના નામ** : (1) ભદ્દે, (2) સુભદ્દે, (3) સુજાએ, (4) સુમાણસે, (5) પ્રિયદંસણે, (6) સુદંસણે, (7) આમોહે, (8) સુપડિબદ્ધે, (9) જશોધરે. કમર પર હાથ રાખીને ઊભા પુરુષને આકારે લોકને કલ્પતાં તેમાં પુરુષની ગ્રીવા(ડોક)ના સ્થાને જે દેવ વિમાનો છે તે **ગ્રૈવેયક** છે.

**5 અનુત્તર વિમાનના નામ :** (1) વિજય, (2) વિજયંત, (3) જયંત, (4) અપરાજિત, (5) સર્વાર્થસિદ્ધ. આ વિમાનમાં રહેવાવાળા દેવોના ઈન્દ્રિય વિષયો શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ વગેરે સર્વમાં શ્રેષ્ઠ હોય છે માટે **અનુત્તર** દેવો કહેવાય છે.

**આમ ભવનપતિના 25 + વાણવ્યંતરના 26 + જ્યોતિષીના 10 + વૈમાનિકના 38 = 99 દેવના અપર્યાપ્તા અને 99 દેવના પર્યાપ્તા કુલ મળીને 198 ભેદ થાય.**

જડ લક્ષણ, ચૈતન્ય રહિત હોય તેને અજીવ કહીએ. અજીવનું સ્વરૂપ તે **અજીવ તત્ત્વ.**

---

**માત્ર જાણકારી માટે : પ્રશ્નો પૂછાશે નહીં.**

(1) અધોલોકમાં પ્રથમ નરકના ત્રીજાથી બારમા આંતરામાં 10 **ભવનપતિ** દેવો રહે છે. તેમાં ત્રીજા આંતરામાં અસુરકુમારની સાથે પંદર **પરમાધામી** દેવો પણ રહે છે. (2) સમપૃથ્વીથી નીચે પહેલી નરકનો 1,000 યોજનનો ઉપરનો દળ છે તેમાં 100 યોજન ઉપર અને 100 યોજન નીચે મૂકતાં વચ્ચે 800 યોજન દળમાં વાણવ્યંતર દેવોના નગર છે. (3) તે ઉપરના 100 યોજનમાં 10 યોજન દળ ઉપર અને 10 યોજન દળ નીચે મૂકતાં વચ્ચેના 80 યોજનમાં જૃંભક દેવો રહે છે. (4) જ્યોતિષી દેવો સમપૃથ્વીથી 790 યોજનથી 900 યોજન સુધી ઊંચપણે મેરુ પર્વતની ફરતે રહેલાં છે. તે તિર્ચ્છાલોકમાં છે. (5) વૈમાનિક દેવો ઊર્ધ્વલોકમાં છે. (6) 1લું કિલ્વિષિક પહેલા અને બીજા દેવલોકની નીચે, બીજું કિલ્વિષિક ત્રીજા અને ચોથા દેવલોકની નીચે તથા ત્રીજું કિલ્વિષિક પાંચમા અને છટ્ઠા દેવલોકની નીચે છે. (7) પાંચમા દેવલોક પાસે ત્રસનાડીને છેડે **9 લોકાંતિક દેવો રહે છે.**

## 2 અજીવ તત્ત્વ

**અજીવ તત્ત્વના 14 ભેદ કહે છે :**

1 ધર્માસ્તિકાયનો સ્કંધ, 2 સ્કંધદેશ★, 3 સ્કંધપ્રદેશ, +3
4 અધર્માસ્તિકાયનો સ્કંધ, 5 સ્કંધદેશ, 6 સ્કંધપ્રદેશ, +3
7 આકાશાસ્તિકાયનો સ્કંધ, 8 સ્કંધદેશ, 9 સ્કંધપ્રદેશ +3
10 અદ્ધાસમયકાળ. +1
એ 10 ભેદ અરૂપી અજીવના છે.
11 પુદ્ગલાસ્તિકાયના સ્કંધ, 12 દેશ, 13 પ્રદેશ, 14 પરમાણુ પુદ્ગલ એ ચાર ભેદ રૂપી અજીવના છે. કુલ મળી અજીવના 14 ભેદ થયા.

## વ્યવહાર વિસ્તાર નયે કરી અજીવના 560 ભેદ

**30 ભેદ અરૂપી અજીવના: ધર્માસ્તિકાયના પાંચ:** (1) ધર્માસ્તિકાય દ્રવ્યથકી એક, (2) ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે, (3) કાળથકી અનાદિઅનંત, (4) ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, (અરૂપી), (5) ગુણથકી ચલણસહાય. **અધર્માસ્તિકાયના પાંચ** : (6) અધર્માસ્તિકાય દ્રવ્યથકી એક, (7) ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે, (8) કાળથકી અનાદિઅનંત, (9) ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, (અરૂપી), (10) ગુણથકી સ્થિરસહાય.
**આકાશાસ્તિકાયના પાંચ :** (11) આકાશાસ્તિકાય દ્રવ્યથકી એક, (12) ક્ષેત્રથકી લોકાલોક પ્રમાણે, (13) કાળથકી અનાદિઅનંત, (14) ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, (અરૂપી), (15) ગુણથકી અવગાહના દાન.
**કાળ+ના પાંચ :** (16) કાળ દ્રવ્યથકી અનંત, (17) ક્ષેત્રથકી અઢીદ્વીપ પ્રમાણે, (18) કાળથકી અનાદિઅનંત*, (19) ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, (અરૂપી), (20) ગુણથકી વર્તના લક્ષણ. એ 20 અને ઉપર જે અરૂપી અજીવના 10 ભેદ કહ્યાં **તે મળી કુલ 30 ભેદ છે.**

---

ધર્મ, અધર્મ, આકાશાસ્તિકાયના દેશ અને પ્રદેશ એ સ્કંધથી જુદા થઈ શકતા નથી માટે એને સ્કંધદેશ, સ્કંધપ્રદેશ એમ કહેલ છે. જયારે પુદ્ગલાસ્તિકાયના જુદા પડી શકે છે.

# 530 ભેદ રૂપી અજીવના

પુદ્ગલમાં **વર્ણ** પાંચ - (1) કાળો, (2) નીલો (લીલો), (3) રાતો, (4) પીળો, (5) ધોળો. એકેકા વર્ણમાં અન્ય ચાર વર્ણ ન લાભે તે સિવાય વીસ-વીસ ભેદ લાભે, તે 2 ગંધ, 5 રસ, 5 સંઠાણ, 8 સ્પર્શ. તેથી 5 x 20 = **100 ભેદ.**

**ગંધ બે** - (1) સુરભિગંધ, (2) દુરભિગંધ, એકેકી ગંધમાં અન્ય ગંધ ન લાભે. તે સિવાય 23-23 ભેદ લાભે, તે 5 વર્ણ, 5 રસ, 5 સંઠાણ, 8 સ્પર્શ તેથી 2 x 23 = **46 ભેદ.**

**રસ પાંચ** - (1) તીખો, (2) કડવો, (3) કસાયેલો, (4) ખાટો, (5) મીઠો. એકેકા રસમાં અન્ય ચાર રસ ન લાભે. તે સિવાય વીસ-વીસ ભેદ લાભે, 5 વર્ણ, 2 ગંધ, 5 સંઠાણ, 8 સ્પર્શ. તેથી 5 x 20 = **100 ભેદ.**

**સંઠાણ (આકાર) પાંચ** - (1) પરિમંડળ (ચૂડીના આકારે), (2) વટ્ટ (વર્તુળ લાડવા જેવું), (3) ત્રંસ (ત્રિકોણ), (4) ચઉરંસ (ચોરસ), (5) આયાત (લાકડી જેવું). એકેકા સંઠાણમાં અન્ય ચાર સંઠાણ ન લાભે. તે સિવાય વીસ-વીસ ભેદ લાભે, તે 5 વર્ણ, 2 ગંધ, 5 રસ, 8 સ્પર્શ. તેથી 5 x 20 = **100** ભેદ.

**સ્પર્શ આઠ** - (1) ખરખરો, (2) સુંવાળો, (3) ભારે, (4) હળવો, (5) ટાઢો, (6) ઊનો, (7) ચોપડ્યો, (8) લૂખો. એકેકા સ્પર્શમાં તેનો વિરોધી એક સ્પર્શ ન લાભે અન્ય છ સ્પર્શ લાભે. એમ કુલ 23 ભેદ લાભે, તે 5 વર્ણ, 2 ગંધ, 5 રસ, 5 સંઠાણ, 6 સ્પર્શ. ખરખરામાં ખરખરોને સુંવાળો એમ બબ્બે સ્પર્શ વર્જવા. તેથી 23 x 8 = **184.**

આમ, **100 + 46 + 100 + 100 + 184 સર્વ મળીને રૂપી અજીવના 530 ભેદ + 30 ભેદ અરૂપી અજીવના = 560 ભેદ અજીવના જાણવા.**

---

**સ્કંધ, દેશ, પ્રદેશની સમજણ :**
પ્રદેશોના સમૂહને અસ્તિકાય કહે છે. અખંડ દ્રવ્યરૂપ આખા પદાર્થને અથવા અનંત આદિ પરમાણુના મળેલા સમૂહને સ્કંધ કહે છે. સ્કંધનો કેટલોક ભાગ જેનો સ્કંધની સાથે જોડાયેલ હોય તેને દેશ કહે છે. જે સ્કંધનો અવિભાજ્ય અંશ-જેના બે ભાગ ન થાય તેવો છતાં જે સ્કંધમાં જ જોડાયેલ હોય તેને પ્રદેશ કહે છે અને તે જ પ્રદેશ જો સ્કંધથી છૂટો પડે કે જેના કેવળીની દ્રષ્ટિએ એક ભાગના બે ભાગ થઈ શકે નહીં, તેને **પરમાણુ** કહે છે.

+ કાળને અસ્તિકાય નથી, કારણ દરેક સમયનો કાળ અલગ-અલગ છે. ભૂતકાળ નષ્ટ થઈ ગયો. ભવિષ્યકાળ ઉત્પન્ન થયો નથી. વર્તમાન માત્ર એક સમયનો છે. પરંતુ આ એક સમયનો કાળ અનંતા જીવો અને અનંતા દ્રવ્યો પર એકસાથે વર્તે છે, અસર કરે છે, માટે કાળ દ્રવ્યથી અનંત છે.

❁ **અનાદિ અનંત :** જેની શરૂઆત (આદિ) નથી અને અંત (છેડો) પણ નથી.

## 3. પુણ્યતત્ત્વ

શુભ કમાણીએ કરી, શુભ કર્મના ઉદયે કરી, જેના ફળ આત્માને ભોગવતાં મીઠાં લાગે, તેને પુણ્ય કહીએ. **અથવા** જેણે કરી શુભ કર્મના પુણ્યનો સંચય તથા ઉદય થવાથી સુખનો અનુભવ થાય છે, તેને પુણ્ય કહીએ. તેના સ્વરૂપને પુણ્યતત્ત્વ કહીએ.

**નવ ભેદે પુણ્ય બંધાય છે.** (1) **અન્નપુન્ને** : અન્ન દેવાથી પુણ્ય બંધાય. (2) **પાણપુન્ને** : પાણી દેવાથી પુણ્ય બંધાય. (3) **લયણપુન્ને** : જગ્યા, સ્થાન દેવાથી પુણ્ય બંધાય. (4) **સયણપુન્ને** : શય્યા, પાટ, પાટલા વગેરે દેવાથી પુણ્ય બંધાય. (5) **વત્થપુન્ને** : વસ્ત્ર દેવાથી પુણ્ય બંધાય. (6) **મનપુન્ને** : મનને શુભ રાખવાથી પુણ્ય બંધાય. (7) **વચનપુન્ને** : શુભ વચન બોલવાથી પુણ્ય બંધાય.
(8) **કાયપુન્ને :** કાયાથી શુભ પ્રવૃત્તિ કરવાથી પુણ્ય બંધાય.
(9) **નમસ્કારપુન્ને** : ગુણીજનોને નમસ્કાર કરવાથી પુણ્ય બંધાય.

## પુણ્યતત્ત્વના શુભ ફળ 42 ભેદે ભોગવે

**વેદનીય કર્મના ઉદયે 1 ભેદ: (1) શાતા વેદનીય** - શાતાનો અનુભવ કરાવે.
**આયુષ્ય કર્મના ઉદયે 3 ભેદ : (2) દેવનું આયુષ્ય. (3) મનુષ્યનું આયુષ્ય. (4) તિર્યંચનું આયુષ્ય (જુગલિયા અપેક્ષા).**
**નામ કર્મના ઉદયે 37 ભેદ : (5) દેવની ગતિ. (6) મનુષ્યની ગતિ. (7) પંચેન્દ્રિયની જાતિ. (8) ઔદારિક શરીર :** તે સડી જાય, પડી જાય, વિણસી

---

**પાંચ દ્રવ્યોની દ્રષ્ટાંતથી સમજણ :**
(1)જીવ અને પદ્ગલ જેના વડે ગતિ કરી શકે છે, તે **ધર્માસ્તિકાય**. દા.ત. જેમ માછલાંને ગતિ કરતાં પાણીનો આધાર અને પાંગળાને લાકડીનો આધાર. (2) જીવ અને પુદ્ગલ જેના વડે સ્થિર થઈ શકે, તે **અધર્માસ્તિકાય**. દા.ત. જેમ થાકેલા મુસાફરને છાંયો સ્થિર થવામાં ઉપકારક નીવડે છે. (3) જે બધાં દ્રવ્યોને ખાલી જગ્યા, આકાશ આપે, તે **આકાશાસ્તિકાય**. જેમ નક્કર દીવાલમાં ખીલી નાંખતાં અંદર પેસી જાય. ઓરડામાં એક દીવાની જ્યોતનો પ્રકાશ પણ સમાય છે અને હજાર દીવાનો પ્રકાશ પણ સમાય. (4) જેનાથી જૂના-નવાની ઓળખ થાય તે **કાળ**, સૂર્ય, ચંદ્રની ગતિથી કાળ માપવામાં આવે છે. જેમ કોઈક બાળક જન્મ્યો, તે પછી યુવાન થાય, પછી વૃદ્ધ થાય. તે કરનાર **કાળ** છે. (5) જેનો સ્વભાવ સડન, પડન, વિધ્વંસન છે, તેવા જડ પદાર્થો **પુદ્ગલ** છે. દા.ત. શબ્દ, અંધકાર, ચંદ્રની પ્રભા, છાયા, સૂર્યનો પ્રકાશ. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે. આ પુદ્ગલો 14 રાજલોકમાં ફેલાયેલાં છે. તે 1 પ્રદેશી, 2 પ્રદેશી, 3, 4, 5, 6, 7, 8, 9, 10 પ્રદેશી... યાવત્ સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી કે અનંત પ્રદેશી હોય છે.

જાય, કોહી જાય, બગડી જાય, મૃત્યુ પછી મૃતદેહ પડી રહે તે. ઉદાર એટલે પ્રધાન. જે તીર્થંકર, ગણધર આદિ મોક્ષગામી પુરુષોને પ્રધાન એવી મોક્ષગતિ મેળવવામાં સહાય કરે તે. (9) **વૈક્રિય શરીર*** : તે સડે નહીં, પડે નહીં, વિણસે નહીં, બગડે નહીં, મૃત્યુ પછી કલેવર વિસરાલ (કપૂરની ગોટીની માફક) થાય તે વૈક્રિય શરીર છે. વૈક્રિય એટલે રૂપ પરાવર્તન કરવાની શક્તિ તથા એક, અનેક, નાના, મોટા, ખેચર, ભૂચર,દૃશ્ય, અદૃશ્ય આદિ વિવિધરૂપ વિવિધ ક્રિયાથી બનાવે તે. તેમાં હાડકાં, માંસ આદિ ન હોય.

(10) **આહારક શરીર :** તે 14 પૂર્વી સાધુને તપશ્ચર્યાદિ યોગે લબ્ધિ ઊપજે અને તેના દ્વારા ઉત્તમ સ્ફટિક સમાન પુદ્ગલોથી જઘન્ય 1 હાથ ન્યૂન, ઉત્કૃષ્ટ 1 હાથનું શરીર બનાવે, તેને આહારક શરીર કહે છે. (11) **તૈજસ શરીર :** જેના કારણે શરીરમાં ઉષ્ણતા રહે અને આહારને પચાવે તે તૈજસ શરીર. તેજોલબ્ધિથી તેજોલેશ્યા (ઉષ્ણ કે શીત પુદ્ગલોને) છોડવામાં કારણભૂત શરીરને તૈજસ શરીર કહે છે.

(12) **કાર્મણ શરીર :** જેમાં આઠે કર્મોના સ્કંધ સંગ્રહીત રહે છે, તે કાર્મણ શરીર.(13) **ઔદારિક શરીર અંગોપાંગ**-ઔદારિક શરીરના સઘળા અવયવો પામવા. (14) **વૈક્રિય શરીર અંગોપાંગ**. (15) **આહારક શરીર અંગોપાંગ.**

(16) **વજ્રઋભનારાચ સંઘયણ :** વજ્ર કહેતાં ખીલી, ઋષભ કહેતાં પાટો, નારાચ કહેતાં બંને પડખે મર્કટબંધ. જે શરીરની રચનામાં બે હાડકાંને બે પડખેથી મર્કટબંધે કરી બાંધ્યા, તેના પર હાડકાંનો પટ્ટો હોય, તેને ખીલી જેવા હાડકાંએ કરી સજ્જડ કર્યા હોય તેવું મજબૂત સંઘયણ (17) **સમચતુરંસ્ત્ર સંસ્થાન :** પગથી માથા સુધી શોભાયમાન શરીર. પલાંઠી વાળી બેસતાં ચારે બાજુ સરખી આકૃતિ થાય. (18) **શુભ વર્ણ[1], (19) શુભ ગંધ[2]. (20) શુભ રસ[3]. (21) શુભ સ્પર્શ[4]. (22) શુભ વિહાયગતિ** : તે ગંધહસ્તિને જેમ શુભ ચાલવાની ગતિ. (23) **દેવાનુપૂર્વી** - વિગ્રહગતિએ જતાં જીવને દેવતાની ગતિમાં દોરી જનાર કર્મ. (24) **મનુષ્યાનુપૂર્વી** - વિગ્રહગતિએ જતાં જીવને મનુષ્યની ગતિમાં દોરી જનાર કર્મો.

* નારકી અને દેવને જન્મથી વૈક્રિય શરીર હોય, તે ભવપ્રત્યયિક. મનુષ્ય અને તિર્યંચને તપ આદિ લબ્ધિથી વૈક્રિય શરીર હોય તે લબ્ધિ પ્રત્યયિક.

(25) **અગુરુલઘુ નામ** : જે કર્મના ઉદયથી જીવનું શરીર ન ભારે ન હળવું હોય. (26) **પરાઘાત નામ:** જે કર્મના ઉદયથી જીવને શરીરમાં એવા અંગો મળે, જેથી બીજાની ઘાત થાય. સાપની દાઢનું ઝેર, સિંહના નખ અથવા જેના ઉદયથી જીવ બીજા માટે અજેય બની જાય, બીજાને પ્રભાવિત કરે. (27) **ઉચ્છ્વાસ નામ:** જેના ઉદયથી શ્વાસ વડે હવા ગ્રહણ કરી ઉચ્છ્વાસ વડે છોડવી. (28) **ઉદ્યોત નામ:** જેના ઉદયથી જીવનું શરીર શીત પ્રકાશ કરે. જેમ કે, ચંદ્રના પૃથ્વીકાયનું શરીર. જેમ ચમકતાં આગિયા 'જુગનુ'. (29) **આતાપ નામ :** જેના ઉદયી શરીર તો ઠંડુ હોય પણ આતાપ રૂપ પ્રકાશ કરે. જેમ કે, સૂર્યમંડળના પૃથ્વીકાયનું શરીર. (30) **તીર્થંકર નામ :** જેના ઉદયથી તીર્થંકરની પદવી મળે. (31) **નિર્માણ નામ:** જેના ઉદયથી જીવને શરીરના અંગોપાંગ પોતાને સ્થાને વ્યવસ્થિત મળે. (32) **ત્રસ નામ** : જેના ઉદયથી જીવ પોતે હલનચલન કરી શકે, તેવું તેને શરીર મળે. (33) **બાદર નામ** : જેના ઉદયથી બાદરપણું (સ્થૂલપણું) પામે. (34) **પર્યાપ્ત નામ :** જેના ઉદયથી પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ મળે. (35) **પ્રત્યેક નામ** : જેના ઉદયથી જીવને પોતાનું અલગ સ્વતંત્ર શરીર મળે. (36) **સ્થિર નામ :** જેના ઉદયથી દાંત, હાડકાં વગેરે અવયવો પોતાના સ્થાને સ્થિર રહે. (37) **શુભ નામ :** જેના ઉદયથી શરીર શુભ હોય (નાભિ ઉપરનો ભાગ).

(38)**સૌભાગ્ય નામ** : જેના ઉદયથી જીવ બીજા જીવોને પ્રીતિપાત્ર બને. (39) **સુસ્વર નામ :** જેના ઉદયથી સ્વર, કંઠ સારો હોય.

(40) **આદેય નામ :** જેના ઉદયથી જીવના વચન માન્ય, આદરણીય હોય. (41) **યશોકીર્તિ નામ :** જેના ઉદયથી સંસારમાં યશ અને કીર્તિ ફેલાય.

**ગોત્ર કર્મના ઉદયે 1 ભેદ : 42 ઊંચ ગોત્ર.** (જાતિ, બળ આદિ 8 બોલમાં વિશેષતા) પુણ્ય અઘાતીકર્મ દ્વારા જ ભોગવાય તેથી ચાર અઘાતીકર્મની પ્રકૃતિ હોય.

# પુણ્યની 42 પ્રકૃતિ

| વેદનીય કર્મ | આયુષ્ય કર્મ | નામ કર્મ | ગોત્ર કર્મ |
|---|---|---|---|
| (1) | (3) | (37) | (1)= 42<br>ઊંચ ગોત્ર |
| **શાતા વેદનીય** | **દેવનું,<br>મનુષ્યનું,<br>તિર્યંચનું** | **ગતિ** : દેવ, મનુષ્ય<br>**જાતિ** : પંચેન્દ્રિય<br>**શરીર** : ઔદા, વૈક્રિ, આહા, તેજસ, કાર્મણ<br>**અંગોપાંગ:** ઔદારિક, વૈક્રિય, આહારક.<br>**સંઘયણ** : વજ્રઋષભનારાચ સંઘયણ<br>**સંસ્થાન** : સમચતુરંસ્ત્ર સંસ્થાન<br>**શુભ** : વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, વિહાયગતિ.<br>**આનુપૂર્વી** : દેવ, મનુષ્ય.<br>**પ્રત્યેક પ્રકૃતિ** : અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉદ્યોત, આતાપ, તીર્થંકર,નિર્માણ<br>**ત્રસ દશક** : ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક,સ્થિર,શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, યશોકીર્તિ | |

# 4. પાપતત્વ

અશુભ કરણીએ કરી, અશુભ કર્મના ઉદયે કરી, જેના ફળ આત્માને ભોગવતાં કડવા લાગે, તેને પાપ કહીએ. અથવા જેણે કરી અશુભ કર્મના પાપનો સંચય તથા ઉદય થવાથી દુ:ખનો અનુભવ થાય છે, તે પાપ. તેનું સ્વરૂપ તે પાપ તત્ત્વ.

[1]શુભ વર્ણ ત્રણ છે - લાલ, પીળો, ધોળો.
[2]શુભ ગંધ એક તે સુરભિગંધ.
[3]શુભ રસ ત્રણ છે - તૂરો (કસાયેલો), ખાટો, મીઠો.
[4]શુભ સ્પર્શ ચાર છે - સુંવાળો, હળવો, ઉષ્ણ, ચોપડ્યો. કુલ 11 શુભ છે.

## અઢાર પ્રકારે પાપ બંધાય

(1) પ્રાણાતિપાત, (2) મૃષાવાદ, (3) અદત્તાદાન, (4) મૈથુન, (5) પરિગ્રહ, (6) ક્રોધ, (7) માન, (8) માયા, (9) લોભ, (10) રાગ, (11) દ્વેષ, (12) કલહ, (13) અભ્યાખ્યાન, (14) પૈશુન્ય, (15) પરપરિવાદ, (16) રતિ-અરતિ, (17) માયામોસો, (18) મિચ્છા દંસણશલ્ય.

**પાપના ફળ બ્યાસી (82) પ્રકારે ભોગવે તે કહે છે.**

**જ્ઞાનાવરણીયકર્મના ઉદયે 5 : (1) મતિ જ્ઞાનાવરણીય :** પાંચ ઈન્દ્રિય તથા મન દ્વારા વસ્તુનું જે યથાર્થ જ્ઞાન થાય છે, તે મતિજ્ઞાન છે. તેના પર આવરણ તે મતિજ્ઞાનાવરણીય. **(2) શ્રુત જ્ઞાનાવરણીય** : શબ્દ દ્વારા થતું અર્થનું યથાર્થ જ્ઞાન અથવા સૂત્રજ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. તેના પર આવરણ, તે શ્રુતજ્ઞાનાવરણીય. **(3) અવધિ જ્ઞાનાવરણીય**: આત્મા દ્વારા રૂપી દ્રવ્યોનું જે મર્યાદિત યથાર્થ જ્ઞાન થાય, તેને અવધિજ્ઞાન કહે છે. તેના પર આવરણ, તે અવધિજ્ઞાનાવરણીય. **(4) મન:પર્યવ જ્ઞાનાવરણીય** : અઢીદ્વીપમાં રહેલાં સંજ્ઞી જીવોના મનના ભાવોને જાણનારું જ્ઞાન, તે મન:પર્યવજ્ઞાન છે. તેના પર આવરણ, તે મન:પર્યવજ્ઞાનાવરણીય. **(5) કેવલ જ્ઞાનાવરણીય** : સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વ દ્રવ્યોના અને સર્વ ગુણોની સર્વ પર્યાયોને આત્મા દ્વારા એકસાથે જાણે, તેને કેવળજ્ઞાન કહે છે. તેના પર આવરણ,તે કેવળજ્ઞાનાવરણીય.

**દર્શનાવરણીયકર્મના ઉદયે 9 : (6) ચક્ષુ દર્શનાવરણીય** : આંખ દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ તે ચક્ષુદર્શન. તેના પર આવરણ. **(7) અચક્ષુ દર્શનાવરણીય :** આંખ સિવાયની બીજી ઈન્દ્રિયો તથા મન દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ, તે અચક્ષુદર્શન. તેના પર આવરણ. **(8) અવધિ દર્શનાવરણીય** : આત્મદ્રવ્ય દ્વારા મયાદિત ક્ષેત્રમાં રહેલા રૂપી દ્રવ્યોનો સામાન્ય બોધ, તે અવિધદર્શન. તેના પર આવરણ. અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન થયા પહેલાં જે સામાન્ય બોધ થાય તેના પર આવરણ. **(9) કેવલ દર્શનાવરણીય** : સંપૂર્ણ લોકાલોકના સર્વ દ્રવ્યોનો સામાન્ય બોધ થવો, તે કેવળદર્શન. તેના પર આવરણ. **(10) નિદ્રા** : તે સુખે ઊંઘે, સુખે જાગે. **(11) નિદ્રા નિદ્રા** : તે દુ:ખે ઊંઘે, દુ:ખે જાગે. **(12) પ્રચલા** : તે બેઠાં-બેઠાં ઊંઘે. **(13) પ્રચલા પ્રચલા** : તે બોલતા-બોલતા, ચાલતા-ચાલતા ઊંઘે. **(14)**

**થીણદ્ધિ** (સ્ત્યાનદ્ધિ) **નિદ્રા** : દિવસે વિચારેલાં સાધારણ કે અસાધારણ કાર્ય ઊંઘમાં કરી લેવા, તે થીણદ્ધિ નિદ્રા છે. જ્યારે થીણદ્ધિ નિદ્રા કર્મનો ઉત્કૃષ્ટ ઉદય થાય છે, ત્યારે ચોથા આરાના વજ્રઋષભનારાચ સંઘયણવાળા જીવમાં વાસુદેવનું અડધું બળ આવે છે. જો આ ઊંઘમાં આયુષ્યનો બંધ કરે તો મરીને નરકે જાય છે. (આ ધારણા ઉત્કૃષ્ટ બળની છે. જઘન્ય અને મધ્યમ બળ પણ હોઈ શકે અને તેમાં જો આયુ બંધ કરે તો કોઈપણ ગતિમાં જઈ શકે છે.)

**વેદનીયકર્મના ઉદયે 1** : **(15) અશાતાવેદનીય** : અશાતા, દુઃખનો અનુભવ કરાવે.

**મોહનીયકર્મના ઉદયે 26 : (16) અનંતાનુબંધી ક્રોધ, (17) અનંતાનુબંધી માન, (18) અનંતાનુબંધી માયા, (19) અનંતાનુબંધી લોભ :** જે ચાર કષાય સમ્યક્ શ્રદ્ધા ન થવા દે, અનંતો સંસાર બંધાવે, જીવનપર્યંત રહે તે. **(20) અપ્રત્યાખ્યાની ક્રોધ, (21) અપ્રત્યાખ્યાની માન, (22) અપ્રત્યાખ્યાની માયા, (23) અપ્રત્યાખ્યાની લોભ :** જે ચાર કષાયથી શ્રાવકપણાની પ્રાપ્તિ ન થાય, તે એક વર્ષ રહે. **(24) પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, (25) પ્રત્યાખ્યાનાવરણીય માન. (26) પ્રત્યાખ્યાનાવરણીય માયા, (27) પ્રત્યાખ્યાનાવરણીય લોભ :** જે ચાર કષાયથી સાધુપણાની પ્રાપ્તિ ન થાય. તે ચાર માસ રહે. **(28) સંજ્વલન ક્રોધ, (29) સંજ્વલન માન, (30) સંજ્વલન માયા, (31) સંજ્વલન લોભ** : જે ચાર કષાયથી વીતરાગપણાની પ્રાપ્તિ ન થાય. પંદર દિવસ રહે તે. **(32) હાસ્ય :** જેના ઉદયે જીવને કારણથી અથવા વગર કારણે હસવું આવે. **(33) રતિ :** જેના ઉદયથી જીવને સંસારના અને પાપના કામમાં આનંદ આવે. **(34) અરતિ :** જેના ઉદયથી જીવને ધર્મકાર્યમાં આળસ અને કંટાળો આવે**. (35) ભય :** જેના ઉદયથી ડર ઉત્પન્ન થાય. **(36) શોક :** જેના ઉદયથી ચિંતા, ઉદાસી કે શોક ઉત્પન્ન થાય. **(37) દુર્ગંછા :** જેના ઉદયથી જીવને વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થાય. **(38) સ્ત્રીવેદ :** જેના ઉદયથી સ્ત્રીને પુરુષ સમાગમની ઇચ્છા થાય.

**(39) પુરુષવેદ :** જેના ઉદયથી પુરુષને સ્ત્રી સમાગમની ઇચ્છા થાય. **(40) નપુંસકવેદ :** જેના ઉદયથી નપુંસકને પુરુષ અને સ્ત્રી બંનેના સમાગમની

ઇચ્છા થાય. (આ 32 થી 40 નવ નોકષાય છે.) **(41) મિથ્યાત્વ મોહનીય :** નવ તત્ત્વમાં શ્રદ્ધા ન હોવી. સુદેવ, સુગુરુ, સુધર્મ પર શ્રદ્ધા ન હોવી. જિનેશ્વર ભગવંતે કહેલાં તત્ત્વો પર અરુચિ અને અતત્ત્વમાં રુચિ કરવી તે.

**આયુષ્યકર્મના ઉદયે 1 : (42) નારકીનું આયુષ્ય.**

**નામકર્મના ઉદયે 34 : (43) નરક ગતિ. (44) તિર્યંચ ગતિ. (45) એકેન્દ્રિયની જાતિ.(46) બેઈન્દ્રિયની જાતિ. (47) તેઈન્દ્રિયની જાતિ. (48) ચૌરેન્દ્રિયની જાતિ. (49) ઋષભનારાચ સંઘયણ :** બે પડખે મર્કટબંધ અને ઉપર પાટો, એ બે હોય તે. **(50) નારાચ સંઘયણ** : તેમાં બે પડખે મર્કટબંધ હોય. **(51) અર્ધનારાચ સંઘયણ :** એક પડખે મર્કટબંધ અને બીજે પડખે માત્ર ખીલી હોય. **(52) કીલકુ (કીલિકા) સંઘયણ** : ખીલીથી બંને હાડકાં જોડેલાં હોય. **(53) છેવટું (સેવાર્ત્ત) સંઘયણ** : બંને હાડકાં અડીને રહેલ હોય, ખીલી ન હોય. **(54) ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન** : કેડથી માથા સુધી શોભાયમાન શરીર. **(55) સાદિ સંસ્થાન**: પગથી કેડ સુધી શોભાયમાન શરીર. **(56) વામન સંસ્થાન** : હાથ, પગ, માથાની આકૃતિ ઠીંગણી હોય. **(57) કુબ્જ સંસ્થાન** : હાથ, પગ, માથું, ગ્રીવા ઓછાં, અધિક હોય. અન્ય અવયવ સુંદર હોય. **(58) હુંડ સંસ્થાન** : સર્વ અવયવ અશુભ હોય. **(59) અશુભ વર્ણ[1]. (60) અશુભ ગંધ[2] : (61) અશુભ રસ[3]. (62) અશુભ સ્પર્શ[4]. (63) અશુભ વિહાયગતિ :** તે ઊંટની પેઠે અશુભ ચાલવાની ગતિ. **(64) નરકાનુપૂર્વી** : વિગ્રહગતિએ જતા જીવને નરક ગતિમાં દોરી જનાર કર્મ. **(65) તિર્યંચાનુપૂર્વી** : વિગ્રહગતિએ જતા જીવને તિર્યંચ ગતિમાં દોરી જનાર કર્મ.

**(66) ઉપઘાત નામ :** જે કર્મના ઉદયથી જીવ પોતાના અવયવોથી જ ક્લેશ પામે, અવયવો નડતર રૂપ બને. રસોળી, છઠ્ઠી આંગળી વગેરે. **(67) સ્થાવર નામ** : જેના ઉદયથી જીવ પોતે હલનચલન કરી શકે નહીં તેવું એકેન્દ્રિયનું શરીર મળે.**(68) સૂક્ષ્મ નામ :** જેના ઉદયથી સૂક્ષ્મ શરીરની પ્રાપ્તિ થાય. **(69) અપર્યાપ્ત નામ :** જેના ઉદયથી પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન મળે. **(70) સાધારણ નામ :** એક શરીરમાં અનંત જીવો સાથે રહે, તેવું શરીર મળે. સ્વતંત્ર શરીર ન મળે. **(71) અસ્થિર નામ :** જેના ઉદયથી જીભ, ચામડી આદિ અવયવો અસ્થિર હોય.

(72) **અશુભ નામ :** જેના ઉદયથી અશુભ શરીરની પ્રાપ્તિ થાય. (નાભિ નીચેનો ભાગ) (73) **દુર્ભાગ્ય નામ :** જેના ઉદયથી જીવ બીજા જીવોને અપ્રીતિપાત્ર બને. (74) **દુ:સ્વર નામ** : જેના ઉદયથી સ્વર ખરાબ કે ઘોઘરો વગેરે હોય. (75) **અનાદેય નામ** : જેના ઉદયથી જીવના વચન અમાન્ય, અનાદરણીય હોય. (76) **અયશોકીર્તિ નામ** : જેના ઉદયથી સંસારમાં અપયશ અને અપકીર્તિ ફેલાય.

**ગોત્રકર્મના ઉદયે 1 :** (77) **નીચ ગોત્ર.** (જાતિ, બળ આદિ ૮ બોલમાં હીનતા હોય).

**અંતરાયકર્મના ઉદયે 5 :** (78) **દાનાંતરાય :** દાન દેવામાં અંતરાય થાય. (79) **લાભાંતરાય** : લાભ લેવામાં અંતરાય પડે. (80) **ભોગાંતરાય** : એકવાર ભોગવાય તેવી વસ્તુમાં અંતરાય પડે. (81) **ઉપભોગાંતરાય** : વારંવાર ભોગવાય તેવી વસ્તુમાં અંતરાય પડે. (82) **વિર્યાંતરાય :** વીર્ય શક્તિનો યોગ્ય પ્રયોગ કરી શકે નહીં.
પાપ આઠે કર્મ દ્વારા ભોગવાય તેથી આઠે કર્મની પ્રકૃતિ હોય.

[1]અશુભ વર્ણ બે છે - કાળો, નીલો,
[2]અશુભ ગંધ એક તે દુરભિગંધ.
[3]અશુભ રસ બે છે - તીખો, કડવો.
[4]અશુભ સ્પર્શ ચાર છે - ખરખરો, ભારે, શીત, લૂખો. કુલ ૯ અશુભ છે.

# પાપની 82 પ્રકૃતિ

| જ્ઞાનાવરણીય કર્મ | દર્શનાવરણીય કર્મ | વેદનીય કર્મ | મોહનીય કર્મ |
|---|---|---|---|
| (5)<br>મતિ જ્ઞાનાવરણીય<br><br>શ્રુત જ્ઞાનાવરણીય<br><br>અવધિ જ્ઞાનાવરણીય<br><br>મન:પર્યવ જ્ઞાનાવરણીય<br><br>કેવળ જ્ઞાનાવરણીય | (9)<br>ચક્ષુ દર્શનાવરણીય<br><br>અચક્ષુ દર્શનાવરણીય<br><br>અવધિ દર્શનાવરણીય<br><br>કેવલ દર્શનાવરણીય<br><br>નિદ્રા, નિદ્રા નિદ્રા<br>પ્રચલા, પ્રચલા પ્રચલા,<br>થીણદ્ધિ નિદ્રા | (1)<br>અશાતાવેદનીય | (26)<br>અનંતાનુબંધી કષાય -4<br><br>અપ્રત્યાખ્યાની કષાય-4<br><br>પ્રત્યાખ્યાની કષાય-4<br><br>સંજ્વલન કષાય-4<br><br>**9 નોકષાય :** હાસ્ય,<br>રતિ અરતિ,ભય,અરતિ,<br>ભય,શોક,દુર્ગંછા,શોક,<br>દુર્ગંછા,સ્ત્રી,પુરુષવેદ,<br>નપુંસકવેદ, મિથ્યાત્વ<br>મોહનીય (1) |

| આયુષ્ય કર્મ | નામ કર્મ | ગોત્ર કર્મ | અંતરાય કર્મ |
|---|---|---|---|
| (1)<br>નરકનું | (34)<br>**ગતિ :** નરક, તિર્યંચ<br>**જાતિ:**એકેન્દ્રિય,બેઈન્દ્રિય,તેઈન્દ્રિય,<br>ચૌરેન્દ્રિય<br>**સંઘયણ :** ઋષભનારાચ, નારાચ,<br>અર્ધનારાચ, કીલકુ અને છેવટુ સંઘયણ<br>**સંસ્થાન:** ન્યુગ્રોધ પરિમંડળ, સાદિ,<br>વામન,કુબ્જ, હુંડ સંસ્થાન<br>**અશુભ:** વર્ણ, ગંધ, રસ, સ્પર્શ,<br>વિહાયગતિ.<br>**આનુપૂર્વી :** નરક, તિર્થંચ.<br>**પ્રત્યેક પ્રકૃતિ:** ઉપઘાત નામ.<br>**સ્થાવર દશક:**સ્થાવર,સૂક્ષ્મ,<br>અપર્યાપ્ત,સાધારણ,અસ્થિર,અશુભ,<br>દુર્ભાગ્ય, દુ:સ્વર, અનાદેય, અયશોકીર્તિ. | (1)<br><br>નીચ ગોત્ર | (5)<br><br>દાનાંતરાય<br><br>લાભાંતરાય<br><br>ભોગાંતરાય<br><br>ઉપભોગાંતરાય<br><br>વીર્યાંતરાય |

## 5. આશ્રવતત્ત્વ

અવ્રતને અપચ્ચક્ખાણે કરી, વિષય કષાયના સેવને કરી, આત્મારૂપ તળાવને વિશે, ઈન્દ્રિયાદિક ગળનાળે છિદ્રે કરી, કર્મ (પુણ્ય-પાપ) રૂપ જળનો પ્રવાહ આવે, તે આશ્રવ છે. **અથવા** જેણે કરી નવા કર્મની આવક થાય છે, શુભાશુભ કર્મ ઉપાદાનના હેતુ હિંસા આદિ, તે આશ્રવ છે. તેનું સ્વરૂપ તે આશ્રવતત્ત્વ.

## આશ્રવતત્ત્વના સામાન્ય પ્રકારે વીસ ભેદ

**(1) મિથ્યાત્વ:** નવ તત્ત્વમાં યથાર્થ શ્રદ્ધા ન હોવી. સુદેવ, સુગુરુ, સુધર્મ પર યથાર્થ શ્રદ્ધા ન હોવી. જિનેશ્વર ભગવંતે કહેલા તત્ત્વો પર અરુચિ અને અતત્ત્વમાં રુચિ હોવી તે**. (2) અવ્રત** : 12 વ્રત, પાંચ મહાવ્રત કે અન્ય કોઈ વ્રત ન ધારવા તે. **(3) પ્રમાદ :** આત્માના લક્ષ સિવાયની દરેક પ્રવૃત્તિ પ્રમાદ છે. પાંચ પ્રમાદને (મદ્ય, વિષય, કષાય, નિદ્રા, વિકથા) સેવવા તે. **(4) કષાય:** તેનાથી સંસારની આવક-વૃદ્ધિ થાય તે. **(5) અશુભજોગ :** મન, વચન, કાયાના અશુભ યોગ પ્રવર્તાવે. **(6) પ્રાણાતિપાત :** જીવહિંસા કરે. **(7) મૃષાવાદ :** જૂઠું બોલે. **(8)અદત્તાદાન:** ચોરી કરે. **(9) મૈથુન :** અબ્રહ્મનું સેવન કરે. **(10) પરિગ્રહ :** મૂર્છા, આસક્તિ. **(11) શ્રોત્રેન્દ્રિય અસંવરે :** મનોજ્ઞ શબ્દમાં રાગ અને અમનોજ્ઞ શબ્દમાં દ્વેષ કરે. **(12) ચક્ષુઈન્દ્રિય અસંવરે :** મનોજ્ઞ રૂપમાં રાગ અને અમનોજ્ઞ રૂપમાં દ્વેષ કરે. **(13) ઘ્રાણેન્દ્રિય અસંવરે :** મનોજ્ઞ ગંધમાં રાગ અને અમનોજ્ઞ ગંધમાં દ્વેષ કરે. **(14) રસનેન્દ્રિય અસંવરે :** મનોજ્ઞ રસમાં રાગ અને અમનોજ્ઞ રસમાં દ્વેષ કરે. **(15) સ્પર્શનેન્દ્રિય અસંવરે:** મનોજ્ઞ સ્પર્શમાં રાગ અને અમનોજ્ઞ સ્પર્શમાં દ્વેષ કરે. **(16) મન અસંવરે :** મનને આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાનમાં પ્રવર્તાવે. **(17) વચન અસંવરે :** વચનથી અસત્ય, મિશ્ર ભાષા આદિ બોલે. **(18) કાય અસંવરે :** કાયાને વિષય કષાય, 18 પાપમાં જોડે. **(19) ભંડ-ઉપકરણ અયત્નાએ લે મૂકે :** જેમ-તેમ લે મૂકે. **(20) શૂચિ કુસગ્ગ કરે :** ઘાસની અણી ઉપર પાણી રહે તેટલો સમય પણ પ્રમાદ/પાપ કરે તે. (શુચિ એટલે સોય, કુસગ્ગ એટલે કુશ(ઘાસ)નો અગ્રભાગ)

# આશ્રવતત્ત્વના વિશેષ પ્રકારે 42 ભેદ

| | |
|---|---|
| પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ એ પાંચ આશ્રવ | 5 |
| શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય અસંવરે એ | 5 |
| મન અસંવર, વચન અસંવર, કાય અસંવર એ ત્રણ યોગનો અસંવર | 3 |
| ક્રોધ કરે, માન કરે, માયા કરે, લોભ કરે એ ચાર કષાય કરે | 4 |

**આ 17 તથા 25 ક્રિયા મળીને 42 ભેદ.**

**25 ક્રિયા :**

| | |
|---|---|
| (1) **કાઇયા ક્રિયા** | - કાયાને અયત્નાએ પ્રવર્તાવે તે. |
| (2) **અહિગરણિયા** | - શસ્ત્ર બનાવવા, વેચવા વગેરેથી લાગે તે. |
| (3) **પાઉસિયા** | - જીવ કે અજીવ ઉપર દ્વેષ રાખે તે. |
| (4) **પારિતાવણીયા** | - પોતાને તથા પરને પીડા પહોંચાડે, કષ્ટ આપે તે. |
| (5) **પાણાઈવાઈયા** | - પોતાના કે પરના પ્રાણનો નાશ કરે તે. |
| (6) **આરંભિયા** | - જીવ કે અજીવના નિમિત્તે છકાયનો આરંભ કરે તે. |
| (7) **પરિગ્ગહિયા** | - જીવ તથા અજીવનો સંગ્રહ કરી, મોહ કરે તે. |
| (8) **માયાવત્તિયા** | - છળકપટ, દગાબાજી કરે તે. |
| (9) **અપચ્ચક્ખાણ વત્તિયા** | - કોઈપણ જાતના પચ્ચક્ખાણ કે ત્યાગ ન કરવાથી લાગે તે. |
| (10)**મિચ્છાદંસણ વત્તિયા** | - જિન વચનથી ઓછી, અધિક તથા વિપરીત શ્રદ્ધા, પ્રરૂપણા કરતા લાગે તે. |
| (11) **દિટ્ઠિયા** | - કુતૂહલતાથી, રાગ-દ્વેષથી જીવ કે અજીવને જોવા તે. |
| (12) **પુટ્ઠિયા** | - રાગ વશ જીવ કે અજીવને સ્પર્શ કરવાથી લાગે તે. |
| (13) **પાડુચ્ચિયા** | - જીવ કે અજીવના નિમિત્તથી ઉત્પન્ન થતા રાગ-દ્વેષથી લાગે તે. |

| | | |
|---|---|---|
| (14) | **સામંતોવણિ વાઈયા** | - જીવ તથા અજીવનો સંગ્રહ કરે, પ્રશંસા સાંભળી આનંદ પામે. અથવા દૂધ, દહીં, ઘી, તેલના વાસણ ઉઘાડા મૂકવાથી થતી જીવહિંસાથી લાગે તે. |
| (15) | **સાહત્થિયા** | - પોતાના હાથે જીવને અંદરોઅંદર લડાવે અથવા અજીવને સામસામે અફાળીને તોડે તે. |
| (16) | **નેસત્થિયા** | - જીવ કે અજીવને અયત્નાથી ફેંકવાથી, શસ્ત્ર કરાવવા,વાવ, કૂવા ખોદાવવાથી લાગે તે. |
| (17) | **આણવણિયા** | - જીવ કે અજીવને આજ્ઞા વગર ગ્રહણ કરવાથી લાગે તે. |
| (18) | **વેદારણિયા** | - જીવ કે અજીવને કષાયવશ થઈ કટકાં કરતા લાગે તે. |
| (19) | **અણાભોગ વત્તિયા** | - ઉપયોગ વિના કે પૂંજ્યા વગર વસ્તુ લેવા મૂકવાથી લાગે તે. |
| (20) | **અણવકંખ વત્તિયા** | - પોતાના તથા બીજાના હિતની ઉપેક્ષા કરવી કે આલોક-પરલોક બગડે તેવા કામ કરવા. |
| (21) | **પેજ્જવત્તિયા** | - રાગવશ માયા તથા લોભ કરવાથી લાગે તે. |
| (22) | **દોસવત્તિયા** | - દ્વેષવશ ક્રોધ તથા માન કરવાથી લાગે તે. |
| (23) | **પ્પઉગ્ગ** | - મન, વચન, કાયાના યોગ અશુભ કરવાથી લાગે તે. |
| (24) | **સામુદાણિયા** | - આરંભજન્ય કાર્યો ઘણાં જણ સાથે મળીને કરતાં લાગે તે. |
| (25) | **ઈરિયાવહિયા ક્રિયા** | - વીતરાગીને યોગના પ્રવર્તનથી લાગે તે. |

## 6. સંવરતત્ત્વ

જીવરૂપ તળાવને વિશે, કર્મરૂપ જળ આવતાં, વ્રત-પચ્ચક્ખાણ આદિ દ્વારે કરી રોકીએ તે સંવર. અથવા આશ્રવ નિરોધ કરવો તે સંવર. તેનું સ્વરૂપ તે સંવરતત્ત્વ.

## સંવરતત્ત્વના સામાન્ય પ્રકારે વીસ ભેદ

(1)સમકિત, (2) વ્રત પચ્ચક્ખાણ, (3) અપ્રમાદ, (4) અકષાય, (5) શુભજોગ, (6) જીવદયા પાળવી, (7) સત્ય વચન બોલવું, (8) દત્તવ્રત ગ્રહણ કરવું. (9) શિયળ પાળવું, (10) અપરિગ્રહ, (11) શ્રોત્રેન્દ્રિય સંવર, (12) ચક્ષુઈન્દ્રિય સંવર, (13) ઘ્રાણેન્દ્રિય સંવર, (14) રસનેન્દ્રિય સંવર, (15) સ્પર્શનેન્દ્રિય સંવર, (16) મન સંવર, (17) વચન સંવર, (18) કાય સંવર, (19) ભંડ-ઉપકરણ ઉપધિ જતનાએ લે મૂકે, (20) શુચિ કુસગ્ગ ન કરે.

## સંવરતત્ત્વના વિશેષે 57 ભેદ

પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ (અષ્ટપ્રવચન માતા) (8), બાવીસ પરિષહ (22), દશ યતિધર્મ (10), બાર ભાવના (12), પાંચ ચારિત્ર (5), કુલ 57 ભેદ થાય.

**અષ્ટપ્રવચન માતા**

**સમિતિ :**આવશ્યક કાર્યને માટે યત્નાપૂર્વકની સમ્યક્ પ્રવૃત્તિ.

**(1) ઈરિયા સમિતિ**-જયણા રાખી, ઉપયોગ સહિત ધુંસરા (સાડાત્રણ હાથ જેટલું) પ્રમાણ જમીન નજરે જોઈ ચાલવું તે.

**(2) ભાષા સમિતિ**-સમ્યક્ પ્રકારે નિર્વધ્ય ભાષા બોલવી.

**(3) એષણા સમિતિ**-સમ્યક્ પ્રકારે નિર્દોષ આહાર, વસ્ત્ર, પાત્ર વગેરે 14 પ્રકારના દાનની ગવેષણા કરવી.

**(4) આયાણભંડમત્ત નિક્ખેવણયા સમિતિ** -ભંડ, ઉપકરણ જતનાએ લેવા-મૂકવા તે.

**(5)ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લ સિંઘાણ પારિઠાવણિયા સમિતિ**- લઘુનીત, વડીનીત વગેરે પરઠવાની વસ્તુ જતનાથી પરઠવી તે.

**ગુપ્તિ :** 3 યોગને અશુભ પ્રવૃત્તિથી રોકવા.

**(1) મનગુપ્તિ**-અશુભ મન ગોપવવું.

**(2) વચનગુપ્તિ**-અશુભ વચન ગોપવવું.

**(3) કાયગુપ્તિ**-અશુભ કાયાને ગોપવવી.

**22 પરિષહ:**મોક્ષમાર્ગમાં સ્થિર રહેવા અને કર્મ નિર્જરાના હેતુથી સમભાવપૂર્વક સહન કરવામાં આવે છે, તે પરિષહ છે.

**(1) ક્ષુધાનો**- ભૂખનો. **(2) તૃષાનો** - તરસનો. **(3) શીતનો** - ટાઢનો.
**(4) ઉષ્ણનો** - તડકાનો. **(5) દંસમસગનો** - ડાંસ, મચ્છર કરડવાનો.
**(6) અચેલનો** - સફેદ, અલ્પમૂલ્યવાન, મલિન અને જીર્ણ વસ્ત્રોનો.
**(7) અરતિનો** - દુ:ખનો, કંટાળાનો, **(8) સ્ત્રીનો** - સ્ત્રીથી થવાવાળો.
**(9) ચર્યાનો** - ચાલવાનો. **(10) બેસવાનો** - ભયજનક સ્થાનમાં બેસવું પડે.
**(11) સેજાનો**- રહેવાના સ્થાનકનો.**(12) આક્રોશવચનનો** - આકરાં વચનો સાંભળવાં પડે તેનો **(13) વધનો** - માર ખાવો પડે. **(14) જાચવાનો** - માંગવાનો **(15) અલાભનો** - કોઈ વસ્તુની યાચના છતાં તે વસ્તુ ન મળે.
**(16) રોગનો** - રોગ, રોગના કારણથી થવાવાળો. **(17) તૃણસ્પર્શનો** - સૂકાં ઘાસની પથારીના તણખલાં વગેરેના સ્પર્શથી દુ:ખ થાય તે. **(18) મેલનો** - મેલા વસ્ત્રો અને શરીર પર ચડેલા મેલનો **(19) સત્કાર પુરસ્કારનો** - આદરસત્કાર મળવાનો **(20) પ્રજ્ઞાનો** - અન્ય કોઈ પ્રશ્ન પૂછે અને જ્ઞાનની અસ્પષ્ટતાના કારણે સમાધાન આપી ન શકવાથી હીણપતતા લાગે તે.
**(21) અજ્ઞાનનો** - જ્ઞાન ન ચડે તેનો. **(22) દંસણનો** - સમકિતના સૂક્ષ્મવિચાર સાંભળીને ધર્મને વિશે અશ્રદ્ધા કરવાનો.

**દશ પ્રકારનો યતિધર્મ : યતિધર્મ (શ્રમણધર્મ):** સાધુ અને શ્રાવક બંનેના ચારિત્રના પાલન માટે જાણવા યોગ્ય અને આચરણીય શ્રમણ ધર્મ છે.
**(1) ખંતિ -** ક્ષમા (ક્રોધનો વિજય) **(2) મુત્તિ** - નિર્લોભતા, લઘુતા, હળવાપણું અલ્પઉપધિ (લોભનો વિજય) **(3) અજ્જવે** - સરળતા, કપટ રહિતપણું (માયાનો વિજય) **(4) મધ્ધવે** - માનનો વિજય **(5) લાઘવે** – લઘુતા
**(6) સચ્ચે -** સત્ય વચન બોલવું **(7) સંજમે** - સત્તર ભેદે સંયમ પાળવો
**(8) તવે -** ઈચ્છા નિરોધ કરવો, સમભાવે કષ્ટ સહન કરવું. બાર ભેદે તપ કરવો **(9)અકિંચણે -** પરિગ્રહ ત્યાગ કરવો, મૂર્ચ્છા રહિત થવું
**(10) બંભચેરવાસે** - નવ વાડ સહિત બ્રહ્મચર્યનું પાલન કરવું.

**બાર ભાવના:** જેનાથી આત્માને ભાવિત કરવો જોઈએ અને જેમાં આત્માના પ્રશસ્ત ભાવો પ્રગટ થાય તે ભાવના છે.

1. **અનિત્યભાવના -** સંસારના સર્વ પદાર્થને અનિત્ય, અસ્થિર જાણવા. ઉદા. ભરત ચક્રવર્તી.
2. **અશરણભાવના -** સંસારમાં કોઈ કોઈને શરણ નથી, એક ધર્મનું જ સાચું શરણ છે. ઉદા. અનાથી મુનિ.
3. **સંસારભાવના -** સંસારમાં અનાદિ કાળથી જીવ રઝળે છે અને દુઃખ સહે છે. સંસારમાં મા તે પત્ની થાય, પત્ની તે મા થાય,પિતા તે પુત્ર થાય, પુત્ર તે પિતા થાય ઈત્યાદિ ભાવના.ઉદા. મૃગાપુત્ર.
4. **એકત્વભાવના -** આ જીવ એકલો આવ્યો એકલો જશે, એકલો સુખ-દુઃખ ભોગવે છે પણ તેનું કોઈ સાથી નથી એવી ભાવના.ઉદા. નમિ રાજર્ષિ.
5. **અન્યત્વભાવના -** જીવ કાયાથી જુદો છે અને કર્મે કરી જુદી-જુદી કાયા ધારણ કરે છે, તેમ જ ધન તથા સ્વજન આદિ પણ અન્ય છે એવી ભાવના. ઉદા. મરુદેવી માતા.
6. **અશુચિભાવના -** રસ, લોહી, માંસ, ચરબી, હાડકાં, મજ્જા, વીર્ય, પરુ તથા આંતરડાં વગેરે પદાર્થે કરી આ શરીર બનેલું છે અને જેના નવ દ્વારથી અશુચિ સદા વહેતી રહે છે. તેવું શરીર કોઈ કાળે પણ પવિત્ર થવાનું નથી એવી ભાવના ભાવવી. ઉદા. સનત ચક્રવર્તી.
7. **આશ્રવભાવના -** પાંચ આશ્રવે કરી કર્મની આવક થાય છે અને તેથી જીવ ભવિષ્યમાં દુઃખ ભોગવે છે, તેનો વિચાર. ઉદા.સમુદ્રપાળમુનિ.
8. **સંવરભાવના -** વ્રત, નિયમ, પચ્ચક્ખાણોથી આશ્રવ રોકવો તે સંવર ભાવના. ઉદા. હરિકેશીમુનિ.
9. **નિર્જરાભાવના -** બાર પ્રકારના તપે કરી પૂર્વે બાંધેલાં કર્મનો ક્ષય કરવો તેની ભાવના. ઉદા. અર્જુનમાળીમુનિ.
10. **લોકભાવના -** લોકનું સ્વરૂપ ચિંતવવું જેમ કે, આ જીવે સર્વ લોક જન્મ અને મરણે કરી સ્પર્શી લીધો છે. ઉદા. શિવરાજ ઋષિ.

11. **બોધિભાવના** - પુણ્યના યોગે મનુષ્યભવ, આર્યદેશ, નીરોગી શરીર તથા ધર્મશ્રવણ આદિ પ્રાપ્ત થાય પણ સમ્યક્ત્વ,ત્રણ તત્ત્વ કે ધર્મસામગ્રી એ પ્રાપ્ત થવી દુર્લભ છે,તેવી ભાવના કરવી તે. ઉદા. ઋષભદેવના 98 પુત્રો.

12. **ધર્મભાવના** - કેવળીપ્રરૂપિત ધર્મ, ધર્મના સાધનો, ધર્મની સાધના અને જ્ઞાન,દર્શન, ચારિત્ર એ રત્નત્રય ધર્મ પામવો તે દુર્લભ છે તેમજ તે ધર્મના ઉપકારક અરિહંત આદિ ભગવાન પામવા તે પણ દુર્લભ છે એવી ભાવના કરવી.
ઉદા. ધર્મરુચિ અણગાર.

**પાંચ પ્રકારના ચારિત્ર:** (1) સામાયિક, (2) છેદોપસ્થાપનીય, (3) પરિહાર વિશુદ્ધ, (4) સૂક્ષ્મ સંપરાય, (5) યથાખ્યાત ચરિત્ર.
**ચારિત્ર :** જે આવતા કર્મોને રોકે અથવા જે આઠ કર્મોનો નાશ કરે તે ચારિત્ર છે. સંયમરૂપ આચરણને ચારિત્ર કહે છે.

(1) **સામાયિક ચારિત્ર -** સમ એટલે રાગ-દ્વેષ રહિતપણાને માટે, આય એટલે પ્રાપ્ત થાય છે જ્યાં તે. જેને કરી જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણેની પ્રાપ્તિ થાય છે. જેમાં સાવદ્ય યોગનો (18 પાપ) ત્યાગ થાય અને નિર્વદ્ય યોગનું સેવન થાય તે સામાયિક ચારિત્ર છે. (6 થી 9 ગુણસ્થાનક)

(2) **છેદોપસ્થાપનીય - ચારિત્ર** પૂર્વ પર્યાયનો છેદ કરીને પાંચ મહાવ્રત ધારણ કરવા તે. નાની દીક્ષામાંથી મોટી દીક્ષા આપવી તે. માત્ર પ્રથમ અને ચોવીસમા તીર્થંકરના શાસનમાં સામાયિક ચારિત્રવાળાને છેદોપસ્થાપનીય ચારિત્ર આપવામાં આવે છે. (6 થી 9 ગુણસ્થાનક)

(3) **પરિહાર વિશુદ્ધ - ચારિત્ર** જેમાં પરિહાર તપ વિશેષથી કર્મ નિર્જરારૂપ શુદ્ધિ થાય છે તે. અઢાર મહિના માટે ગ્રહણ કરાય છે. આ ચારિત્ર પાંચ ભરત, પાંચ ઐરવતમાં પહેલા તથા છેલ્લા તીર્થંકરના શાસનમાં હોય. બીજું અને ત્રીજું

ચારિત્ર મહાવિદેહ ક્ષેત્રમાં ક્યારેય ન હોય. (6 થી 7 ગુણસ્થાનક)

(4) **સૂક્ષ્મ સંપરાય ચારિત્ર** - જે ચારિત્રમાં સૂક્ષ્મ લોભરૂપ કષાય ઉદયમાં રહે તે. શ્રેણીમાં ચડતાં અને ઉપશમ શ્રેણીથી પડતાં 10મા ગુણસ્થાને આ ચારિત્ર લાભે.

(5) **યથાખ્યાત ચારિત્ર** - જેમાં સંપૂર્ણ વીતરાગ અવસ્થા (રાગ, દ્વેષ રહિતપણું) પ્રાપ્ત થાય છે તે ચારિત્ર. આ ચારિત્રના આચરણથી જન્મ, જરા અને મરણ રહિત એવું મોક્ષરૂપ સ્થાન પામે. (11 થી 14 ગુણસ્થાન)

## (7) નિર્જરાતત્ત્વ

આત્માના પ્રદેશથી, બાર ભેદે તપ કરી, દેશથકી કર્મનું નિર્જરવું, ઝરીને દૂર થવું તેને નિર્જરા કહીએ .અથવા પૂર્વે કરેલાં કર્મો જે ક્ષય થાય છે,તપ પ્રમુખે કરી દેશ થકી કર્મનું નિર્જરવું તે નિર્જરા .તેનું સ્વરૂપ તે નિર્જરા તત્ત્વ.

**નિર્જરા બે પ્રકારે છે –**

**(1) દ્રવ્ય નિર્જરા:** કર્મ પુદ્ગલનું આત્મ પ્રદેશથી છૂટા પડવું , તે દ્રવ્ય નિર્જરા

**(2) ભાવ નિર્જરા:** આત્માના શુદ્ધ પરિણામે કરી,જે કર્મની સ્થિતિ પોતાની મેળે પાકે અથવા બાર પ્રકારના તપે કરી જે કર્મ પરમાણુને નીરસ કર્યા તે છૂટા પડે, ત્યારે આત્માના જે પરિણામ થાય તે ભાવ નિર્જરા.

**નિર્જરાના અકામ** નિર્જરા અને **સકામ** નિર્જરા એવા પણ બે ભેદ છે

(1) **અકામ નિર્જરા:** આત્મશુદ્ધિના લક્ષ્ય વિના, સમજ વિના ,બાલ તપસ્વી કે એકેન્દ્રિય આદિમાં, સમકિતની હાજરી વિના સહન કરવાથી થતી કર્મ નિર્જરા .

(1) **સકામ નિર્જર :** આત્મશુદ્ધિના આશયપૂર્વક તપ દ્વારા સમજ અને સમભાવપૂર્વકની સમકિતની હાજરીમાં કષ્ટ સહન કરવાથી થતી કર્મ નિર્જરા.

બાર પ્રકારના તપથી કર્મોની નિર્જરા થાય છે .**તે તપના બે ભેદ છે -**

**(1) બાહ્ય તપ , (2)આભ્યંતર તપ**

તે બંનેના મળી વિસ્તારથી તપના કુલ 12 ભેદ થાય છે.

**બાહ્ય તપ** એટલે (1) જે તપમાં ભૂખ આદિ બાહ્ય કષ્ટો હોય, (2) જેની અસર સીધી શરીર પર પડે, (3) જે તપ આભ્યંતર શુદ્ધિમાં કારણભૂત બને તે .

**આભ્યંતર તપ** એટલે (1) જે તપમાં ભૂખ આદિ બાહ્ય કષ્ટો ગૌણરૂપે હોય તથા (2) જે તપની અસર સીધી આત્મા પર પડે તે .બાહ્ય તપ શરીરની ત્વચા, ચામડી જેવું છે .આભ્યંતર તપ એ શરીરના લોહી, માંસ, વીર્ય આદિ ધાતુ જેવું છે. ચામડીથી શરીરની રક્ષા થાય છે અને ધાતુથી શરીરનું કાર્ય થાય છે. બંને એકબીજાના પૂરક છે. બંનેનું પોતાનું મહત્વ છે. બાહ્ય તપ અને આભ્યંતર તપ બંને એ જ રીતે એકબીજાના પૂરક છે. બંનેનું પોતપોતાનું મહત્ત્વ છે .બંનેથી ભાવ પ્રમાણે નિર્જરા થાય છે.

## છ બાહ્ય તપ કહે છે

1. અનશન - ત્રણ કે ચાર આહારનો ત્યાગ કરવો.
2. ઉણોદરી - ન્યૂનતા કરવી, ઉપકરણ, આહાર પાણી કે કષાયને ઓછાં કરવા તે.
3. વૃત્તિસંક્ષેપ - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વૃત્તિનો સંક્ષેપ કરવો અને અભિગ્રહ તથા નિયમ આદિ ધારવા .
4. રસ્પરિત્યાગ - વિગય ઘી, દૂધ, તેલ, ગોડ, ખાંડ (આદિ સારા-સારા રસનો ત્યાગ કરવો.
5. કાયકલેશ - તપ, લોચ આદિ દ્વારા શારીરિક કષ્ટનું સહન કરવું.
6. પ્રતિસંલીનત - યોગ, કષાય કે ઈન્દ્રિયોની અશુભ પ્રવૃત્તિને રોકવી.

## છ આભ્યંતર તપ કહે છે

(1) **પ્રાયશ્ચિત્ત** - કરેલા અપરાધની શુદ્ધિ કરવી, લાગેલા દોષ ગુરુ આગળ કપટરહિત પ્રગટ કરી તેની આલોચના લેવી.

(2) **વિનય** - આઠ કર્મોનો વિનાશ જેનાથી થાય તે વિનય છે. દેવ, ગુરુ

આદિની ભક્તિ કરવી.

(3) **વૈયાવચ્ચ** - ગુરુ, તપસ્વી, રોગી કે નવદીક્ષિતને અન્ન, પાણી, વસ્ત્ર તથા ઔષધ આદિ લાવી દઈ, સેવા કરવી તે.

(4) **સ્વાધ્યાય** - સ્વાધ્યાય એટલે (1) શ્રેષ્ઠ પઠનપાઠનરૂપ અધ્યયન (2) સ્વ આત્માના ગુણોના સ્વરૂપનું અધ્યયન (3) પોતાનું અધ્યયન કરવું કે પોતાનું જીવન ઊંચું બની રહ્યું છે કે નહીં?

**સ્વાધ્યાયના પાંચ ભેદ :** (1) પોતે ભણવું, શિષ્યાદિકને ભણાવવું તથા વાંચવું (2) સંદેહ પડવાથી ગુરુ આદિને પૂછવું (3) શીખેલું ફરી સંભારવું (4) ધારેલું ચિંતવન કરવું (5) ધર્મ સંબંધી કથા કહેવી તથા ઉપદેશ કરવો.

**(5) ધ્યાન :** કોઈપણ એક જ વિષય ઉપર મનની એકાગ્રતા કરવી તેનું નામ ધ્યાન છે. ચાર ધ્યાનમાંથી આર્ત્ત, રૌદ્ર એ બે અશુભધ્યાન છોડી ધર્મ અને શુક્લ એ બે શુભ ધ્યાન ધ્યાવવા.

**(6) વ્યુત્સર્ગ :** શરીર, સંપ્રદાય સંસારના મમત્વનો ત્યાગ કરવો.

## 8. બંધતત્ત્વ

આત્માના પ્રદેશોને કર્મ પુદ્ગલના દળ ક્ષીર નીરની પેઠે, લોહપિંડ અગ્નિની પેઠે, લોલીભૂત (એકમેક) થઈ બંધાય તેને બંધ કહીએ. બંધના સ્વરૂપને બંધતત્ત્વ કહીએ.

### બંધતત્ત્વના ચાર ભેદ કહે છે

(1) **પ્રકૃતિ બંધ** - કર્મનો સ્વભાવ તથા પરિણામ.

(2) **સ્થિતિબંધ** - કર્મની સ્થિતિ.

(3) **અનુભાગબંધ** - કર્મનો તીવ્ર મંદ આદિ રસ પરિણામ રૂપ.

(4) **પ્રદેશબંધ** - કર્મ પુદ્ગલના પ્રદેશ, દળ.

## ચાર પ્રકારના બંધ લાડવાના દ્રષ્ટાંતે કહે છે

1) **પ્રકૃતિબંધ** - સૂંઠ, પ્રમુખ પદાર્થ નાખી લાડવો બનેલો હોય, તે વાયુ રોગનો નાશ કરે છે. જીરુ પ્રમુખ ઠંડી વસ્તુ નાખી લાડવો કર્યો હોય, તે પિત્ત રોગનો નાશ કરે છે. ઇત્યાદિ જે દ્રવ્યના સંયોગે કરી તે લાડવો બનેલો હોય, તે દ્રવ્યના ગુણ અનુસાર તે લાડવો વાત, પિત્ત તથા કફ આદિ રોગનો નાશ કરે છે. તે તેનો સ્વભાવ છે.

(2) **સ્થિતિબંધ** - જેમ તે જ લાડવો પક્ષ, (૧૫ દિવસ) માસ, બે માસ, ત્રણ માસ કે ચાર માસ સ્થિતિ સુધી રહી શકે છે.

(3) **અનુભાગ બંધ** - જેમ લાડવો કોઈ મીઠો હોય, કડવો હોય, કોઈ તીખો હોય તેમજ કોઈક લાડવાનો એકસ્થાન રસ હોય, કોઈનો બેસ્થાન રસ હોય ઈત્યાદિ અનેક પ્રકારે અલ્પ-વિશેષ રસ હોય છે.

(4) **પ્રદેશબંધ** - તે જ લાડવો અલ્પ દળથી થયો હોય, તો કોઈ બહુદળથી (વધારે કણ) થયો હોય અને કોઈ બહુત્તર દળથી (અતિ વધારે કણ) થયો હોય.

## લાડવાના દૃષ્ટાંતે કર્મ પર ચાર પ્રકારના બંધ

(1) **પ્રકૃતિબંધ** - જે કર્મ બંધાય છે, તે જ્ઞાન આદિ ગુણ ઢાંકશે તે સ્વભાવ જાણવો.

(2) **સ્થિતિબંધ** - જે કર્મ બંધાય છે, તે જઘન્ય અંતર્મુહૂર્ત સુધી ઉત્કૃષ્ટ 70 ક્રોડાક્રોડી સાગરોપમ સુધી રહે છે. સ્વભાવ બંધાવાની સાથે જ, તે સ્વભાવથી અમુક સમય સુધી જુદા ન પડવાની

મર્યાદા કર્મ પુદ્ગલોમાં નિર્મિત થાય છે, તે કાળને સ્થિતિ બંધ કહે છે.

(3) **અનુભાગ બંધ** -કોઈ કર્મનો શુભ, તીવ્ર, મંદ વિપાક હોય છે અને કોઈ કર્મનો અશુભ, તીવ્ર, મંદ વિપાક હોય છે. જેમ શાતાવેદનીય આદિમાં કોઈકનો અશુભ રસ અલ્પ હોય અને કોઈકનો અશુભ રસ ઘણો હોય, તેને ત્રીજો અનુભાગ બંધ કહીએ.

(4) **પ્રદેશબંધ** -કોઈ કર્મ પુદ્ગલના દળ થોડાં હોય છે તો કોઈના વધારે હોય છે. તેનું પરિમાણ (માપ) તે પ્રદેશ બંધ.

| ક્રમ | કર્મનું નામ | કોના સમાન? | કયો ગુણને રોક્યો? (પ્રકૃતિબંધ) | પ્રકૃતિ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ (સ્થિતિબંધ) |
|---|---|---|---|---|---|---|
| 1 | જ્ઞાનાવરણીય | આંખના પાટા | અનંત જ્ઞાન ગુણ | 5 | અંતર્મુહૂર્ત | 30 ક્રો.ક્રો.સાગર |
| 2 | દર્શનાવરણીય | રાજાના દ્વારપાળ | અનંત દર્શન ગુણ | 9 | અંતર્મુહૂર્ત | 30 ક્રો.ક્રો.સાગર |
| 3 | વેદનીય કર્મ | મધે ખરડેલ તલવાર સમાન | અનંત અવ્યાબાધ આત્મિક સુખ | 2 | બે સમય | 30 ક્રો.ક્રો.સાગર |
| 4 | મોહનીય કર્મ | મદિરાપાન સમાન | વીતરાગતા | 28 | અંતર્મુહૂર્ત | 70ક્રો.ક્રો.સાગર |
| 5 | આયુષ્ય કર્મ | બેડી સમાન | અક્ષય સ્થિતિ | 4 | અંતર્મુહૂર્ત | 33સાગરોપમની |
| 6 | નામ કર્મ | ચિત્રકાર સમાન | અમૂર્ત | 93 | આઠ મુહૂર્ત | 20 ક્રો.ક્રો. સાગર |
| 7 | ગોત્ર કર્મ | કુંભારના ચાકડા સમાન | અગુરુલઘુ | 2 | આઠ મુહૂર્ત | 20 ક્રો.ક્રો. સાગર |
| 8 | અંતરાય કર્મ | રાજાના ભંડારી સમાન | અનંતવીર્ય | 5 | અંતર્મુહૂર્ત | 30 કો.કો. સાગર |
| | | | | **કુલ 148** | | |

## 9. મોક્ષતત્ત્વ

સકળ આત્માના પ્રદેશથી,સકળ કર્મનું છૂટવું, સકળ બંધનથી મૂકાવું,સકળ કાર્યની સિદ્ધિ થાય તેને મોક્ષ તત્વ કહીએ. **અથવા** આત્માપ્રદેશ થકી સર્વથા કર્મોનો ક્ષય થવો તે.

## 15 ભેદે સિદ્ધ થાય

(1) **તીર્થ સિદ્ધા** - તીર્થંકરે તીર્થ સ્થાપ્યા પછી જે મોક્ષે જાય તે, ગૌતમ સ્વામી આદિ ગણધર પ્રમુખ.

(2) **અતીર્થ સિદ્ધા** - તીર્થંકરે તીર્થ સ્થાપ્યા પહેલાં અથવા તીર્થ વિચ્છેદ થયા બાદ જે મોક્ષે જાય તે, મરુદેવી માતા વગેરે.

(3) **તીર્થંકર સિદ્ધા** - તીર્થંકર પદવી પામીને મોક્ષે જાય તે, ઋષભદેવ ભગવાન આદિ અરિહંત ભગવાન.

(4) **અતીર્થંકર સિદ્ધા** - તીર્થંકર પદ પામ્યા વિના સામાન્ય કેવળી થઈ મોક્ષે જાય.

(5) **ગૃહસ્થલિંગ સિદ્ધા** - ગૃહસ્થના વેશે રહ્યાં થકા મોક્ષે જાય તે, મરુદેવી માતા.

(6) **અન્યલિંગ સિદ્ધા** - યોગી, સંન્યાસી, તાપસના વેશે મોક્ષે જાય તે, વલ્કલચીરી આદિ.

(7) **સ્વલિંગ સિદ્ધા** - જૈન સાધુના વેશે મોક્ષે જાય તે, શ્રી જંબૂસ્વામી વગેરે સાધુ મુનિરાજો.

(8) **સ્ત્રીલિંગ સિદ્ધા** - સ્ત્રી લિંગે (ચિહ્ન) મોક્ષે જાય તે, ચંદનબાળા આદિ.

(9) **પુરુષલિંગ સિદ્ધા** - પુરૂષ લિંગે મોક્ષે જાય તે, ગૌતમાદિક,

(10) **નપુંસકલિંગ સિદ્ધા** - નપુંસક લિંગે મોક્ષે જાય તે, ગાંગેય અણગાર પ્રમુખ.

(11) **પ્રત્યેકબુદ્ધ સિદ્ધા** - કોઈ પદાર્થ દેખીને પ્રતિબોધ પામવાથી પોતાની મેળે ચારિત્ર લઈ મોક્ષે જાય તે, કરકંડુ પ્રમુખ.

(12) **સ્વયંબુદ્ધ સિદ્ધા** - ગુરુના ઉપદેશ વિના પોતાની મેળે જાતિસ્મરણ આદિ જ્ઞાનથી પ્રતિબોધ પામી મોક્ષે જાય તે, કપિલ આદિ.

(13) **બુદ્ધબોહી સિદ્ધા** - ગુરુનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી મોક્ષે જાય તે.

(14) **એક સિદ્ધા** - એક સમયમાં એક જીવ મોક્ષે જાય તે.

(15) **અનેક સિદ્ધા** - એક સમયમાં ઘણા જીવ જ. 2 થી ઉ. 108 સુધી મોક્ષે જાય તે, ઋષભદેવ સ્વામી.એ પંદર ભેદ સિદ્ધના જાણવા.તીર્થ સિદ્ધા અને

અતીર્થસિદ્ધ એ બે ભેદમાં બીજા તેર ભેદ આવી જાય છે, છતાં વિશેષ સમજાવવા માટે પંદર ભેદ બતાવેલા છે.

## ચાર કારણે જીવ મોક્ષે જાય

સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપથી જીવ મોક્ષે જાય છે.

## મોક્ષના નવ દ્વાર

**।। સત્ત, દવ્વ, ખેત્ત, ફાસ, કાલ, ભાગ, ભાવ ચેવ**
**અંતર, અપ્પ બહુત્ત એ નવ મોક્ખ દારાણી ।।**

(1) સત્પદપ્રરૂપણાદ્વાર, (2) દ્રવ્યદ્વાર, (3) ક્ષેત્રદ્વાર, (4) સ્પર્શનાદ્વાર, (5) કાળદ્વાર, (6) અંતરદ્વાર, (7) ભાગદ્વાર, (8) ભાવદ્વાર, (9) અલ્પ-બહુત્વદ્વાર.

**(1) સત્પદપ્રરૂપણાદ્વાર** - મોક્ષ ગતિ પૂર્વ કાળે હતી, હમણાં પણ છે, ભવિષ્યમાં હશે, તેની અસ્તિ છે, પણ આકાશના ફૂલની જેમ નાસ્તિ નથી.

**(2) દ્રવ્યદ્વાર** - સિદ્ધ અનંતા છે. અભવ્ય જીવથી અનંતગુણા અધિક સિદ્ધ છે. વનસ્પતિ વર્જીને 23 દંડકથી સિદ્ધના જીવ અનંતગુણા અધિક છે.

**(3) ક્ષેત્રદ્વાર -** તે સિદ્ધશિલા પ્રમાણે છે, સિદ્ધશિલા 45 લાખ જોજનની લાંબી-પહોળી છે અને ત્રિગુણી ઝાઝેરી પરિધિ છે. ત્યાંથી એક જોજન ઊંચપણે છેલ્લા ગાઉના છટ્ઠા ભાગને વિશે (333 ધનુષ્યને 32 આંગળ પ્રમાણ ક્ષેત્રમાં) સિદ્ધ રહ્યાં છે. **(4) સ્પર્શનાદ્વાર** - સિદ્ધક્ષેત્રથી કાંઈક અધિકી સિદ્ધની સ્પર્શના છે. **(5) કાળદ્વાર** - તે એક સિદ્ધ આશ્રી સાદિઅનંત, સર્વ સિદ્ધ આશ્રી અનાદિ અનંત**.** **(6) ભાગદ્વાર** - તે સિદ્ધના જીવ સઘળા જીવને અનંતમે ભાગે છે, લોકને અસંખ્યાતમે ભાગે છે. **(7) ભાવદ્વાર** - તે સિદ્ધમાં ક્ષાયિકભાવ છે. તે કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમકિત અને પારિણામિક ભાવ તે જીવપણું છે. **(8) અંતરદ્વાર** - તે ફરી સિદ્ધને સંસારમાં આવવું નથી અને એક સિદ્ધ ત્યાં અનંતા સિદ્ધ છે. અનંતા સિદ્ધ ત્યાં એક સિદ્ધ છે એટલે બે સિદ્ધમાં અંતર નથી. **(9) અલ્પ-બહુત્વદ્વાર** - તે સર્વથી થોડા નપુંસક

સિદ્ધ, તેથી સ્ત્રી સંખ્યાતગુણી સિદ્ધ, તેથી પુરુષ સંખ્યાતગુણા સિદ્ધ. એક સમયે નપુંસક 10 સિદ્ધ થાય, સ્ત્રી 20 સિદ્ધ થાય, પુરુષ 108 સિદ્ધ થાય.

## 19 બોલનો ધારક મોક્ષે જાય તે કહે છે

(1) ત્રસ (2) બાદર (3) પર્યાપ્તા (4) સંજ્ઞી (5) મનુષ્યગતિ (6) વજ્રઋષભનારાચ સંઘયણ (7) ભવ્યસિદ્ધિક (8) ચરમ શરીરી (9) ક્ષાયિકસમકિત (10) પંડિતવીર્ય (11) અપ્રમાદી (12) શુક્લધ્યાન (13) અવેદી (14) અકષાયી
(15) યથાખ્યાતચારિત્ર (16) પરમશુક્લલેશી (17) કેવળજ્ઞાન (18) કેવળદર્શન (19) સ્નાતક.

જઘન્ય બે હાથની અવગાહનાવાળો, ઉત્કૃષ્ટ 500 ધનુષ્યની અવગાહનાવાળો, જઘન્ય નવ વર્ષનો, ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો, કર્મભૂમિનો મનુષ્ય મોક્ષમાં જાય.

## || ઇતિ નવ તત્ત્વ સમાપ્ત ||

સમ્યગ્દૃષ્ટિ જીવોએ ઉપરના નવ તત્ત્વ જાણવા યોગ્ય છે. જીવ અને અજીવ એ બે તત્ત્વ માત્ર **(જ્ઞેય)** જાણવા યોગ્ય છે. પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ એ ચાર તત્વ **(ઉપાદેય)** ગ્રહણ કરવા યોગ્ય છે; પાપ, આશ્રવ અને બંધ એ ત્રણ તત્ત્વ સર્વથા સર્વને **(હેય)** ત્યાગ કરવા યોગ્ય છે.

નવ તત્ત્વના રૂપી, અરૂપી ભેદોની સંખ્યાનો તથા હેય, જ્ઞેય અને ઉપાદેયનો કોઠો નીચે પ્રમાણે છે. જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય તે રૂપી છે. જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ન હોય તે અરૂપી છે.

| **ક્રમ** | **તત્વ** | **રૂપી ભેદ** | **અરૂપી ભેદ** | **હેય, જ્ઞેય, ઉપાદેય** |
|---|---|---|---|---|
| **1** | **જીવતત્ત્વ** | 14 (સંસારી) | સિદ્ધ | જ્ઞેય |
| **2** | **અજીવતત્ત્વ** | 4 | 10 | જ્ઞેય |
| **3** | **પુણ્યતત્ત્વ** | 42 | 0 | ઉપાદેય, હેય |
| **4** | **પાપતત્ત્વ** | 82 | 0 | હેય |
| **5** | **આશ્રવતત્ત્વ** | 42 | 0 | હેય |
| **6** | **સંવરતત્ત્વ** | 0 | 57 | ઉપાદેય |
| **7** | **નિર્જરાતત્ત્વ** | 0 | 12 | ઉપાદેય |
| **8** | **બંધતત્ત્વ** | 4 | 0 | હેય |
| **9** | **મોક્ષતત્ત્વ** | 0 | 9 | ઉપાદેય |

## વ્યાવહારિક જીવનમાં નવ તત્ત્વને જાણીને શું કરશો?

**જીવતત્ત્વ :** (1) આત્મા છે, અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે તેવી શ્રદ્ધા કરવી. (2) જીવના જુદા-જુદા સ્વરૂપ જાણીને દરેકને પોતાના આત્મા સમાન જાણી તેમને દુઃખ, ક્લેશ કે પીડા ન આપવી. (3) જ્ઞાન, દર્શન એ મારો સ્વભાવ છે એમ જાણીને સમતા ધર્મની આરાધના કરવી. (4) જીવના ૫૬૩ ભેદ જાણીને તેમાં મારો આત્મા પરિભ્રમણ કરે છે, તે જાણી તે પરિભ્રમણથી છૂટવા પ્રયત્ન કરશું.

**અજીવતત્ત્વ :** (1) અજીવ પદાર્થનો સ્વભાવ જડ છે અને તે જીવથી ભિન્ન છે, તેવી શ્રદ્ધા અને સમજણ કરવી. (2) જડ વસ્તુમાં સુખ કે શાતા દેવાનો સ્વભાવ નથી. (૩) અરૂપી જડ પદાર્થોનું જ્ઞાન કરી ભગવાનના કેવળજ્ઞાન પર શ્રદ્ધા દૃઢ કરવી. (4) પરિવર્તન એ પુદ્ગલનો સ્વભાવ છે, એ શ્રદ્ધા કરી પુદ્ગલોની આસક્તિ ઘટાડવી.

**પુણ્યતત્ત્વ :** (1) પુણ્યનો ઉદય હોય ત્યાં સુધી જ સારા સંયોગો, અનુકૂળતા ટકે છે માટે ઈષ્ટ સંયોગોને ટકાવવા આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન ન કરવું. (2) પુણ્ય બાંધવાની વૃત્તિથી ધર્મ આરાધના ન કરવી. (3) સંસાર આખો પુણ્યના ઉદયે ચાલે છે પરંતુ અંતે તે પણ નષ્ટ થવાવાળું છે એવું જાણી પુણ્ય નહીં પણ પુરુષાર્થને કેન્દ્ર બનાવવો. જીવનમાં ધર્મને પ્રધાનતા આપવી પુણ્યના ઉદયને નહીં.

**પાપતત્ત્વ :** (1) દુઃખ, પ્રતિકૂળતા, અનિષ્ટનો સંયોગ પોતાના પાપકર્મના ઉદયે મળે છે માટે આર્ત્તધ્યાન ન કરતાં સમતાભાવ રાખવો. (2) પાપનો ડર રાખી આત્માને હળુકર્મી બનાવવા 18 પાપનો ત્યાગ કરવો. (3) દુઃખનું મૂળ પાપ છે, પાપનું મૂળ હિંસા છે. હિંસાથી અશાતા બંધાય છે. માટે પાપના સ્વરૂપને જાણી સર્વ પાપનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો. (4) પુણ્ય કરવું સહેલું છે પણ પાપ છોડવું અઘરું છે. આ વાત જાણી પાપનો ત્યાગ કરવો અને સમભાવે દુઃખનો સ્વીકાર થાય તેવું જીવન બનાવવું.

**આશ્રવતત્ત્વ :** (1) મિથ્યાત્વ આદિ ભાવ કરવાથી આત્માને કર્મની આવક થાય છે, તે શ્રદ્ધા કરવી. (2) કર્મબંધના કારણભૂત પચ્ચીસ ક્રિયાઓને જાણી બચવા જાગૃત બનવું. (3) લાચારીથી આશ્રવના કાર્ય કરવા પડે તો પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિત્ત કરવા.

**સંવરતત્ત્વ:** (1) આવતા અશુભકર્મને અટકાવવા સંવરના વિવિધ અનુષ્ઠાનોની જાણકારી મેળવી આરાધના કરવી. (2) વ્રત નિયમને ધારવા માટે ઉત્સાહ બતાવવો. (3) પાપભીરુતા ગુણને કેળવવો. સંસારના કાર્યોની મર્યાદા કરી કે તેને ઘટાડીને વ્રત ધારણ કરી સંવર કરી આવતા કર્મને અટકાવવા. (4) પચ્ચક્ખાણથી પાપનો ત્યાગ કરી સંવર આરાધના માટે દૃઢ શ્રદ્ધાવાન શ્રાવક કે સાધુ ધર્મની આરાધના કરવી. (5) એક માત્ર મનુષ્યભવમાં જ સંપૂર્ણ રીતે સંવરની આરાધના થઈ શકે છે, એવું જાણી દુર્લભ માનવભવ સાર્થક કરવા અપ્રમાદી બની સમ્યક્ પરાક્રમ કરવું.

**નિર્જરાતત્ત્વ :** (1) તપની સમજણ મેળવી શક્તિ પ્રમાણે તપ આચરણ કરવું. (2) ધર્મકાર્યમાં વીર્ય (શક્તિ) ગોપવવું નહીં. (3) તપ-ત્યાગ દ્વારા સંસારી સુખોની ભાવના છોડવી.

**બંધતત્ત્વ :** (1) કર્મબંધનના પ્રકારો જાણી તેને અટકાવવા, મંદ રસ કરવા પુરુષાર્થ કરવો. (2) બાંધેલ કર્મ પોતાની સ્થિતિથી વધુ ટકવાનું નથી એવી સમજણ કેળવી અનુકૂળતા-પ્રતિકૂળતાને સમભાવે સહન કરવા જાગૃત બનવું. (3) કર્મબંધ દરમિયાન પણ અશુભકર્મ મંદ રસે બંધાય તરત નિષ્ફળ થાય તે માટે પશ્ચાત્તાપ કરવો. (4) ક્રોધ તથા માનને જીતવા **'કમ ખાના, ગમ ખાના, નમ જાના'** સૂત્ર અપનાવવું. માયા અને લોભને જીતવા **'સરળ અને સંતોષી હૃદયમાં જ ધર્મ ટકે છે'** આ સૂત્ર અપનાવવું.

**મોક્ષતત્ત્વ:** (1) સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપની જ આરાધનાનું લક્ષ્ય દૃઢ કરવું. (2) જૈનધર્મની શ્રદ્ધા મજબૂત કરવી. (3) માત્ર મોક્ષના લક્ષ્યે ધર્મ આરાધના કરવી. (4) મોક્ષનું યથાર્થ સ્વરૂપ સમજવું.

આ પ્રમાણે નવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધાથી સમકિત મોહનીય તોડી, દેવ, ગુરુ અને ધર્મનું સાચું સ્વરૂપ જાણી સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરી શકાય છે. ક્રોધ, માન, માયા અને લોભરૂપી ચાર કષાયોને ઉપશાંત કે ક્ષય કરી, ચારિત્ર મોહનીય તોડી, યથાર્થ મોક્ષમાર્ગની આરાધના કરવા ચારિત્ર ગ્રહણ કરી શકાય છે, જેથી મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે.

માટે યોગ્ય ધર્મ આચરણ કરવાની ભાવનાવાળા આત્માએ **મોક્ષ** લક્ષ કેળવી **જીવ** અને **જડ** સ્વભાવી શરીરને ભિન્ન કરવા **પુણ્ય-પાપ** રૂપ **આશ્રવ** અને **બંધ** અટકાવી, સંવરમાં સ્થિર બની, કર્મ નિર્જરાની સાધના કરવામાં પ્રયત્નશીલ બનવું.

## ❖અપેક્ષિત પ્રશ્નો❖

(1) નવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધાથી શું લાભ થાય? (2) સમ્યગ્ દર્શન એટલે શું? (3) નવ તત્ત્વ જાણીને વ્યાવહારિક જીવનમાં શું ફેરફાર કરશો (4)જીવે કયું લક્ષ કેળવવું જોઈએ?

# ❖3. 32 આગમ (સૂત્રો)નો પરિચય❖

**સૂત્રો : આગમ :** જૈન ધર્મના મૂળ આધારરૂપ 32 આગમ છે. આગમ આત્માની ગમ અર્થાત્ સમજણ આપે છે. આગમ દ્વારા જીવ, અજીવ આદિ છ દ્રવ્યનું તથા 9 તત્વનું જ્ઞાન થાય છે.

આ 32આગમોમાં 11અંગસૂત્રો તીર્થંકર પ્રરૂપિત વાણીમાંથી ગણધરોએ ગૂંથન કરીને તૈયાર કરેલાં છે. અંગસૂત્રોને દ્વાદશાંગી કહેવાય છે, એટલે કે બાર સૂત્રોનું સંકલન. વર્તમાને આપણી પાસે 11અંગસૂત્રો ઉપલબ્ધ છે અને 12મું દૃષ્ટિવાદ સૂત્ર વિચ્છેદ (નાશ) ગયું છે. કારણ કે, તે તીર્થંકરની બે પેઢી (પાટ) સુધી જ ચાલે છે. પછી ધીરે-ધીરે લુપ્ત થતું જાય છે. આ બારમા અંગસૂત્રમાં જ 14 પૂર્વનું જ્ઞાન સમાવિષ્ટ હોય છે.

12ઉપાંગ સૂત્રો આદિ અન્ય આગમો 10 પૂર્વ કે તેથી વધુ શ્રુતજ્ઞાનના ધારકોએ તૈયાર કરેલા હોય છે. આ આગમ સૂત્રો બે વિભાગમાં વહેંચાયેલાં છે - (1) આવશ્યક અને (2) આવશ્યક વ્યતિરિક્ત (સિવાયના). આવશ્યક વ્યતિરિક્તના બે ભેદ છે - (1) કાલિક સૂત્ર (2) ઉત્કાલિક સૂત્ર.

આમ આગમ સૂત્રોના આવશ્યક સૂત્ર અને અન્ય 31 આગમ જેમાં 11 અંગસૂત્ર, 12ઉપાંગસૂત્ર, 4મૂલસૂત્ર અને 4છેદસૂત્ર છે. તેમાં 23કાલિક સૂત્રો છે અને 8ઉત્કાલિક સૂત્રો છે.

મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ 12અંગસૂત્રો ધ્રુવ (હંમેશાં હોય) આગમ છે. બાકીના સૂત્રો ચલસૂત્રો છે. (જે હંમેશાં હોય તેવું નથી)

**કાલિક સૂત્ર** : જેનો રાત્રિના પહેલા અને ચોથા પ્રહરે તથા દિવસના પહેલા અને ચોથા પ્રહર એમ ચાર પ્રહર, 32 અસજ્ઝાય ટાળીને સ્વાધ્યાય કરવાનો હોય છે તે કાલિક સૂત્ર.

**ઉત્કાલિક સૂત્ર** : જેનો સ્વાધ્યાય અસજ્ઝાય ટાળીને આઠે પ્રહર કરી શકાય છે.

**અંગસૂત્ર** : જે શ્રુતજ્ઞાનના બધાં જ સૂત્ર 14 પૂર્વી ગણધર રચિત છે,

જે મૂળભૂત તેમ જ પ્રધાન છે, અર્થ અને ક્રમની અપેક્ષા

સર્વ ક્ષેત્ર, સર્વ કાળમાં જેમ છે, તેમ જ રહે છે તે અંગસૂત્ર છે.તેની કુલ સંખ્યા 12 છે. તેમાંથી વર્તમાને 11 અંગસૂત્ર ઉપલબ્ધ છે.

**ઉપાંગ સૂત્ર** : જે જ. 10 પૂર્વ ઉ. 14 પૂર્વના જ્ઞાની સ્થવિરોની રચના હોય છે,તેને ઉપાંગ સૂત્ર કહે છે. અંગસૂત્રમાં કહેલા અર્થોનો જે સ્પષ્ટ બોધ કરાવે છે, તે ઉપાંગ સૂત્ર છે. તેની વર્તમાને સંખ્યા 12 છે.

**મૂળ સૂત્ર** : સાધુની જીવનચર્યામાં જે મૂળરૂપે સહાયક બને છે તથા જેનું અધ્યયન સાધુ માટે સર્વ પ્રથમ જરૂરી છે, તેને મૂળ સૂત્ર કહે છે.તેની સંખ્યા સંખ્યા 4 છે.

**છેદ સૂત્ર** : જે સૂત્રોને નવમા પૂર્વમાંથી છિન્ન એટલે કે અલગ કરવામાં આવ્યા છે અને છેદોપસ્થાપનીય ચારિત્રના અનુરૂપ જેમાં પ્રાયશ્ચિત્ત બતાવ્યા છે, તે છેદ સૂત્ર છે. તેની સંખ્યા 4 છે.

**આવશ્યક સૂત્ર:** ચતુર્વિધ સંઘને પ્રતિદિન અવશ્ય કરવા યોગ્ય છે તે આવશ્યક સૂત્ર.

આ 32 સૂત્રોનો સ્વાધ્યાય ક્યારે કરાય તે ત્રીજા શ્રમણસૂત્રના પ્રશ્નોત્તરમાં આ જ પુસ્તકમાં સમજાવેલ છે. આવશ્યક સૂત્ર ગમે ત્યારે બોલી શકાય છે. અહીં 32 સૂત્રના નામ, તે સૂત્ર કાલિક છે કે ઉત્કાલિક વગેરે ટૂંકી માહિતી આપવામાં આવી છે.

## 11 અંગસૂત્રના રચયિતા શ્રી સુધર્મા સ્વામી છે. તે બધાં કાલિક સૂત્રો છે.

| ક્રમ | સૂત્રનું નામ | કયા વિષયોનું વર્ણન ? |
|---|---|---|
| 1 | **શ્રી આચારાંગ સૂત્ર** | સાધુનો આચાર તથા ભગવાન મહાવીરનું જીવન ચરિત્ર છે. |
| 2 | **શ્રી સૂયગડાંગ સૂત્ર** | 363 પાખંડી ધર્મનું ખંડન અને છ દર્શન(ધર્મ)નું રહસ્ય છે. |
| 3 | **શ્રી ઠાણાંગ સૂત્ર** | એક બોલ, બે બોલ એમ દશ બોલ સુધી જુદા-જુદા બોલો દ્વારા વિવિધ વિષયોનું વર્ણન છે. |

| | | |
|---|---|---|
| 4 | **શ્રી સમવાયાંગ સૂત્ર** | 1, 2, 3 થી ક્રોડ બોલોનું વર્ણન તથા 63 શ્લાઘનીય પુરુષોનું વર્ણન, દ્વાદશાંગીનું વર્ણન છે. |
| 5 | **શ્રી ભગવતી સૂત્ર** | 36000 પ્રશ્નોત્તર છે. ગોશાલક, જમાલી, જયંતિશ્રાવિકા આદિનું વર્ણન. ઉપલબ્ધ આગમમાં સૌથી મોટું આગમ છે. |
| 6 | **શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર** | મેઘકુમાર, થાવચ્ચાપુત્ર, મલ્લિનાથ ભગવાન, દ્રૌપદી, ધર્મરુચિ અણગાર વગેરે ધર્મકથાઓનું વર્ણન છે. |
| 7 | **શ્રી ઉપાસકદશાંગ સૂત્ર** | આનંદ, કામદેવ આદિ 10 શ્રાવકોનું જીવન વર્ણન છે. |
| 8 | **શ્રી અંતગડ સૂત્ર** | ગજસુકુમાલ, અર્જુનમાળી, શ્રેણિકની રાણીઓ આદિ તથા તેમના વિવિધ તપના વર્ણન. |
| 9 | **શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર** | શ્રેણિકના 23 પુત્રો, કાકંદિના ધન્ના આદિ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થવાવાળા 33 જીવોનું વર્ણન છે. |
| 10 | **શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર** | પાંચ આશ્રવ અને પાંચ સંવરનું વર્ણન કરેલ છે. |
| 11 | **શ્રી વિપાક સૂત્ર** | પુણ્ય અને પાપના વિપાક (ફળ) સુખ અને દુ:ખરૂપ છે તે બતાવતા સુબાહુકુમાર, કાલસૌરિક કસાઈ વગેરેની વાર્તા છે. |

## 12 ઉપાંગ સૂત્ર

| | | | |
|---|---|---|---|
| 12 | **શ્રી ઉવવાઈ સૂત્ર** | ઉત્કાલિક | 12 તપ અને 4 ધ્યાન વગેરે વિષયોનું વર્ણન છે. |
| 13 | **શ્રી રાયપસેણીય સૂત્ર** | ઉત્કાલિક | પરદેશી રાજા અને કેશીકુમાર શ્રમણનો વાર્તાલાપ છે. સૂર્યાભદેવ, પરદેશી રાજા અને દૃઢ પ્રતિજ્ઞ કેવળી (એક જીવનો) અધિકાર છે. |
| 14 | **શ્રી જીવાભિગમ સૂત્ર** | ઉત્કાલિક | જીવ,અજીવના ભેદ, પ્રભેદ, રૂપી અને અરૂપી જીવોનું વર્ણન છે. |
| 15 | **શ્રી પ્રજ્ઞાપના સૂત્ર** | ઉત્કાલિક | જીવ, અજીવનું વિશિષ્ટ નિરૂપણ, 24 દંડકના જીવોની સ્થિતિ, વિરહ, ગતાગત વગેરે વર્ણન છે. |
| 16 | **શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર** | કાલિક | જંબૂદ્વીપ, છ આરા, ભરત ચક્રવર્તી આદિ વર્ણન. |
| 17 | **શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર** | કાલિક | ચંદ્ર વિમાન, નક્ષત્ર, રાહુ આદિ જ્યોતિષનું વર્ણન. |
| 18 | **શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર** | ઉત્કાલિક | સમપૃથ્વીથી સૂર્ય વગેરે વિમાન કેટલા ઊંચે છે ? સૂર્ય વિમાન, પર્વરાહુ, મંડલક્ષેત્ર આદિનું વર્ણન. |
| 19 | **શ્રી નિરયાવલિકા સૂત્ર** | કાલિક | કુણિક રાજાનું પોતાના ભાઈ હલ, વિહલ સાથેનું તથા ચેડા રાજા સાથેના રથમુસલ કંટક સંગ્રામનું તથા યુદ્ધના પરિણામ રૂપ જીવ નરક અને તિર્યંચ ગતિમાં ઊપજે છે તેનું વર્ણન છે. |
| 20 | **શ્રી કપ્પવડંસિયા સૂત્ર** | કાલિક | કાલકુમાર આદિ 10 ભાઈઓના 10 દીકરા અને તેમના તપ, સંયમનું વર્ણન છે. |
| 21 | **શ્રી પુપ્ફિયા સૂત્ર** | કાલિક | ભગવાન મહાવીરના દર્શને પધારેલા ચંદ્ર, સૂર્ય દેવોનું, સોમીલ અને પારસનાથનો સંવાદ તથા બહુપુત્રીકાદેવી આદિનું વર્ણન છે. |
| 22 | **શ્રી પુષ્ફચૂલિયા સૂત્ર** | કાલિક | ભગવાન પાર્શ્વનાથના શાસનની 10 સાધ્વી આલોચના |

| | | |
|---|---|---|
| 23 **શ્રી વન્હિદશા સૂત્ર** | કાલિક | કર્યા વગર કાળ કરી દેવીઓ બની તેનું વર્ણન છે. 22મા તીર્થંકરના શાસનમાં થયેલ નવમા બલદેવ બલભદ્રના 12 પુત્રોનું વર્ણન છે. નિષધકુમાર આદિ 12 ભાઈઓએ નેમનાથ ભગવાન પાસે દીક્ષા લઈ એકાવતારી થયા તેનું વર્ણન છે. |

## 4 મૂળ સૂત્રોના નામ

| | | | |
|---|---|---|---|
| 24 | **શ્રી દશવૈકાલિક સૂત્ર** | ઉત્કાલિક | તેના ચોથા અધ્યયનના પાઠથી વડીદીક્ષા દેવાય છે. સાધુના આચાર, ભાષા, વિનય વગેરે વર્ણન. |
| 25 | **શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર** | કાલિક | ભગવાન મહાવીરની અંતિમ દેશના છે. નમિ રાજર્ષિ, હરિકેશીમુનિ, અનાથીમુનિ વગેરેની વાર્તા તથા સમિતિ ગુપ્તિ, સમ્યક્ પરાક્રમના બોલ, 1 થી 33 બોલ વગેરે વર્ણન છે. |
| 26 | **શ્રી નંદી સૂત્ર** | ઉત્કાલિક | પાંચ જ્ઞાનનું વિસ્તૃત વર્ણન છે. કાલિક, ઉત્કાલિક સૂત્રોના નામ વગેરે ઉલ્લેખ છે. |
| 27 | **શ્રી અનુયોગદ્વાર સૂત્ર** | ઉત્કાલિક | ચાર અનુયોગનું વિવરણ છે. |

## 4 છેદ સૂત્રો (ચારે કાલિક છે)

| | | |
|---|---|---|
| 28 | **શ્રી બૃહત્કલ્પ સૂત્ર** | સાધુ-સાધ્વીના આચારનું વિધિ કલ્પ અને નિષેધ કલ્પનું વર્ણન. |
| 29 | **શ્રી વ્યવહાર સૂત્ર** | ભગવાનની આજ્ઞામાં વિશેષરૂપથી કોઈ દોષ લાગ્યો હોય તો તેનું શુદ્ધીકરણ કરવાની વિધિ છે.સાધુ-સાધવીના પરસ્પર સંભોગ આદી વ્યવહારનું વર્ણન છે. જૈન દર્શનનું ન્યાયાલય જેવું છે. |
| ૩૦ | **શ્રી નિશીથ સૂત્ર** | સાધુ-સાધ્વીના પ્રાયશ્ચિત્ત સંબંધી વર્ણન છે. |
| 31 | **શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર** | અસમાધિ સ્થાન, સબલા દોષ, આશાતના, આચાર્યની સંપદા, પડિમા આદિનું વર્ણન છે. |
| 32 | **શ્રી આવશ્યક સૂત્ર** | નોકાલિક નોઉત્કાલિક સામાયિક આદિ ૬ અધ્યયન (આવશ્યક) છે. |

શ્રી આવશ્યક સૂત્ર ચતુર્વિધ સંઘને અવશ્ય કરવા યોગ્ય હોવાથી, તમામ પ્રકારની અસ્વાધ્યાયને ઓળંગી ગયેલ છે. અર્થાત્ તેને કોઈપણ અસ્વાધ્યાય નડતી નથી. વ્યવહારમાં પ્રતિક્રમણ સૂત્રને નામે પ્રચલિત છે.

**અસજ્ઝાયો કોને માટે ન હોય ?**

અસજ્જઝાયો માત્ર ઉપર બતાવેલ શ્રી આવશ્યક સૂત્ર સિવાયના 31 સૂત્રના મૂળ પાઠને જ લાગુ પડે છે, અર્થને નહીં. આ 32 આગમ સૂત્ર સિવાયના અન્ય કોઈપણ ગ્રંથો, સાહિત્ય, કવિતાઓ, પાઠો, શ્લોકો, ગુજરાતી કે અન્ય ભાષામાં કરાયેલા અનુવાદોને કોઈપણ અસજ્જઝાયો નડતી નથી.

(અસજ્જઝાયના વિશેષ વર્ણન માટે જુઓ શ્રેણી 8માં 32 અસજ્ઝાયનો થોકડો)

# કથા વિભાગ

## ❖ શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર ❖

મગધ નામના વિશાળ રાજ્યની રાજધાની રાજગૃહી નગરીના પરાક્રમી અને ધર્મનિષ્ઠ રાજા શ્રેણિક હતા. તેમની ધર્મપરાયણ અને સુશીલ સૌથી નાની રાણીનું નામ હતું ધારિણી. બુદ્ધિશાળી અને ધર્મવીર એવા અભયકુમાર મહામંત્રીનું પદ શોભાવતા હતા.

મેઘકુમાર, ધારિણી રાણીના અને શ્રેણિક રાજાના સૌથી નાના પુત્ર હતા. તેઓ સહુના લાડીલા અને વહાલસોયા હતા. તેઓ જ્યારે માતાના ગર્ભમાં આવ્યા ત્યારે ધારિણી રાણીને મેઘ માણવાની ઈચ્છા ઉત્પન્ન થઈ હતી, તેથી નામ 'મેઘકુમાર' પાડવામાં આવ્યું હતું.

યોગ્ય વિદ્યા અભ્યાસ પૂરો થયા બાદ યુવાનીમાં તેમના વિવાહ આઠ સ્વરૂપવાન અને ગુણવાન કન્યાઓ સાથે કરવામાં આવ્યા. તેઓ તેમની સાથે સ્વર્ગ સમાન સુખ ભોગવતા અને આનંદ પ્રમોદમાં રહેવા લાગ્યા.

એક વખત, મહાવીર પ્રભુ વિચરણ કરતાં-કરતાં રાજગૃહી નગરીના ગુણશીલક ઉદ્યાનમાં પધાર્યા. તેમની દેશના સાંભળવા ઉત્સાહી નગરજનો અને મેઘકુમાર પણ ગયા. પ્રભુએ "શ્રુતધર્મ અને ચારિત્રધર્મનું સ્વરૂપ બતાવ્યું. ક્યા પ્રકારે જીવ કર્મથી બંધાય છે ? કયા પ્રકારે કર્મથી જીવ મુક્ત થાય છે ? અને કઈ રીતે જીવ સુખ-દુઃખને પ્રાપ્ત કરે છે ?" તેવો ધીર, ગંભીર વાણીમાં મંગલમય ઉપદેશ આપ્યો. તેમની અમૃતમય વાણીથી શ્રોતાજનો અને મેઘકુમાર ભાવ વિભોર થઈ ગયા. મેઘકુમારને વૈરાગ્ય જાગૃત થતાં તે જ ક્ષણે તેમણે દીક્ષા લેવાનો નિર્ણય કરી પ્રભુની પાસે પોતાના અંતરની ઇચ્છા પ્રગટ કરી.

**પ્રભુએ મેઘકુમારને કહ્યું :** "હે મેઘ ! શુભ કાર્યમાં વિલંબ ન કરો."
મેઘકુમારે રાજમહેલે આવી પોતાના માતા-પિતા પાસે દીક્ષા લેવાની અનુમતિ માંગી. ધારિણી માતાએ એકનો એક લાડકવાયો પુત્ર હોવાથી મેઘને સંસારમાં રહેવાની ખૂબ વિનંતી કરી. માતા-પિતા બંનેએ ભેગા થઈ મેઘકુમારને ખૂબ

સમજાવ્યો. મુનિ જીવનની મુશ્કેલીઓ બતાવી, પણ મેઘ પોતાની ભાવનામાં ખૂબ દૃઢ રહ્યાં. અંતે, મક્કમતા અને વૈરાગ્યભાવના સામે નમતું મૂકીને માતા-પિતાએ મેઘકુમારનો એક દિવસના રાજા તરીકે રાજ્યાભિષેક કરાવી ભારે હૈયે દીક્ષા લેવાની અનુમતિ આપી. તે જ દિવસે તેમનો દીક્ષા મહોત્સવ અત્યંત ઉત્સાહ અને ઠાઠમાઠથી કરવામાં આવ્યો.

મહાવીર પ્રભુએ મેઘમુનિને સ્વયં દીક્ષા આપી અને મુનિધર્મની મર્યાદાઓ સમજાવી. તેમણે કહ્યું: "મેઘ! હવેથી તારે નીચે જોઈને ચાલવું, નિર્જીવ ભૂમિ પર ઊભા રહેવું, જમીન પર જોઈને બેસવું, શરીરની પ્રમાર્જના કરીને સૂવું, નિર્દોષ આહાર કરવો, હિતકારી-મિતકારી અને મધુર ભાષા બોલવી. બધા એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોની રક્ષા માટે સતત સાવધાન રહેવું, પ્રમાદ કરવો નહીં." આમ મેઘકુમાર હવે મહાવીર પ્રભુના શિષ્ય અને સંયમજીવનના યાત્રિક બની ગયા.

દીક્ષા પછીની તેમની પહેલી જ રાત હતી. મુલાયમ, સુંવાળાં પલંગ, રજાઈઓ છોડી આજે તેમને ભૂમિ પર સંસ્તારક (પાથરણું) પાથરી શયન કરવાનું હતું. તેઓ સૌથી નાના હોવાથી તેમની પથારી દરવાજા પાસે થઈ. રાત્રિનો સમય થયો. અન્ય મુનિઓ સ્વાધ્યાય, પરિયટ્ટણા, ચિંતન તથા લઘુશંકા આદિ ક્રિયાઓ માટે દરવાજા પાસેથી અંદર-બહાર આવતા જતા હતા. તેમાંથી કોઈ-કોઈ મુનિનો હાથ તેમને અડતો, કોઈનો પગ માથાને ટકરાતો, કોઈનો પગ પેટ સાથે અથડાતો, કોઈના પગની ધૂળ તેમના પર પડતી, આ કારણે તેમને આખી રાત ઊંઘ ન આવી.

આખી રાતનું જાગરણ થવાથી તેમને વિચાર ઉત્પન્ન થયો કે "હું શ્રેણિક રાજાનો પુત્ર હતો, ત્યારે આ જ સાધુઓ મારો કેવો સત્કાર કરતા હતા ? મારું તો આ કેવું ઘોર અપમાન છે ? જાણે કે હું પથ્થર હોઉં, તેમ બધા મને ઠોકર મારતા જાય છે. પગની ધૂળથી પથારી ખરાબ કરી નાંખે છે! હું રાજકુમાર આજે ભૂમિશયન કરું છું તે તો સહન થાય. પણ આ અપમાન, આ તિરસ્કાર, આ વિટંબણા, હું સહન નહીં કરી શકું ! સવાર થતાં જ પ્રભુને કહી દઈશ : પ્રભુ ! હું તો આ સંયમી જીવનથી તંગ આવી ગયો

છું. હું ફરીથી ગૃહસ્થ થઈ જવા માંગું છું." આર્ત્તધ્યાન અને દુઃખથી પીડિત થઈ તે રાત્રિ મેઘમુનિએ નરકની યાતનાની જેમ પસાર કરી.

સવાર થતાં જ મેઘમુનિએ પ્રભુ પાસે પહોંચી વંદન નમસ્કાર કર્યા. પ્રભુ **બોલ્યા:** "હે મેઘ ! હું જાણું છું તને આખી રાત્રિ મુનિઓના આવવા-જવાથી ઊંઘ આવી નથી તેથી તારા મનમાં વિચાર ઉત્પન્ન થયો કે હું શ્રેણિક રાજાનો પુત્ર હતો, ત્યારે આ જ સાધુઓ કેવો મારો સત્કાર કરતા હતા. આજે મારું આ કેવું ઘોર અપમાન થાય છે ? આવા અનેક વિચારોથી તું એટલો બધો વ્યાકુળ થઈ ગયો કે તે સંયમ છોડી સંસારમાં જવાનો નિર્ણય કર્યો ! અને મારી આજ્ઞા માંગવા આવ્યો છે. ખરું ને મેઘ ?" મેઘમુનિએ કહ્યું "હા ! સાચી વાત છે પ્રભુ."

**પ્રભુએ કહ્યું :** "આજથી ત્રીજા ભવે તું વૈતાઢય પર્વતની તળેટીમાં 'સુમેરુપ્રભ' નામે હાથી હતો. વિશાળ કાયા ધરાવતો, એક હજાર હાથીઓનો તું નાયક યુથપતિ હતો. જે જંગલમાં તારો વસવાટ હતો, ત્યાં એક વખત ભયંકર દાવાનળ લાગ્યો. તારા સાથીઓ તથા અન્ય પ્રાણીઓ જીવ બચાવવા નાશભાગ કરવા માંડ્યાં. તું અગ્નિની જવાળાઓમાં લપેટાઈ ગયો. અસહ્ય બળતરા અને પાણીની તરસથી પીડાતો, તું એક સરોવરમાં જોયા વિચાર્યા વગર પડ્યો. તેના કાદવમાં તું ફસાઈ ગયો. જેમ-જેમ બહાર નીકળવા ગયો, તેમ-તેમ તું વધુ ખૂંપતો ગયો. તારી આવી દશામાં પૂર્વના એક વેરી હાથીએ આવીને તને દંતશૂળ વડે પ્રહારો કરીને ઘાયલ કર્યો. પ્રચંડ દુઃખ અને વેદનાને તે સાત દિવસ સુધી સહન કરી. અંતે આર્ત્તધ્યાનમાં તારું મૃત્યુ થયું."

મૃત્યુ પામીને ફરીથી તું વિંધ્યાચળ પાસે એક વનમાં 'મેરુપ્રભ' હાથી બન્યો. ત્યાં તું 700 હાથીઓનો યુથપતિ બન્યો. તે વનમાં પણ એક વખત આગ લાગી. આગને જોઈને આવી આગ પૂર્વે જોઈ હોય, તેવો તારા મનમાં વિચાર થયો. તને જાતિસ્મરણ (પૂર્વભવનું સ્મરણ) જ્ઞાન થયું.

ભવિષ્યમાં આવી આગથી બચવા માટે તારા સાથીઓના સહયોગથી તે જંગલના વૃક્ષો ઉખેડીને, દૂર કરીને એક (1 યોજન = 4 ગાઉ અથવા અંદાજે 14 કિલોમીટર) સુરક્ષિત વિશાળ મંડળ (મેદાન/આશ્રયસ્થાન) બનાવ્યું.

એક વખત આ વનમાં ઉનાળાની ગરમીમાં વૃક્ષોના પરસ્પર ભટકાવાથી દાવાનળ (જંગલમાં આગ) ભભૂકી ઊઠયો. બધાં વન્ય પ્રાણીઓ ગભરાઈ ગયાં, ત્યારે તમારા બનાવેલા મંડળમાં આશ્રય મેળવવા વેરઝેર ભૂલીને સાથે બેસી ગયા. મંડળ પ્રાણીઓથી ખીચોખીચ ભરાઈ ગયું અને તેમાં તું પણ એક સ્થાને શરીર સંકોચીને ઊભો રહી ગયો. થોડીવાર પછી શરીરને ખંજવાળવા તે તારો એક પગ ઊંચો કર્યો અને પાછો પગ મૂકવા ગયો, ત્યાં તો એક સસલું તે સ્થાનમાં આવીને બેસી ગયેલું તે જોયું. તે વિચાર કર્યો, 'જો હું પગ નીચે મૂકીશ તો આ બિચારું સસલું કચડાઈને મરી જશે.' આમ, જીવ અનુકંપાથી તે તારો પગ અધ્ધર જ રાખ્યો, નીચે ન મૂક્યો. જીવ અનુકંપા(નાના-મોટા સહુ જીવ સમાન છે, તેવી સમતાની તારી ઉચ્ચ ભાવના)થી તે મનુષ્યનું આયુષ્ય બાંધ્યું. અઢી દિવસના અંતે તે દાવાનળ શાંત થતાં બધાં પ્રાણીઓ એક પછી એક પોતાના સ્થાને જવા લાગ્યા. પેલું સસલું પણ પોતાના સ્થાને ચાલ્યું ગયું. સતત અઢી દિવસ સુધી ભૂખ્યા, તરસ્યા અને થાકેલા, ત્રણ પગ પર ઊભા રહેવાથી તારું શરીર શક્તિહીન અને નિર્બળ થઈ ગયું. પગ ઉપાડીને તે ચાલવાની કોશિશ કરી, પણ તું ત્યાં જ જમીન ઉપર પડી ગયો. તું ભૂખ, તરસ, તાવ અને પીડા ભોગવતો રહ્યો. તને પારાવાર વેદના હતી, પણ માનસિક શાંતિ ખૂબ હતી. એક પ્રાણી પર દયા કરીને અભયદાન આપ્યું, તેનો તારા આત્મામાં આનંદ અને સંતોષ હતો. ત્રણ દિવસના અંતે તે દેહ છોડયો. ત્યાંથી મૃત્યુ પામીને તું મેઘકુમાર થયો.

હે મેઘ ! તિર્યંચના ભવમાં જીવદયા પાળવાથી તને માનવનો ભવ મળ્યો અને યુવાવસ્થામાં જ વૈરાગ્ય જાગ્યો. ઘર, સંસાર અને રાજયસુખનો ત્યાગ કરીને તું સાધુ બન્યો. આજની રાતમાં તને જે કષ્ટ પડયું છે, દુઃખ થયું છે તેની તુલના પાછલા ભવમાં સહન કરેલા કષ્ટ સાથે કર ! સાધુના ચરણોની રજ, પગ કે હાથનો સ્પર્શ શું એટલા કઠોર હતા, કે જે તું એક રાત્રિ પણ સહન ન કરી શક્યો ? યાદ કર મેઘ ! એ સ્મૃતિને સંસ્કારિત કર.

શ્રી મહાવીર પ્રભુના મુખેથી પોતાના પૂર્વજન્મનો વૃત્તાંત સાંભળીને મેઘમુનિને જાતિસ્મરણજ્ઞાન થયું. તેનાથી તેના અંતરચક્ષુ પર પાછલા ભવની ઘટનાઓ સમ્યક્ રીતે જાણવામાં આવી. મેઘમુનિનું મુખ આનંદના

આંસુઓથી ભીંજાઈ ગયું. તેમણે પ્રભુને વંદન નમસ્કાર કરીને કહ્યું : “હે પ્રભુ ! આજથી મારી બંને આંખો સિવાય મારું આખું શરીર સાધુઓની સેવા માટે સમર્પિત કરું છું.” પૂર્વે કરેલાં કર્મોનો નાશ કરવા તેમણે વિવિધ પ્રકારની ઉગ્ર તપશ્ચર્યા કરી. સાથે-સાથે 11 અંગસૂત્રોનો અભ્યાસ કર્યો.

જીવનના અંતકાળે વિપુલગિરિ પર્વત ઉપર જઈ એક મહિનાનો સંથારો કર્યો. સમભાવમાં સ્થિર રહીને તેમણે કાળધર્મ પ્રાપ્ત કર્યો. વિજય નામના પ્રથમ અનુત્તર વિમાનમાં દેવરૂપે જન્મ પામ્યા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને તેઓ મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધ થશે, મોક્ષે જશે.

- જીવદયા અને નિષ્કામ સેવા મનુષ્યને કેવા અમર બનાવી દે છે !
- ધન્ય છે કરુણાપ્રેમી, સેવાભાવી, તપસ્વી મેઘકુમારને !
- વંદના હો જગતના તારણહાર તીર્થંકર પ્રભુ મહાવીરને !

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) મેઘકુમાર અનસન કરવા કયા પર્વત પર ગયા? (2) મેઘકુમારના જન્મ વખતે તેમની માતાને કઈ ઇચ્છા થઈ હતી? (3) સુમેરુપ્રભ કેટલા હાથીઓના નાયક યુથપતિ હતા? (4) મેઘમુનિને દીક્ષાની પ્રથમ રાત્રિએ આવેલ પરિષહ લખો. (5) મહાવીર પ્રભુએ મેઘકુમારને દીક્ષા આપી પ્રથમ ઉપદેશ શું આપ્યો? (6) મેઘમુનિના પૂર્વના ત્રીજા ભવનું વર્ણન કરો. (7) મેઘમુનિના પૂર્વના બીજા ભવનું વર્ણન કરો. (8) મેઘકુમારને પ્રભુનો શું બોધ સાંભળીને દીક્ષાની ભાવના ઉત્પન્ન થઈ? (9) મેઘકુમારના માતા, પિતા અને ભાઈનું નામ શું હતું? (10) મેઘમુનિએ પૂર્વનો વૃત્તાંત સાંભળી લીધા પછી જીવનમાં શું કર્યું ?

## ❖ 2. મૃગાપુત્ર દારક ❖

### (શ્રી દુ:ખવિપાક સૂત્ર)

મૃગ નગરના રાજા વિજયની રાણી મૃગાવતીની કુક્ષિથી મૃગાપુત્ર દારકનો જન્મ થયો હતો. તે જન્મથી જ અંધ, બહેરો, મૂંગો અને પાંગળો હતો. તેના શરીરમાં અનેક પ્રકારના રોગો ભરેલા હતા. તેના શરીરમાં ન હાથ હતા, ન પગ હતા, કાન, આંખ અને નાક પણ ન હતા. અંગોપાંગની માત્ર આકૃતિ હતી. રાણી તે પુત્રને ગુપ્ત રીતે ભોંયરામાં રાખીને તેનું પાલનપોષણ કરતી હતી.

એકવાર તે નગરમાં શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. રાજા વિજય તેમજ અન્ય લોકો ભગવાનના વંદન કરવા અને દેશના સાંભળવા ગયા. તે નગરમાં એક જન્માંધ પુરુષ રહેતો હતો. તે પણ ભગવાનના આગમનને જાણીને તેમને વંદન કરવા માટે ગયો. તેને જોઈને ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછ્યું : આ નગરમાં આના જેવો બીજો કોઈ પુરુષ જન્માંધ છે ? ભગવાને કહ્યું કે “હા ગૌતમ, આ જ નગરના રાજાનો દીકરો જન્માંધ આદિ છે.” ભગવાનની આજ્ઞા લઈને ગૌતમ સ્વામી તેને જોવા માટે નગરમાં જાય છે.

ગૌતમ ગણધરને પોતાના મહેલમાં આવેલા જોઈને રાણી મૃગાવતી વંદન નમસ્કાર કરીને આવવાનું કારણ પૂછે છે. “હું તમારા પુત્રને જોવા આવ્યો છું.” ગૌતમ ગણધરે કહ્યું. પોતાના ચાર દીકરાઓને સારી રીતે તૈયાર કરીને મૃગાવતી રાણી ગૌતમ પાસે લાવે છે. ત્યારે ગૌતમે કહ્યું : “મારે આ પુત્રોને નથી જોવા પણ હું તમારા મોટા પુત્ર જે જન્માંધ અને મૂંગો વગેરે છે, તેમને જોવા આવ્યો છું.’ તેમની વાત સાંભળીને મૃગાવતીએ પૂછ્યું : “એવું કોણ જ્ઞાની અને તપસ્વી છે કે જેણે મારા આ છુપાવેલા રહસ્યને જાણી લીધું છે ?” ગૌતમ સ્વામીએ કહ્યું : “મારા ધર્મગુરુ, ધર્માચાર્ય, શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પરમ જ્ઞાની, સર્વજ્ઞ, સર્વદર્શી છે. ભૂત, વર્તમાન અને ભવિષ્યની સર્વ વાતોને તેઓ પૂર્ણરૂપે જાણે છે. તેમના શ્રીમુખેથી તમારા પુત્રની વાત સાંભળીને હું તમારા પુત્રને જોવા આવ્યો છું.”

મૃગાપુત્રનો ભોજનનો સમય થઈ જવા આવ્યો હોવાથી મૃગાવતીએ ગૌતમ ગણધરને ત્યાં જ ઊભા રાખ્યા અને રસોડામાંથી રસોઈની સામગ્રી ભરેલી એક લાકડાની ગાડી લઈ આવી. ગૌતમ સ્વામીને કહ્યું : "આપ મારી પાછળ પધારો." ભોંયરા પાસે પહોંચીને મહારાણીએ ચાર પડવાળા કપડાંથી પોતાનું મુખ ઢાંકી લીધું અને ગૌતમ સ્વામીને પણ મુહપત્તિથી મુખ ઢાંકી લેવાનું કહ્યું, ત્યારબાદ રાણીએ ભોંયરાંનું દ્વાર ખોલ્યું. તેમાંથી દુર્ગંધમય વાયુ બહાર આવવા લાગ્યો. તે ગંધ મરેલાં અને સડેલા સાપ, ગાય આદિ પશુઓની અનિષ્ટ દુર્ગંધ કરતાં પણ અધિક અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અસહ્ય હતી. મૃગાવતીની પાછળ ગૌતમે પણ ભોંયરામાં પ્રવેશ કર્યો અને મૃગાપુત્રને જોયો.

મૃગારાણીએ લાવેલ આહાર તે ભૂખ્યાં-તરસ્યાં મૃગાપુત્રએ ખાધો. તે આહાર પેટમાં જતાં જ તેનું લોહી અને પરુમાં પરિણમન થઈ ગયું અને ઊલટી થઈ ગઈ. ઊલટી કરેલા આહારને તે મૃગાપુત્ર પાછો ખાવા લાગ્યો. ગણધર ગૌતમ આવું દૃશ્ય જોઈને દુઃખના ફળ વિશે વિચારવા લાગ્યા કે 'અહો, આ બાળક પૂર્વભવના ગાઢ પાપ બંધનોને કારણે મનુષ્યના ભવમાં પણ સાક્ષાત્ નરકના જેવું દુઃખ ભોગવે છે.'

ગૌતમ રાજમહેલથી પાછા આવ્યા અને ભગવાનને પ્રશ્ન કરે છે : "પૂર્વભવના કયા કર્મના કારણથી આ મૃગાપુત્ર આવા નરક જેવાં પાપ ભોગવે છે ?" ભગવાને તેનો પૂર્વભવનો વૃત્તાંત કહ્યો. "આ ભરતક્ષેત્રમાં શતદ્વાર નામનું નગર હતું. ધનપતિ નામે તેનો રાજા હતો. આ નગરના દક્ષિણપૂર્વ ભાગમાં નદી અને પર્વતની વચ્ચે વિજય વર્ધમાન નામે ખેડ હતું. તે વિજય વર્ધમાન ખેડને આધીન 500 ગામ હતા. તે ખેડનો અધિપતિ ઈક્કાઈ નામે રાઠોડ (રાજાનો પ્રતિનિધિ) હતો. તે ઘણો અધાર્મિક, ક્રૂર અને પાપમય જીવન જીવવાવાળો હતો. પોતાને આધીન 500 ગામો પર તેણે ઘણો જ કર બોજ નાંખેલો હતો. તે કરને વસૂલ કરવા માટે તે પ્રજાને ઘણી પીડા આપતો હતો. તે લોકોને વાતવાતમાં કઠોર દંડ દેતો, ખોટાં આરોપ લગાવીને મારતો-પીટતો અને વધ કરી દેતો. તે લોકોનું ધન લૂંટી લેતો, ચોરો દ્વારા લૂંટાવી દેતો, યાત્રિકોને મારતો, લૂંટતો. તેણે આ ભવમાં ઘણાં પાપ ઉપાર્જન કર્યાં. તેના

શરીરમાં ૧૬ મહારોગો ઉત્પન્ન થયા. ઘણા ઉપચારો કરવા છતાં કોઈ ફરક ન થયો. ત્યાંથી મરીને પ્રથમ નરકમાં ગયો. નરકનું આયુ પૂર્ણ કરીને મનુષ્ય ભવમાં મૃગાપુત્ર તરીકે દુઃખ ભોગવે છે.

જે દિવસે તે મૃગાપુત્રનો જીવ માતાના ઉદરમાં આવ્યો તે દિવસથી મૃગારાણી પતિને અપ્રિય થઈ ગઈ. રાણીની તરફ રાજા જોતા પણ નહોતા. આ ગર્ભને કારણે રાણીની પીડા પણ વધી ગઈ હતી. રાણી પતિની અપ્રિયતા અને પોતાની પીડાનું કારણ પોતાનો ગર્ભ છે તે વાત સમજી ગઈ. તેણે ગર્ભ ગળાવવાના પણ પ્રયત્ન કર્યા, છતાં તેમાં નિષ્ફળ ગઈ. તે મૃગાપુત્ર દારક ગર્ભમાં હતો ત્યારથી જ તેની આઠ નાડીઓ શરીરની અંદર રૂધિર વહાવતી હતી. આઠ નાડીઓ શરીરની બહાર પરુ વહાવતી હતી. ચાર નાડીઓ કાનના છિદ્રમાં વહેતી હતી તેમાં બે પરુની અને બે લોહીની હતી. આવી જ રીતે ચાર નાડી આંખના છિદ્રમાં વહેતી. આમ કુલ 16 નાડીઓ વહેતી.

તે દારક ગર્ભમાં હતો ત્યારથી તેને ભસ્મક નામે રોગ થયેલ હતો. તેથી તે બાળક કાંઈ આહાર કરે તે તરત નાશ પામીને લોહી અને પરુમાં રૂપાંતરિત થઈ જતો. ત્યારબાદ તે જ બાળક તે લોહી અને પરુનો આહાર કરતો. નવ મહિના પૂર્ણ થવા પર તે મૃગાપુત્રનો જન્મ થયો, પણ તે ઇન્દ્રિયોના આકારરૂપ હતો. જન્માંધ બાળકનો જન્મ થતાં જ રાણીએ તેને ઉકરડામાં ફેંકી દેવાની આજ્ઞા દાસીને કરી. તે દાસી રાજા પાસે જઈને આ વાત કરે છે. તેથી વિજય રાજા મૃગાવતીને આવીને સમજાવે છે કે ‘તમે પ્રથમ બાળકને આમ ફેંકી દેશો તો કદાચ તમારા ભવિષ્યના ગર્ભ સ્થિર નહીં રહે, માટે તેને તમે ગુપ્ત રીતે રાખીને ભોંયરામાં તેનું પાલન કરો.’ તે મૃગાપુત્રને હે ગૌતમ ! આજે તમે જોઈને આવ્યા છો.”

અહીં મનુષ્યનું 26 વર્ષનું આયુષ્ય ભોગવીને મરીને તે સિંહ થશે. ત્યાંથી પ્રથમ નરકમાં જશે. ત્યાંની નીકળીને સરિસૃપ (સાપ) બની મરીને બીજી નરકમાં જશે. ત્યાંથી નીકળી પક્ષી બની ત્રીજી નરકમાં જશે. ત્યાંથી નીકળી સિંહ થઈ ચોથી નરકમાં જશે. ત્યાંથી ઉરગ સાપ થઈ મરીને પાંચમી નરકમાં જશે. ત્યાંથી નીકળી સ્ત્રી થઈ છટ્ઠી નરકમાં જશે. ત્યાંથી પુરુષ થઈ સાતમી

નરકમાં જશે. ત્યાંથી નીકળીને તિર્યંચ ગતિમાં જળચર આદિથી પૃથ્વીકાય સુધી લાખો વાર જન્મ-મરણ કરશે. અંતે મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય ભવ પામીને મોક્ષે જશે.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) મૃગાપુત્ર દારક કોણ હતો ? (2) તેનો જન્મ કેવી હાલતમાં થયો ? (3) મૃગાપુત્ર ગર્ભમાં આવ્યો, ત્યારે રાણીને કેવા વિચાર આવતા હતા ? (4) મૃગાપુત્ર દારક પૂર્વભવમાં શું હતો ? (5) રાણી ગૌતમ સ્વામીને જે સ્થળે લઈ ગયા તે સ્થળનું વર્ણન કરો. (6) મૃગાપુત્ર દારક ગર્ભમાં હતા, ત્યારે કયો રોગ થયો હતો ? (7) મૃગા દારકનું ભાવિ કેવું છે તે લખો.

## ❖૩. દશાર્ણભદ્ર રાજા❖

દશાર્ણ દેશમાં દશાર્ણ નદીના કિનારે વસેલા દશાર્ણપુર નગરમાં દશાર્ણભદ્ર રાજા રાજ્ય કરતો હતો. એકવાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ચંપા નગરીથી વિહાર કરીને દશાર્ણપુર નગરમાં પધાર્યા. રાજાના સેવકોએ જઈને રાજાને પ્રભુના આગમનની વાત કહી. આ શુભ સમાચાર સાંભળીને રાજાના હૃદયમાં અમૃતનો રસ પીધો હોય તેવો આનંદ આવ્યો.
રાજાએ પોતાના મંત્રીઓ, સભાસદો તેમ જ રાજઅધિકારીઓને આજ્ઞા આપી કે, "કાલે સવારે ભગવાનના દર્શન કરવા જવા માટે જોરશોરથી અને સુંદર રીતે તૈયારીઓ કરવામાં આવે. મારો સજાવટ અને ઠાઠ એવો અભૂતપૂર્વ તૈયાર કરાવો કે, જે ઠાઠથી આજ સુધી કોઈ ભગવાનનો સત્કાર સન્માન કરવા ન ગયું હોય ! તેમ જ નગરના રાજમાર્ગની સાફસફાઈ સર્વોત્તમ રીતે કરાવો તથા નગરને ખૂબ સજાવો."

ભગવાન મહાવીર દશાર્ણ નગરની બહાર એક બાગમાં બિરાજમાન હતા. દેવોએ ત્યાં સમવસરણની રચના કરી. નગરનો રાજમાર્ગ રાજસેવકો દ્વારા સુશોભિત કરવામાં આવ્યો.નગરના દરવાજાઓને પણ શોભાયમાન કરવામાં આવ્યા. સવારે રાજા તૈયાર થઈને હાથી પર બેસીને ભગવાનને વંદના કરવા ચાલી નીકળ્યા.

રાજાને બંને તરફ ચામર વીંઝવામાં આવતા હતા. માથા પર છત્ર ધારણ કરેલ હતું. રાજા કોઈ દેવની જેમ શોભાયમાન લાગતા હતા. હજારો સેવકો, સામંતો પણ વસ્ત્ર અને આભૂષણોથી સજ્જ થઈને રાજાની પાછળ આવી રહ્યાં હતા. તેમની પાછળ દેવીઓની જેમ શોભતી રાણીઓ રથમાં બેસીને આવી રહી હતી. રાજસેવકો રાજાની ગુણગાથાઓ ગાતા હતા. હાથી, ઘોડા તેમજ સૈનિકો આગળ ચાલતા હતા. ચતુરંગિણી સેના પણ સાથે હતી. સ્વર્ગલોકથી જેમ ઈન્દ્ર નીકળે તેમ નગરથી રાજા નીકળ્યો. રાજા દશાર્ણભદ્ર ગર્વ અને અભિમાનથી ઉભરાઈ ગયો હતો.

તે રાજા સમોવશરણ પાસે પહોંચી હાથીથી નીચે ઊતરી સમોવશરણમાં પહોંચ્યો. ભવ્ય જીવોરૂપ કમળને વિકસવામાં નૂતન સૂર્ય સમાન ભગવાનને ત્રણવાર પ્રદક્ષિણા કરી, વંદના કરીને અભિમાનથી ફૂલાઈને યોગ્ય સ્થાન પર બેઠા.

તે સમયે પહેલા દેવલોકના ઈન્દ્ર સૌધર્મએ (શક્રેન્દ્ર) પોતાના અવધિજ્ઞાનથી ભગવાનને દશાર્ણ નગરમાં જોયા અને રાજાને મનમાં થયેલું અભિમાન પણ જોયું. સૌધર્મ ઈન્દ્રએ રાજાનું અભિમાન દૂર કરવા માટે પોતાની વૈક્રિય શક્તિને કામે લગાડી.

શક્રેન્દ્રએ આઠ મુખવાળો હાથી બનાવ્યો. તેના પ્રત્યેક મુખમાં આઠ દંતશૂળ કર્યા. દરેક દાંતમાં પુષ્કરિણીઓ (સરોવર) બનાવ્યા. દરેક પુષ્કરિણીની અંદર આઠ કમળ સ્થાપ્યાં. દરેક કમળમાં આઠ પાંખડી બનાવી. દરેક પાંખડી પર 32 નાટકની રચના કરી. એવા ગજેન્દ્ર (શ્રેષ્ઠ હાથી) ઉપર સમારૂઢ થઈને પોતાની લક્ષ્મી વડે સમસ્ત ગગનમંડળને પૂર્યો.

ઈન્દ્રની આવી અપરંપાર ઋદ્ધિ જોઈને દશાર્ણભદ્ર તો અવાચક્ બની ગયા. તેમને પોતાનું અભિમાન અને પોતાનો વૈભવ ઈન્દ્રના વૈભવ સામે સાવ ઝાંખો લાગ્યો. તેઓ ખૂબ શરમજનક અવસ્થામાં મૂકાઈ ગયા. પોતે કરેલા અભિમાન પ્રત્યે પોતાને ખૂબ ખેદ થયો. મનમાં દુઃખ થયું અને તે દુઃખમાં ચિંતન કરવા લાગ્યા. રાજાને પોતાનો વૈભવ નકામો લાગ્યો. તેઓ સમજી ગયા કે મનુષ્ય ગમે તેટલો દેખાડો કરે પણ જગતમાં પોતાનાથી કોઈને કોઈ વધારે શક્તિવાન, કાંતિવાન અને ઋદ્ધિથી સંપન્ન વ્યક્તિ હોય છે. માટે મનુષ્ય પોતાને મળેલી શક્તિ કે પૈસાનું અભિમાન ન કરવું જોઈએ. જેવો દેખાવ કરીને પોતે પ્રભુને વાંદવા નીકળેલા તેનાથી કાંઈક ગણી વધારે ઋદ્ધિથી સૌધર્મ ઈન્દ્ર ભગવાનના દર્શને આવેલા.

આવા સ્વરૂપવાળા ઈન્દ્રને જોઈને રાજાએ વિચાર્યું કે 'મારા જેવાની ક્યાંથી આવી વિભૂતિ, ઐશ્વર્ય હોય ? એણે અહિંસા, સંયમ અને તપરૂપ જે નિરવદ્ય ધર્મ છે, એનું આચરણ પૂર્વ ભવમાં કરેલ છે, તેથી આ રિદ્ધિ મળેલ

છે. તો હું પણ એવા ધર્મની હવે આરાધના કરું.' આમ વિચાર કરતાં-કરતાં રાજાને સંસારના અસાર પદાર્થો અને સુખ સામે વૈરાગ્ય ઉત્પન્ન થયો તથા જે સંયમ પાલન દ્વારા મોક્ષરૂપી લક્ષ્મી કે દેવલોકની ઋદ્ધિ મળે છે, તે સંયમ લેવાની તીવ્ર ભાવના જાગૃત થઈ.રાજા દશાર્ણભદ્રએ પોતાના વસ્ત્રો તથા અલંકારોનો ત્યાગ કરી દીધો. પોતાના વાળનો લોચ કરી લીધો અને ભગવાન મહાવીરની પાસે દીક્ષા લઈ લીધી.

દશાર્ણભદ્ર રાજાએ દીક્ષા લઈ લેતાં સૌધર્મ ઈન્દ્ર તેમની પાસે આવ્યા અને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે, "મહાત્મા ! આપે દીક્ષા લીધી છે તેથી આપ મારા પણ વંદનિક, પૂજનિક બની ગયા છો. આપની આત્મઋદ્ધિ પાસે મારી ભૌતિક ઋદ્ધિ શું વિશાતમાં છે ? આપ ધન્ય છો ! આપ હવે છકાયને અભય દેનારા બની ગયા, 17 ભેદે સંયમ પાળનાર બની ગયા તેથી આપના ત્યાગ, વૈરાગ્યને ધન્ય છે."દશાર્ણભદ્ર રાજાએ ત્યારબાદ સંયમ અને તપની આરાધના કરી અને આત્મકલ્યાણ કરી લીધું.

**❖ અપેક્ષિત પ્રશ્નો ❖**

(1) દશાર્ણભદ્ર રાજાએ સૈનિકોને શેની આજ્ઞા કરી ? (2) રાજાના મનનું અભિમાન કોણે જાણ્યું ? કેવી રીતે તે તોડયું ? (3) ઈન્દ્રનો વૈભવ વર્ણવો.

## કાવ્ય વિભાગ

### 2. સાધુ વંદના (78 થી 111 કડી)

શ્રેણિકના બેટા, જાલિયાદિક ત્રેવીસ
વીરપે વ્રત લઈને, પાળ્યો વિશ્વાવીશ...78

તપ કઠણ કરીને, પૂરી મન જગીશ
દેવલોકે પહોંચ્યા, મોક્ષ જાશે તજી રીસ...79

કાકંદીનો ધન્નો, તજી બત્રીસે નાર
મહાવીર સમીપે, લીધો સંયમ ભાર...80

કરી છટ્ઠ છટ્ઠ પારણા, આયંબિલ ઉચ્છિત આહાર
શ્રી વીરે વખાણ્યા, ધન્ય ધન્નો અણગાર...81

એક માસ સંથારે, સર્વાર્થ સિદ્ધ પહુંત
મહાવિદેહ ક્ષેત્રમાં, કરશે ભવનો અંત...82

ધન્નાની રીતે, હુવા નવે સંત
શ્રી 'અનુત્તરોવવાઈ'માં, ભાખી ગયા ભગવંત...83

સુબાહુ પ્રમુખ, પાંચ પાંચસે નાર
તજી વીરપે લીધા, પંચ મહાવ્રત સાર...84

ચારિત્ર લઈને, પાળ્યા નિરતિચાર
દેવલોકે પહોંચ્યા, 'સુખવિપાકે' અધિકાર...85

શ્રેણિકના પૌત્ર, પૌમાદિક હુવા દશ
વીરપે વ્રત લઈને, કાઢ્યો દેહનો કસ...86

સંયમ આરાધી, દેવલોકમાં જઈ વસ
મહાવિદેહ ક્ષેત્રમાં, મોક્ષ જાશે લઈ જશ...87

બળભદ્રના નંદન, નિષધાદિક હુવા બાર
તજી પચાસ(2) અંતેઉરી, ત્યાગ દિયો સંસાર...88

સહુ નેમિ સમીપે, ચાર મહાવ્રત લીધ
સર્વાર્થ સિદ્ધ પહોંચ્યા, હોશે વિદેહે સિદ્ધ...89

ધન્નોને શાલીભદ્ર, મુનીશ્વરોની જોડ
નારીના બંધન, તત્ક્ષણ નાંખ્યા તોડ...90

ઘર કુટુંબ કબીલો, ધન કંચનની ક્રોડ
માસ માસખમણ તપ, ટાળશે ભવની ખોડ...91

સુધર્મા સ્વામીના શિષ્ય, ધન્ય ધન્ય જંબૂ સ્વામી,
તજી આઠ અંતેઉરી, માત પિતા ધન ધામ...92

પ્રભવાદિક તારી, પહોંચ્યા શિવપુર ઠામ
સૂત્ર પ્રવર્તાવી, જગમાં રાખ્યું નામ...93

ધન્ય ઢંઢણ મુનિવર, કૃષ્ણરાયના નંદ
શુદ્ધ અભિગ્રહ પાળી, ટાળ દિયો ભવ ફંદ...94

વળી ખંધક ઋષિની, દેહ ઉતારી ખાલ
પરીષહ સહીને, ભવફેરા દિયા ટાલ...95

વળી ખંધક ઋષિના, હુવા પાંચસો શિષ્ય
ઘાણીમાં પીલ્યાં, મુક્તિ ગયા તજી રીસ...96

સંભૂતિવિજય શિષ્ય, ભદ્રબાહુ મુનિરાય
ચૌદ પૂર્વધારી, ચંદ્રગુપ્ત આણ્યો ઠાય...97

વળી આર્દ્રકુમાર મુનિ,સ્થુલિભદ્ર નંદિષેણ
અરણિક અઈમુત્તો, મુનીશ્વરોની શ્રેણ...98

ચોવીસ જિન મુનિવર, સંખ્યા અટ્ઠાવીસ લાખ
ઉપર સહસ્ત્ર અડાતાલીસ, સૂત્ર પરંપરા ભાખ...99

કોઈ ઉત્તમ વાંચો, મોઢે જયણા રાખ
ઉઘાડે મુખ બોલ્યા, પાપ લાગે વિપાક...100

ધન્ય મરુદેવી માતા,ધ્યાયું નિર્મલ ધ્યાન
ગજ હોદ્દે પામ્યા. નિર્મળ કેવળજ્ઞાન...101

ધન્ય આદીશ્વરની પુત્રી, બ્રાહ્મી સુંદરી દોય
ચારિત્ર લઈને, મુક્તિ ગયા સિદ્ધ હોય...102

ચોવીસે જિનની, વડી શિષ્યાણી ચોવીસ
સતી મુક્તે પહોંચ્યા, પૂરી મન જગીશ...103

ચોવીસે જિનના, સર્વ સાધ્વી સાર
અડતાલીસ લાખ ને, આઠસેં સિત્તેર હજાર...104

ચેડાની પુત્રી, રાખી ધર્મશું પ્રીત
રાજેમતી વિજયા, મૃગાવતી સુવિનીત...105

પદ્માવતી મયણરેહા, દ્રૌપદી દમયંતી સીત
ઇત્યાદિક સતીઓ, ગઈ જન્મારો જીત...106

ચોવીસે જિનના,સાધુ સાધ્વી સાર
ગયા મોક્ષ દેવલોકે, હ્રદયે રાખો ધાર...107

ઇણ અઢી દ્વીપમાં, ઘરડા તપસ્વી બાળ
શુદ્ધ પંચ મહવ્રતધારી નમો નમો ત્રણ કાળ...108

એ યતિ-સતીઓના, લીજે નિત્ય પ્રતે નામ
શુદ્ધ મનથી ધ્યાવો, એહ તરણનો ઠામ...109

એ યતિયો સતીયોસુ, રાખો ઉજ્જવલ ભાવ
કહે ઋષિ જયમલજી, એહ તરણનો દાવ...110

સંવત ઢારને, વર્ષ સાતો શિરદાર
શહેર ‘ઝાલોર’ માંહી, એહ કહ્યો અધિકાર...111

||મોટી સાધુ વંદના સમાપ્ત||

# અભ્યાસક્રમ : શ્રેણી 7


**સૂત્ર વિભાગ** (ગુણ- 30) **પૃષ્ઠ**

(સામાયિક, પ્રતિક્રમણ)

1. શ્રેણી 1 થી 6ના પાઠ, અર્થ, પ્રશ્નોત્તરનું પુનરાવર્તન
2. પ્રતિક્રમણ 4 અને 5 શ્રમણસૂત્રના અર્થ અને પ્રશ્નોત્તર 173 – 181

**તત્વ વિભાગ/સંસ્કાર વિભાગ** (ગુણ- 50)

1. ગતાગતિનો થોકડો (ગુણ-28) 182 – 195
2. 63 શ્લાઘનીય મહાપુરુષો (ગુણ-07) 196 – 199
3. વ્યવહાર સમકિતના 67 બોલ સમકિતના 8 આચાર, 10 રૂચિ, સમકિતના ફળ સાથે (ગુણ-15) 200 – 207

**કથા વિભાગ** (ગુણ-10)

1. અર્જુનમાળી 208
2. નંદ મણિયાર 214
3. થાવચ્ચા પુત્ર 220

**કાવ્ય વિભાગ** (ગુણ-10)

1. ભક્તામર 1 થી 28 કડી


(જુઓ શ્રેણી 8 pg. no 335 – 344)

**Total-100 Marks**

# સૂત્ર વિભાગ

## ❖ પ્રતિક્રમણ : પાઠ 26 : ચોથું શ્રમણસૂત્ર ❖

**પ્ર-1 : ચોથા શ્રમણસૂત્રનું નામ શું છે ?**
**ઉ-1 :** અસંયમ સૂત્ર.

**પ્ર-2 : ચોથા શ્રમણસૂત્રોના 33 બોલની અર્થરૂપ સામાન્ય સમજણ આપો.**

| બોલ મૂળ શબ્દ | અર્થરૂપ સામાન્ય સમજણ |
|---|---|
| **1 અસંયમ** | : અવિરતિરૂપ આચરણ, સંયમ પથની બહાર જવું તે. |
| **2 બંધન** | : જેનાથી સંસારના હેતુરૂપ આઠ કર્મોનો બંધ થાય છે તે. |
| **3 દંડ** | : જેનાથી ચારિત્રરૂપ ઐશ્વર્ય અસાર બને તે. |
| **3 ગુપ્તિ** | : અશુભ મન, વચન, કાયાને ગોપવવા તે. |
| **3 શલ્ય** | : શલ્ય એટલે કાંટો. જેમ કાંટો શરીરને શાંતિ ન લેવા દે. તેમ શલ્ય અંતરાત્માને શાંતિ ન લેવા દે. |
| **3 ગર્વ** | : અભિમાન અને લોભને કારણે થવાવાળા અશુભ ભાવ. |
| **3 વિરાધના** | : જ્ઞાન, દર્શન અને ચારિત્રનું અવિધિથી પાલન કરવું તે. |
| **4 કષાય** | : જેનાથી સંસાર વધે તે. જેમાં જીવો વિવિધ દુ:ખો દ્વારા કષ્ટ પામે તે. |
| **4 સંજ્ઞા** | : વેદનીય કે મોહનીય કર્મના ઉદયથી થતી અભિલાષા કે ઈચ્છા. |
| **4 વિકથા** | : આત્માનું અહિત કરવાવાળી કથા તે. |
| **4 ધ્યાન** | : અંતર્મુહૂર્ત માટે કોઈ એક વિષય પર મનની એકાગ્રતા કરવી તે. |
| **5 ક્રિયા** | : કર્મ આવકને કારણભૂત ચેષ્ટા તે. |
| **5 કામગુણ** | : વિષય ભોગને (વાસનાને) ઉત્તેજન આપે તે. |
| **5 મહાવ્રત** | : જે વ્રતોમાં મહાન છે. મહાન અર્થ – મોક્ષનું સાધન છે. |
| **5 સમિતિ** | : આવશ્યક કાર્ય માટે યત્નાપૂર્વકની સમ્યક્ પ્રવૃત્તિ તે. |
| **6 જીવનિકાય** | : જીવ એટલે આત્મા. નિકાય એટલે રાશિસમૂહ. જીવનો સમૂહ તે. |
| **6 લેશ્યા** | : કષાય અને યોગ ની પ્રવૃત્તિ થી થતાં આત્માના શુભાશુભ પરિણામ. |
| **7 ભયસ્થાન** | : ભય મોહના ઉદયથી થવાવાળા આત્માના ઉદ્વેગરૂપ પરિણામ. |
| **8 મદસ્થાન** | : માન મોહનીયના ઉદયથી થવાવાળા આત્માના પરિણામ. |

**9 બ્રહ્મચર્ય- ગુપ્તિ** : આત્મામાં રમણતા તે બ્રહ્મચર્ય, તેની રક્ષા માટે આવશ્યક તે વાડ.

**10 શ્રમણધર્મ** : સંયમ અને તપમાં નિરંતર શ્રમ કરનાર સાધુનો ધર્મ તે.

**11 ઉપાસક પ્રતિમા** : ઉપાસક એટલે શ્રાવક, શ્રાવકની પ્રતિજ્ઞા, નિયમ કે અભિગ્રહ.

**12 ભિક્ષુ પ્રતિમા** : સાધુની પ્રતિજ્ઞા, નિયમ કે અભિગ્રહ.

**13 ક્રિયાસ્થાન** : અર્થદંડ આદિ કર્મની આવક કરનાર ચેષ્ટા તે.

**14 ભૂતગ્રામ** : ભૂત - જીવો. ગ્રામ – સમૂહ. ચૌદ પ્રકારે જીવના ભેદ તે

**15 પરમાધાર્મિક** : પાપ આચરણ અને ક્રૂર પરિણામવાળા અસુરકુમાર જાતિના દેવ.

**16 ગાથા ષોડશક** : બીજુંઅંગસૂત્ર, શ્રી સૂયગડાંગસૂત્ર ના પ્રથમ શ્રુતસ્કંધના 16 અધ્યયન.

**17 અસંયમ** : અવિરતિરૂપ આચરણ, સંયમ પંથની બહાર જવું તે.

**18 અબ્રહ્મચર્ય** : ઔદારિક અને વૈક્રિય શરીર સંબંધી 9 કોટિએ અબ્રહ્મ સેવન તે.

**19 જ્ઞાતાઅધ્યયન** : છટ્ઠા અંગ સૂત્ર, શ્રી જ્ઞાતાધર્મકથાના પ્રથમ શ્રુતસ્કંધના 19 અધ્યયન

**20 અસમાધિસ્થાન** : જેનાથી ચિત્તની અસ્થિરતા થાય, આત્મા મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય.

**21 સબલદોષ** : જે કાર્ય કરવાથી ચારિત્રની નિર્મળતા નષ્ટ થઈ જાય તે.

**22 પરિષહ** : મોક્ષમાર્ગમાં સ્થિર રહેવા અને કર્મ નિર્જરાના હેતુથી જે સમભાવપૂર્વક સહન કરવામાં આવે છે તે.

**23 સૂયગડાંગ સૂત્ર** : બીજું અંગસૂત્ર શ્રી સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના 16 અને અધ્યયન બીજા શ્રુતસ્કંધના 7 એમ કુલ 23 અધ્યયન તે.

**24 દેવસ્થાન** : ભવનપતિના 10, વ્યંતરના 8, જ્યોતિષીના 5, વૈમાનિકના 1 તે.

**25 ભાવના** : મહાવ્રત પાલન માટે જેનાથી આત્માને ભાવિત કરાય છે તે.

**26 દશાકલ્પ વ્યવહાર** : શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રના 10, શ્રી બૃહદ્ કલ્પ સૂત્રના 6 અને શ્રી વ્યવહાર સૂત્રના 10 એમ કુલ 26 અધ્યયન તે.

**27 અણગાર ગુણ** : છૂટ રહિત, પૂર્ણ ત્યાગી એવા સાધુ-સાધ્વીના ગુણો તે.

**28 આચાર પ્રકલ્પ** : આચાર એટલે શ્રી આચારાંગ સૂત્ર, પ્રકલ્પ એટલે તેના અધ્યયન વિશેષ. શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના 9 + બીજાના 16 + શ્રી નિશિથ સૂત્રના 3 એમ 28 અધ્યયન.

**29 પાપશ્રુત** : પાપનું ઉપાર્જન કરવાવાળા સૂત્રો તે.

**30 મહામોહનીય** : ગાઢ મોહનીય કર્મબંધના કારણભૂત સ્થાન તે.

**31 સિદ્ધગુણ** : સિદ્ધ ભગવાનમાં સિદ્ધ થયા ત્યારથી જે 31 અસાધારણ ગુણ છે તે.

**32 યોગસંગ્રહ** : સંયમ જીવનની પવિત્રતા અખંડ રાખવા માટે શુભયોગરની પ્રવૃત્તિ.

**33 આશાતના** : દેવ, ગુરુ વગેરેનો અવિનય જેથી જ્ઞાન, દર્શન વગેરે ગુણોનું ખંડન થાય.

**પ્ર-3 : નિદાનશલ્ય એટલે શું ?**

**ઉ-3 :** ધર્મકરણી કરી સાંસારિક ફળની ઈચ્છા રાખવી, ભોગોની ઈચ્છા રાખવી તે.

**પ્ર-4 : રસ ગૌરવ કોને કહે છે ?**

**ઉ-4 :** દૂધ, દહીં વગેરે મધુર તથા સ્વાદિષ્ટ રસો ઈચ્છા પ્રમાણે પ્રાપ્ત થવાથી અભિમાન કરવું અને પ્રાપ્ત ન થાય તો તેની લાલસા રાખવી તે.

**પ્ર-5 : શાતા ગૌરવ કોને કહે છે ?**

**ઉ-5 :** સારું આરોગ્ય કે શારીરિક સુખના સાધનો મળવાથી અભિમાન કરવું અને તે ન મળવા પર તેની ઈચ્છા કરવી તે.

**પ્ર-6 : ભય એટલે શું ? તે કેટલા છે ? કયા કયા ?**

**ઉ-6 :** ભય મોહનીયના ઉદયથી થનાર આત્માના ઉદ્વેગરૂપ પરિણામને ભય કહે છે. ભય સાત છે.

(1) **આલોક ભય** : સ્વજાતિથી ભય થાય તે. જેમ કે, મનુષ્યને મનુષ્યથી કે તિર્યંચને તિર્યંચથી ભય થાય તે.

(2) **પરલોક ભય** : પરજાતિથી ભય લાગે. જેમ કે, મનુષ્યને દેવ કે તિર્યંચથી ભય થાય તે.

(3) **આદાન ભય** : પોતાની વસ્તુની રક્ષા માટે ચોર વગેરેથી ડરવું તે.

(4) **અકસ્માત ભય** : ઓચિંતો ભય લાગે. રાત્રે દોરડું જોઈ સર્પાદિનો ભય લાગે કે પડછાયો આદિ જોઈ ભય થાય તે

(5) **આજીવિકા ભય** : દુકાળ આદિમાં આજીવિકા માટે ભય થાય તે

**(6) મરણ ભય** : મૃત્યુથી ભય થાય તે.

**(7) અપયશ ભય** : અપકીર્તિથી ભય થાય તે.

**પ્ર-7 : આઠ મદના નામ લખો.**

**ઉ-7 : (1) જાતિ મદ (2) કુળ મદ (3) બળ મદ (4) રૂપ મદ (5) તપ મદ (6) સૂત્ર મદ (7) લાભ મદ (8) ઐશ્વર્ય મદ.**

**પ્ર-8 : બ્રહ્મચર્યની ગુપ્તિ કેટલી અને કઈ કઈ ?**

**ઉ-8 : નવ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ :** (1) સ્ત્રીએ પુરુષ રહિત, પુરુષે સ્ત્રી રહિત તેમ જ પશુ, નપુંસક રહિત સ્થાનમાં રહેવું, ઉંદર બિલાડીના દ્રષ્ટાંતે. જેમ ઉંદરને બિલાડીથી સતત ભય તેમ બ્રહ્મચારી પુરુષને સ્ત્રી ભેગા થવાથી બ્રહ્મચર્ય ન સચવાય (2) સ્ત્રી પુરુષે કામક્રીડાની વાતો કરવી નહીં. લીંબુ અને જીભના દ્રષ્ટાંતે. જેમ લીંબુ આદિ યાદ કરવાથી જીભમાંથી પાણી છૂટે, તેમ કામક્રીડાની વાતોથી બ્રહ્મચર્યને નુકસાન થાય (3) સ્ત્રીએ પુરુષના આસને બેસવું નહીં તેમ જ સ્ત્રીએ પુરુષ સાથે સહવાસ કરવો નહીં, કોળાની ગંધે ઘઉંની કણિકનો વક (ચીકાશ) જાય તે દ્રષ્ટાંતે (4) સ્ત્રીના અંગ, અવયવ તેમ તેની સુરચનાને તેનું બોલવું, નિરીક્ષણ વગેરેને રાગદ્રષ્ટિથી જોવું નહીં, સૂર્ય ચક્ષુના દ્રષ્ટાંતે. સૂર્ય સામે જોવાથી આંખનું તેજ ઘટે તેમ અંગોપાંગ જોવાથી કામ વધે અને બ્રહ્મચર્યનું તેજ ઘટે (5) સ્ત્રી સંબંધી કુજિત, રુદન, ગીત, હાસ્ય, આક્રંદ વગેરે સંભળાય તે ભીંત કે દીવાલના અંતરે નિવાસ કરવો નહીં, લાખ અને અગ્નિના દ્રષ્ટાંતે (6) પૂર્વગત સ્ત્રી સંબંધી ક્રીડા, હાસ્ય, રતિ, દર્પ, સ્નાન, સાથે જમવું વગેરે યાદ કરવું નહીં, કઠિયારાને સર્પના ઝેરના[1] દ્રષ્ટાંતે (7) સ્વાદિષ્ટ તેમ જ મજબૂત પ્રણિત આહાર કરવો નહીં, ત્રિદોષી(વાત, કફ અને પિત્ત)ને ઘૃતના[2] દ્રષ્ટાંતે (8) મર્યાદાકાળે ધર્મયાત્રા નિમિત્તે જોઈએ તેથી વધારે આહાર કરવો નહીં, કાગળની કોથળીમાં નાણાંને દ્રષ્ટાંતે (9) શરીર સુંદર ને વિભૂષિત લાગે તેવી શૃંગાર, શોભા કરવી નહીં, ગરીબ[3] માણસને દેવે દીધેલ રત્નને દ્રષ્ટાંતે.

**પ્ર-9 : દસ યતિધર્મના નામ લખો.**

**ઉ-9 :** (1) ખંતિ (2) મુત્તિ (3) અજ્જવે (4) મદ્દવે (5) લાઘવે (6) સચ્ચે (7) સંજમે (8) તવે (9) અકિંચણે (10) બંભચેરવાસે

**પ્ર-10 : જીવના 14 ભેદ કયા કયા ?**

**ઉ-10 :** (1) સૂક્ષ્મ એકેન્દ્રિયનો અપર્યાપ્તો (2) સૂક્ષ્મ એકેન્દ્રિયનો પર્યાપ્તો, (3) બાદર એકેન્દ્રિયનો અપર્યાપ્તો (4) બાદર એકેન્દ્રિયનો પર્યાપ્તો (5)બેઈન્દ્રિયનો અપર્યાપ્તો, (6) બેઈન્દ્રિયનો પર્યાપ્તો, (7) તેઈન્દ્રિયનો અપર્યાપ્તો, (8) તેઈન્દ્રિયનો પર્યાપ્તો (9) ચૌરેન્દ્રિયનો અપર્યાપ્તો (10) ચૌરેન્દ્રિયનો પર્યાપ્તો (11) અસંજ્ઞી પંચેન્દ્રિયનો અપર્યાપ્તો (12) અસંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો (13) સંજ્ઞી પંચેન્દ્રિયનો અપર્યાપ્તો (14) સંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો.

**પ્ર-11 : પંદર પરમાધામીના નામ લખો.**

**ઉ-11 :** (1) અંબ (2) અંબરિસ (3)સામ (4) સબલ (5) રુદ્ર (6) વૈરુદ્ર (7) કાળ (8) મહાકાળ (9) અસિપત્ર (10) ધનુષ્ય (11) કુંભ (12) વાલુ (13) વૈતરણી (14) ખરસ્વર (15) મહાઘોષ

**પ્ર-12 : 17 પ્રકારનો અસંયમ કયો ?**

**ઉ-12 :** પૃથ્વીકાયથી વનસ્પતિકાય 5, વિકલેન્દ્રિય 3, પંચેન્દ્રિય, અજીવ એ 10 નો અસંયમ (11) પેહા (12) ઉપેહા (13) પમજ્જણા (14) પારિઠાવણિયા (15) મન અસંયમ (16) વચન અસંયમ (17) કાય અસંયમ

**પ્ર-13 : નીચેના બોલોની આશાતના કેવી રીતે થાય છે તે સમજાવો. અરિહંત, સિદ્ધ, દેવ-દેવીની, આલોક-પરલોક, કેવલીધર્મની, સમગ્ર લોકની, સર્વ પ્રાણભૂતની, કાળની, શ્રુતની, શ્રુતદેવતાની.**

**ઉ-13 :** દરેક બોલોના નામ અને તેની આશાતના નીચે બતાવેલ છે.

| **બોલ:** | **અશાતના કેવી રીતે ?** |
|---|---|
| **અરિહંતની** | : અરિહંતને રાગ-દ્રેષ મુક્ત ન માનવા. અરિહંતને દેવાધિદેવ ન માનવા વગેરે. |
| **સિદ્ધની** | : એક સ્થળે અનંતકાળ કેવી રીતે રહી શકાય ? શરીર નથી, |

ત્યાં સુખ કેવું? સિદ્ધને અનંતુ સુખ શું હોય ? વગેરે અવજ્ઞા કરવી તે.

**દેવ-દેવીની** : દેવ છે જ નહીં, તેઓ અવિરતિ છે, વિષયભોગી, આસક્ત છે વગેરે માનવું.

**આલોક** : મનુષ્ય માટે મનુષ્ય ગતિ તે આલોક અન્ય ત્રણ ગતિ તે પરલોક.

**પરલોક** : પુનર્જન્મ ન માનવું. નરકાદિ ચાર ગતિને ન માનવા વગેરે.

**કેવલી ધર્મ** : જિનવાણી, મોક્ષમાર્ગનું બુરું બોલવું. કેવલીધર્મને ઉત્તમ, મંગલ ન માને.

**સમગ્ર લોક** : આ લોક ઈશ્વરે બનાવ્યો છે, લોકના વિનાશ આદિનો પ્રચાર કરે.

**કાળ** : કાળ વર્તના લક્ષણ છે તેમ ન માનવું. કાળનો વાંક કાઢવો. જેમ કે, પાંચમો આરો છે તેથી ધર્મ થતો નથી. કાળ પ્રમાણે કે પ્રતિલેખન ન કરે વગેરે.

**શ્રુતની** : આગમ સૂત્રોને ન માને. મિથ્યા માને.

**શ્રુતદેવની** : અર્થ શ્રુતના દાતા તીર્થંકર કે સૂત્ર શ્રુતના દાતા ગણધરની આશાતના કરે તે. તેમને ન માને તેમને રાગી, દ્વેષી માને. તેઓ ખોટું બતાવે છે, તેવું માને.

**પ્ર-14 : 33 બોલમાં હેય, જ્ઞેય અને ઉપાદેય કેટલા? કયા કયા?**

**ઉ-14 :** 33 બોલ જ્ઞેય (જાણવા યોગ્ય) છે. હેય અને ઉપાદેય નીચે બતાવેલ છે.

[1]**કઠિયારાને સર્પના ઝેરના દ્રષ્ટાંતે:** એક કઠિયારો અજાણ્યા ગામમાં ડોશીને ત્યાં રાત્રે રહ્યો. ડોશીએ વાસણમાં છાશ તૈયાર કરીને કઠિયારાને પીવડાવી. સવારે કઠિયારો નીકળી ગયો. ડોશીએ વાસણમાં સાપ પણ ઝેરાઈ ગયેલો તે જોયું. મનમાં તે ખૂબ દિલગીર થઈ કે કઠિયારો મરી ગયો હશે ? કેટલાક દિવસ પછી તે કઠિયારો સાંજે સાજો પાછો આવ્યો. ડોશીએ છાશમાં સાપની વાત કરી. તે વાત સાંભળી કઠિયારાને ઝેર ચડ્યું અને મરી ગયો. તેમ બ્રહ્મચર્ય લીધાં પહેલાંની કામક્રીડાને યાદ ન કરવી.

[2]ત્રિદોષીને ધૃત એટલે ઘી પીવાથી રોગ વધી જાય, તેમ સરસ ભોજન કરવાથી કામદેવ પ્રદીપ્ત થાય.

[3]**ગરીબને દેવનું રત્ન:** એક કઠિયારાને અતિ દુ:ખી જાણી કોઈ વિદ્યાધરે તેને ચિંતામણિ રત્ન આપ્યું. કઠિયારાએ તેને કપડાંના છેડે બાંધ્યું. પછી સંસારના ઘણા પદાર્થોની ઈચ્છા કરી, જે તેને રત્નને કારણે મળી ગયા. એકવાર એક દેવ કાગડાનું રૂપ કરી કઠિયારાને કઠોર શબ્દો કહેવા લાગ્યો, તેથી કઠિયારાએ કાગડાને ઉડાડવા ચિંતામણિરત્ન ફેંક્યું. દેવ તે લઈ ચાલ્યો જતાં કઠિયારો પાછો ગરીબ થઈ ગયો.

| હેય (છોડવા જેવા) | ઉપાદેય (આદરવા જેવા) |
|---|---|
| 1 અસંયમ, 2 બંધન, 3 દંડ, 3 શલ્ય, 3 ગર્વ. 3 વિરાધના, 4 કષાય, 4 વિકથા, 2 ધ્યાન (આર્ત્ત, રૌદ્ર), 5 ક્રિયા, 5 કામગુણ, 3 લેશ્યા (અશુભ), 7 ભય, 8 મદ, 13 ક્રિયાસ્થાન, 17 અસંયમ, | 3 ગુપ્તિ, 2 ધ્યાન (ધર્મ, શુક્લ), 5 મહાવ્રત, 5 સમિતિ, 3 શુભ લેશ્યા, 9 બ્રહ્મચર્યગુપ્તિ, 10 સાધુધર્મ, 11/12 શ્રાવક, સાધુ પડિમા, 22 પરિષહ, 25 ભાવના, 27 સાધુના ગુણ, 28 આચાર પ્રકલ્પ, 31 સિદ્ધના ગુણ, 32 યોગસંગ્રહ. |

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) પ્રતિક્રમણમાં દાનવ અને દેવ બંને કયા પાઠમાં આવે છે? (2) ચોથા શ્રમણસૂત્રમાં અષ્ટ પ્રવચન માતા ક્યાં બતાવ્યાં છે ? (3) પાંચ ઈન્દ્રિયના વિષય સંબંધી વાત ક્યા પાઠમાં આવે છે? (4) વધુમાં વધુ મિચ્છામિ દુક્કડં કયા પાઠમાં આવે ? (5) પ્રાણી, ભૂત, જીવ અને સત્વ એટલે શું ? (6) આંકડામાં જવાબ આપો : પરમાધામી, પાપસૂત્રના પ્રસંગો, સિદ્ધના ગુણ, મહામોહનીયના સ્થાન, આશાતના, શ્રી જ્ઞાતાસૂત્રના અધ્યયન, ક્રિયા સ્થાન, અસંયમ, અબ્રહ્મચર્ય, અસમાધિ સ્થાન, પરિષહ, સબલ દોષ, પાંચ મહાવ્રતની ભાવના, સાધુના ગુણો, લેશ્યા, જીવનિકાય.

## ❖ પ્રતિક્રમણ : પાઠ 27 પાંચમું શ્રમણસૂત્ર❖

**પ્ર-1 : વર્તમાન ચોવીસીને એક સાથે વંદન ક્યાં કરવામાં આવે છે? મૂળ પાઠ લખો.**

**ઉ-1 :** પાંચમાં શ્રમણસૂત્રમાં ''નમો ચઉવીસાએ તિત્થયરાણં ઉસભાઈ મહાવીર'' તથા ખામેમિ સવ્વે જીવાના પાઠમાં ''વંદામિ જિણે ચઉવ્વિસં'' શબ્દો દ્વારા વંદન કરવામાં આવે છે.

**પ્ર-2 : નિર્ગ્રંથ પ્રવચન કોને કહે છે ?**

**ઉ-2 :** જેમણે રાગ અને દ્વેષની ગ્રંથિ તોડી નાંખી છે, એવા તીર્થંકર ભગવાનની વાણીને, જિનવાણીને, તેમના આગમસૂત્રોને નિર્ગ્રંથ પ્રવચન કહે છે.

**પ્ર-3 : નિર્ગ્રંથ પ્રવચનની આરાધના કેવી રીતે કરીશું ? તેમાં શ્રદ્ધાના અને ચારિત્રના કેટલા બોલ છે ?**

**ઉ-3 :** આ નિર્ગ્રંથ પ્રવચનની આરાધના માટે તેને **સદ્દહામિ** = અંતરથી જેવી છે, તેવી માનવારૂપ શ્રદ્ધા કરવી, **પત્તિઆમિ** = હેતુ અને યુક્તિપૂર્વક સમજીને વિશ્વાસ કરવારૂપ પ્રતીતિ, **રોએમિ** = ચારિત્ર અને તપનું સેવન કરવાની ઈચ્છારૂપ રુચિ, **ફાસેમિ** = આચરણ વડે જિનવાણીની સ્પર્શના, **પાલેમિ** = પાલના અર્થાત્ રક્ષા કરું છું. **અણુપાલેમિ** = વિશેષરૂપથી નિરંતર પાલન કરું છું. તેમાં **શ્રદ્ધાના :** સદ્દહામિ, પત્તિઆમિ, રોએમિ. **ચારિત્રના :** ફાસેમિ, પાલેમિ, અણુપાલેમિ શબ્દો છે.

**પ્ર-4 : આ નિર્ગ્રંથ પ્રવચનની આરાધના કરનાર શું પામે છે ?**

**ઉ-4 : સિજ્ઝંતિ** = સિદ્ધ થાય છે. **બુજ્ઝંતિ** = બુદ્ધ, સર્વજ્ઞ કેવળજ્ઞાની. કેવળદર્શની થાય છે. **મુચ્ચંતિ** = સર્વ કર્મથી મુક્ત થાય છે. **પરિનિવ્વાયંતિ** =સર્વ પ્રકારે શીતલીભૂત થાય છે. **સવ્વ દુક્ખાણ મંતં કરંતિ** = શારીરિક, માનસિક સર્વ દુઃખોનો અંત કરે છે.

**પ્ર-5: યાદ હોય કે ના હોય તેવા સર્વ અતિચારોનું પ્રતિક્રમણ ક્યાં બતાવેલું છે?**

**ઉ-5:** પાંચમાં શ્રમણસૂત્રમાં **''જં સંભરામિ, જં ચ ન સંભરામિ, જં પડિક્કમામિ, જં ચ ન પડિક્કમામિ, તસ્સ સવ્વસ્સ, દેવસિયસ્સ, અઈયારસ્સ, પડિક્કમામિ''**. શબ્દ દ્વારા સર્વ અતિચારોનું પ્રતિક્રમણ બતાવ્યું છે.

**પ્ર-6 : સાધુપણાની યાદ કરાવનાર શબ્દો કયા છે ?**
**ઉ-6 : "સમણોઽહં, સંજય, વિરય, પડિહય".** શબ્દો સાધુપણાની યાદ કરાવે છે.

**પ્ર-7 : સાધુ કેવા છે ? તે બતાવતા શબ્દ અને અર્થ લખો.**
**ઉ-7 :** સાધુ કેવા છે તે બતાવતા શબ્દો : રયહરણ, ગુચ્છગ, પડિગ્ગહધરા, પંચ મહવ્વયધરા, અટ્ઠારસ સહસ્સ સીલાંગ રહધરા, અક્ખય આયાર ચરિત્તા એટલે કે રજોહરણ, પાત્રા અને ગુચ્છાના ધારક, પાંચ મહાવ્રતના ધારક, અઢાર હજાર શીલરૂપી રથના ધારક, પરિપૂર્ણ આચારયુક્ત ચારિત્રના ધારક સાધુ છે.

**પ્ર-8 : નિર્ગ્રંથ પ્રવચન કે જૈન ધર્મનો મહિમા બતાવવા કયા કયા વિશેષણોનો ઉપયોગ કરાયો છે ? મૂળ પાઠ અને અર્થ સાથે લખો.**
**ઉ-8 :** નિર્ગ્રંથ પ્રવચન કે જૈન ધર્મનો મહિમા બતાવવા નીચેના વિશેષણો વપરાયા છે : **સચ્ચં** = સત્ય છે, **અણુત્તરં** = સર્વોત્તમ છે, **કેવલિયં** = કેવળીઓ દ્વારા પ્રરૂપિત છે, **પડિપુન્નં** = પ્રતિપૂર્ણ છે. **નેઆઉયં** = ન્યાયયુક્ત છે, **સંસુદ્ધં** = પૂર્ણશુદ્ધ છે, **સલ્લકત્તણં** = માયા આદિ શલ્યોને કાપનાર છે. **સિદ્ધિમગ્ગં** = સિદ્ધ થવાનો માર્ગ છે, **મુત્તિમગ્ગં** = આઠ કર્મોથી મુક્ત થવાનો માર્ગ છે, **નિજ્જાણમગ્ગં** = સંસારથી નીકળવાનો માર્ગ છે, **નિવ્વાણમગ્ગં** = નિર્વાણ, પરમશાંતિનો માર્ગ છે, **અવિતહમવિસંધિ** = મિથ્યાત્વ રહિત છે, સત્ય છે, **સવ્વ દુક્ખ પહીણમગ્ગં** = સર્વ દુ:ખોનો પૂર્ણ રીતે ક્ષય કરવાનો માર્ગ છે.

**પ-9 : નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા, પ્રતીતિ કરી સાધક શું પ્રતિજ્ઞા કરે છે ? અથવા આ પાઠમાં ગ્રહણ કરવાનું અને છોડવાનું શું છે ? મૂળપાઠ અને અર્થ લખો.**
**ઉ-9 :** નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા અને પ્રતીતિ કરી સાધક આરાધના માટે ઉદ્યમવંત થાય છે અને વિરાધનાથી નિવૃત્ત થાય છે તે માટે.

| | ત્યાગ | સ્વીકાર |
|---|---|---|
| 1. આરાધના કરવા અને વિરાધનાથી નિવૃત્ત થવા માટે | અસંયમનો | સંયમનો |
| 2. સંયમની સુરક્ષાને માટે | અબ્રહ્મનો | બ્રહ્મચર્યનો |
| 3. બ્રહ્મચર્યની રક્ષા માટે | અકલ્પનીયનો | કલ્પનીયનો |
| 4. આ બધું જ્ઞાન વિના સંભવ નથી માટે | અજ્ઞાનનો | જ્ઞાનનો |
| 5. જ્ઞાનથી પોતાના આચરણને સુધારવા | અક્રિયાનો | ક્રિયાનો |
| 6. જ્ઞાન અને ક્રિયાની શુદ્ધિનો આધાર શ્રદ્ધા છે માટે | મિથ્યાત્વનો | સમકિતનો |

| | | |
|---|---|---|
| 7.આત્મજાગૃતિના અભાવમાં પાછા મિથ્યાત્વમાં} ન જવાય માટે | અબોધ | સદ્બોધ |
| 8. આત્મ જાગૃતિને સુરક્ષિત રાખવાને માટે | ઉન્માર્ગનો | મોક્ષમાર્ગનો |

| | |
|---|---|
| **પ્ર-10 :** 18,000 સીલાંગ ભેદ કઈ રીતે થાય છે ? | |
| **ઉ-10 :** 10 પ્રકારનો શ્રમણધર્મ x 10 પ્રકારનો સંયમ | = 100 |
| (10 સંયમ : પાંચ સ્થાવર, ચાર ત્રસ અને અજીવ). | |
| શીલ એટલે સંયમ, બ્રહ્મચર્ય. | |
| એ 100 x પાંચ ઈન્દ્રિયોને વશ કરીને | = 500 |
| એ 500 x ચાર સંજ્ઞાનો નિરોધ | = 2000 |
| (આહાર, ભય, મૈથુન, પરિગ્રહ સંજ્ઞા) | |
| એ 2000 x 3 દંડ નિરોધ | = 6000 |
| (મનદંડ, વચનદંડ, કાયદંડ) | |
| એ 6000 x 3 કરણ | = 18000 |
| (કરવું, કરાવવું અને અનુમોદવું) | |

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1)મનુષ્ય ક્ષેત્ર ક્યાં સુધી છે ? (2) કર્મભૂમિ કેટલી ? કઈ કઈ ? (3) અઢીદ્વીપમાં કયા ક્ષેત્ર અને સમુદ્રો સમાય છે ? (4) જિન ધર્મ કોણે બતાવેલો છે ? (5) નિર્ગ્રંથ પ્રવચનનું સ્વરૂપ કેવું છે ? (6) સત્ય શું છે ? (7) નિર્ગ્રંથ પ્રવચનમાં સ્થિત જીવોનું શું થાય ?

## ❖ 1. ગતાગત ❖

**આગત** એટલે આવવું. જીવના 563 ભેદમાંથી જે-જે ભેદ આવીને ઊપજે તે. ગત એટલે જવું. જીવ મરીને 563 ભેદમાં જ્યાં જાય – ઉત્પન્ન થાય તેને **ગત** કહે છે.

| બોલનું નામ | આગતિ ભેદની | વિસ્તાર | ગતિ ભેદની | વિસ્તાર |
|---|---|---|---|---|
| 1. પહેલી નરકે | 25 | 15 કર્મભૂમિના મનુષ્ય પાંચ સંજ્ઞી તિર્યંચ પંચે.પાંચ અસંજ્ઞી તિર્યંચ પંચે, એ 25 ના પર્યાપ્તાની. | 40 | 15 કર્મભૂમિના મનુષ્ય,પાંચ સંજ્ઞી તિર્યંચ એ 20 ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ 40 |
| 2. બીજી નરકે | 20 | 15 કર્મભૂમિના મનુષ્ય, પાંચ સંજ્ઞી તિર્યંચના પર્યા. | 40 | પહેલી નરક પ્રમાણે. |
| 3. ત્રીજી નરકે | 19 | બીજી નરકના 20 માંથી 1 ભુજપર વર્જીને. | 40 | પહેલી નરક પ્રમાણે. |
| 4. ચોથી નરક | 18 | ત્રીજી નરકના 19માંથી ખેચર વર્જીને 18બોલની | 40 | પહેલી નરક પ્રમાણે. |
| 5.પાંચમી નરકે | 17 | ઉપરના 18માંથી 1 સ્થળચર વર્જીને 17ની | 40 | પહેલી નરક પ્રમાણે. |
| 6. છટ્ઠી નરકે | 16 | ઉપરના 17માંથી 1 ઉરપરિસર્પ વર્જીને 16ની | 40 | પહેલી નરક પ્રમાણે. |
| 7.સાતમી નરકે | 16 | 15 કર્મભૂમિના મનુષ્ય અને 1 જળચરના પર્યાપ્તા (સ્ત્રી વર્જીને) | 10 | પાંચ સંજ્ઞી તિર્યંચ પંચે.ના અપર્યાપ્તા અને પર્યાપ્તાની. |

| બોલનું નામ | આગતિ ભેદની | વિસ્તાર | ગતિ ભેદની | વિસ્તાર |
|---|---|---|---|---|
| 8. 25 ભવનપતિ, 26 વાણવ્યંતર (51 જાતિના દેવ) | 111 | 101 સંજ્ઞી મનુષ્ય, 5 સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય 5 અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય તે 111ના પર્યાપ્તાની | 46 | 15 કર્મભૂમિના મનુષ્ય,5 સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, બાદર પૃથ્વી, બાદર પાણી પ્રત્યેક વનસ્પતિ એમ 23ના અપ. ને પર્યાપ્તા |
| 9. જ્યોતિષી અને પહેલા દેવલોકે. | 50 | 15 કર્મભૂમિના મનુષ્ય, 30 અકર્મભૂમિના મનુષ્ય, 5 સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ 50 પર્યા.ની | 46 | તે ભવનપતિ પ્રમાણે. |
| 10. બીજા દેવલોકે | 40 | 15 કર્મભૂમિના મનુષ્ય, 5 સંજ્ઞી તિર્યંચ પંચે. 20 અકર્મભૂમિ (5 હેમવય, 5 હિરણ્યવય વર્જીને) ના પર્યાપ્તા એ 40ની. | 46 | તે ભવનપતિ પ્રમાણે. |
| 11. પ્રથમ કિલ્વિષી દેવમાં | 30 | 15 કર્મભૂમિના મનુષ્ય, 5 સંજ્ઞી તિર્યંચ પંચે., 10 અકર્મભૂમિના મનુષ્ય (5 દેવકુરૂ, 5 ઉત્તરકુરૂ) એ ત્રીસના પર્યાપ્તાની. | 46 | તે ભવનપતિ પ્રમાણે. |
| 12.ત્રીજાથી 8માં દેવલોકના દેવ 9 લોકાંતિકના, બીજા-ત્રીજા કિલ્વિષીકના એ 17 દેવમાં | 20 | 15 કર્મભૂમિના મનુષ્ય, 5 સંજ્ઞી તિર્યંચ પંચે., ના. પર્યાપ્તાની. | 40 | 15 કર્મભૂમિના મનુષ્ય,5 સંજ્ઞી તિર્યંચ એ 20 ના અપ. પર્યાપ્તાની. |

| બોલનું નામ | આગતિ ભેદની | વિસ્તાર | ગતિ ભેદની | વિસ્તાર |
|---|---|---|---|---|
| 13. 9 થી 12 દેવલોક, 9 ગ્રૈવેયક,5 અનુત્તર વિમાન એ 18 દેવના ભેદની | 15 | 15 કર્મભૂમિના પર્યાપ્તાની. | 30 | 15 કર્મભૂમિના મનુષ્ય અપર્યાપ્તા અને પર્યાપ્તાની. |

## નારકી માટે સમજણ

(1) સંજ્ઞી મનુષ્ય પર્યાપ્તા કે સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પર્યાપ્તા જ મરીને નરકમાં આવે છે. માત્ર અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને પ્રથમ નરકમાં ઊપજી શકે છે. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય બીજીથી સાતમી નરકમાં ઊપજે નહીં કારણ કે, તેઓ એટલા વધારે ભયંકર પાપ ન કરી શકે.

(2) નારકી ચ્યવીને સંજ્ઞી મનુષ્ય કે સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જ થાય અને ત્યાં પર્યાપ્તો થઈને જ મરે.

(3) નારકીના જીવ મરીને નારકી ન થાય, દેવ ન થાય, જુગલિયા ન થાય કે સંમૂર્ચ્છિમ મનુષ્ય ન થાય.

(4) દેવ મરીને નારકી ન થાય, દેવ ન થાય, જુગલિયા ન થાય કે સંમૂર્ચ્છિમ મનુષ્ય ન થાય.

(5) અપર્યાપ્તા જીવ મરીને નારકી, દેવ, જુગલિયા કે કેવળી થતા નથી. નારકી અપર્યાપ્તા અવસ્થામાં મરતાં જ નથી. પર્યાપ્તા થઈને જ મરે. **જીવના 563 ભેદમાંથી**
**અપર્યાપ્તા જીવના ભેદ :** નારકી 7, તિર્યંચ 24, મનુષ્ય 202, દેવતા 99 કુલ =332.
**પર્યાપ્તા જીવના ભેદ :** નારકી 7, તિર્યંચ 24, મનુષ્ય 101, દેવતા 99 કુલ = 231.

(6) સ્ત્રી મરીને સાતમી નરકે ન જાય. સાતમી નરકેથી નીકળેલો નારકી મનુષ્ય ન થાય.

(7) જીવના 563 ભેદમાંથી 192 ભેદ અમર છે. 7 નારકીના અપર્યાપ્તા, 99 દેવના અપર્યાપ્તા, 86 જુગલિયાના અપર્યાપ્તા એમ 192. આ જીવોના આયુષ્ય નિરૂપક્રમી હોવાથી અપર્યાપ્તા અવસ્થામાં મરતા જ નથી. તેથી એ 192 અપર્યાપ્તા જીવો કોઈપણ જીવની આગતિમાં ન આવે.

## દેવ માટે સમજણ

(1) સંજ્ઞી મનુષ્ય કે સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને જ દેવલોકમાં આવે છે.

(2) દેવ મરીને નારકી ન થાય, દેવ ન થાય, જુગલિયા ન થાય કે સંમૂર્ચ્છિમ મનુષ્ય ન થાય.

(3) અપર્યાપ્તા જીવ મરીને નારકી, દેવ, જુગલિયા કે કેવળી થતા નથી. દેવ પર્યાપ્તા થઈને જ ચ્યવે.

(4) 64 જાતિના દેવતા (25 ભવનપતિ + 26 વાણવ્યંતર + 10 જ્યોતિષી, પ્રથમ બે દેવલોક અને 1 કિલ્વિષીક) બાદર પૃથ્વીકાય, અપકાય કે પ્રત્યેક વનસ્પતિકાયમાં જઈ શકે છે. કારણ કે, તે દેવો રત્ન, ખજાના, સિંહાસન, દાગીના વગેરે (પૃથ્વીકાય), પાણીના કુંડ, વાવડી, સમુદ્ર વગેરે (અપકાય) અને ફૂલોના બગીચા, વન, જંગલ વગેરેનો ભોગવટો વારંવાર કરતાં હોવાથી તેમાં આસક્ત બનીને મૃત્યુ પામી તેમાં જ ઉત્પન્ન થઈ શકે છે. દેવ ખારી માટીમાં ન ઊપજે. વનસ્પતિમાં પ્રવાલ, પત્ર, ફૂલ, ફળ કે બીજમાં જ ઊપજે અન્ય સ્થાને ન ઊપજે. ખારા પાણીમાં કે કડવી વનસ્પતિમાં ન ઊપજે.

(5) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને આઠમાં દેવલોક સુધી જઈ શકે છે.

(6) આઠમાં દેવલોક સુધીના દેવો ચ્યવીને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય થઈ શકે.

(7) જુગલિયા મરીને દેવ જ થાય. જુગલિયા તરીકે જેટલું આયુષ્ય હોય તેટલું કે તેથી ઓછું આયુષ્ય દેવલોકમાં પામે. હેમવય, હિરણ્યવયના જુગલિયા જ. ભવનપતિ ઉ. 1લા દેવલોક સુધીમાં ઊપજે. હરિવાસ, રમ્યક્વાસના જુગલિયા જ. ભવનપતિ ઉ. બીજા દેવલોક સુધીમાં ઊપજે. તથા દેવકુરુ અને ઉત્તરકુરુના જુગલિયા જ. ભવનપતિ ઉ. પ્રથમ કિલ્વિષિક સુધીમાં ઊપજે છે. તેથી 56 અંતરદ્વીપના મનુષ્યો એકાંત મિથ્યાત્વી હોવાથી જ. ભવનપતિ ઉ. વાણવ્યંતર દેવ સુધીમાં ઊપજે.

(8) અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ પલ્યના અસંખ્યાતમાં ભાગથી વધુ પરભવનું આયુષ્ય બાંધી શકે નહીં. તેથી અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ મરીને પ્રથમ નરક, 51 જાતિના દેવ, 56 અંતરદ્વીપના જુગલિયા સુધી જ જઈ શકે.

| બોલનું નામ | આગતિ ભેદની | વિસ્તાર | ગતિ ભેદની | વિસ્તાર |
|---|---|---|---|---|
| 14. પૃથ્વીકાય, અપ્ કાય, વનસ્પતિકાય | 243 | 101 સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, 15 કર્મભૂમિના મનુષ્યના અપ. અને પર્યાપ્તા એમ 30, તિર્યંચના 48, 64 જાતિના દેવ એ 243. | 179 | 101 સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, 15 કર્મભૂમિના અપ. ને પર્યાપ્તા એ 30, 48 તિર્યંચ એમ 179, (મોટી લટ) |

| બોલનું નામ | આગતિ ભેદની | વિસ્તાર | ગતિ ભેદની | વિસ્તાર |
|---|---|---|---|---|
| 15. તેઉકાય, વાઉકાયની | 179 | મોટી લટ પ્રમાણે | 48 | 48 તિર્યંચની. |
| 16. 3 વિક-લેન્દ્રિય | 179 | મોટી લટ પ્રમાણે | 179 | મોટી લટ પ્રમાણે |
| 17. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની | 179 | મોટી લટ પ્રમાણે | 395 | 56 અંતરદ્વીપના મનુષ્ય, 51જાતિના દેવ,પહેલી નરક એમ 108ના અપ. અને પર્યા. એ 216 તથા 179 મોટી લટ. |
| 18. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની | 267 | 81 દેવ (નવ દેવલોકથી અનુત્તર વિમાનના 18 ભેદ વર્જીને),179 મોટી લટ પ્રમાણે 7 નરકના પર્યાપ્તા. | | ગતિ પાંચેની જુદી-જુદી. (નીચે જુવો) |

1.જળચરની ગતિ 527 ભેદની. 563 ભેદમાંથી નવમાં દેવલોક અનુત્તર વિમાન સુધીના 18 જાતિના દેવના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ 36 બાદ કરી બાકીના 527 બોલની.

2. ઉરપિરસર્પની ગતિ જળચરના 527 માંથી છટ્ઠી-સાતમી મી નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા બાદ કરી 523ની.

3.સ્થળચરની પ૨૧ ભેદની. ઉરપિરસર્પના 523માંથી પાંચમી નરકના અપર્યાપ્તા- પર્યાપ્તા બાદ કરી 521ની.

| | |
|---|---|
| 4.ખેચરની ગતિ ૫૧૯ ભેદની | સ્થળચરના 521માંથી ચોથી નરકના અપર્યાપ્તા-પર્યાપ્તા બાદ કરી 519ની. |
| 5. ભુજપિરસર્પની ગતિ | ખેચરના 519 માંથી ત્રીજી નરકના અપર્યાપ્તા- પર્યાપ્તા બાદ કરી 517ની. |

| બોલનું નામ | આગતિ ભેદની | વિસ્તાર | ગતિ ભેદની | વિસ્તાર |
|---|---|---|---|---|
| 19. અસંજ્ઞી મનુષ્યની | 171 | 179 માંથી તેઉ, વાઉ ના 8વર્જીને (નાની લટ) | 179 | મોટી લટ |
| 20.૧૫ કર્મભૂમિ: | 276 | 171+99 દેવ પર્યા. પ્રથમ ૬ નરકના પર્યા. | 563 અથવા મોક્ષની | |
| 21. ૩૦ અકર્મભૂમિ ના જુગલિયા: | 20 | 15 કર્મભૂમિના મનુષ્ય, 5 સંજ્ઞી તિર્યંચ પંચે પર્યા. | | |

## 30 અકર્મ ભૂમિના જુગલીયાની ગત

| | | |
|---|---|---|
| 1 પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુની | 128 | 64 દેવના અપર્યાપ્તા ને પર્યાપ્તા 128ની. |
| 2 પાંચ હરિવાસ, પાંચ રમ્યક્વાસની | 126 | 64 જાતિના દેવમાંથી 1લાકિલ્વિષીના વર્જીને 63ના અપ. – પર્યાપ્તા 126 |
| 3 પાંચ હેમવય, પાંચ હિરણ્યવયની તથા | 124 | ઉપરમાંથી બીજા દેવલોકના બે ભેદ વર્જીને 62 ના અપ.– પર્યાપ્તા 124 |

**સમજણ :** (1) તેઉકાય, વાઉકાય મરીને મનુષ્ય ન થાય. નિયમા તિર્યંચ જ થાય.
(2) કર્મભૂમિના મનુષ્યો મરીને બધે જ જાય. મોક્ષમાં પણ જાય.
(3) એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય મરીને નારકી, દેવ કે જુગલિયા થાય નહીં.

| બોલનું નામ | આગતિ ભેદની | વિસ્તાર | ગતિ ભેદની | વિસ્તાર |
|---|---|---|---|---|
| 22.છપ્પન અંતર દ્વીપના જુગલિયા | 25 | 15 કર્મભૂમિ, 5 સંજ્ઞી તિર્યંચ, 5 અસંજ્ઞી તિર્યંચ પંચે. પર્યાપ્તા | 102 | 25 ભવનપતિ,26 વાણવ્યંતર એ 51 દેવના અપર્યાપ્તા, પર્યાપ્તા 102 |

એ 22 બોલ સંપૂર્ણ. એ 22 બોલમાં 1 થી 7 બોલ નારકીના. 8 થી 13 એ 6 બોલ દેવતાના. 14 થી 18 એ પાંચ બોલ તિર્યંચના. 19 થી 22 એ 4 બોલ મનુષ્યના. આમ 22 બોલમાં ચાર ગતિના, (જીવના 563 ભેદની ગતાગતિ કહી.)

## 9 ઉત્તમ પદવીધર, 1 મિથ્યાત્વી, 3 વેદ એ 13 બોલની ગતાગતિ

| બોલનું નામ | આગતિ ભેદની | વિસ્તાર | ગતિ ભેદની | વિસ્તાર |
|---|---|---|---|---|
| 1.તીર્થંકરની | 38 | વૈમાનિકના 35 ભેદ, પ્રથમ 3 નરકના પર્યા. | મોક્ષ | --- |
| 2.ચક્રવર્તીની | 82 | 81 દેવ (પરમાધામી,3 કિલ્વિષી વર્જી) તથા પહેલી નરકના પર્યાપ્તાની | 14 દેવકે મોક્ષ | 7 નરકનાઅપર્યા.પર્યા અને જો દીક્ષા લેતો. સાધુ પ્રમાણે જાણવી |
| 3. વાસુદેવની | 32 | 12 દેવલોક, 9 લોકાંતિક, 9 ગ્રૈવેયક, ને પ્રથમ બે નરક એ 32ના પર્યાપ્તાની. | 14 | 7 નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા. |
| 4. બળદેવની | 83 | 81 દેવ (15 પરમાધામી, 3 કિલ્વિષી વર્જીને), પ્રથમ બે નરકના પર્યાપ્તા એ 83. | 70 મોક્ષ | 35 વૈમાનિક દેવના અપ, પર્યાપ્તાની. (દીક્ષા જ લે તેથી ગત સાધુ પ્રમાણે) |

## 13 બોલની ગતાગતિની સમજણ

(1) 24 તીર્થંકર, 12 ચક્રવર્તી, 9 વાસુદેવ, 9 બળદેવ અને 9 પ્રતિવાસુદેવ એમને 63 શલાકા પુરુષ (શ્રેષ્ઠ પુરુષ) કહેવાય. તે 63 શલાકા પુરુષો એકાંત મિથ્યાત્વી દેવમાંથી આવીને ઊપજે નહીં. (15 પરમાધામી અને 3 કિલ્વિષી દેવો એકાંત મિથ્યાત્વી દેવો છે.)

(2) તીર્થંકર અને વાસુદેવ નરક કે વૈમાનિક દેવમાંથી જ આવે. તેમાં વાસુદેવ અનુત્તર વિમાનમાંથી આવીને ન ઊપજે કારણ કે, એકવાર અનુત્તર વિમાનમાં ગયેલો જીવ ભવિષ્યમાં ક્યારેય નરકમાં જન્મ લે નહીં અને વાસુદેવ મરીને નરકમાં જ જાય તેથી.

(3) ચક્રવર્તી પદવીમાં મૃત્યુ પામે તો નરકમાં જ જાય. દીક્ષા લે તો સાધુની ગત પ્રમાણે.

(4) ચક્રવર્તી કે બળદેવ માત્ર નરક કે દેવમાંથી જ આવે.

(5) બળદેવ નિયમા દીક્ષા લે. ગત સાધુ પ્રમાણે. બળદેવની પદવીમાં મરતા નથી તેથી તે પદવી અમર છે.

(6) બાદર પૃથ્વી, પાણી કે પ્રત્યેક વનસ્પતિમાંથી નીકળી મનુષ્ય થયેલો જીવ કેવળી થઈ શકે.

(7) ત્રણ વિકલેન્દ્રિયમાંથી નીકળીને મનુષ્ય થયેલ જીવ તે ભવમાં સાધુ થઈ શકે પણ કેવળી ન થાય.

| બોલનું નામ | આગતિ ભેદની | વિસ્તાર | ગતિ ભેદની | વિસ્તાર |
|---|---|---|---|---|
| 5. કેવળીની | 108 | 81 દેવ (પરમાધામી, 3 કિલ્વિષીવર્જીને), 15 કર્મભૂમિ, 5 સંજ્ઞી તિર્યંચ, પ્રથમ 4 નારકી, પૃથ્વી, પાણી, પ્રત્યેક વનસ્પતિ એ 108 ના પર્યાપ્તાની. | મોક્ષની | |
| 6. સાધુની | 275 | 179માંથી તેઉ, વાયુના 8 વર્જીને 171, 99 દેવના પર્યાપ્તા, પ્રથમ પાંચ નરકના પર્યાપ્તા મળીને 275. | 70 મોક્ષ | 12 દેવલોક, 9 લોકાંતિક,5 અનુત્તર વિમાન એ 35ના અપર્યાપ્તા પર્યાપ્તા મળી 70 |
| 7. શ્રાવકની | 276 | સાધુની 275 + છટ્ઠી નરકના પર્યાપ્તા એ 276 | 42 | 12 દેવલોક, 9 લોકાંતિક એ 21 ના અપ. પર્યા. |
| 8. સમકિત દ્રષ્ટિની | 363 | 99 દેવના પર્યાપ્તા, 101 સંજ્ઞી મનુષ્ય પર્યાપ્તા, 101 સંમૂ. મનુ. અપ. 15 કર્મભૂમિ મનુ. અપ. 15 કર્મભૂમિ મનુ. અપ. તિર્યંચના 48માંથી તેઉ, વાયુના 8 વર્જીને 40 નારકીના 7એ નરકના પર્યાપ્તા. | 282 | 81 જાતિના દેવ, 15 કર્મભૂમિના મનુષ્ય, 30 અકર્મભૂમિના મનુ, 5 સંજ્ઞી તિર્યંચ તથા પ્રથમ 6 નારકી એ 137ના અપ. ને પર્યા. 274 તથા 3 વિકલેન્દ્રિય,5અસંજ્ઞી તિર્યંચ પંચે.અપર્યા. |

(1) 1લી નરકનો નીકળેલો જીવ ચક્રવર્તી થઈ શકે છે.

(2) 1લી 2જી નરકનો નીકળેલો જીવ બળદેવ/વાસુદેવ થઈ શકે છે.

(3) 1 થી 3 નરકનો નીકળેલો જીવ તીર્થંકર થઈ શકે છે.

(4) 1 થી 4 નરકનો નીકળેલો જીવ કેવળી થઈ શકે છે.

(5) 1 થી 5 નરકનો નીકળેલો જીવ સાધુ થઈ શકે છે.

(6) 1 થી 6 નરકનો નીકળેલો જીવ શ્રાવક થઈ શકે છે.

(7) 1 થી 7 નરકનો નીકળેલો જીવ સમ્યગ્ દ્રષ્ટિ થઈ શકે છે.

| **બોલનું નામ** | **આગતિ ભેદની** | **વિસ્તાર** | **ગતિ ભેદની** | **વિસ્તાર** |
|---|---|---|---|---|
| 9. માંડલિક રાજાની | 276 | શ્રાવકની આગતિ પ્રમાણે | 535 | 563માંથી 9 ગ્રૈવેયક, 5 અનુત્તર વિમાન એ 14 અપ.-પર્યા. 28 વર્જીને. |
| 10. મિથ્યાત્વ | 371 | 99 દેવ પર્યાપ્તા, 179 લટ, 7 નરકના પર્યાપ્તા, 86 જુગલિયા પર્યાપ્તા એ 371ની. | 553 | 563માંથી 5 અનુત્તર વિમાનના અપ.-પર્યા. એમ10 વર્જીને |
| 11.સ્ત્રી વેદની | 371 | મિથ્યાદ્રષ્ટિ પ્રમાણે. | 561 | 563માંથી 7મી નરકના અપર્યાપ્તા, પર્યાપ્તાબે વર્જીને |
| 12. પુરુષ વેદ | 371 | મિથ્યાદ્રષ્ટિ પ્રમાણે. | 563 | |
| 13.નપુંસકવેદ | 285 | 179 લટ + 99 દેવ પર્યાપ્તા અને 7 નરકના પર્યાપ્તા એમ 285ની. | 563 | |

**।। ઈતિ શ્રી ગતાગતિનો થોકડો ।।**

## 13 બોલની ગતાગતની સમજણ

(1) તેઉ, વાઉમાંથી નીકળી તિર્યંચ બનેલો જીવ તે તિર્યંચના ભવમાં સમકિત પામે નહીં.

(2) સમકિતી મનુષ્ય કે સમકિતી તિર્યંચ, સમકિતમાં પરભવનું આયુ બાંધે તો વૈમાનિક દેવ થાય.

(3) સમકિતી દેવ કે નારકી સમકિતમાં પરભવનું આયુષ્ય બાંધે તો માત્ર 15 કર્મભૂમિના મનુષ્ય જ થાય.

(4) સાતમી નરકનો અપર્યાપ્તો એકાંત મિથ્યાત્વી હોવાથી સમકિત લઈને જીવ સાતમી નરકમાં ન જાય.

(5) એકાંત સમકિતીના ભેદ 10 પાંચ અનુત્તર વિમાનના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

(6) શ્રાવકની આગત એટલે કર્મભૂમિના પર્યાપ્તા મનુષ્ય તથા સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા જીવોમાં પૃચ્છા સમયે શ્રાવક તરીકે રહેલા જીવોની આગત.

(7) સમકિતીની આગત એટલે ચારે ગતિમાં રહેલા પૃચ્છા સમયના સમકિતી જીવોની આગત.

## જીવના 563 ભેદ (ગતાગતિમાં સહાયક થાય તે માટે)

**(1)નારકીના 14 ભેદ:** સાત નરકના અપર્યાપ્તા 7 અને પર્યાપ્તા 7 14

**(2) તિર્યંચના 48 ભેદ:** એકેન્દ્રિય (સ્થાવર) તિર્યંચના 22 ભેદ

1. સૂક્ષ્મ પૃથ્વીકાય અપર્યાપ્તા, પર્યાપ્તા. બાદર પૃથ્વીકાય અપર્યાપ્તા, પર્યાપ્તા 4
2.સૂક્ષ્મ અપકાય અપર્યાપ્તા, પર્યાપ્તા. બાદર અપકાય અપર્યાપ્તા, પર્યાપ્તા +4

3.સૂક્ષ્મ તેઉકાય અપર્યાપ્તા,પર્યાપ્તા. બાદર તેઉકાય અપર્યાપ્તા, પર્યાપ્તા +4

4. સૂક્ષ્મ વાઉકાય અપર્યાપ્તા, પર્યાપ્તા. બાદર વાઉકાય અપર્યાપ્તા, પર્યાપ્તા +4

5. વનસ્પતિના સૂક્ષ્મ, પ્રત્યેક અને સાધારણ એ ત્રણેના અપર્યાપ્તા, પર્યાપ્તા + 6

**વિકલેન્દ્રિયના 6 ભેદ**

બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય એ ત્રણના અપર્યાપ્તા,
પર્યાપ્તા 6

**તિર્યંચ પંચેન્દ્રિયના 20 ભેદ**

1.ગર્ભજ જળચર અપર્યાપ્તા, પર્યાપ્તા. સંમૂર્ચ્છિમ જળચર અપર્યાપ્તા, પર્યાપ્તા 4

2.ગર્ભજ સ્થળચર અપર્યાપ્તા, પર્યાપ્તા. સંમૂર્ચ્છિમ સ્થળચર અપર્યાપ્તા, પર્યાપ્તા +4

3. ગર્ભજ ઉરપર અપર્યાપ્તા, પર્યાપ્તા. સંમૂર્ચ્છિમ ઉરપર અપર્યાપ્તા, પર્યાપ્તા +4

4. ગર્ભજ ભૂજપર અપર્યાપ્તા, પર્યાપ્તા. સંમૂર્ચ્છિમ ભૂજપર અપર્યાપ્તા, પર્યાપ્તા +4

5. ગર્ભજ ખેચર અપર્યાપ્તા, પર્યાપ્તા. સંમૂર્ચ્છિમ ખેચર અપર્યાપ્તા, પર્યાપ્તા +4

**તિર્યંચના કુલ ભેદ 22+ 6 + 20 = 48**

**(3) મનુષ્યના 303 :** 15 કર્મભૂમિ, 30 અકર્મભૂમિ, 56 અંતરદ્વીપ તે

101 ક્ષેત્રના ગર્ભજ મનુષ્યના ક્ષેત્રના ગર્ભજ અપર્યાપ્તા 101

તે 101 ક્ષેત્રના ગર્ભજ મનુષ્યના ક્ષેત્રના ગર્ભજ પર્યાપ્તા 101

તે 101 ક્ષેત્રના ગર્ભજ મનુષ્યના ક્ષેત્રના સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા 101

**મનુષ્યના કુલ ભેદ 303**

| | | |
|---|---|---|
| **(4) દેવતાના 198 :** | (1) ભવનપતિના 25 ભેદના અપર્યાપ્તા, પર્યાપ્તા. | 50 |
| | (2) વાણવ્યંતરના 26 ભેદના અપર્યાપ્તા, પર્યાપ્તા. | 52 |
| | (3) જ્યોતિષીના 10 ભેદના અપર્યાપ્તા, પર્યાપ્તા. | 20 |
| | (4) વૈમાનિકના 38 ભેદના અપર્યાપ્તા, પર્યાપ્તા. | 76 |
| | **દેવતાના કુલ ભેદ** | **198** |
| | **કુલ જીવના ભેદ** | **563** |

## ❖ 2. 63 શ્લાઘનીય મહાપુરુષો ❖

(1) શલાકાપુરુષ એટલે શ્લાઘનીય, શ્રેષ્ઠ, પ્રશંસનીય પુરુષ. તે કુલ 63 હોય છે. 24 તીર્થંકર + 12 ચક્રવર્તી + 9 બળદેવ + 9 વાસુદેવ + 9 પ્રતિવાસુદેવ.

(2) આ 63 પુરુષો ભરત ક્ષેત્ર અને ઈરવત ક્ષેત્રના પ્રથમ ખંડના માત્ર સાડી પચ્ચીસ આર્ય દેશોમાં જ જન્મ ધારણ કરે છે.
મહાવિદેહ ક્ષેત્રની દરેક (32) વિજયના સાડી પચ્ચીસ આર્ય દેશોમાં જ જન્મે છે.

(3) ભરત અને ઈરવત ક્ષેત્રમાં અવસર્પિણીકાળના ત્રીજા આરાના અંત ભાગમાં તથા ચોથા આરા દરમિયાન 63 શલાકા પુરુષો થાય. ઉત્સર્પિણીકાળના ત્રીજા આરામાં અને ચોથા આરાના શરૂઆતના ભાગમાં થાય.
મહાવિદેહ ક્ષેત્રની અલગ-અલગ વિજયોમાં તીર્થંકર આદિ સદાકાળ હોય.

(4) પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં એકસાથે કુલ તીર્થંકર જ. 20, ઉ. 160 હોય. તેવી જ રીતે ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ અને પ્રતિવાસુદેવ દરેકની સંખ્યા જ. 20, ઉ. 140 હોય.

(5) એક જ પદવીધારી બે શલાકા પુરુષો ક્યારેય એકબીજાને ભેગા ન થાય. (બે કેવળી તીર્થંકર, બે વાસુદેવ કે, બે ચક્રવર્તી એમ ભેગા ન થાય).

(6) આ 63 પુરુષો ભૂતકાળમાં સમકિત પામેલ હોય છે. પરિત્ત સંસારી હોય છે.

(7) 24 તીર્થંકરો અને 9 બળદેવો એ તેત્રીસ પદવીના ભવમાં નિયમા સમકિતી હોય છે. અન્ય ત્રીસ પદવીમાં સમકિત હોય અથવા ન પણ હોય. પદવીના ભવમાં ફરીથી સમકિત પ્રાપ્ત કરી પણ શકે. દ્રવ્યથી શ્રાવકપણું ન સ્પર્શે, ભાવથી સ્પર્શી પણ શકે. પરંતુ વાસુદેવ કે પ્રતિવાસુદેવને શ્રાવકપણું પણ ન જ સ્પર્શે.

**તીર્થંકર :**

(1) આજ સુધી ભૂતકાળમાં કુલ અનંતા તીર્થંકરો થઈ ગયા. ભવિષ્યમાં પણ અનંતા તીર્થંકરો થશે.

(2) વર્તમાને પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં મળીને કુલ વીસ (એક મહાવિદેહમાં ચાર પ્રમાણે 4 x 5 એટલે 20) તીર્થંકરો બિરાજમાન છે.

(3) એક ભરત ક્ષેત્રમાં એક અવસર્પિણીકાળમાં (છ આરામાં) 24 તીર્થંકરો થાય. છ આરાનો કુલ કાળ 10 ક્રોડાક્રોડ સાગરનો છે, તે અસંખ્યાતો કાળ છે. તેથી તેટલા જ કાળમાં પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં (પ્રત્યેકમાં) અસંખ્યાતા તીર્થંકરો થઈ જાય.

(4) પૂર્વના ત્રીજા ભવે (મનુષ્યના ભવમાં) તીર્થંકર નામ કર્મ નિકાચિત બાંધેલ જીવ નરક કે દેવગતિમાંથી મનુષ્યના ભવમાં આવી તીર્થંકર બને છે,

(5) બધાં જ તીર્થંકરોનો જન્મ મધ્યરાત્રિએ થાય છે. તીર્થંકરનો જન્મ મહોત્સવ 64 ઈન્દ્રો દ્વારા તે જ રાત્રિએ મેરુપર્વત પર ઉજવાય છે.

(6) મહાવિદેહ ક્ષેત્રના દરેક તીર્થંકર 83 લાખ પૂર્વ સંસારમાં રહી સંયમ અંગીકાર કરે છે. એક લાખ પૂર્વ વર્ષનો સંયમ પાળે છે.

(7) મહાવિદેહ ક્ષેત્રમાં વીસ વિહરમાન તીર્થંકરમાં નાના-મોટાપણું હોતું નથી. તેઓ બધાં જ પ્રત્યેક બાબતમાં દરેક રીતે સરખાં હોય છે. જ્યારે ભરત અને ઈરવત ક્ષેત્રના તીર્થંકરો ક્રમથી થાય છે. તેથી તેઓ કેવળજ્ઞાન, કેવળદર્શન સિવાય બધી બાબતમાં સરખાં હોતા નથી.

(8) તીર્થંકરને દેવાધિદેવ તરીકે પણ ઓળખવામાં આવે છે.

**(તીર્થંકરની અન્ય વિગતો પ્રથમ ખામણાના પ્રશ્નોત્તરમાં પણ આપેલ છે.)**

**ચક્રવર્તી :**

(1) મનુષ્યોમાં સર્વથી શ્રેષ્ઠ ભૌતિક ઋદ્ધિ ચક્રવર્તીની હોય છે.

(2) નરમાં (પુરુષમાં) ઈન્દ્ર સમાન હોવાથી તેમને નરેન્દ્ર પણ કહે છે.

(3) એક મહાવિદેહની દરેક (બત્રીસે) વિજયના છ ખંડ હોય છે. તેવી રીતે એક ભરત, એક ઈરવત ક્ષેત્રના પણ છ ખંડ હોય છે. **તે છ ખંડના રાજા એટલે ચક્રવર્તી અને ત્રણ ખંડના રાજા એટલે વાસુદેવ.**

(4) જ્યારે એક મહાવિદેહની 32 વિજયમાં જ. 4 ચક્રવર્તી હોય, ત્યારે વાસુદેવ ઉ. 28 હોય અને ઉ. 28 ચક્રવર્તી હોય તો વાસુદેવ જ. 4 હોય (બંને અલગ-અલગ વિજયોમાં હોય તેથી કુલ 32 થાય)

(5) દરેક ચક્રવર્તી પાસે 14 રત્ન, 9 નિધાન, 84 લાખ હાથી, 84 લાખ રથ, 84 લાખ ઘોડા, 96 ક્રોડ પાયદળ હોય છે. તેમને 64,000 રાણીઓ હોય છે. 16,000 દેવતાઓ તેમની સેવા કરે છે.

(6) ચક્રવર્તીનું સ્ત્રીરત્ન (મુખ્ય પટ્ટરાણી) અવશ્ય નરકે જાય છે.

## વાસુદેવ અને પ્રતિવાસુદેવ :

(1) પ્રતિવાસુદેવ ત્રણ ખંડના રાજા હોય છે. તેમને તેમના જ ચક્ર વડે જે મારે છે, તે ત્રણ ખંડના રાજા વાસુદેવ બને છે.

(2) વાસુદેવ છ ખંડમાંથી ત્રણ ખંડના રાજા હોય છે તેથી તેમને અર્ધચક્રવર્તી પણ કહેવાય છે. ચક્રવર્તીથી અડધું બળ હોય છે. ભરત, ઈરવતના 9-9 વાસુદેવ શ્યામ રંગના હોય છે.

(3) જે જીવ પૂર્વના ત્રીજા મનુષ્યના ભવમાં અવશ્યમેવ સાધુ હોય, તેણે આ વાસુદેવની પદવી નિયાણાથી (ધર્મ કરણીનું ફળ માંગીને) મેળવી હોય છે.

(4) પ્રતિવાસુદેવના મૃત્યુ પછી વાસુદેવે પણ ત્રણ ખંડ જીતવા જવું પડે છે. (ચક્રવર્તી, વાસુદેવનો કોઠો પૃષ્ઠ 358-363)

## બળદેવ :

વાસુદેવ અને બળદેવ બંને સગા ભાઈ હોય છે, પરંતુ બંનેના પિતા એક જ હોય અને માતા જુદી-જુદી હોય છે. બળદેવ મોટા ભાઈ અને વાસુદેવ નાના ભાઈ હોય છે.

| ક્રમ | બોલનો પ્રશ્ન | તીર્થંકર | ચક્રવર્તી | વાસુદેવ | બળદેવ |
|---|---|---|---|---|---|
| 1 | માતાને કેટલાં સ્વપ્ન આવે? | 14 સ્પષ્ટ | 14 ઝાંખાં | 7 | 4 |
| 2 | 1અવસર્પિણીકાળમાં 1 ભરતક્ષેત્રમાં સંખ્યા કેટલી | 24 | 12 | 9 | 9 |
| 3 | 5 ભરતમાં અવસર્પિણીકાળમાં | 120 (24X5) | 60 | 45 | 45 |
| 4 | 1 સાથે 1 મહાવિદેહમાં | જ. 4, ઉ. 32 | જ. 4, ઉ. 28 | જ. 4,ઉ. 28 | જ. 4, ઉ.28 |
| 5 | વર્તમાને ભરત ક્ષેત્રમાં છે? | ના | ના | ના | ના |
| 6 | વર્તમાને મહાવિદેહમાં છે? | હા,સદાકાળ | હા, સદાકાળ | હા, સદાકાળ | હા, સદાકાળ |
| 7 | ભરતમાં જઘન્ય અવગાહના | 7 હાથની | 7ધનુષ્યની | 10 ધનુષ્યની | 10 ધનુષ્યની |
| 8 | ભરતમાં ઉત્કૃષ્ટ અવગાહના | 500 ધનુષ્ય | 500 ધનુષ્ય | 80 ધનુષ્ય | 80 ધનુષ્ય |
| 9 | મહાવિદેહ જ. ઉ. અવગાહના | 500 ધનુષ્ય | 500 ધનુષ્ય | 500 ધનુષ્ય | 500 ધનુષ્ય |
| 10 | ભરતમાં જઘન્ય આયુષ્ય | 72 વર્ષનું | 700 વર્ષનું | 1000 વર્ષનું | 1200 વર્ષનું |
| 11 | ભરતમાં ઉત્કૃષ્ટ આયુષ્ય | 84 લાખ પૂર્વ | 84લાખપૂર્વ | 84 લાખ વર્ષ | 85 લાખ વર્ષ |
| 12 | મહાવિદેહમાં જ. ઉ. આયુષ્ય | 84 લાખ પૂર્વ | 84 લાખ પૂર્વ | 84 લાખ પૂર્વ | 85 લાખ પૂર્વ |
| 13 | આગતિ ક્યાંથી ? | નરક, દેવલોક | નરક, દેવલોક | નરક, દેવલોક | નરક, દેવલોક |
| 14 | ગતિ ક્યાં થાય ? | મોક્ષ | પદવીમાં નરક દીક્ષા લે તો દેવ કે મોક્ષ } | નરક | દેવ કે મોક્ષ |
| 15 | 1 જીવને સંપૂર્ણ સંસારકાળમાં પદવી | 1 વાર | 2 વાર | 3વાર | 3 વાર |
| 16 | પદવીના ભવમાં સમકિત હોય ? | નિયમા હોય | ભજના (એટલે હોય અથવા ન હોય) | ભજના (એટલે હોય અથવા ન હોય) | નિયમા હોય |
| 17 | પદવીના ભવમાં દીક્ષા લે? | નિયમા લે. | ભજના | નિયમા ન લે. | નિયમા લે. |
| 18 | કેટલા ભવ બાકી રહે? | અંતિમ ભવ | જ.1,ઉ.15, અથવા અનંત | જ.3 ઉ.અનંત | જ.1, ઉ. 15 |

**નીચે તીર્થંકર, ચક્રવર્તી આદિ 54 શલાકા પુરુષોની અન્ય વિગતો આપેલ છે.**

## ❖ 3. વ્યવહાર સમકિતના 67 બોલ ❖

**વ્યવહાર સમક્તિના 67 બોલના દ્વારના નામ : (1) સદ્દહણા ચાર (2) લિંગ ત્રણ (3) વિનય દસ (4) શુદ્ધતા ત્રણ (5) લક્ષણ પાંચ (6) દૂષણ પાંચ (7) ભૂષણ પાંચ (8) પ્રભાવના આઠ (9) આગાર છ (10) જયણા છ (11) ભાવના છ (12) સ્થાનક છ**

વ્યવહાર સમકિતના 67 બોલમાંથી એક અથવા અનેક બોલ આદરનાર જીવને વ્યવહારથી સમકિતી કહે છે. દેવ, ગુરુ અને ધર્મ તત્ત્વમાં વ્યવહારથી શ્રદ્ધા તે **વ્યવહાર સમકિત** છે. નિશ્ચયથી કોઈ જીવ સમકિતી છે કે નહીં તે વિશિષ્ટ જ્ઞાની જ બતાવી શકે.

જેણે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ ચાર અને દર્શન મોહનીયની ત્રણ સમકિત મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય એ મોહનીય કર્મની 7 પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કર્યો હોય તેને **નિશ્ચયથી સમકિતી** કહે છે.

**1.સદ્દહણા ચાર :** જેનાથી સમકિત પમાય અને ટકી રહે. **(1)પરમત્થ સંથવો :** પરમાર્થનો પરિચય કરવો. સર્વજ્ઞ કથિત તત્ત્વોના ભાવો જાણવા. **(2) સુદિટ્ઠ પરમત્થ સેવણા** : પરમાર્થના જાણવાવાળા ગીતાર્થની ઉપાસના કરવી. **(3) વા વિવાવન્ન :** સમકિતથી ભ્રષ્ટ થયેલાં સ્વપાસંડી ❋ સંગ ન કરે **(4) કુદંસણ વજ્જણા :** પરતીર્થિનો અધિક પરિચય ન કરે. અધર્મી પાખંડીઓની પ્રશંસા ન કરે. **(શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તથા શ્રી આવશ્યક સૂત્ર)**

**2. લિંગ ત્રણ :** જેનાથી સમકિતની વ્યવહારથી ઓળખાણ થાય.
**(1) શ્રુતાનુરાગ :** જેમ યુવાન પુરુષ રંગરાગમાં રાચે, તેમ ભવ્યાત્મા સમકિતી જીવ જૈન આગમશાસ્ત્ર સાંભળવામાં અનુરાગ રાખે. **(2) ધર્માનુરાગ :** જેમ ક્ષુધાવાન પુરુષ ખીર-ખાંડનું ભોજન કરવામાં રુચિ રાખે, તેમ સમકિતી જીવ વીતરાગની વાણી આદર સાથે સાંભળે અને જૈન ધર્મ આદરવામાં રુચિ રાખે. **(3) દેવ-ગુરુ વૈયાવચ્ચ :** જેમ કોઈ અભણ પુરુષ વિદ્યાગુરુને પામીને હર્ષિત થઈ તેમની સેવા ભક્તિ કરી આ લોકમાં સુખી થાય, તેમ સમકિતી જીવ સુદેવ, સુગુરુની હર્ષિત થઈ સેવા-ભક્તિ કરી આલોક-પરલોક બંનેમાં સુખી થાય. **(શ્રી ઉવવાઈ સૂત્ર)**

પાખંડી = ઢોંગી. પાસંડી = વ્રતી. પરપાસંડી = અન્યવ્રતી અને સ્વપાસંડી = જૈનવ્રતી

**3. વિનય દસ :** જેનાથી સમકિત પ્રાપ્ત થાય. (1) અરિહંતનો વિનય કરે. (2) સિદ્ધનો વિનય કરે. (3) આચાર્યનો વિનય કરે. (4) ઉપાધ્યાયનો વિનય કરે. (5) સ્થવિરનો વિનય કરે. એ પાંચને વંદના, ભક્તિ, બહુમાન કરે અને ગુણાનુવાદ કરે. (6) કુળનો વિનય કરે. તે એક આચાર્યના શિષ્ય સમૂહનો વિનય કરે. (7) ગણનો વિનય કરે. તે ઘણા આચાર્યોના શિષ્ય સમૂહનો વિનય કરે. (8) ચતુર્વિધ સંઘનો વિનય કરે. (9) સ્વધર્મીનો વિનય કરે. (10) સંભોગીનો વિનય કરે. જૈનશાસનમાં વિનય ધર્મનું મૂળ કહેવાય છે. વિનય કરવાથી અનેક સદ્ગુણોની પ્રાપ્તિ થાય છે. **(શ્રી ઉવવાઈ સૂત્ર)**

**4. શુદ્ધતા ત્રણ :** જેનાથી સમકિતની શુદ્ધિ થાય. **(1) મન શુદ્ધતા :** મનથી અરિહંત દેવ કે જે 34 અતિશય, 35 સત્ય વચન વાણીના ગુણ, 18 દૂષણ રહિત, 12 ગુણે સહિત છે, ચાર કર્મ ઘનઘાતી ક્ષય કર્યા છે, એવા અરિહંત એ જ સાચા દેવ છે. તેને જ ધર્મદેવ માને. પંચમહાવ્રતધારી, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવંત એવા જૈન મુનિને જ ધર્મગુરુ તરીકે માને. કેવળી પ્રરૂપિત અહિંસા, સંયમ અને તપરૂપ જૈન ધર્મને જ મોક્ષ ધર્મ માને, તે મનશુદ્ધતા. અન્ય સરાગી દેવ, ગુરુ કે ધર્મનું મનથી પણ સ્મરણ ન કરે.

**(2) વચન શુદ્ધતા:** વચનથી અરિહંત દેવ, ધર્મગુરુ અને કેવળી પ્રરૂપિત ધર્મના જ ગુણકીર્તન કરે. બીજા સરાગી દેવ, ગુરુ કે ધર્મના ગુણગ્રામ ન કરે.

**(3) કાય શુદ્ધતા:** કાયાથી અરિહંત દેવ, ધર્મગુરુ કે જૈન ધર્મને જ નમસ્કાર કરે. તે સિવાયના બીજા સરાગી દેવ, ગુરુ કે ધર્મને વંદન નમસ્કાર ન કરે.

**(શ્રી ઉપાસકદશાંગ સૂત્ર)**

**5. લક્ષણ પાંચ :** જેનાથી સમકિતીની ઓળખાણ થાય. **(1) સમ :** શત્રુ-મિત્ર પર સમભાવ રાખવો. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનો ઉદય થવા ન દે. **(2) સંવેગ :** વૈરાગ્ય ભાવ રાખવો. જેમ કે, આ સંસાર અસાર છે. વિષય અને કષાયના કારણે જીવ અનંતકાળથી ભવભ્રમણ કરે છે. હવે આ ભવમાં મનુષ્ય ભવ, ઉત્તમ કુળ આદિ સારી સામગ્રી મળી છે, તો ધર્મ આરાધવો. **(3) નિર્વેદ :** ઈન્દ્રિયના વિષયથી ઉદાસીનભાવ રાખવો, શરીર અથવા સંસારના અનિત્યપણાનું ચિંતન કરે. મોહમય જગતથી અલગ થઈ વૈરાગ્ય ભાવથી દીક્ષા લઈ કર્મ શત્રુઓને જીતી સિદ્ધ પદ પ્રાપ્ત કરવાની

અભિલાષા કરવી. **(4) અનુકંપા :** દુઃખી જીવોને જોઈ દયા, કરુણા લાવે. પોતાના આત્માની તથા પરના આત્માની અનુકંપા કરવી. દુઃખી જીવોને સુખી કરવા પ્રયત્ન કરવો. **(5) આસ્થા :** જિનવાણી, આગમ, શાસ્ત્રો પર દ્રઢ શ્રદ્ધા રાખે. સ્વ-પરના હિતાહિતનો વિચાર કરી કાર્ય કરે. (શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર)

**6. દૂષણ પાંચ :** દૂષણથી સમકિત દૂષિત થાય અને નાશ પામે. **(1) શંકા :** જિનવચનમાં શંકા કરે. **(2) કંખા :** અન્ય મતોના આડંબર દેખી, તેની ઈચ્છા કરે. **(3) વિતિગિચ્છા :** ધર્મકરણીના ફળમાં સંદેહ રાખે કે ધર્મનું ફળ હશે કે નહીં? વર્તમાને તો કાંઈ ફળ દેખાતું નથી. **(4) પરપાસંડ પસંસા :** 363 પાખંડી મતના વખાણ કરે. **(5) પરપાસંડ સંથવો :** 363 પાખંડી મતનો પરિચય કરે. આમ કરવાથી સમકિતમાં દોષ લાગે છે. તે દૂષણો ટાળવા.

**7. ભૂષણ પાંચ :** ભૂષણથી જૈન શાસનની શોભા વધે. **1) કુશળતા :** જૈન શાસનના કામ કરવામાં હોંશિયાર, કુશળ, નિપુણ હોય.**(2) પ્રભાવક :** જિન શાસનની પ્રભાવના કરે અને તેના અનેક ગુણોને પ્રગટ કરે.**(3) વૈયાવચ્ચી :** જૈન શાસનમાં ચતુર્વિધ સંઘની સેવા, વૈયાવચ્ચ કરે.**(4) સ્થિર કરનાર :** જૈન શાસનમાં ડગતાને સ્થિર કરે. ધર્મના કામ ચતુરાઈથી કરે.(5) **ધૈર્યવાન :** જૈન શાસનમાં ધૈર્યવાન હોય અને શાસનના દરેક કાર્યો ધૈર્યતાથી કરે.
(શ્રી ભગવતી સૂત્ર).

**8. પ્રભાવના આઠ : (1) પ્રવચન પ્રભાવના :** જે કાળમાં જેટલા આગમ સૂત્ર આદિ હોય, તેને ગુરુગમથી જાણી લોકોને પ્રતિબોધિત કરી જિન શાસનની પ્રભાવના કરે. **(2) ધર્મકથા પ્રભાવના :** ચતુરાઈથી ધર્મકથા કરી પ્રભાવના કરે. **(3) નિરાપવાદ પ્રભાવના :** તર્ક, વિતર્ક, હેતુ, વાદ, યુક્તિ, ન્યાય તથા વિદ્યાદિ બળથી વાદીઓનો શાસ્ત્રાર્થથી પરાજય કરી શાસન પ્રભાવના કરે. **(4) ત્રિકાળ પ્રભાવના :** શ્રુતજ્ઞાનથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળને જાણીને શાસનની પ્રભાવના કરે.
**(5)તપ પ્રભાવના :** મહાન, વિકટ તપશ્ચર્યા કરીને પ્રભાવના કરે. **(6) વિદ્યા પ્રભાવના:** પુરુષાર્થવાળો પુરુષ અનેક વિદ્યા જાણે અને દીક્ષા લઈ શાસન પ્રભાવના કરે. **(7) વ્રત પ્રભાવના :** પ્રસિદ્ધ વ્રત જેમ કે, બ્રહ્મચર્ય,

રાત્રિભોજન ત્યાગ, લીલોતરી ત્યાગ અને સચેત પાણી ત્યાગ આ ચાર સ્કંધ (નિયમ) અંગીકાર
કરી પ્રભાવના કરે. **(8) કવિ પ્રભાવના :** શાસ્ત્રાનુસાર કવિતા કરી પ્રભાવના કરે. **(શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર)**

**9. આગાર છ :** આગાર એટલે જેમાં અપવાદ માર્ગે કાર્ય કરવું પડે તે.
**(1) રાજાનો :** રાજાના દબાણથી, દેશનિકાલના ભયથી અન્ય મતના દેવ, ગુરુ કે ધર્મ સાથે વંદન આદિ વ્યવહાર કરવો પડે. **(2) કુટુંબ કે જ્ઞાતિનો :** નાત, જ્ઞાતિજનો, પંચ, પ્રમુખોના ઉપકાર આદિને કારણે. **(3) બળવાનનો :** શક્તિ કે સત્તાથી બળવંતના ભયથી. **(4) દેવતાનો :** દેવતાના ઉપસર્ગ, ભય આદિથી. **(5) માતા-પિતા, વિદ્યા ગુરુ કે શિલ્પાચાર્યનો :** આ ઉપકારીજનોના કહેવાથી. **(6) દુર્ભિક્ષનો:**આજીવિકાને માટે અન્યમતિના ધર્મસ્થાનમાં નોકરી આદિ કરવા પડે કે તેના વ્યવહાર કરવા પડે.
(શ્રી ઉપાસકદશાંગ સૂત્ર)

**10 જયણા છ :** જયણા એટલે જેનાથી સમકિતની સુરક્ષા થાય.
**(1) આલાપ :** મિથ્યાત્વી સાથે વિના કારણે ધર્મબુદ્ધિથી ન બોલે. સમકિતી સાથે વગર બોલાવ્યે પણ બોલે. **(2) સંલાપ :** મિથ્યાત્વની સાથે વિના કારણે વારંવાર ધર્મબુદ્ધિથી ન બોલે, સમકિતી સાથે વગર બોલાવ્યે પણ વારંવાર બોલે. **(3) દાન :** મિથ્યાત્વીને ગુરુબુદ્ધિએ નહીં પરંતુ અનુકંપાથી દાન આપે. જૈન મુનિને હિતબુદ્ધિથી દાન આપે. સાધર્મિક ભાઈઓ પ્રત્યે વાત્સલ્ય પ્રગટ કરે. **(4) માન :** અન્ય મતિ – મિથ્યાત્વીનો ધર્મબુદ્ધિથી સત્કાર સન્માન ન કરે. સમકિતીનો આદર સત્કાર, બહુમાન કરે. **(5) વંદના :** મિથ્યાત્વીને ગુરુબુદ્ધિથી વંદના ન કરે. સમકિતીને વંદન, નમસ્કાર કરે. **(6) ગુણગ્રામ :** મિથ્યાત્વીના ગુણગ્રામ ન કરે. ગુણીજનોના ગુણ પ્રગટ કરે, બહુમાન કરે.
**(શ્રી ઉપાસકદશાંગ સૂત્ર)**

**11. સ્થાન છ : (1) મૂળ :** ધર્મરૂપી વૃક્ષ અને સમકિતરૂપી મૂળ. **(2) દ્વાર :** ધર્મરૂપી નગર અને સમકિતરૂપી દરવાજો. **(3) પાયો :** ધર્મરૂપી મહેલને સમકિતરૂપી પાયો. **(4) તિજોરી :** ધર્મરૂપી રત્ન માટે સમકિતરૂપી તિજોરી. **(5) દુકાન :** ધર્મરૂપી માલ અને સમકિતરૂપી દુકાન.

**(6) ભોજન :** ધર્મરૂપી ભોજન તથા સમકિતરૂપી થાળ.

**12 ભાવના છ : (1) જીવ છે :** જીવ ચૈતન્ય લક્ષણયુક્ત, અસંખ્યાત પ્રદેશી, અમૂર્ત છે **(2) જીવ નિત્ય છે :** જીવ દ્રવ્ય અનાદિઅનંત છે. તેની ઉત્પત્તિ પણ નથી અને વિનાશ પણ નથી. શરીરની ઉત્પત્તિથી જીવની ઉત્પત્તિ નથી અને તેના વિનાશે જીવનો નાશ પણ નથી **(3) જીવ કર્તા છે :** જીવ આઠ કર્મનો કર્તા (કરવાવાળો) છે, પણ અકર્તા નથી. ઈશ્વર જીવને કર્મ કરાવે છે અને જીવ કર્મ કરવા છતાં કર્મથી નિર્લેપ છે તે અસત્ય છે. **(4) જીવ ભોક્તા છે :** જીવ આઠ કર્મોનો ભોક્તા (અનુભવ કરવાવાળો) છે પણ અભોક્તા નથી. જીવ સુખ-દુઃખનો કર્તા અને ભોક્તા છે. **(5) જીવનો મોક્ષ છે :** ભવ્ય જીવ આઠે કર્મ ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરે છે. ભગવાન હંમેશાં ભગવાન રહે છે. સંસારી હંમેશાં સંસારી રહે તેવું નથી. સંસારી પણ ધર્મઆરાધના દ્વારા મોક્ષ (મુક્તિ) પ્રાપ્ત કરી શકે છે. **(6) મોક્ષનો ઉપાય પણ છે :** ભવ્ય જીવ સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપની આરાધના કરે, એ મોક્ષનો ઉપાય છે. અજ્ઞાન, મિથ્યાત્વ, અવ્રત કે બાલતપ એ મોક્ષના ઉપાય નથી. (શ્રી સૂયગડાંગ સૂત્ર)

**।। ઈતિ વ્યવહાર સમકિતના 67 બોલ સમાપ્ત ।।**

## સમકિતના આઠ આચાર (શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના આધારે)

**(1) નિ:શંક્તિ** : જિન પ્રવચનમાં કોઈપણ પ્રકારની શંકા ન કરવી.

**(2) નિ:કાંક્ષિત** : અન્ય મતોની તથા સાંસારિક સુખોની ઈચ્છા ન કરવી.

**(3) નિર્વિચિકિત્સા** : ધર્મકરણીના ફળમાં સંદેહ રહિત થવું.

**(4) અમૂઢદ્રષ્ટિ** : અન્ય ધર્મીઓના આડંબર અને ઘણા મતમતાંતરોના વિવાદાસ્પદ વિચારોને જોઈને દિગ્મૂઢ ન થવું, પરંતુ પોતાની શ્રદ્ધા મજબૂત કરી રાખવી.

**(5) ઉપબૃંહણા** : ગુણી પુરુષોને જોઈને તેમની પ્રશંસા કરવી તથા પોતાનામાં એવા ગુણો આવે તેવો પ્રયત્ન કરવો.

**(6) સ્થિરીકરણ** : ધર્મથી વિમુખ થતાં જીવોને ધર્મમાં સ્થિર કરવા.

**(7) વાત્સલ્ય** : સ્વધર્મનું હિત કરવું અને ચતુર્વિધ સંઘ પ્રત્યે પ્રેમ રાખવો, તેમની યથાયોગ્ય સેવા, ભક્તિ કરવી.

**(8) પ્રભાવના** : સત્ય ધર્મની પ્રભાવના, ઉન્નતિ અને પ્રચાર કરવો.

## સમકિતની દસ રુચિ (શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના આધારે)

**(1) નિસર્ગ રુચિ** : જે જીવને ગુરુ આદિના ઉપદેશ વિના જાતિસ્મરણ આદિ જ્ઞાન દ્વારા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી નવ તત્ત્વોની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ થાય તેને નિસર્ગ રુચિ કહે છે.

**(2) ઉપદેશ રુચિ** : કેવળી ભગવાન પાસેથી કે અન્ય કોઈ છદ્મસ્થ પાસેથી ઉપદેશ સાંભળીને નવ તત્ત્વોની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ થાય તેને ઉપદેશ રુચિ કહે છે.

**(3) આજ્ઞા રુચિ** : જેના રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન નષ્ટ થયેલ છે,તેમની આજ્ઞા માત્રથી નવ તત્ત્વોની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ થાય તેને આજ્ઞા રુચિ કહે છે.

**(4) સૂત્ર રુચિ** : જે જીવ શ્રી આચારાંગ સૂત્ર આદિ આગમ

શાસ્ત્રો વાંચીને સમકિતને પ્રાપ્ત કરે છે, તેને સૂત્ર રુચિ કહે છે.

**(5) બીજ રુચિ** : જેમ પાણીમાં નાખેલું તેલનું એક ટીપું ફેલાઈ જાય છે, તેમ જીવાદિ એક પદ દ્વારા અનેક પદોમાં જેનું સમકિત ફેલાઈ જાય છે. તેને બીજ રુચિ કહે છે.

**(6) અભિગમ રુચિ** : જેણે 11 અંગ, પ્રકીર્ણક સૂત્ર, દ્રષ્ટિવાદ આદિ શ્રુતજ્ઞાનના અર્થને જાણી લીધાં છે, તેને અભિગમ રુચિ કહે છે.

**(7) વિસ્તાર રુચિ** : જેણે સર્વ દ્રવ્યની પર્યાયને પ્રમાણ અને નય જ્ઞાનથી વિસ્તારપૂર્વક જાણી લીધાં છે, તેને વિસ્તાર રુચિ કહે છે.

**(8) ક્રિયા રુચિ** : જે જ્ઞાનાદિ આચાર, સમિતિ, ગુપ્તિ આદિ ક્રિયા પાલનમાં ભાવપૂર્વક રુચિ કરે છે, તેને ક્રિયા રુચિ કહે છે.

**(9) સંક્ષેપ રુચિ** : જેણે અન્ય મતોને જાણ્યા નથી તેમ જ જિનમતને પણ જાણ્યો નથી છતાં શ્રદ્ધા રાખે છે, તેને સંક્ષેપ રુચિ કહે છે.

**(10) ધર્મ રુચિ** : જે જિનેશ્વર દેવ પ્રરૂપિત શ્રુત અને ચારિત્ર ધર્મની શ્રદ્ધા કરે છે, તેને ધર્મ રુચિ કહે છે.

## સમકિતનું ફળ

(1) સમકિતી જીવ અંતઃક્રોડાક્રોડી સાગરથી વધુ સ્થિતિના કર્મ બાંધતો નથી.

(2) ભવભ્રમણના કારણરૂપ મિથ્યાત્વનો નાશ કરે છે.

(3) જીવનો સંસારકાળ મર્યાદિત થઈ જાય છે.

(4) તે જીવ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અર્ધપુદ્ગલ પરાવર્તનમાં (અનંત

કાળચક્ર) અવશ્ય મોક્ષ પામે છે.

(5) ઉત્તરોત્તર જ્ઞાન, દર્શન અને ચારિત્રની વૃદ્ધિ થાય છે.

(6) સમ્યગ્ દર્શન પ્રાપ્ત થતાં તે જીવ પોતાનું કર્તવ્ય સમજીને કુટુંબનું પાલનપોષણ કરે છે, પરંતુ તેમાં માલિકીભાવ રાખતો નથી.

(7) તેની પ્રવૃત્તિમાં પાપભીરુતા હોય છે. ઉદાહરણ – શ્રીકૃષ્ણ વાસુદેવ, શ્રેણિક મહારાજા.

**।। સમકિતના આચાર, દસ રુચિ તથા તેનું ફળ સંપૂર્ણ ।।**

# કથા વિભાગ

## ❖ 1. અર્જુનમાળી ❖

### (શ્રી અંતગડ સૂત્ર)

રાજગૃહી નામે એક સુંદર, વિશાળ નગરી હતી. તે નગરીના રાજા શ્રેણિકની રાણી અત્યંત સ્વરૂપવાન અને ધર્મમાં દ્રઢ શ્રદ્ધાવાન હતી. તે રાજગૃહી નગરીમાં અર્જુન નામનો માળી રહેતો હતો. તે તેની અત્યંત સુંદર અને સુકુમાર એવી બંધુમતી નામે પત્ની સાથે ગુણશીલક ઉદ્યાનમાં સુખપૂર્વક રહેતો હતો.

રાજગૃહી નગરીની બહાર અર્જુનમાળીનો એક વિશાળ બગીચો હતો. તે બગીચામાં અનેક પ્રકારના વૃક્ષો, વેલાઓ અને ફૂલોના છોડ વાવેલા હતા. તે બગીચો લીલાં પાંદડાંઓથી આચ્છાદિત હતો અને પાંચ વર્ણના ફૂલ ત્યાં ઊગતાં હોવાથી તે અત્યંત રમણીય અને સુશોભિત લાગતો હતો. તે બગીચો હૃદયને પ્રસન્ન અને પ્રફુલ્લ કરવાવાળો તથા દર્શનીય હતો.
તે બગીચાની સમીપે મુદ્ગરપાણી નામના યક્ષનું એક યક્ષાયતન (મંદિર) હતું. જે અર્જુનમાળીની પેઢીઓ અને કુળ સાથે સંકળાયેલું હતું. તે યક્ષાયતન ઘણું જ જૂનું, દિવ્ય અને શોભનીય હતું. તેમાં મુદ્દગરપાણી યક્ષની એક મૂર્તિ હતી. તે પ્રતિમાના હાથમાં એક હજાર પળ પરિમાણ ભારવાળું એક લોખંડનું મુદ્ગર હતું.

તે અર્જુનમાળી બચપણથી જ મુદ્ગરપાણી યક્ષનો ભક્ત હતો. તે દરરોજ ફૂલની ટોપલી લઈને રાજગૃહી નગરની બહાર થઈને પોતાના બગીચામાં જતો અને સારાં-સારાં ફૂલો ભેગાં કરતો હતો. તે ફૂલોમાંથી શ્રેષ્ઠ ફૂલો તે મુદ્ગરપાણી યક્ષની પ્રતિમાને ચઢાવતો હતો. આ પ્રકારે તે યક્ષની પૂજા કરતો અને જમીન પર બંને પગના ઘૂંટણ ટેકવીને તેને પ્રણામ, નમસ્કાર કરતો હતો. ત્યારબાદ વધારાના ફૂલો લઈને રાજમાર્ગ પર બેસીને તે વેચીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. આમ, તેના દિવસો સુખપૂર્વક વ્યતીત થઈ રહ્યાં હતા.

તે રાજગૃહી નગરમાં લલિત નામની મિત્રમંડળી રહેતી હતી. તે ટોળીએ કોઈકવાર રાજાનું કોઈ મહત્વનું કાર્ય કરી આપેલ હતું તેથી શ્રેણિક રાજાએ તેમના પર પ્રસન્ન થઈને વચન આપેલું હતું કે ''તે મંડળી પોતાના સર્વ કાર્ય કરવામાં સ્વતંત્ર છે અને રાજ્ય તરફથી તેમને કોઈ દંડ કરવામાં આવશે નહીં.'' આવું બનવાથી તે મિત્ર મંડળી સમય જતાં પોતાના મનમાન્યા કાર્ય કરવામાં સ્વચ્છંદી બની ગયેલ હતી.

એક દિવસ રાજગૃહી નગરીમાં ઉત્સવ મનાવવાની ઘોષણા થઈ. આવતીકાલે ઉત્સવ છે તેવું જાણી તે પ્રસંગે વધારે ફૂલોની જરૂર પડશે તેમ વિચારી અર્જુનમાળી સવારે વહેલો ઊઠી ગયો. ઘરેથી ફૂલોનો ખાલી ટોપલો લઈને પોતાની પત્નીની સાથે ઘરેથી નીકળીને પોતાના બગીચામાં પહોંચી ગયો. તે બંને બગીચામાંથી ફૂલો ભેગા કરવા લાગ્યાં.

આવા સવારના સમયમાં લલિત ટોળકીના છ સભ્યો મુદ્ગરપાણીના યક્ષાયતનમાં પોતાની મનમાની ટીખળ કરી રહ્યાં હતા. અર્જુનમાળી પોતાના નિત્યક્રમ પ્રમાણે અમુક સારાં-સારાં ફૂલો લઈને પોતાની પત્નીની સાથે યક્ષાયતન તરફ જઈ રહ્યો હતો. બંધુમતીનું રૂપ જોઈને લલિત ટોળીના સભ્યોએ વિચાર્યું કે, 'આપણે અર્જુનમાળી અહીં આવે કે તરત તેને દોરીથી બાંધી દેશું અને બંધુમતિ સાથે આપણી મનમાની કરશું.' આવો ખરાબ વિચાર કરીને તે ટોળીના બધાં સભ્યો યક્ષાયતનના દરવાજા પાછળ છુપાઈ ગયા.

અર્જુનમાળી પોતાની પત્ની સાથે ત્યાં આવ્યો અને યક્ષને પ્રણામ કરીને તેને વંદન કરવા લાગ્યો. તે સમયે દરવાજા પાછળથી લલિત ટોળકીના સભ્યોએ આવીને તેને પકડી લીધો અને તેને દોરડાંથી બાંધીને ત્યાં જમીન પર સુવાડી દીધો અને તેની નજરની સામે જ તેની પત્ની બંધુમતિ સાથે અભદ્ર વ્યવહાર કરવા લાગ્યા. આવું દ્રશ્ય જોઈને અર્જુનમાળીના મનમાં વિચાર આવ્યો કે, 'હું નાનપણથી જ આ મુદ્ગરપાણી યક્ષની સેવા-પૂજા કરું છું અને પછી જ ફૂલ વેંચીને મારો જીવનનિર્વાહ કરું છું. જો મુદ્ગરપાણી યક્ષ હોત તો

ખરેખર આવી તકલીફના સમયે મને જરૂરથી મદદ કરત. માટે નક્કી અહીં કોઈ યક્ષ નથી પણ આ તો માત્ર ઠુંઠું લાકડા છે.'

મુદ્ગરપાણી યક્ષે અર્જુનમાળીનો વિચાર જાણીને અર્જુનમાળીના શરીરમાં પ્રવેશ કર્યો. તે યક્ષે તેના બધાં બંધનો તોડી નાંખ્યા. યક્ષ અંગપ્રવિષ્ટ થયેલ તે અર્જુનમાળીએ એક હજાર પળ ભારવાળો મુદ્ગર ઉપાડી પોતાની પત્ની બંધુમતિ અને 6 પુરુષોને મારી નાંખ્યા. આ પ્રકારે સાત જીવની હિંસા કર્યા પછી અર્જુનમાળી દરરોજ છ પુરુષ અને એક સ્ત્રીની હત્યા કરવા લાગ્યો. રાજગૃહી નગરીના રાજા શ્રેણિક પાસે લોકોની ફરિયાદો પહોંચવાથી તેમણે નગરીમાં ઘોષણા કરાવી દીધી કે, "જે દિશામાં અર્જુનમાળીનો બગીચો છે, તે દિશામાંથી કોઈએ નગરીની બહાર નીકળવું નહીં." આમ હવે લોકોની રાજગૃહીની બહાર જવાની અવરજવર ઓછી થઈ ગઈ.

એકવાર વિચરણ કરતાં-કરતાં ભગવાન મહાવીર સ્વામી રાજગૃહી નગરીની બહાર પધાર્યા. તે રાજગૃહી નગરીમાં સુદર્શન નામના શેઠ રહેતા હતા. તેઓ ખૂબ જ ઋદ્ધિવાન અને જીવ-અજીવનું જ્ઞાન ધરાવનાર દ્રઢધર્મી શ્રાવક હતા. ભગવાન મહાવીર પધારવાના સમાચાર સુદર્શન શેઠને પણ મળ્યા. તેમણે મનમાં વિચાર કર્યો કે, 'શ્રમણ ભગવાન મહાવીર સ્વામી રાજગૃહીની બહાર ગુણશીલક ઉદ્યાનમાં પધાર્યા છે તો હું તેમના દર્શન કરવા જાઉં.'

સુદર્શન શેઠે પોતાનો વિચાર માતા-પિતા આગળ રજૂ કર્યો. માતા-પિતાએ અર્જુનમાળીનો ભય યાદ કરાવ્યો અને કહ્યું કે, ''અમારી ઈચ્છા નથી કે, તારા પર કોઈ આપત્તિ આવે. માટે તું અહીંથી જ ભગવાનના દર્શન કરી લે.'' સુદર્શન શેઠે માતા-પિતાને કહ્યું : ''ભગવાન સ્વયં નગરીની બહાર પધાર્યા હોય અને હું તેમના દર્શન કરવા ન જાઉં તેવું ન બને. માટે આપ મને ખુશીથી દર્શન કરવા જવાની અનુમતિ આપો.''

સુદર્શન શ્રાવકની દ્રઢતા જોઈને માતા-પિતાએ અનિચ્છાએ તેમને આજ્ઞા આપી. સુદર્શન શ્રાવક તૈયાર થઈને રાજગૃહી નગરીમાં થઈને બહાર

નીકળ્યા. સુદર્શનને જોતાં જ કોપાયમાન થયેલો અર્જુનમાળી મુદ્ગર હવામાં વીંઝતો પોતાના શિકારને જોઈને ચિચિયારી પાડતો તે દિશામાં જવા લાગ્યો. તેને પોતાની પાસે આવતો જોઈને સુદર્શન શેઠ જરાપણ ડર્યા નહીં, વિચલિત થયા નહીં અને નિર્ભય રહ્યાં. તેમણે પોતાના વસ્ત્રથી જમીનનું પ્રતિલેખન કરીને, પોંજી મુખ પર મુહપત્તિને ધારણ કરી. પૂર્વ દિશા તરફ મુખ રાખીને ડાબો ઢીંચણ ઊભો કરીને બંને હાથ જોડીને મસ્તકે અડાડીને આ પ્રકારે બોલ્યા કે, ''નમસ્કાર હોજો તે અરિહંતોને જેઓ મોક્ષ પધારી ગયા છે ! નમસ્કાર હોજો શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને જેઓ મોક્ષ પધારવાના છે. મેં જે વ્રતો ભગવાન પાસે ધારેલ હતાં, તે જ ભગવાનને આજે સાક્ષી માનીને પ્રાણાતિપાત, જૂઠ, ચોરી આદિ 18 પાપોનો તથા ચારે આહારનો યાવત્ જીવન માટે ત્યાગ કરું છું. જો હું આ ઉપસર્ગથી બચી જાઉં તો હું સંથારો પારી લઈશ નહિંતર મારા પચ્ચક્ખાણ યાવત્ જીવન માટે છે.''

આમ, સંથારો કરીને બેઠેલા સુદર્શન પાસે અર્જુનમાળી પહોંચી ગયા. તે શ્રાવકની ચારેબાજુ ફર્યો. તેને મારવા ઘણું બળ લગાવ્યું પણ તે યક્ષાવિષ્ટ અર્જુનમાળી તે શ્રાવકનું કાંઈ બગાડી શક્યો નહીં. તે અર્જુનમાળી સુદર્શનની આંખોમાં અનિમેષ દ્રષ્ટિથી જોવા લાગ્યો અને અંતે યક્ષે અર્જુનમાળીનું શરીર છોડી દીધું અને પોતાનું મુદ્ગર લઈને પોતાને સ્થાને પાછો ચાલ્યો ગયો.

યક્ષના જવાથી અર્જુનમાળી ધરતી પર નીચે પડી ગયો. આ દ્રશ્ય જોઈ હવે કોઈ ઉપસર્ગ નહીં આવે તેમ માની સુદર્શન શ્રાવકે સંથારો પારી લીધો અને તેણે અર્જુનમાળીને ઢંઢોળીને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો.થોડા સમયમાં અર્જુનમાળી સ્વસ્થ થઈ ગયો અને સુદર્શન શ્રાવકને પૂછવા લાગ્યો : ''આપ કોણ છો ? કઈ તરફ જઈ રહ્યાં છો ?'' સુદર્શને કહ્યું : ''હું જીવ-અજીવને જાણવાવાળો સુદર્શન નામે શ્રમણોપાસક છું. ગુણશીલક ઉદ્યાનમાં પધારેલ ભગવાન મહાવીર સ્વામીના દર્શન કરવા હું જાઉં છું.''

અર્જુનમાળીએ તેને કહ્યું કે, ''હું પણ તમારી સાથે તેમના દર્શન કરવા આવવા માંગું છું.''સુદર્શન શ્રાવકે તેમને પણ પોતાની સાથે લઈ લીધા અને ભગવાનના દર્શને બંને ચાલી નીકળ્યા. ગુણશીલક ઉદ્યાનમાં પહોંચીને તેણે

ભગવાનને વંદન નમસ્કાર કર્યા. ભગવાને બંનેને ઉપદેશ આપ્યો. તે સાંભળીને સુદર્શન શ્રાવક પોતાના ઘરે પાછા ચાલ્યા ગયા.પરંતુ અર્જુનમાળીએ ભગવાન પાસે જઈને કહ્યું : ''હે ભગવાન ! આપનો ઉપદેશ સાંભળીને મને ધર્મ પર શ્રદ્ધા થઈ છે, હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું, હું આપની પાસે દીક્ષા લેવા માંગું છું.'' ભગવાને અનુમતિ આપતાં તેમણે ઈશાન ખૂણામાં જઈને સ્વયં પોતાના વાળનો લોચ કર્યો અને પછી ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી લીધી.

દીક્ષાના દિવસે જ તેમણે ભગવાનને વંદન નમસ્કાર કરીને નિવેદન કર્યું કે, ''હું જાવજીવ સુધી છટ્ઠના પારણે છટ્ઠ કરીશ અને તપસ્યામાં આત્માને જોડીને વિચરીશ.'' આવો અભિગ્રહ ધારીને તે અર્જુન અણગાર વિચરવા લાગ્યા. પારણાના દિવસે તેઓ રાજગૃહી નગરીના ઘરોમાં ગૌચરી લેવા ગયા. તે અર્જુન અણગારને જોઈને લોકો આ પ્રકારે બોલવા લાગ્યા કે, ''એણે મારી માતાને મારી નાંખી છે, એણે મારા પિતાને માર્યા છે, મારા ભાઈને, બહેનને, પુત્રને, પુત્રીને માર્યા છે.'' આવું કહી કડવાં વચનો સંભળાવતાં. કોઈ નિંદા કરતાં, કોઈ ખીજવવા લાગ્યા, કોઈ તેમના દોષો પ્રગટ કરવા લાગ્યા, કોઈએ થપ્પડ મારી, કોઈએ લાકડી મારી, કોઈએ ઈંટથી તેમને માર્યા.

લોકો દ્વારા નિંદા, અપમાન, તિરસ્કાર થવા પર પણ અર્જુનમુનિએ મનથી પણ તેમના પર કોઈ દ્વેષ ન કર્યો અને આવેલ પરિષહને સમભાવથી સહન કર્યો. તેઓએ અજબની શક્તિ ધારણ કરી અને દીનતાભાવ રહિત નિર્જરાની ભાવનાથી તેઓ સર્વ ઉપસર્ગો અને પરિષહોને સહન કરવા લાગ્યા. તેમને ગૌચરીમાં ક્યારેક આહાર મળતો તો પાણી ન મળતું અને ક્યારેક પાણી મળતું તો આહાર ન મળતો.

આ રીતે તેમને જે આહાર આદિ મળતાં, તેમાં તેઓ અદિન, અકલુષિત, અક્ષોભિત અને વિષાદ કે ખેદ રહિત થઈને જીવન જીવતા. રાગ-દ્વેષ રહિત થઈને જે આહારપાણી મળે, તેમાં જીવનનિર્વાહ કરતા.

આ રીતે તેમણે છ મહિના સુધી અખંડ પોતાનું તપ ચાલુ રાખ્યું. તેમનું શરીર કૃષ થઈ ગયું અને શરીરની શક્તિઓ રસકસ હીન થવા પર ક્ષીણ થઈ ગઈ. શરીરને શક્તિ રહિત જાણીને તેમણે સંથારો ધારણ કર્યો. જે 15 દિવસ સુધી ચાલ્યો. અંતમાં સર્વ ઘાતી અને અઘાતી કર્મોને ખપાવી તેઓ કેવળજ્ઞાન, કેવળદર્શન પામીને મોક્ષ પધાર્યા.

**ધન્ય હો અર્જુનમાળીમુનિની ક્ષમા અને સમતાને...!!**

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) અર્જુનમાળી કોનો ભક્ત હતો ? (2)તેની આજીવિકાનું સાધન શું હતું ? (3) લલિત મંડળી કોણ હતી ? (4) લલિત મંડળીએ કયું અપકૃત્ય કર્યું ? (5) યક્ષે અર્જુનના શરીરમાં શા માટે પ્રવેશ કર્યો ? (6) સુદર્શન શેઠને શેનું મન થયું ? તે માટે તેમણે શું કર્યું ? (7) સુદર્શન શેઠના જીવનમાં કયો ઉપસર્ગ આવ્યો ? તેઓ તેમાંથી કેવી રીતે પાર પડ્યા ? (8) અર્જુનમુનિએ પોતાના પાપનો પશ્ચાત્તાપ કેવી રીતે કર્યો ? (9) અર્જુનમુનિનું ભવિષ્ય શું ? (10) આ કથાનકનો બોધપાઠ શું છે ?

## ❖ 2. નંદ મણિયાર ❖

### (શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર)

ચોવીસમાં તીર્થંકરના પાવન પદરેણુથી ધન્ય અને પરમપવિત્ર બનેલી રાજગૃહી નગરીના રાજવી શ્રેણિક અને તેમનું ગુણશીલ ચૈત્ય. મહાભાગ્યવાન માનવો જ્યાં રહેતા હતા, તેમને લાભ દેવા, તેમના ભવ્ય આત્માને જગાડવા તે ધરતી પર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પધરામણી થઈ. સહુ દોડી-દોડી પ્રભુની દેશના સાંભળવા બેસી ગયા. રાજવી શ્રેણિક પણ ચતુરંગિણી સેના સાથે સપરિવાર પ્રભુના વચનોનું અમૃત ઝીલવા પહોંચી ગયા. પ્રભુની અમૃતથીયે અધિક રસવંતી દેશના સાંભળી સહુ આનંદવિભોર બની ગયા.

તે સમયે સૌધર્મ દેવલોકમાં દર્દુરાવતંસક વિમાનમાં 'દર્દુર' નામના દેવ પોતાની પરિષદની સાથે પુણ્યોદયે સુખ ભોગવતા લીન હતા. તે સમયે દેવે પોતાના અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકતા આ જંબૂદ્વીપ, આ જ રાજગૃહી અને પ્રભુ મહાવીર સ્વામીને જોયા, પૂર્વના ધર્મસંસ્કારોથી અલંકૃત તે આતમને પ્રભુના દર્શન કરવાના ભાવ જાગ્યો.

દર્દુરદેવ અતિવેગે સપરિવાર દર્શનાર્થે આવ્યા. પ્રભુના દર્શન કરી ધન્ય બન્યાં. અનેક પ્રકારના નાટક બતાવીને પોતે ખુશ-ખુશ થતાં ફરી સ્વસ્થાને પહોંચી ગયા. ''ભગવન્ !! '' ગૌતમ સ્વામીએ વંદન કરીને પ્રભુને પૂછી લીધું, ''દર્દુરદેવ મહાઋદ્ધિમાન, દ્યુતિ, કાંતિ, બલ, યશ, સુખ અને મહાપ્રભાવશાળી છે. તો હે ભગવાન ! તેની વિક્રિયા કરેલી ઋદ્ધિ ક્યાં ચાલી ગઈ ? '' પ્રભુએ કહ્યું : ''તે દેવની વિકુવર્ણા હતી. દેવ શરીરમાં જ સમાઈ ગઈ.'' ''પ્રભુ ! દર્દુરદેવે તે દિવ્ય ઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી ? ''

પ્રભુ ઉત્તર આપે છે : તે સમયે રાજગૃહી નગરીમાં 'નંદ' નામનો મણિકાર શેઠ રહેતો હતો. જે સમૃદ્ધ, તેજસ્વી અને કોઈથી પણ પરાભૂત થવાવાળો ન હતો.જયારે હું વિચરતા-વિચરતા ગુણશીલ નામના ચૈત્યમાં આવ્યો, શ્રેણિક રાજા સપરિવાર વાંદવા આવ્યા. નંદ મણિયાર શેઠને પણ

મારા આગમનના સમાચાર મળતા તે પણ દર્શન કરવા નીકળ્યા. પગે ચાલીને આવીને મારી પર્યુપાસના કરવા લાગ્યા અને ધર્મ ઉપદેશ સાંભળીને શ્રાવકના વ્રત લઈને તે શ્રમણોપાસક બની ગયા. મારો થોડા દિવસોમાં ત્યાંથી વિહાર થઈ ગયો.

અમુક કાળ સુધી સંતોનો સમાગમ છૂટી જવાથી, સંતોના દર્શન ન થવાથી, વીતરાગ વચન સાંભળવાની ઈચ્છા પણ હવે ન થવાથી ધીમે-ધીમે સમકિતનું વમન થતાં મિથ્યાત્વની વૃદ્ધિ થવાથી, તે મિથ્યાત્વી બની ગયો. ઉત્થાન કઠિન છે પણ પતન બહુ આસાન છે. કોઈ સમયે ઉનાળામાં એકવાર નંદ મણિયારે અટ્ઠમ કર્યો અને પૌષધ અંગીકાર કરીને પૌષધશાળામાં જઈને આભૂષણોનો ત્યાગ અને આરંભનો ત્યાગ કરીને સંસ્તારક પર બેસીને ધર્મધ્યાનમાં સ્થિર થયા.

જ્યારે અટ્ઠમ પૂર્ણ થવાની તૈયારીમાં હતો, ત્યારે તરસ અને ભૂખથી પીડિત થયેલા તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે, તે સાર્થવાહ, શ્રેષ્ઠી વગેરે પુણ્યશાળી કૃતાર્થ છે, જેની રાજગૃહી નગરીની બહાર ઘણી બંધાવેલી વાવડી પુષ્કરિણી અને સરોવરની પંક્તિઓ છે, જેમાં ઘણા લોકો સ્નાન કરે, પાણી પીને તરસ છીપાવે અને પાણી ભરીને પણ લઈ જાય છે તો હું પણ કાલે સવાર થશે ત્યારે રાજા શ્રેણિકની આજ્ઞા લઈને નગરની બહાર ઈશાન દિશામાં વૈભાર પર્વતની નજીક વાસ્તુશાસ્ત્રના પાઠકોએ પસંદ કરેલી ભૂમિમાં ‘નંદા પુષ્કરિણી’ ખોદાવું, એ મારા માટે ઉચિત થશે. પૌષધમાં આવો વિચાર તેમણે કરી લીધો.

સવારે પોતે પૌષધ પારીને, તૈયાર થઈને પોતાના મિત્રો, કુટુંબીજનોને લઈને રાજા શ્રેણિકની સેવામાં પહોંચી ગયા .રાજાને યોગ્ય ઉપહાર આપી હાથ જોડી વિનંતી કરતાં બોલ્યા: ‘‘જો તમારી આજ્ઞા હોય તો નગરની બહાર એક પુષ્કરિણી/વાવ બંધાવવાની મારી ઈચ્છા છે.’’ રાજાએ કહ્યું : ‘‘જેમ સુખ ઊપજે, તેમ કરો.’’ રાજાની આજ્ઞા પ્રાપ્ત થતાં તેણે યોગ્ય જગ્યા શોધીને પુષ્કરિણી વાવ તૈયાર કરાવી .આ વાવ મનને પ્રસન્ન કરવાવાળી, દર્શનીય, શોભનીય બની ગઈ. ત્યારબાદ તેની

આસપાસ નંદ મણિયારે વનખંડ તૈયાર કરાવ્યા .જે પુષ્પો ,પત્રો ,ફળ અને ફૂલોથી હર્યા-ભર્યા અને શોભાયમાન બની ગયા.

હવે નંદ મણિયારે પૂર્વ દિશાના વનખંડમાં વિશાળ ચિત્રશાળા બનાવી. તેમાં સેંકડો પૂતળીઓ ,વસ્ત્રોના પડદા, ચિત્રકર્મ વગેરે જોતાં જ દ્રષ્ટિ સ્થિર થઈ જાય તેવાં મનમોહક દ્રશ્યો બનાવ્યાં .બેસવા-સુવાની પણ વ્યવસ્થા તેમાં રખાવી .અનેક પ્રકારના નાટકો ,નૃત્ય ,મુષ્ટિ યુદ્ધ કરનારા , સંગીતકાર ,ગાવાવાળા ,વાર્તા કહેનારા ,જાદુગર ,જ્યોતિષી ,ખૈલૈયા , વીણા વગાડનારા વગેરે અનેક પુરુષોને રાખ્યાં .અહીં લોકો હરવા ,ફરવા , આનંદ પ્રમોદ કરવા ,મનોરંજન કરવા જતા.ત્યાર બાદ નંદ મણિયારે દક્ષિણ વનખંડમાં ભોજનશાળા ,પશ્ચિમ વનખંડમાં ઔષધાલય ,ઉત્તર વનખંડમાં અલંકાર-સભા બનાવડાવી .ભોજનશાળામાં સુંદર આહાર તૈયાર કરીને અતિથિ ,ભિખારીઓ ,યાચકો અને શ્રમણોને આપતો . ઔષધાલયમાં અનેક રોગીઓની સેવા થતી ,ઔષધ મળતાં અને સારવાર થતી .અલંકાર સભામાં શરીરની શોભા વધારવાનું કામ કરી આપતાં પુરુષો રાખેલા.

પુષ્કરિણીમાં સ્નાન કરનાર અને પાણી પીનારા ભોજનશાળા , ઔષધશાળા ,ચિત્રશાળા અને અલંકારશાળામાં જતાં આવતાં લોકો ‘‘ધન્ય છે મણિકાર શેઠને ! કૃતાર્થ છે તેમનું જીવન ,સફળ છે તેમનો જન્મ ,જેણે આવી પુષ્કરિણી આદિ બનાવડાવ્યા.’’ તેવું એકબીજાને કહેતાં .નંદ મણિયાર લોકો પાસેથી પોતાની પ્રશંસા સાંભળીને ખૂબ જ આનંદિત થતા ,રોમ-રોમ વિકસિત થતાં ,હ્રદયની કળી વિકસિત થતી અને પરમસુખનો અનુભવ કરતા.

એકવાર આ નંદ મણિયાર શેઠના શરીરમાં એક સાથે 16 રોગ ઉત્પન્ન થયા .અસહ્ય વેદના ,અકથ્ય દુઃખ ,પીડાનો પાર નહીં , શાતાનો અણસાર નહીં ,વેદના સહન ન થવાને કારણે તેમણે માણસો પાસે રાજગૃહી નગરીમાં જાહેરાત કરાવી કે ‘‘નંદ મણિયાર શેઠને 16-16 રોગ

થયા છે .જો કોઈ વૈદ્ય ,વૈદ્યપુત્ર વગેરે કોઈ એક રોગ પણ દૂર કરી આપશે તેને નંદ મણિયાર વિપુલ સંપત્તિ પ્રદાન કરશે.

ઘોષણા સાંભળીને અનેક વૈદ્યો, વૈદ્યપુત્રો વગેરે કુશળ દવા, ઔષધિ અનેક પ્રકારના સાધનોથી તેમનો ઉપચાર કરવા લાગ્યા, પરંતુ તેમનું દર્દ જરાપણ શાંત ન થયું. એક બાજુ રોગની ભયંકર વેદના અને બીજી બાજુ પુષ્કરિણી વાવમાં અતિ મૂર્ચ્છા હોવાથી શેઠે તિર્યંચ ગતિનો આયુષ્ય બંધ કર્યો. આર્ત્તધ્યાન ધ્યાતાં મૃત્યુ પામીને તેમની જ વાવડી નંદા પુષ્કરિણીમાં એક દેડકારૂપે તેમનો જન્મ થયો.

દેડકો ધીરે-ધીરે મોટો થયો અને સમજણો થતાં પુષ્કરિણીમાં ક્રીડા અને આનંદપ્રમોદ કરવા લાગ્યો. પુષ્કરિણીમાં ઘણા લોકો સ્નાન કરવા, પાણી પીવા, ફરવા, જલક્રીડા કરવા આવતાં અને ખુશ થઈને કહેતાં, ''ધન્ય છે નંદ મણિયારને ! જેણે આ વાવ બનાવી, જીવન ધન્ય અને સફળ બનાવ્યું.'' પેટ ભરીને પ્રશંસા સાંભળીને દેડકાના મનમાં થતું 'મેં ક્યાંક આવા પ્રકારનાં વચનો સાંભળ્યાં છે.' આ રીતે વિચાર કરતાં-કરતાં પ્રશસ્ત પરિણામ અને વિશુદ્ધ લેશ્યાના કારણે મોહ ઉપશાંત થતાં દેડકાને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વના નંદ મણિયારના ભવને પ્રત્યક્ષ જોયો.

દેડકાને ત્યારે વિચાર આવ્યો કે 'અહો ! હું રાજગૃહ નગરમાં નંદ નામનો મણિકાર શેઠ હતો. પ્રભુ મહાવીર પાસે મેં શ્રાવકધર્મ અંગીકાર કરેલ હતો. પ્રભુના વિહાર કરી જવા પછી હું મિથ્યા માન્યતાવાળો થઈ ગયો અને તાપમાં મને તરસ લાગતાં વાવ બંધાવવાનો વિચાર કર્યો. તે પુષ્કરિણી વાવ પ્રત્યેની આસક્તિ અને મોહના કારણે હું જ એ વાવમાં ઉત્પન્ન થયો. હું અધન્ય છું, હું ભ્રષ્ટ થઈ ગયો. શ્રદ્ધાથી અને પ્રતિજ્ઞાથી બંનેથી પડી ગયો. હવે આ ભવમાં મારા માટે પાછાં 12 વ્રતોને ધારણ કરવા શ્રેષ્ઠ અને હિતકર છે.'

નંદ મણિયારના આત્માએ મનુષ્યના ભવમાં ભૂલાયેલાં વ્રતોને દેડકાના ભવમાં ફરીને ગ્રહણ કર્યાં. એવો અભિગ્રહ કર્યો કે 'આજથી જીવું ત્યાં સુધી છટ્ઠ-છટ્ઠની તપસ્યા કરીને આત્માને ભાવિત કરતો રહીશ.

પારણામાં પુષ્કરિણીના છેડાના ભાગમાં અચિત થયેલ સ્નાનના જળથી જીવનનિર્વાહ કરીશ.'ફરતાં-ફરતાં હું (મહાવીર સ્વામી) ગુણશીલ ચૈત્યમાં આવ્યો. લોકો મારા દર્શનાર્થે નીકળ્યા. ઘણી વ્યક્તિઓ રસ્તા પર વાતો કરતી જતી કે, ''આપણા માટે હિતરૂપ, શ્રેયરૂપ, આ ભવ-પરભવ કલ્યાણરૂપ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ગુણશીલ ચૈત્યમાં પધાર્યા છે, તો ચાલો આપણે તેમને વંદના કરવા જઈએ.'' આવા વચનો સાંભળીને દેડકાને પણ થયું કે 'ચાલ હું પણ પ્રભુની પાસે જઈને તેમને ભાવથી વંદન કરું.' આમ વિચારી તે પુષ્કરિણી વાવમાંથી બહાર નીકળ્યો ને જ્યાં રાજમાર્ગ હતો ત્યાં આવી ગયો અને પોતાની ઝડપથી મારી પાસે (મહાવીર) આવવા રવાના થયો. શ્રેણિક રાજાને પણ પ્રભુના આવાગમનના સમાચાર મળવાથી હાથી પર બેસીને પોતાની ચતુરંગિણી સેનાથી ઘેરાઈને દર્શન કરવા નીકળ્યા. ત્યારે તે દેડકો શ્રેણિક રાજાના એક નવજવાન ઘોડેસવારના ડાબા પગ નીચે આવી જતાં કચડાઈ ગયો, ચગદાઈ ગયો.

દેડકો શક્તિહીન, બલહીન, વીર્યહીન અને પરાક્રમહીન થઈ ગયો. તેને લાગ્યું કે 'હવે હું જીવી શકું તેમ નથી.' તેથી ધીરેથી એક બાજુ ખસીને તેણે બંને હાથ જોડીને ત્રણ આવર્તન દઈને અંજલિ કરીને આ પ્રમાણે કહ્યું : ''નમસ્કાર હોજો તે અરિહંતોને જેઓ મોક્ષ પધારી ગયા છે ! નમસ્કાર હોજો મારા ધર્માચાર્ય શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને કે જેઓ મોક્ષ પધારવાના છે. મેં જે વ્રતો ભગવાન પાસે ધારેલ હતા તે જ ભગવાનને આજે સાક્ષી માનીને પ્રાણાતિપાત, જૂઠ, ચોરી આદિ 18 પાપનો તથા ચારે આહારનો યાવત્ જીવન માટે ત્યાગ કરું છું. આ મારું શરીર જે મને ઈષ્ટ, કાંત, પ્રિય છે તેનો પણ સંપૂર્ણ ત્યાગ કરું છું.'' આ રીતે દર્દુરે બધાં પ્રત્યાખ્યાન કર્યાં. ત્યાર બાદ મૃત્યુના સમયે કાળ કરીને દેડકાએ તે શરીર છોડીને તેનો આત્મા સૌધર્મ કલ્પમાં દર્દુરાવતંસક નામના વિમાનમાં દર્દુર નામના દેવ રૂપે ઉત્પન્ન થયો. હે ગૌતમ! આ રીતે દર્દુર દેવે આ દિવ્ય દેવર્ધિ પ્રાપ્ત કરી છે.''ગૌતમ સ્વામીએ ફરી પ્રશ્ન કર્યો : ''પ્રભુ ! તે દેવલોકમાં તેમનું કેટલું આયુષ્ય છે ?''

પ્રભુએ કહ્યું: ''દેવની સ્થિતિ ત્યાં ચાર પલ્યોપમની છે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને, આયુષ્યનો ક્ષય કરીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે.

ત્યાં અધૂરી સાધના પૂર્ણ કરીને સર્વ કર્મનો અંત કરીને તેનો આત્મા મોક્ષે જશે. સર્વ દુઃખોનો અંત કરશે.''

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) દર્દુરદેવ કોણ હતો ? (2) તેણે પોતાની ઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી હતી ? (3) નંદ મણિયાર શેઠનું સમકિત વમન કેવી રીતે થયું ? (4) પૌષધશાળામાં અટ્ઠમ વખતે નંદ મણિયાર શેઠને શું વિચાર આવ્યા ? (5) નંદ મણિયારે બનાવેલી પુષ્કરણીનું વર્ણન કરો. (6) નંદ મણિયાર શેઠનો જીવનનો અંતિમ દિવસ કેવો હતો ? (7) મૃત્યુ પછી તેમને ક્યાં જન્મ લેવો પડ્યો ? (8) દેડકાના ભવમાં નંદ મણિયારને કયું જ્ઞાન થયું ? કેવી રીતે ? એણે શું નિર્ણય કર્યો ? (9) દેડકાનું મૃત્યુ કેવી રીતે થયું ? અંત સમયે તેની ભાવના શું હતી ? (10) દેડકો ક્યાં ઉત્પન્ન થયો ? તેનું ભવિષ્ય શું છે ?

## ❖ 3. થાવચ્ચા પુત્ર ❖

દેવો દ્વારા નિર્મિત કૃષ્ણની દ્વારિકા નગરીમાં થાવચ્ચા ગાથાપત્ની (ગૃહિણી) રહેતી હતી. તેને થાવચ્ચા નામે સ્વરૂપવાન અને કોમળ શરીરવાળો પુત્ર હતો. તે બાળપણથી જ ચિંતનશીલ હતો. તે જે કાંઈ જોતો, સાંભળતો, એના અંગે ગંભીરતાથી ચિંતન કરતો હતો. જયાં સુધી સાચા તથ્યનું જ્ઞાન થતું નહીં, ત્યાં સુધી તેને ચેન પડતું નહીં.

એક સોનેરી સવારે તેમના પાડોશીના ઘરમાંથી મંગલગીતોનો મધુર સ્વર આવી રહ્યો હતો. તે ગીતોને તેઓ એકાગ્ર બનીને સાંભળી રહ્યો હતો. તેણે માને પ્રશ્ન પૂછ્યો : ''મા ! આટલું સુંદર અને મધુર ગીત પાડોશમાં કેમ ગાવામાં આવે છે ?'' માએ કહ્યું : ''વત્સ ! પાડોશીને ત્યાં પુત્રનો જન્મ થયો છે. તેની ખુશાલીમાં આ ગીતો ગાવામાં આવે છે.'' ''મા, શું મારા જન્મ સમયે પણ આવા ગીતો ગાવામાં આવ્યા હતા ? '' તેણે પૂછ્યું.માએ પોતાના પુત્રને વહાલ કરતાં કહ્યું : ''વત્સ ! માત્ર ગીતો જ ગાવામાં આવ્યાં ન હતાં પણ વાજાંઓ વગાડવામાં આવ્યાં હતાં અને ખૂબ મોટો ઉત્સવ કરવામાં આવ્યો હતો.''

''મા, આ ગીતો મને ખૂબ સારાં લાગે છે. હું છત પર જઈને સાંભળવા ચાહું છું.'' માએ કહ્યું, ''મને સમય નથી. તું સાંભળી આવ.'' થાવચ્ચાપુત્ર છત પર આવ્યો.પરંતુ તેને સુમધુર ગીતની જગ્યાએ કર્કશ, આક્રંદ સાંભળવા મળ્યું. સાથે-સાથે ભયંકર કોલાહલ સાંભળવા મળ્યો. પોતે રોવા જેવો થઈ ગયો. તે દોડીને માતા પાસે આવ્યો : ''મા ! જે ગીતો સુંદર લાગતાં હતાં તે ભયંકર કેમ લાગે છે ?'' માને પાડોશીની આકસ્મિક આપત્તિની ખબર પડી ગઈ હતી. તેની આંખમાં પણ આંસું છલકાઈ પડ્યાં. માએ બાળકને કહ્યું: ''વત્સ, જે પુત્ર અંગે ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો, તે મરી ગયો. એટલે ગીતો રુદનમાં પલટાઈ ગયાં. પ્રસન્નતાના સ્થાને શોકના વાદળો છવાઈ ગયાં.''
''મા ! શું હું પણ એક દિવસ મરી જઈશ ?'' માએ વહાલ કરતાં કહ્યું : ''તું મારી આંખોનો તારો છે, નયનોનો સિતારો છે, તું શેનો મરે? મરે તારા દુશ્મન.”

થાવચ્ચાપુત્રના ભોળા ચહેરા પર એ જ પ્રશ્ન અંગે જિજ્ઞાસા ચમકી રહેલી. અંતે માએ કહ્યું : ''પુત્ર ! એક દિવસ બધાંએ મરવાનું છે. પણ સંસ્કારી પુત્ર પોતે મરવાની વાત ન કરે.'' આમ તેના મનનો પ્રશ્ન મનમાં જ રહી ગયો. તેનો કોઈ જવાબ ન મળ્યો.

એકવાર તે દ્વારિકા નગરીમાં રૈવતક પર્વત પાસે નંદનવન ઉદ્યાનમાં અરિહંત ભગવાન અરિષ્ટનેમિ પધાર્યા. કૃષ્ણ વાસુદેવ સપરિવાર ભગવાનને વંદન કરવા લાગ્યા. થાવચ્ચાપુત્ર પણ ભગવાનને વંદન કરવા નીકળ્યા. અરિષ્ટનેમિ ભગવાનની વૈરાગ્ય પ્રેરક વાણી સાંભળીને તેમને પણ દીક્ષા લેવાનું મન થયું. તેમણે ઘરે આવીને પોતાની માતાને વિનયપૂર્વક પોતાના ભાવ રજૂ કર્યા.

થાવચ્ચાપુત્રના ભાવો સાંભળીને સંસારમાં રોકી રાખવા તેમને માતાએ ધન, વૈભવ, પાંચ ઈન્દ્રિયોના 23 વિષયો ભોગવવા માટે વિવિધ પ્રકારે લલચાવવા પ્રયત્ન કર્યો. થાવચ્ચાપુત્ર પર પોતાની વાતોનો કોઈ પ્રભાવ નથી તે જાણીને માતાએ તેમને કહ્યું : ''હું તારો નિષ્ક્રમણ અભિષેક જોવા ઈચ્છું છું.'' આમ કહી તેની માતા શ્રી કૃષ્ણ વાસુદેવને મળવા તેમના મહેલ પર ગયા. તેમણે કૃષ્ણ વાસુદેવને વિનંતી કરી કે, ''હે દેવાનુપ્રિય ! મારો એકનો એક થાવચ્ચાપુત્ર જે મને ઈષ્ટ, પ્રિય અને વહાલો છે. તે જેમ કમળ જળમાં વૃદ્ધિ પામે છે છતાં તેમાં લેપાતું નથી, તેમ મારો પુત્ર પણ ભોગોમાં ઉત્પન્ન થયો છે અને ભોગોમાં વૃદ્ધિ પામેલ છે. છતાં કામરજથી તે લિપ્ત થયો નથી. હવે તે સંસારના ભયથી, જન્મ, જરા અને મરણના ભયથી ત્રાસિત થઈને ભગવાન શ્રી અરિષ્ટનેમિ પાસે દીક્ષા લેવાની ભાવના રાખે છે. મારી ભાવના છે કે તે માટે આપ છત્ર, ચામર અને મુકુટ આપો.'' આ વાત સાંભળીને કૃષ્ણએ કહ્યું કે, ''હે માતા! હવે તેનો દીક્ષા મહોત્સવ હું પોતે કરીશ. તમે ચિંતા ન કરો.''ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવ સ્વયં થાવચ્ચાપુત્રના મહેલ પર આવે છે. થાવચ્ચાપુત્રને કહે છે. ''તું મુંડિત થઈને પ્રવ્રજ્યા ન લઈશ. તું મારી પાસે રહેલા વિપુલ ભોગોને ભોગવ. હું તારા શરીર પરથી પસાર થનાર વાયુને રોકવા અસમર્થ છું, બાકી તારી કોઈપણ બાધા, પીડા કે મુશ્કેલીને હું દૂર કરીશ.'' થાવચ્ચાપુત્રએ કૃષ્ણને કહ્યું : ''જો તમે મારા જીવનનો અંત કરનાર

મૃત્યુને આવતું રોકી શકો, શરીર અને રૂપનો વિનાશ કરનાર વૃદ્ધાવસ્થા અને રોગોને રોકી શકો, તો હું તમારી છત્રછાયામાં રહીને અનેક ભોગોને ભોગવવા તૈયાર છું.'' થાવચ્ચાપુત્રના આવા વચન સાંભળીને કૃષ્ણએ કહ્યું : ''આ કામ તો દેવો અને દાનવો પણ કરી શકે તેમ નથી, તે તો માત્ર પોતાના કર્મ ક્ષયથી જ અટકાવી શકાય છે.'' આ વાત સાંભળીને થાવચ્ચાપુત્રએ કહ્યું : ''માટે જ હું દીક્ષા લઈને તે કર્મો તોડવા તૈયાર થયો છું.''

થાવચ્ચાપુત્રનો વૈરાગ્ય યોગ્ય જાણી કૃષ્ણએ તેની દીક્ષાની તૈયારી કરવાનું સેવકોને કહી દીધું. સાથે-સાથે આખા નગરમાં જાહેરાત કરાવી કે ''જનમ, જરા, મરણના ભયથી ભયભીત થાવચ્ચાપુત્ર ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષા લેવા તૈયાર થયા છે, તો જે રાજા, રાણી, યુવરાજ, રાજકુમાર, નગરપતિ, સેનાપતિ વગેરે સહુ જે થાવચ્ચાપુત્ર સાથે દીક્ષા લે તેને કૃષ્ણ અનુમતિ આપે છે અને તેમના સર્વ કુટુંબીજનોનું સર્વ ભરણપોષણ કૃષ્ણ મહારાજા કરશે.'' આવી ઘોષણા સંપૂર્ણ દ્વારિકા નગરીમાં કરવામાં આવી. કૃષ્ણની આ જાહેરાતના કારણે જે લોકોને થાવચ્ચાપુત્ર પ્રત્યે સ્નેહભાવ હતો તેવા 1000 પુરુષો તેમની સાથે દીક્ષા લેવા તૈયાર થઈ ગયા. થાવચ્ચાપુત્ર તથા 1000 પુરુષો સહુ ભગવાન અરિષ્ટનેમિ પાસે પહોંચ્યા. તે ભગવાન પાસે ઉત્તર પૂર્વ દિશામાં ગયા અને પોતાના આભરણ, માળા અને અલંકારો ઉતારી દીધાં, ત્યાર બાદ તે સર્વએ પંચમુષ્ટિ કેશલોચ કર્યો. ભગવાન પાસે આવી ત્રણવાર વંદન નમસ્કાર કરીને તેમના શ્રી મુખેથી પ્રવજ્યા (દીક્ષા) અંગીકાર કરી.

તે થાવચ્ચામુનિએ ભગવાનના સાધુઓ સાથે રહીને 14 પૂર્વના જ્ઞાનનો અભ્યાસ કર્યો. છટ્ઠથી લઈને માસક્ષમણ સુધીની તપશ્ચર્યા કરીને વિચરવા લાગ્યા. પ્રભુ અરિષ્ટનેમિની આજ્ઞા મેળવી પોતાની સાથે દીક્ષિત થયેલા 1000 સાધુઓને સાથે લઈને વિચરણ કરવા લાગ્યા. થાવચ્ચામુનિ વિહાર કરીને શૈલકપુર નામના નગરમાં શૈલક નામે રાજા અને પંથક આદિ 500 મંત્રીઓ હતાં ત્યાં પધાર્યા. તે સર્વએ થાવચ્ચામુનિની વૈરાગ્ય વાણી સાંભળીને શ્રાવકના પાંચ અણુવ્રતરૂપ ધર્મને અંગીકાર કર્યો.

તે કાળે સૌગંધિકા નામે એક નગર હતું. ત્યાં સુદર્શન નામે શેઠ રહેતા હતા. તેઓ શુક્ર પરિવ્રાજક જે સાંખ્ય મતને માનવાવાળા હતા, તેના સંપર્કમાં આવવાથી શૌચ ધર્મમાં માનવાવાળા બની ગયા હતા. એક વખત વિચરણ કરતા થાવચ્ચામુનિ તે નગરીમાં પધાર્યા. સુદર્શન શેઠ લોકોની સાથે થાવચ્ચામુનિના દર્શને ગયા. તેમની સાથે ધર્મચર્ચા કરી. ''તમે ધર્મનું મૂળ શું માનો છો ?'' સુદર્શને પૂછ્યું. થાવચ્ચામુનિએ કહ્યું : ''ધર્મનું મૂળ વિનય છે. આગાર વિનય એટલે કે શ્રાવકપણું અને અણગાર વિનય એટલે સાધુપણું. શ્રાવકપણું 12 વ્રતો દ્વારા અને સાધુપણું પાંચ મહાવ્રત દ્વારા પળાય છે. તેના દ્વારા જીવ આઠ કર્મનો નાશ કરી લોકના અગ્રભાગે સિદ્ધ બને છે.'' થાવચ્ચામુનિએ પૂછ્યું : ''તમારા ધર્મમાં મૂળ વસ્તુ કઈ છે ?''

સુદર્શને કહ્યું : ''અમારો ધર્મ શૌચમૂલક છે. જીવ જલાભિષેક દ્વારા પવિત્ર થઈ સ્વર્ગમાં જાય છે.'' થાવચ્ચામુનિએ પૂછ્યું : ''શું લોહીથી ખરડાયેલ વસ્ત્રને લોહીથી ધોવાથી શુદ્ધ થાય ?'' ''ના''. ''જો કોઈ મનુષ્ય તે લોહીથી ખરડાયેલા કપડાંને સાજીખારવાળા પાણીમાં ભીંજવી, ભઠ્ઠી પર ચડાવી, પાણીને ઉકાળી અને પછી શુદ્ધ પાણીથી ધૂએ તો શુદ્ધિ થાય છે. તેવી રીતે જીવદયા, સત્યવચન, અચૌર્ય, અપરિગ્રહ એમ ચાર વ્રતોથી આત્મા રૂપ વસ્ત્રની શુદ્ધિ થાય છે." આવી ધર્મની વાતો સાંભળીને સુદર્શન શેઠે શ્રાવકના વ્રત ધારણ કરી લીધા.

શુક્ર પરિવ્રાજકને આ વાતની ખબર પડતા સુદર્શન શેઠને પાછા પોતાના શૌચ ધર્મમાં સ્થાપિત કરવા 1000 પરિવ્રાજકો સાથે શુક્ર પરિવ્રાજક આવ્યા. શુક્રને આવતાં જોઈને સુદર્શન શેઠે આવકાર ન આપ્યો, વંદન ન કર્યા. સત્કાર પણ ન કર્યો. થાવચ્ચામુનિ પાસે વિનયધર્મનો શેઠે સ્વીકાર કર્યો છે તે વાત જાણતાં શુક્રએ થાવચ્ચામુનિ સાથે ચર્ચા કરવાનું નક્કી કર્યું અને સુદર્શનને સાથે લઈને થાવચ્ચામુનિ સાથે ચર્ચા કરવા લાગયા.
શુક્ર પરિવ્રાજકે થાવચ્ચામુનિને પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું : ''(1) શું તમારા ધર્મમાં યાત્રા છે ? (2) યાપનીય છે ? (3) અવ્યાબાધ છે ? (4) પ્રાસુક વિહાર છે ?''

થાવચ્ચામુનિએ જવાબ આપતાં કહ્યું કે, '' (1) જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ, સંયમ આદિ યોગો વડે જીવોની યત્ના કરવી, તે અમારી યાત્રા છે (2) અમારી પાંચ ઈન્દ્રિયો કોઈપણ પ્રકારના ઉપદ્રવ વિના વશીભૂત રહે છે, એ અમારો ઈન્દ્રિય યાપનીય છે. ચાર કષાય ઉપશાંત થઈ ઉદયમાં નથી આવતા, તે નોઈન્દ્રિય યાપનીય છે (3) વાત્ત, પિત્ત, કફ અને સન્નિપાત આદિ રોગો અને આતંક ઉદયમાં નથી આવ્યા, તે અમારું અવ્યાબાધ છે (4) અમે જે ઉદ્યાનો, દેવળો, આરામો, સભાઓમાં, સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાનોમાં પાઢિયારી વસ્તુઓ લઈ વિચરણ કરીએ છીએ એ અમારો પ્રાસુક વિહાર છે.''

આ રીતે તે શુક્ર પરિવ્રાજકે થાવચ્ચામુનિ સાથે સરિસવય, કુલત્થા, માસ, અક્ષય, અવ્યય વગેરે વિષયો પર પ્રશ્નચર્ચા કરી તેના ઉત્તર થાવચ્ચામુનિ પાસે સાંભળીને શુક્રને પણ સત્ય દર્શન થયું. પોતાની હાર સ્વીકારી. તે શુક્ર પરિવ્રાજકે પોતાના 1000 શિષ્યો સાથે થાવચ્ચામુનિ પાસે દીક્ષા અંગીકાર કરી.આમ, થાવચ્ચામુનિએ અનેક વર્ષો સુધી સાધુ ધર્મનું પાલન કર્યું. અંતે પુંડરિક પર્વત (શત્રુંજય) પર એક મહિનાનો સંથારો કરીને કેવળજ્ઞાન, કેવળદર્શન પામીને મોક્ષ પધાર્યા. ધન્ય હો, થાવચ્ચાપુત્રના વૈરાગ્યને...!!

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) થાવચ્ચાપુત્ર કોણ હતા ? (2) તેની નગરીનું નામ લખો (3) થાવચ્ચાને બાળપણમાં વૈરાગ્યનું શું નિમિત્ત બન્યું ? (4) યુવાન થતાં વૈરાગ્યનું શું નિમિત્ત મળ્યું ? (5) થાવચ્ચાએ કૃષ્ણ પાસે દીક્ષાની આજ્ઞા કેવી રીતે માંગી ? (6) થાવચ્ચાપુત્રની દીક્ષાનું વર્ણન કરો (7) થાવચ્ચાપુત્રના વૈરાગ્યની અસર કોને કોને થઈ ? (8) શુક્ર પરિવ્રાજક થાવચ્ચામુનિને ક્યાં મળ્યા ? (9) શુક્રએ થાવચ્ચામુનિને કેવા પ્રશ્નો પૂછ્યા ? (10) શુક્રએ સમાધાન મેળવીને શું નિર્ણય કર્યો ?

# અભ્યાસક્રમ : શ્રેણી 8

| સૂત્ર વિભાગ | (ગુણ 30) | પૃષ્ઠ |
|---|---|---|
| (સમાયિક, પ્રતિક્રમણ સૂત્ર) | | 225- 244 |
| 1. શ્રેણી 1 થી 7ના પાઠ, અર્થ, પ્રશ્નોત્તરનું પુનરાવર્તન | | |
| 2. પ્રતિક્રમણ પહેલા ખામણાથી- 6 આવશ્યક સુધીના પ્રશ્નોત્તર | | |
| **તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગ** | **(ગુણ 50)** | |
| 1. 24 દંડકનો થોકડો | (ગુણ-30) | 245 – 297 |
| 2. કાળનું માપ અને અવગાહનાની સમજણ | (ગુણ-05) | 298 – 304 |
| 3. 32 અસજ્ઝાયની સમજણ | (ગુણ-10) | 305 - 310 |
| 4. મોક્ષમાર્ગ આરાધના | (ગુણ-05) | 311 - 317 |
| **કથા વિભાગ** | **(ગુણ 10)** | |
| મહાવીર સ્વામી જીવન અવલોકન (27 ભવ સહિત) | | 318 - 334 |
| **કાવ્ય વિભાગ** | **(ગુણ 10)** | |
| ભક્તામર સ્તોત્ર સંપૂર્ણ | | 335 - 344 |
| **પરિશિષ્ટ** | | 345 - 362 |

**Total:100**

# સૂત્ર વિભાગ

## ❖ પ્રતિક્રમણ પાઠ 28 : પહેલા ખામણા ❖

**પ્ર-1 : ખામણા એટલે શું ?**

**ઉ-1 :** ખામણા એટલે ક્ષમાપના. હૃદયને વિશુદ્ધ કરે તે, જિનાજ્ઞા વિપરીત થયેલા આચરણની અને અરિહંત આદિ પ્રત્યે થયેલ અવિનય, આશાતનાની આલોચના કરવી તે ખામણા છે.

**પ્ર-2 : ખમત ખામણા એટલે શું? મિચ્છામિ દુક્કડં એટલે શું ? તેમાં શો તફાવત છે ?**

**ઉ-2 :** 'ખમત' એટલે ક્ષમા માંગું છું. 'ખામણા' એટલે ક્ષમા આપું છું. મિચ્છામિ દુક્કડં શબ્દમાં આપણે માત્ર ક્ષમા માંગી છે પણ ક્ષમા આપી નથી. માટે પ્રતિક્રમણના પાઠના અંતે મિચ્છામિ દુક્કડં અને એકબીજાને ખમાવતી વખતે ખમતખામણા શબ્દ બોલવો જોઈએ.

**પ્ર-3 : ખામણા કયા આસને બેસીને કરાય છે ? શા માટે ?**

**ઉ-3 :** ખામણા બંને ઢીંચણ ઢાળીને કરાય, જે પંચપરમેષ્ઠી પ્રત્યે સમર્પણનો ભાવ બતાવે છે.

**પ્ર-4 : અરિહંત એટલે શું ?**

**ઉ-4 :** જેણે રાગ-દ્વેષરૂપ આત્માના શત્રુને હણી નાંખ્યા છે, તે અરિહંત. જેને ફરી સંસારમાં પાછો જન્મ લેવો નથી, કેવળજ્ઞાન અને કેવળદર્શન હોવાથી જેનાથી કોઈ રહસ્ય છુપાયેલ નથી. જગતમાં સૌથી વિશિષ્ટ પૂજ્ય છે, તે અરિહંત. અરિહંતનું બીજું નામ તીર્થંકર છે.

**પ્ર-5 : જઘન્ય 20 તીર્થંકર કેવી રીતે થાય છે ?**

**ઉ-5 :** હાલ તીર્થંકર-અરિહંત ભગવંતો માત્ર મહાવિદેહ ક્ષેત્રમાં છે. મહાવિદેહની 32 વિજયમાંથી વર્તમાને દર 8 વિજયે એક તીર્થંકર છે, તેથી એક મહાવિદેહમાં કુલ 4 તીર્થંકર જ છે. માટે પ મહાવિદેહ ક્ષેત્ર x 4 તીર્થંકર = 20 તીર્થંકર હાલ બિરાજે છે.

**પ્ર-6 : તીર્થંકર 160 કે 170 કેવી રીતે થાય?**

**ઉ-6 :** મહાવિદેહ ક્ષેત્ર કુલ પાંચ છે. તે દરેક મહાવિદેહની 32 વિજય (છ ખંડ = 1 વિજય) છે. તે દરેક વિજયમાં તીર્થંકર હોય તો 32 વિજય X 5 મહાવિદેહ ક્ષેત્ર = 160 થાય. તેમાં 5 ભરત ક્ષેત્રના અને 5 ઈરવત ક્ષેત્રના એમ 10 તીર્થંકર ઉમેરતાં 170 તીર્થંકર થાય.

**પ્ર-7 : છેલ્લે ઉત્કૃષ્ટ 170 તીર્થંકર ક્યારે થયા હતા ?**

**ઉ-7 :** બીજા તીર્થંકર શ્રી અજીતનાથ સ્વામીના સમયમાં 170 તીર્થંકર હતા.

**પ્ર-8 : વર્તમાન 20 વિહરમાન તીર્થંકર ક્યાં ક્યાં બિરાજે છે તે સમજાવો.**

**ઉ-8 :** વર્તમાન 20 વિહરમાન તીર્થંકર અઢીદ્વીપમાં નીચેના ક્ષેત્રોમાં બિરાજે છે. પાંચે  મહાવિદેહની નીચે બતાવેલ 4 વિજયોમાં જ તીર્થંકર બિરાજે છે. (અલગ-અલગ દ્વીપમાં રહેલ તીર્થંકરના નામ અલગ-અલગ છે.)

| ક્ષેત્રનું નામ | મહાવિદેહ | હાલ તીર્થંકર | કઈ કઈ વિજયમાં છે ? |
|---|---|---|---|
| જંબુદ્વીપ ક્ષેત્ર | 1 | 4 | 8, 9, 24, 25 (સીમંધર સ્વામીથી સુબાહુસ્વામી) |
| ધાતકીખંડ | 2 | 8 | (પાંચમાંથી બારમાં વિહરમાન તીર્થંકર) |
| અર્ધપુષ્કર | 2 | 8 | (તેરમાંથીવીસમાં વિહરમાન દ્વીપ તીર્થંકર) |

**પ્ર-9 : વીસ વિહરમાન તીર્થંકરનો જન્મ, દીક્ષા, કેવળી ક્યારે થયા વગેરે વિગતો જણાવો.**

**ઉ-9 :**

| જન્મ ક્યારે | દીક્ષા ક્યારે | કેવળી ક્યારે | ઊંચાઈ | આયુષ્ય |
|---|---|---|---|---|
| 17માં શ્રીકુંથુનાથના નિર્વાણ થયા પછી | 20માં મુનિસુવ્રતના નિર્વાણ પછી | દીક્ષા પછી 1 મહિને | 500 ધનુષ્ય | 84લાખ પૂર્વ |

**પ્ર-10 : ભરત, ઈરવત તથા મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર ક્યારે-ક્યારે હોય ?**

**ઉ-10 :** ભરત અને ઈરવત ક્ષેત્રમાં અવસર્પિણીકાળના ત્રીજા આરાના અંત ભાગમાં 1 તથા ચોથા આરા દરમિયાન બાકીના 23 તીર્થંકર હોય. ઉત્સર્પિણીકાળના ત્રીજા આરામાં 23 અને ચોથા આરાની શરૂઆતના ભાગમાં 1 તીર્થંકર હોય. મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ હોય.

**પ્ર-11 : વીસ વિહરમાન તીર્થંકર મોક્ષ ક્યારે પધારશે ?**

**ઉ-11 :** આપણા (જંબુદ્વીપના) ભરત ક્ષેત્રના આવતી ચોવીસીના સાતમાં તીર્થંકર (ઉત્સર્પિણીકાળના ત્રીજા આરામાં) શ્રી ઉદયનાથ સ્વામીના નિર્વાણ થયા પછી એક સાથે વીસ તીર્થંકરો મોક્ષમાં પધારશે. તેમના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન બધું સાથે જ થતું હોય છે.

**પ્ર-12 : તીર્થંકરો દીક્ષા પૂર્વે એક વર્ષમાં કેટલું દાન આપે છે ?**

**ઉ-12 :** તીર્થંકર એક દિવસમાં 1 કરોડ 8 લાખ સુવર્ણ મુદ્રાનું દાન આપે છે. એક વર્ષમાં 3 અબજ 88 કરોડ 80 લાખ સુવર્ણમુદ્રાનું દાન આપે છે.

**પ્ર-13 : ઘટઘટની વાત જાણી દેખી રહ્યા છે એટલે શું ?**

**ઉ-13 :** મન વિનાના જીવોના ભાવને પણ જાણે છે, તેને ઘટઘટની વાત જાણે છે તેમ કહ્યું છે.

**પ્ર-14 : તીર્થંકરની માતાને કેટલા સ્વપ્ન આવે છે ?**

**ઉ-14 :** (તીર્થંકરની માતાને) 14 સ્વપ્ન સ્પષ્ટ આવે છે. જો તીર્થંકરનો જીવ દેવલોકમાંથી આવે તો બારમાં સ્વપ્નમાં માતાને દેવવિમાન દેખાય છે અને નરકમાંથી આવે તો ભવન દેખાય છે.

**પ્ર-15 : નીચેના શબ્દોના માત્ર અર્થ લખો : નગર, રાયહાણી, ગામ, ખેડ, કવડ, પુરપાટણ, રાઈસર, તલવર, કોડુંબિય, ગાથાપતિ.**

**ઉ-15 : નગર** એટલે જ્યાં કોઈપણ જાતનો કર ન લેવાતો હોય તે. **રાયહાણી** એટલે રાજધાની, જ્યાં સ્વયં રાજા રહેતો હોય તે. **ગામ** એટલે નાનકડી વસ્તી હોય તે. **ખેડ** એટલે ધૂળ/માટીના ઢગલાથી ઘેરાયેલું ગામ. **કવડ** એટલે ઓછી વસ્તીવાળું નાનું ગામ. **પુરપાટણ** એટલે વેપાર. વાણિજયનું મોટું સ્થાન, જ્યાં ચારે દિશાથી વેપારીઓ આવે તે. **રાઈસર** એટલે રાજા, **તલવર** એટલે રાજા દ્વારા દેવાતી એક પદવી. **કોડુંબિય** એટલે કુટુંબના અગ્રેસર, **ગાથાપતિ** એટલે શેઠ.

**પ્ર-16 : અરિહંતના ગુણ કેટલા ? કયા કયા ?**

**ઉ-16 :** અરહિંતના 12 ગુણ છે : (1) અનંતજ્ઞાન, (2) અનંતદર્શન, (3) અનંતચારિત્ર, (4) અનંતતપ, (5) અનંતબળવીર્ય, (6) ક્ષાયક સમકિત, (7) વજ્રઋષભનારાચ સંઘયણ, (8) સમચતુરસ્ત્ર સંસ્થાન, (9) ચોત્રીસ અતિશય, (10) પાંત્રીસ વાણીના ગુણ, (11) એક હજાર આઠ ઉત્તમ લક્ષણ, (12) ચોસઠ ઈન્દ્રોના પૂજનીય.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) અરિહંતને કયા કર્મ બાકી છે ? (2) એક મહાવિદેહમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલા તીર્થંકર હોય ? [4,32] (3) ભરત ક્ષેત્રમાં અત્યારે અરિહંત હોય છે ? શા માટે ? (4) હાલ અરિહંત ક્યાં બિરાજે છે ?

(5)**આંકડામાં જવાબ આપો :** અતિશય, વાણીના ગુણ, ઘાતીકર્મ, અરિહંતના ગુણ, અરિહંત કેટલા દોષ રહિત ? (6) અરિહંત ભગવંત કેવા છે? (7) એવી કઈ વસ્તુ છે જે અરિહંત પાસેથી જતી જ નથી ? (8) અરિહંતની ગેરહાજરીમાં તેમના પ્રતિનિધિ કોણ છે ?

## ❖ પ્રતિક્રમણ પાઠ 29 : બીજા ખામણા ❖

**પ્ર-1 : એક સિદ્ધ ભગવાનની સ્થિતિ કેટલી છે ?**

**ઉ-1 :** સાદિ અનંતકાળની. સાદિ એટલે જેની શરૂઆત છે અને અનંત એટલે જેનો છેડો કે અંત નથી એટલે કે સિદ્ધ થયેલ જીવનો ક્યારેય છેડો આવતો નથી.

**પ્ર-2 : આપણા ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં પ્રથમ અને અંતિમ સિદ્ધ કોણ થયું ?**

**ઉ-2 :** આપણા ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં પ્રથમ સિદ્ધ મરુદેવી માતા અને અંતિમ સિદ્ધ જંબુ સ્વામી થયા.

**પ્ર-3 : ચાર ગતિમાંથી કઈ ગતિના જીવો મોક્ષમાં જાય છે ?**

**ઉ-3 :** મનુષ્ય ગતિના જીવો મોક્ષમાં જાય છે.

**પ્ર-4 : સિદ્ધના જીવો કયાં છે ? શા માટે ?**

**ઉ-4 :** સિદ્ધના જીવો લોકના અગ્રભાગે છે. ધર્માસ્તિકાય દ્રવ્ય જે જીવ અને

પુદ્ગલને ગતિ કરવામાં સહાય કરે છે તે દ્રવ્ય માત્ર લોકમાં જ છે, અલોકમાં નથી. તેથી ઋજુગતિએ જઈને લોકના અગ્રભાગે જીવ સિદ્ધ થઈ જાય છે. તેથી આગળ અલોકમાં જતો નથી.

**પ્ર-5: સિદ્ધશિલા ઉપર ભગવાન ક્યાં બિરાજે છે ?**

**ઉ-5 :** સિદ્ધશિલા ઉપર એક યોજનના છેલ્લા ગાઉના છઠ્ઠે ભાગે બિરાજે છે. તેની સમજણ આ પ્રમાણે છે – [અવગાહનાનું માપ : 6 આંગુલ = 1 પગ, 12 આંગળ = 1 વેંત. એવી બે વેંત = 1 હાથ. એવા 4 હાથ = 1 ધનુષ્ય. એવા 2000 ધનુષ્ય = 1 ગાઉ (કોશ). એવા 4 ગાઉ (કોશ) = 1 યોજન.] તેથી 1 યોજન = ચાર ગાઉ. તેમાંથી ત્રણ ગાઉ નીચે છોડીને ઉપરના ચોથા ગાઉમાં છઠ્ઠા ભાગમાં સિદ્ધ રહે છે. એક ગાઉ = 2000 ધનુષ્ય છે, તેનો છઠ્ઠો ભાગ એટલે 333 ધનુષ્ય અને 32 આંગુલ પ્રમાણ ક્ષેત્રમાં સિદ્ધ ભગવંતો બિરાજે છે.

**પ્ર-6 : સિદ્ધશિલા 45 લાખ યોજનની શા માટે છે ?**

**ઉ-6 :** મોક્ષમાં માત્ર મનુષ્ય જ જાય છે. મનુષ્યને રહેવાનું ક્ષેત્ર અઢીદ્વીપ છે અને તે ક્ષેત્ર 45 લાખ યોજનનું છે માટે સિદ્ધશિલા પણ અઢીદ્વીપની બરોબર ઉપર એટલા જ માપની છે. 45 લાખ યોજનના મનુષ્યક્ષેત્રમાંથી જે મનુષ્ય સિદ્ધ થાય છે, તે ત્યાંથી સમશ્રેણીએ ઋજુગતિથી લોકાગ્રે જાય છે માટે, મનુષ્યક્ષેત્ર, સિદ્ધશિલા અને તેથી ઉપર સિદ્ધક્ષેત્ર બધું જ 45 લાખ યોજનનું છે.

**પ્ર-7 : સર્વાર્થસિદ્ધથી સિદ્ધ ક્ષેત્ર વચ્ચેનું અંતર કેટલું ?**

**ઉ-7 :** સર્વાર્થસિદ્ધથી સિદ્ધ ક્ષેત્ર વચ્ચે 12 યોજન + 8 યોજનની સિદ્ધશિલાની જાડાઈ મળીને 20 યોજન સાધિક/ઝાઝેરું અંતર છે.

**પ-8 : સિદ્ધના મુખ્ય આઠ ગુણ છે તે કયા કયા ?**

**ઉ-8 :** (1) કેવળજ્ઞાન, (2) કેવળદર્શન, (3) અવ્યાબાધ આત્મિક સુખ, (4) ક્ષાયિક સમકિત/વીતરાગતા, (5) અક્ષય સ્થિતિ, (6) અમૂર્ત (અનાકાર), (7) અગુરુલઘુ અને (8) અનંતશક્તિ.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

સિદ્ધશિલા કેવડી છે ? કેટલી જાડી છે ? કેવી છે ? (2) સિદ્ધ ભગવંતો કેવા છે ? (3) સિદ્ધોની સંખ્યા કેટલી છે ? (4) સિદ્ધ થનાર મનુષ્યની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલી હોઈ શકે ?

## ❖ પ્રતિક્રમણ પાઠ ૩૦ : ત્રીજા ખામણા ❖

**પ્ર-1 : વર્તમાને કેવળી ભગવંત મનુષ્યના કયા ક્ષેત્રમાં બિરાજે છે ?**

**ઉ-1 :** પંદર કર્મભૂમિમાં રહેલા પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે.

**પ્ર-2 : કેવળી ભગવાનને ચારિત્ર કયું હોય ?**

**ઉ-2 :** યથાખ્યાત ચારિત્ર જ હોય.

**પ્ર-3 : કેટલું આયુષ્ય હોય તો કેવળજ્ઞાન થઈ શકે ?**

**ઉ-3 :** જઘન્ય ગર્ભ સહિત નવ વર્ષ તથા ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વમાં નવ વર્ષ ઊણું.

**પ્ર-4 : કેવળી ભગવાનને કયા કયા કર્મ હોય?**

**ઉ-4 :** ચાર અઘાતી કર્મ હોય. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મ.

**પ્ર-5 : કેવળી ભગવાનને હોય કે ન હોય ? શા માટે ? બતાવો.**

**ઉ-5 :**

| હોય કે ન હોય | જવાબ | કારણ |
|---|---|---|
| શરીર | હોય | નામ કર્મ છે માટે. |
| આહાર | હોય | વેદનીય કર્મ છે માટે. |
| નિદ્રા (ઊંઘ) | ન હોય | દર્શનાવરણીય કર્મ નથી માટે. |
| ચિંતા | ન કરે | મોહનીય કર્મ નથી માટે. |
| વિહાર | કરે | આયુષ્ય છે, સંયમ જીવન છે માટે. |
| મુહપત્તિ | બાંધે | સંયમ છે, વાયુકાયની રક્ષા માટે, |
| પરભવનું આયુ બાંધે? | ન બાંધે | મોક્ષમાં જવાનું છે માટે. |
| પાપ ભોગવે? | ભોગવે | પૂર્વભવના ભોગવવાના બાકી હોય તો |
| સિદ્ધોને જુએ ? | હા | કેવળદર્શન છે માટે, |
| પ્રતિક્રમણ કરે ? | ન કરે | પાપ બાંધતાં જ નથી માટે. |

**પ્ર-6 : અરિહંત (તીર્થંકર) અને સામાન્ય કેવળી વચ્ચે શું તફાવત છે ?**

**ઉ-6 :**

| તફાવત | અરિહંત(તીર્થંકર) | સામાન્ય કેવળી |
|---|---|---|
| નમસ્કાર મંત્ર | પહેલા પદમાં | પાંચમા પદમાં |
| સ્થાપના | તીર્થના સ્થાપક છે. | તીર્થના સ્થાપક નથી. |
| માતાને સ્વપ્ન | 14 સ્પષ્ટ આવે | ન આવે |
| અતિશય | 34 હોય | ન હોય |
| લિંગ | પુરુષલિંગ | 2 સ્ત્રી, પુરુષ, નપુસંક લિંગ |
| સંખ્યા | જ. 20, ઉ. 160 કે 170 | જ. 2 ક્રોડ, ઉ. 9 ક્રોડ |
| આયુષ્ય | જ. 72 વર્ષ, ઉ. 84 લાખ પૂર્વ | જ. 9 વર્ષ, ઉ. 1 ક્રોડ પૂર્વ |

| | | |
|---|---|---|
| અવગાહના | જ. 7 હાથ, ઉ. 500 ધનુષ્ય | જ. 2 હાથ, ઉ. 500 ધનુષ્ય |
| કલ્યાણકો | જન્મ, દીક્ષા કેવળ ને નિર્વાણ દેવ-દેવીઓ ઉજવે. | કેવળીને કલ્યાણક ન હોય |
| જ્ઞાન | જન્મથી ત્રણ જ્ઞાન હોય જ. | જન્મથી બે કે ત્રણ જ્ઞાન હોય અથવા ન પણ હોય |
| જન્મ કુળ | ઉચ્ચ કુળ(ક્ષત્રિય)માં જન્મે | કોઈપણ કુળમાં જન્મે. |
| આગમ જ્ઞાન | બાર અંગસૂત્રરૂપ અર્થ આગમ આપે | અંગસૂત્ર આગમ ન આપે |

**આ સિવાય પણ અન્ય ઘણા ભેદો છે, જે અહીં બતાવેલ નથી.**

**પ્ર-7 : અરિહંત (તીર્થંકર) અને સિદ્ધ વચ્ચે શું તફાવત છે?**

**ઉ-7 : તફાવત　　　અરિહંત (તીર્થંકર)　　　સિદ્ધ**

| તફાવત | અરિહંત (તીર્થંકર) | સિદ્ધ |
|---|---|---|
| નમસ્કાર મંત્ર | પહેલા પદમાં | બીજા પદમાં |
| કર્મ કેટલાં? | ચાર ઘાતી કર્મનો ક્ષય હોય છે. ચાર અઘાતી કર્મ હોય છે. | આઠે કર્મ ક્ષય કરેલ છે |
| જીવના ભેદમાં | સંસારી ભેદમાં | સિદ્ધના ભેદમાં |
| શરીર હોય ? | શરીર હોય | શરીર ન હોય |
| સ્થાન ક્યાં છે ? | હાલ મહાવિદેહ ક્ષેત્રમાં | લોકના અગ્રભાગે સિદ્ધક્ષેત્ર પર |
| સંખ્યા | જ. 20, ઉ. 160 કે 170 | અનંતા હોય |
| આયુષ્ય | જ. 72 વર્ષ, ઉ. 84 લાખ પૂર્વ | આયુ કર્મ રહિત, સ્થિતિ |
| ભવ | મનુષ્યનો ભવ અંતિમ ભવ છે | ભવથી મુક્ત છે. |
| જન્મ નિર્વાણ | જન્મ કલ્યાણક<br>કેવળ કલ્યાણક<br>નિર્વાણ કલ્યાણક | જન્મ-મરણથી મુક્ત છે |
| ગુણ | 12 વિશિષ્ટ ગુણ ધરાવે છે | આઠ કર્મ ક્ષયથી8 ગુણ ધરાવે છે |

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

ત્રીજા ખામણા કોને કરવાના છે ? (2) કેવળીની સંખ્યા કેટલી ? (3) શું ભરતક્ષેત્રમાં હાલ કોઈ કેવળી બિરાજે છે ? શા માટે ? (4) કેવળીને લેશ્યા કઈ ? (5) કેવળીનું વીર્ય કયું ? (6) કેવળીમાં જીવના 563 ભેદમાંથી કેટલા ભેદ ?

## ❖ પ્રતિક્રમણ પાઠ 31 : ચોથા ખામણા ❖

**પ્ર-1 : આચાર્ય કોને કહે છે?**

**ઉ-1 :** જે સાધુ પુરુષ પોતે પાંચ આચાર (જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર) પાળે, અન્યને પળાવે, પાળવા માટે પ્રેરણા કરે, સૂત્ર અને અર્થના જ્ઞાતા હોય, ચતુર્વિધ સંઘનું નેતૃત્વ કરે, ગુરુ પદમાં જે પ્રથમ છે, તેને આચાર્ય કહે છે.

**પ્ર-2 : ઉપાધ્યાય કોને કહે છે ?**

**ઉ-2 :** જે સાધુ પુરુષ સ્વયં પોતે 32 આગમને ભણે અને ભણાવે, 25 ગુણોથી યુક્ત હોય, ગુરુપદમાં બીજા સ્થાને છે, તેને ઉપાધ્યાય કહે છે.

**પ્ર-3 : ગણધર કોને કહેવાય ? તેઓ હાલ ક્યાં બિરાજે છે ?**

**ઉ-3 :** તીર્થંકરના મુખ્ય દ્વાદશાંગી (બાર અંગસૂત્ર) રચનારા શિષ્યોને ગણધર કહે છે. ગણ એટલે સમૂહ, ધર એટલે ધારક. ઘણા શિષ્ય સમૂહના ધારકને ગણધર કહેવાય છે. 14 પૂર્વનું જ્ઞાન હોય છે. બાવન ગુણ સહિત હોય છે. તેઓ હાલ માત્ર મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. ભરત, ઈરવતક્ષેત્રમાં નથી.

**પ્ર-4 : આચાર્ય, ઉપાધ્યાય કયા ક્ષેત્રમાં બિરાજે છે ? ક્યા આરામાં**

**બિરાજે છે?**

**ઉ-4 :** આચાર્ય, ઉપાધ્યાય વર્તમાને 15 કર્મભૂમિમાં બધે બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં હંમેશાં હોય. ભરત અને ઈરવત ક્ષેત્રમાં અવસર્પિણીકાળના ત્રીજા, ચોથા અને પાંચમા આરામાં હોય. ઉત્સર્પિણીકાળના ત્રીજા અને ચોથા આરામાં હોય.

**પ્ર-5 : આચાર્યના 36 ગુણો કયા કયા છે ?**

**ઉ-5 :** પાંચ મહાવ્રત, 5 સમિતિ + 3 ગુપ્તિ આરાધે. = 13
પાંચ આચાર, નવ વાડ બ્રહ્મચર્ય પાળે + 14
પાંચ ઈન્દ્રિય અને ચાર કષાયને જીતે + 09
= 36

**પ્ર-6 : ઉપાધ્યાયના ૨૫ ગુણ ક્યા ક્યા ?**

**ઉ-6 :** 11 અંગસૂત્રના ધારક, 12 ઉપાંગના ધારક, 1 ચરણ સિત્તેરીના ધારક, 1 કરણ સિત્તેરીના ધારક કુલ 25 ગુણ છે.

**પ્ર-7 : ચરણસિત્તેરી કોને કહે છે ? તેમાં શેનો સમાવેશ થાય છે?**

**ઉ-7 :** સંયમજીવનના મૂલગુણ 70 છે, તેને ચરણસિત્તેરી કહે છે.
5 મહાવ્રત, 10 યતિ ધર્મ, 17 સંયમનું પાલન 32
12 તપ, 10 વૈયાવચ્ચની આરાધના + 22
3 જ્ઞાન, દર્શન, ચારિત્ર અને 9 બ્રહ્મચર્યની વાડ + 12
4 કષાયનો નિગ્રહ કરવો + 04
= 70

**પ્ર-8 : કરણસિત્તેરી કોને કહે છે ? તેમાં શેનો સમાવેશ થાય છે?**

**ઉ-8 :** સંયમજીવનમાં ઉત્તરગુણ 70 છે, તેને કરણસિત્તેરી કહે છે.
4 પિંડવિશુદ્ધિ, 4 અભિગ્રહ +08

| | |
|---|---|
| 5 સમિતિ, 3 ગુપ્તિનું પાલન | +08 |
| 12 ભાવના, 12 સાધુની પડિમા આદરવી | +24 |
| 25 પ્રતિલેખનામાં ઉપયોગ | +25 |
| પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ કરવો | +05 |
| | =70 |

**4 પિંડવિશુદ્ધિ :** તે આહાર, શય્યા, વસ્ત્ર અને પાત્ર. **4 અભિગ્રહ** તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. **12 ભાવના** તે અનિત્ય ભાવના વગેરે. **25 પ્રતિલેખના** તે 6 પ્રતિલેખનના વિવિધ પ્રકાર,6 અપ્રમાદ પ્રતિલેખના, 13 પ્રમાદ પ્રતિલેખનાનો ત્યાગ.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

ચોથા ખામણા કોને કરવાના છે ? તેમનું સ્થાન ચતુર્વિધ સંઘમાં કયા પદમાં છે ? (2) ગણધર, આચાર્ય અને ઉપાધ્યાયના ગુણ કેટલા ? (3) માત્ર સંખ્યામાં જવાબ આપો. આહારના દોષ અને સાધુના અનાચાર.

## ❖ પ્રતિક્રમણ પાઠ 32 : પાંચમા ખામણા ❖

**પ્ર-1 : સાધુ-સાધ્વીના ગુણ કેટલા અને કયા કયા?**

**ઉ-1 :** સાધુ-સાધ્વીના ગુણ 27 છે. 1 થી 5. પાંચ મહાવ્રતનું પાલન, 6 થી 10. પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ, 11 થી 14. ચાર કષાયનો નિગ્રહ, 15 થી 17. ત્રણ ગુપ્તિ, 18. ભાવ સત્ય, 19. કરણ સત્ય, 20. જોગ સત્ય, 21. સમ્યગ્ જ્ઞાન, 22. સમ્યગ્ દર્શન, 23. સમ્યક્ ચારિત્ર, 24. ક્ષમાવંત, 25. વૈરાગ્યવંત, 26. 22 પરિષહ સહે, 27. મારણાંતિક કષ્ટ સહે.

**પ્ર-2 : જૈન સાધુ-સાધ્વીની સામાન્ય ઓળખાણ આપતા પ્રશ્નોના જવાબ આપો.**

**ઉ-2 :**

| | |
|---|---|
| **(1) સાધુ નમસ્કાર સૂત્રના કયા પદમાં?** | પાંચમા પદમાં |
| **(2) સાધુ કયા ક્ષેત્રમાં વિચરે ?** | 15 કર્મભૂમિ |
| **(3) સાધુએ શેનો ત્યાગ કરેલો હોય ?** | યાવત્ જીવન માટે 18 પાપનો 9 કોટિએ |
| **(4) સાધુની ઉમર કેટલી?** | જઘન્ય 9 વર્ષ, ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ વર્ષ |
| **(5) સાધુની અવગાહના કેટલી?** | જઘન્ય બે હાથ, ઉત્કૃષ્ટ 500 ધનુષ્ય |
| **(6) સાધુની સંખ્યા કેટલી?** | જ. બે હજાર ક્રોડ, ઉ. નવ હજાર ક્રોડ |
| **(7) સાધુને લિંગ કેટલા?** | ત્રણ. સ્ત્રી, પુરુષ અને નપુંસક લિંગ |
| **(8) સાધુનો સંસારકાળ કેટલો?** | જ. અંતર્મુહૂર્ત, ઉ. દેશે ઊણો અર્ધપુદ્ગલ |
| **(9) સાધુપણામાં આયુષ્ય બાંધે તો ભવ?** | જઘન્ય 3, ઉત્કૃષ્ટ 15. |
| **(10) સાધુપણાનું મહત્વ શું છે ?** | સાધુપણા વિના સિદ્ધિ નહીં,મુનિ બન્યા વિના મુક્તિ નહીં. |

**પ્ર-3 : સાધુને અને સાધ્વીને નીચેની બાબતો હોય કે નહીં ? તે બતાવો.**

**ઉ-3 :**

| હોય કે નહીં? | સાધુજીને | સાધ્વીજીને |
|---|---|---|
| આચાર્ય, ઉપાધ્યાયનું પદ | હોય | ન હોય |
| 1 થી 14 પૂર્વનું જ્ઞાન | હોય | ન હોય |
| છઠ્ઠા આરામાં હોય ? | ન હોય | ન હોય |
| તીર્થંકર નામ બાંધી શકે? | હા | હા |
| મનુષ્ય ગતિનું આયુષ્ય બાંધી શકે? | ના | ના |
| ભિક્ષુની પડિમા આદરી શકે? | હા | ના |
| મિથ્યાત્વ હોય? | ના | ના |
| અનુત્તર વિમાનમાં જઈ શકે? | હા | હા |
| સાધુજી કોને વંદણા કરે? | હા | ના |

| | | |
|---|---|---|
| સાધ્વીજી કોને વંદણા કરે ? | હા | હા |
| મન:પર્યવજ્ઞાન થઈ શકે ? | હા | હા |

**❖ અપેક્ષિત પ્રશ્નો ❖**

પાંચમા ખામણા કોને કરવાના છે ? (2) સાધુને સમકિત હોય ?(3) સાધુ નરકમાં જઈ શકે ?

## ❖ પ્રતિક્રમણ પાઠ 33 : છઠ્ઠા ખામણા ❖

**પ્ર-1 : છઠ્ઠા ખામણા કોને કરવાના છે ? તેમની સંખ્યા કેટલી ?**

**ઉ-1 :** છઠ્ઠા ખામણા શ્રાવકને કરવાના છે. અઢીદ્વીપમાં રહેલા મનુષ્ય અને તિર્યંચ શ્રાવકો સંખ્યાતા છે. અઢીદ્વીપની બહાર અસંખ્યાતા દ્વીપ અને સમુદ્ર છે. તેમાં અસંખ્યાતા તિર્યંચ શ્રાવકો રહેલા છે.

**પ્ર-2 : સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવો શ્રાવક કેવી રીતે બને ?**

**ઉ-2 :** જાતિ સ્મરણ જ્ઞાન દ્વારા, અવધિજ્ઞાન દ્વારા, એકબીજાને બોધ આપવાથી કે મનુષ્યક્ષેત્રમાં તીર્થંકરની વાણી સાંભળીને તિર્યંચ શ્રાવક બને.

**પ્ર-3 : જીવાયોનિ એટલે શું ?**

**ઉ-3 :** જીવાયોનિ એટલે જીવોનું ઉત્પત્તિ સ્થાન અથવા ઉત્પત્તિ ક્ષેત્રમાં લીધેલો પ્રથમ આહાર. જે જીવાયોનિ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ કે આકારમાં સરખી હોય, તેને એક જ સ્થાન/ભેદમાં ગણવામાં આવે છે. તેથી જીવોને ઉત્પન્ન થવાના સ્થાન અનંત હોવા છતાં 4 ગતિ અને 24 દંડકની જીવાયોનિ માત્ર 84 લાખ બતાવવામાં આવી છે.

**પ્ર-4 : એકેન્દ્રિય(સ્થાવર)ની, ત્રસની અને પંચેન્દ્રિય જીવાયોનિ કેટલી ?**

**ઉ-4 : એકેન્દ્રિયની જીવાયોનિ 52 (બાવન) લાખ :** તે 7 લાખ પૃથ્વીકાય

+ 7 લાખ અપકાય + 7 લાખ તેઉકાય + 7 લાખ વાઉકાય + 10 લાખ પ્રત્યેક વનસ્પતિકાય + 14 લાખ સાધારણ વનસ્પતિકાય. **ત્રસની જીવાયોનિ 32 લાખ :** તે 2 લાખ બેઈન્દ્રિય + 2 લાખ તેઈન્દ્રિય + 2 લાખ ચૌરેન્દ્રિય + 4 લાખ નારકી + 4 લાખ તિર્યંચ પંચેન્દ્રિય + 4 લાખ દેવતા + 14 લાખ મનુષ્ય. **પંચેન્દ્રિયની 26 લાખ જીવાયોનિ :** તે 4 લાખ નારકી + 4 લાખ તિર્યંચ પંચેન્દ્રિય + 4 લાખ દેવતા + 14 લાખ મનુષ્ય છે.

**પ્ર-5 : યોનિ કયા જીવોની હોય છે ?**

**ઉ-5 :** શ્રી પન્નવણા સૂત્ર પદ 1 માં યોનિ માત્ર પર્યાપ્તા બાદર જીવોની જ બતાવી છે.

**પ્ર-6 : નીચેના બોલ સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકાને હોય કે નહીં તે બતાવો.**

**ઉ-6 :**

| હોય કે ન હોય | સાધુ | સાધ્વી | શ્રાવક | શ્રાવિકા |
|---|---|---|---|---|
| અરિહંતના શિષ્ય | હા | હા | હા | હા |
| 18મું પાપ | ના | ના | ના | ના |
| જુગલિયા મનુષ્ય | ના | ના | ના | ના |
| અઢીદ્વીપની બહાર | ના | ના | હા | હા |
| સાહરણ (દેવ ઉપાડી જાય) | હા | ના | હા | હા |
| તીર્થમાં સ્થાનનો ક્રમ | પહેલો | બીજો | ત્રીજો | ચોથો |
| મરણનો પ્રકાર | પંડિત મરણ | પંડિત મરણ | બાલપંડિત | બાલપંડિત |
| દેવલોકમાં ક્યાં સુધી જાય? | પાંચ અનુત્તર | પાંચ અનુત્તર | 12 દેવલોક | 12 દેવલોક |
| રહેવાનું મુખ્ય ક્ષેત્ર | અઢીદ્વીપ | અઢીદ્વીપ | અસંખ્યાતા દ્વીપ સમુદ્ર | અસંખ્યાતા દ્વીપ સમુદ્ર |
| તેમનો ધર્મ શું ખરીદવા સમાન | રત્ન | રત્ન | સોનું | સોનું |

**❖ અપેક્ષિત પ્રશ્નો ❖**

છઠ્ઠા ખામણા કોને કરવાના છે ? (2) શ્રાવકની સંખ્યા કેટલી ? (3) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવોને 12માંથી કેટલા વ્રત હોય ?

## ❖ પચ્ચક્ખાણ (પ્રત્યાખ્યાન) આવશ્યક ❖

**પ્ર-1 : પચ્ચક્ખાણ એટલે શું ?**

**ઉ-1 :** પચ્ચક્ખાણ એટલે વ્રત, નિયમ. ઈન્દ્રિયો પર કાબૂ કરવો. ભોગ-ઉપભોગની ઈચ્છઓનો ત્યાગ કરવો તે.

**પ્ર-2 : પચ્ચક્ખાણ કરવાથી શું લાભ થાય છે ?**

**ઉ-2 :** મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ કર્મ આવવાના દ્વાર બંધ થાય છે. ઈચ્છાઓ પર કાબૂ થાય છે. ઈન્દ્રિયોના વિષયોની તૃષ્ણા શાંત થઈ જાય છે. ચિત્ત શાંત રહે છે.

**પ્ર-3 : છઠ્ઠા પચ્ચક્ખાણ આવશ્યકમાં શેના શેના પચ્ચક્ખાણ કરવામાં આવે છે?**

**ઉ-3 :** દેવસિય પ્રતિક્રમણમાં મુખ્યતા રાત્રિભોજનના, ચૌવિહાર કે તિવિહારના પચ્ચક્ખાણ કરવામાં આવે છે. રાઈય પ્રતિક્રમણમાં મુખ્યતાએ નવકારશી, પોરસી વગેરે ચૌવિહારના પચ્ચક્ખાણ કરવામાં આવે છે. પોતાની અનુકૂળતા પ્રમાણે મર્યાદિત સમયના પણ ચૌવિહાર આદિ પચ્ચક્ખાણ કરી શકાય છે.

**પ્ર-4 : ચૌવિહાર કે તિવિહાર એટલે શું?**

**ઉ-4 :** જેમાં અન્ન, પાણી, મેવો અને મુખવાસ એ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવામાં આવે છે, તે ચૌવિહાર છે. જેમાં અન્ન, મેવો અને મુખવાસ એ ત્રણનો ત્યાગ કરવામાં આવે છે, પણ પાણીની છૂટ

રાખવામાં આવે છે, તેને તિવિહાર કહે છે.

**પ્ર-5 : નવકારશી એટલે શું?**

**ઉ-5 :** સૂર્યોદય પછી બે ઘડી (48 મિનિટ) સુધી ચારે આહારનો ત્યાગ કરવો તે.

**પ્ર-6 : પોરસી એટલે શું? પોરસીની ગણતરી બતાવો.**

**ઉ-6 :** પોરસી એટલે સૂર્યોદય પછી એક પ્રહર સુધી ચારે આહારનો ત્યાગ કરવો તે.1. પ્રહર/પોરસી એટલે 3 કલાક નહીં, પરંતુ દિવસ કે રાત્રિનો ચોથો ભાગ. દા.ત. જો સૂર્યોદય સવારે 6-30 વાગ્યે અને સૂર્યાસ્ત સાંજે 7-00 વાગ્યે હોય તો... દિવસનો પ્રથમ પ્રહર 6-30 થી 9-37 બીજો પ્રહર 9-37 થી 12-44 ત્રીજો પ્રહર 12-44 થી 3-52. ચોથો પ્રહર 3-52 થી 7-00 સુધીનો હોય. તેથી પોરસીના પચ્ચક્ખાણ 9-37 પછી પારી શકાય.આ જ રીતે સૂર્યોદયથી દોઢ પ્રહર સુધી આહારનો ત્યાગ, તે દોઢ પોરસી અને બે પ્રહર આહારનો ત્યાગ તે બે પોરસી કહેવાય.

**પ્ર-7 : પચ્ચક્ખાણમાં કયા કયા આગાર (છૂટ) રાખવામાં આવે છે? અર્થ લખો.**

**ઉ-7 :** આગાર : **(1) અન્નત્થણાભોગેણં =** ઈચ્છા કે ઉપયોગ વિના મુખમાં કોઈ વસ્તુ આવી જાય કે ખવાઈ જાય. **(2) સહસ્સાગારેણં =** ધ્યાન ન રહે અને અચાનક કોઈ ચીજ મુખમાં આવીને પડે.

**(3) મહત્તરાગારેણં =** વડીલ કે ગુરુની આજ્ઞાથી સમય પહેલાં આહાર કરે.**(4) સવ્વસમાહિવત્તિયાગારેણં =** શરીરની સમાધિ રહે ત્યાં સુધી. જો શરીરની અસમાધિ થાય કે રોગ આદિ ઉદ્ભવે તો આગાર.

**પ્ર-8 : 82 બોલનું પ્રતિક્રમણ છે, તે 82 બોલ કયા?**

**ઉ-8 :** મિથ્યાત્વ 25 + અવ્રત 12 + પ્રમાદ 5 + કષાય 25 + અશુભયોગ

15 કુલ 82. અવ્રત 12 માં છકાયની યત્ના ન કરવી, પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન ને વશમાં ન રાખવા.

**પ્ર-9 : 124 દોષ ટાળીને પ્રતિક્રમણ કરવાનું છે, તે દોષ કયા?**

**ઉ-9 :** 99 અતિચારમાંથી જ્ઞાનના 14 છોડીને 85 અતિચાર લાગ્યા હોય તે + જ્ઞાનાચારના 8 + દર્શનાચારના 8 + ચારિત્રાચારના 8 + તપાચારના 12 + વીર્યાચારના 3 એ 39 બોલની આરાધના ન કરી હોય, એમ કુલ 85+8+8+8+12+3 = 124 દોષ.

**પ્ર-10 : 'ખાઇમં અને સાઈમ' માં કયા કયા પદાર્થોનો સમાવેશ થાય છે?**

**ઉ-10 : ખાઈમં :** સર્વ પ્રકારનાં ફળ, ફળોનો રસ, મેવા, તૈલી પદાર્થો, શરબત, ગ્લુકોઝ, શરબત બનાવવાના પાઉડર, દૂધ, દહીં, મુરબ્બો, સુકાયેલાં મીઠાં આંબળાં, ગોળ, સાકર, ગૂંદ, મધ, માખણ, ઘી, છાશ, કેળાં વેફર, પીપર, ટોફી, ચોકલેટ, દળેલી સાકર, તલપાપડી, તલના લાડુ, આમ પાપડ, નારિયેળનું પાણી, તાડનું પાણી, આંબલી, આંબલીનો રસ વગેરે અનેક પદાર્થો.

**સાઈમં :** લવિંગ, સોપારી, પાન, પાનચૂરી, તાંબુલ, વરિયાળી, ધાણાદાળ, પાચક મુખવાસની વસ્તુઓ (ખાટાં ચૂર્ણ, દાડમના દાણા, હાજમોલા વગેરે), સૂવાદાણા, પીપરીમૂળ, ખારા આંબળાં, લીંબુ આદિમાં બોળીને તૈયાર કરેલ વસ્તુઓ.

## પ્રતિક્રમણના વધારાના સામાન્ય પ્રશ્નોત્તર

**પ્ર-1 : સંપૂર્ણ વર્ષ દરમિયાન દેવસિય, પક્ખી, ચૌમાસી પક્ખી, સંવત્સરી અને રાઈય પ્રતિક્રમણની સંખ્યા કેટલી?**

**ઉ-1 :** ગુજરાતી મહિના પ્રમાણે વર્ષના 360 દિવસ ગણતાં તેમાં દેવસિય

પ્રતિક્રમણ 335, પક્ખી પ્રતિક્રમણ 21, ચૌમાસી પક્ખી પ્રતિક્રમણ 3, સંવત્સરી પ્રતિક્રમણ 1, રાઈય પ્રતિક્રમણની સંખ્યા 360 થાય છે.

**પ્ર-2 સાધુની સામાયિક અને શ્રાવકની સામાયિક વચ્ચે શું તફાવત છે?**

**ઉ-2 :** સાધુની સામાયિક જાવજ્જીવની તથા 3 કરણ અને 3 યોગથી એમ 9 કોટિએ કરવામાં આવે છે. શ્રાવકની સામાયિક બે, ચાર કે છ ઘડી એમ મર્યાદિત સમયની હોય છે. તે 3 કરણ અને 2 યોગથી એમ છ કોટિથી કરવામાં આવે છે.

**પ્ર-3 : પ્રતિક્રમણના છ આવશ્યક કરવાથી શું લાભ થાય છે?**

**ઉ-3 :**

(1) **સામાયિક આવશ્યક :** સાવદ્યયોગની નિવૃત્તિ થાય.

(2) **ચઉવીસત્થો આવશ્યક :** સમકિત વિશુદ્ધિ થાય.

(3) **વંદના આવશ્યક :** નીચગોત્ર કર્મનો ક્ષય થાય. ઊંચ ગોત્ર કર્મનો બંધ થાય.સૌભાગ્યની પ્રાપ્તિ થાય.

(4) **પ્રતિક્રમણ આવશ્યક :** વ્રતમાં લાગેલા દોષરૂપી છિદ્ર બંધ થાય. આશ્રવ રોકાય અને સંવર વધે.

(5) **કાઉસ્સગ્ગ આવશ્યક :** ભૂતકાળના અને વર્તમાનના પાપના પ્રાયશ્ચિત્ત દ્વારા આત્મા વિશુદ્ધ થાય.

(6) **પચ્ચક્ખાણ આવશ્યક:**ઈચ્છા નિરોધ થાય. તૃષ્ણા રહિત થવાથી પરમશાંતિ પમાય.

**પ્ર-4 : પ્રતિક્રમણના છ આવશ્યકમાંથી દેવ, ગુરુ અને ધર્મના કેટલા?**

**ઉ-4 :** દેવનો એક ચઉવીસત્થો, ગુરુનો એક વંદન અને બાકીના ચાર આવશ્યક ધર્મના છે.

**પ્ર-5 : પ્રમાદ અને આળસમાં શું ફરક છે?**

**ઉ-5 : પ્રમાદ** એટલે મૂર્ચ્છા, મોહનો ભાવ. આત્માના લક્ષ સિવાયની દરેક પ્રવૃત્તિ પ્રમાદ કહેવાય છે. પરમાં આનંદ માનવો તે પ્રમાદ છે. જે સમયે જે કાર્ય કરવાનું હોય તેમાં શક્તિ/સામર્થ્ય હોવા છતાં વિલંબ કરવો કે વીર્ય ફોરવવું નહીં તે **આળસ** છે.પ્રમાદ અને આળસ બંને મોહનીય કર્મના ઉદયે છે. પ્રમાદ જાણીને અને અજાણતાં થાય છે. જ્યારે આળસ માત્ર જાણીને જ કરવામાં આવે છે.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતના અતિચાર કેટલા ? (2) 84 લાખ જીવાયોનિને સમાવતો પ્રતિક્રમણનો કયો શબ્દ છે ?

## ❖ ચોવીસ દંડક (લઘુ દંડક) ❖

**દંડક :** જ્યાં જીવ ઉત્પન્ન થઈને કર્મનો દંડ ભોગવે તેને દંડક કહે છે.
અથવા તે-તે પ્રકારના જીવોના સમૂહને ઓળખવાની સંજ્ઞાને **દંડક** કહે છે.

**24 દંડકના ક્રમ અને નામ**

| ક્રમ | | ક્રમ | દંડકનું નામ | ક્રમ | દંડકનું નામ |
|---|---|---|---|---|---|
| 01 (પહેલો) | સાત નરકનો | 9 મો | દિશાકુમાર, | 17 થી 19 | વિકલેન્દ્રિયના |
| 2 થી 11 | ભવનપતિના | 10 મો | વાયુકુમાર, | 17 મો | બેઈન્દ્રિય |
| 2 જો | અસુરકુમાર, | 11 મો | સ્તનિતકુમાર | 18 મો | તેઈન્દ્રિય |
| 3 જો | નાગકુમાર, | 12 થી 16 | સ્થાવરના | 19 મો | ચૌરેન્દ્રિય |
| 4 થો | સુપર્ણકુમાર, | 12 મો | પૃથ્વીકાય | 20 મો | તિર્યંચ પંચેન્દ્રિય |
| 5 મો | વિદ્યુતકુમાર, | 13 મો | અપકાય | 21 મો | મનુષ્ય |
| 6 ઠ્ઠો | અગ્નિકુમાર, | 14 મો | તેઉકાય | 22 મો | વાણવ્યંતર |
| 7 મો | દ્વીપકુમાર, | 15 મો | વાઉકાય | 23 મો | જ્યોતિષી |
| 8 મો | ઉદધિકુમાર, | 16 મો | વનસ્પતિકાય | 24 મો | વૈમાનિક |

ચોવીસ દંડક શ્રી જીવાભિગમ સૂત્ર પ્રતિપત્તિ 1 મધ્યે છે. તેની ગાથા.

**સરીરો[1] ગાહણ[2] સંઘયણ[3] સંઠાણ[4], કસાય[5] તહહુંતિ સન્નાઓ[6] ।**
**લેસિં[7] દિય[8] સમુગ્ઘાએ[9], સન્નિ[10] વેદેય[11] પજ્જત્તિ[12] ।। 1 ।।**
**દિટ્ઠિ[13] દંસણ[14] નાણઅનાણે[15], જોગુ[16] વઓગે[17] તહા કિમાહારે[18] ।**
**ઉવવાય[19] ઠિઈ[20] સમુહાએ[21], ચવણ[22] ગઈ[24] આગઈ[23] ચેવ. ।। 2 ।।**

**ગાથા ક્રમ 1માં દ્વારના નામ :**

(1) શરીર દ્વાર. (2) અવગાહના દ્વાર.
(3) સંઘયણ (સંહનન) દ્વાર. (4) સંઠાણ દ્વાર.
(5) કષાય દ્વાર. (6) સંજ્ઞા દ્વાર.

(7) લેશ્યા દ્વાર.
(8) ઈન્દ્રિય દ્વાર.
(9) સમુદ્‌ઘાત દ્વાર.
(10) સંજ્ઞી દ્વાર.
(11) વેદ દ્વાર.
(12) પર્યાપ્તિ દ્વાર.

**ગાથા ક્રમ 2માં દ્વારના નામ :**

(13) દ્રષ્ટિ દ્વાર.
(14) દર્શન દ્વાર.
(15) જ્ઞાન દ્વાર.
(16) યોગ દ્વાર.
(17) ઉપયોગ દ્વાર.
(18) આહાર દ્વાર.
(19) ઉપજવાનો દ્વાર.
(20) સ્થિતિ દ્વાર.
(21) મરણ દ્વાર.
(22) ચવણ દ્વાર.
(23) આગતિ દ્વાર.
(24) ગતિ દ્વાર.

## સમુચ્ચય ચોવીસ દ્વારનું વર્ણન

1. **શરીર દ્વાર :** શરીર પાંચ

(1) ઔદારિક શરીર.
(2) વૈક્રિય શરીર.
(3) આહારક શરીર.
(4) તૈજસ શરીર.
(5) કામણ શરીર.

તેના લક્ષણ કહે છે.

(1) **ઔદારિક શરીર :** તે સડી જાય, પડી જાય, વિણસી જાય, કોહી જાય, બગડી જાય, મૃત્યુ પછી મૃતદેહ પડી રહે તે. ઉદાર એટલે પ્રધાન. જે તીર્થંકર, ગણધર આદિ પુરુષોને પ્રધાન એવી મોક્ષ ગતિ મેળવવામાં સહાય કરે તે.

(2) **વૈક્રીય શરીર :** તે સડે નહીં, પડે નહીં, વિણસે નહીં, બગડે નહીં, મૃત્યુ પછી કલેવર વિસરાલ (કપૂરની ગોટીની માફક) થાય તે વૈક્રિય શરીર છે. વૈક્રિય એટલે રૂપ પરાવર્તન કરવાની શક્તિ. જે શરીરની વિવિધ ક્રિયાઓ

થાય જેમ કે, એક સ્વરૂપ, અનેક સ્વરૂપ, નાના, મોટા, ખેચર, ભૂચર, દ્રશ્ય, અદ્રશ્ય શરીર, આકાશમાં કે ભૂમિ પર ચાલવા યોગ્ય શરીર બનાવે તે. તેમાં ઔદારિક શરીર જેવા લોહી, હાડકાં, માંસ આદિ ન હોય, પરંતુ શરીરનો બાંધો અને રચના જાળવી રાખનાર વૈક્રિય પુદ્ગલો હોય છે.

(3) **આહારક શરીર :** તે 14 પૂર્વી સાધુને તપ આદિ લબ્ધિથી આ શરીર હોય. તેના દ્વારા ઉત્તમ સ્ફટિક સમાન પુદ્ગલોને ગ્રહણ કરીને જઘન્ય 1 હાથ ન્યૂન, ઉત્કૃષ્ટ 1 હાથનું પોતાના આકાર જેવું જ દ્રશ્ય અથવા અદ્રશ્ય શરીર બનાવે, તેને આહારક શરીર કહે છે. તે શરીર ચાર કારણે બનાવાય છે : (1) તીર્થંકર દેવાધિદેવની ઋદ્ધિ જોવા, (2) મનની અંદર ઉત્પન્ન થયેલ સંશયને ટાળવા, (3) જીવદયા માટે. (4) શાસ્ત્રના સૂક્ષ્મ અર્થનો બોધ પામવા. આવું શરીર ફોરવ્યા પછી ઈરિયાવહિયા દ્વારા આલોચના કરી આરાધક બને. આલોચના ન કરે તો વિરાધક બને.

(4) **તૈજસ શરીર :** જેના કારણે શરીરમાં ઉષ્ણતા રહે અને આહારને પચાવે તે તૈજસ શરીર. તેજોલબ્ધિથી તેજોલેશ્યા (ઉષ્ણ કે શીત પુદ્ગલોને) છોડવામાં કારણભૂત શરીરને તૈજસ શરીર કહે છે. તૈજસ શરીર સર્વ સંસારી જીવોને હોય છે.

(5) **કાર્મણ શરીર :** જેમાં આઠે કર્મોના સ્કંધ સંગ્રહીત રહે છે, તે કાર્મણ શરીર. તે સર્વ સંસારી જીવોને હોય છે.

---

જીવદયા માટે: આહારક લબ્ધિધારી સાધુ આકાશમાં આહારક શરીરને મોકલી “જીવદયા પાળો” કે “માં હણો” ની ઘોષણા કરાવે જેથી લોકો હિંસા કરતાં અટકે અને અહિંસાનો મહિમા વધે.

**2. અવગાહના દ્વાર :** જીવનું શરીર જેટલા આકાશ પ્રદેશને અવગાહે (રોકે) તેને **અવગાહના** કહે છે. સમુચ્ચય જીવમાં અવગાહના જઘન્ય આંગુલના અસંખ્યાતમાં ભાગની, ઉત્કૃષ્ટ 1 હજાર જોજન ઝાઝેરી. **ઔદારિક શરીરની** અવગાહના, જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ હજાર યોજન ઝાઝેરી – વનસ્પતિકાય આશ્રી, **વૈક્રિય શરીરની અવગાહના :** ભવધારણી વૈક્રિયની જઘન્ય આંગુલના અસંખ્યાતમાં ભાગની, ઉત્કૃષ્ટ 500 ધનુષ્યની. ઉત્તર વૈક્રિયની જઘન્ય આંગુલના અસંખ્યાતમાં ભાગની (વાયુકાય આશ્રી), જઘન્ય આંગુલના સંખ્યાતમાં ભાગની (નારકી, દેવ આદિ પંચેન્દ્રિય આશ્રી), ઉત્કૃષ્ટ એક લાખ જોજન ઝાઝેરી, **આહારકના શરીરની** અવગાહના જઘન્ય 1 હાથ ન્યૂન, ઉત્કૃષ્ટ 1 હાથની. **તૈજસ, કાર્મણ શરીરની** અવગાહના જઘન્ય આંગુલના અસંખ્યાતમાં ભાગની, ઉત્કૃષ્ટ પોતપોતાના શરીર પ્રમાણે તથા ચૌદ રાજલોક પ્રમાણે.

**3. સંઘયણ (સંહનન) દ્વાર – સંઘયણ :** શરીરની મજબૂતાઈ, હાડકાંની વિશેષ રચના.

(1) વજ્રઋષભનારાચ સંઘયણ.
(2) ઋષભનારાચ સંઘયણ.
(3) નારાચ સંઘયણ.
(4) અર્ધનારાચ સંઘયણ.
(5) કીલકુ સંઘયણ.
(6) સેવાર્ત્ત (છેવટ્ઠું) સંઘયણ

**(1) વજ્રઋષભનારાચ સંઘયણ :** વજ્ર કહેતાં ખીલી, ઋષભ કહેતાં પાટો, નારાચ કહેતાં બંને પડખે મર્કટબંધ. જે શરીરની રચનામાં બે હાડકાંને બે પડખેથી મર્કટબંધે કરી (ગૂંથેલી સીંદરીની જેમ)

બાંધ્યા તેના પર હાડકાંનો પટ્ટો હોય તેને ખીલી જેવા હાડકાંએ કરી સજ્જડ કર્યા હોય, તેવું મજબૂત સંઘયણ.

**(2) ઋષભનારાચ સંઘયણ :** તેમાં ઉપર પ્રમાણે પણ ખીલી ન હોય.

**(3) નારાચ સંઘયણ :** તેમાં બે પડખે મર્કટબંધ હોય.

**(4) અર્ધનારાચ સંઘયણ :** એક પડખે મર્કટબંધ (લાકડી પર વીંટેલ રસ્સીની જેમ) અને બીજે પડખે માત્ર ખીલી હોય.

**(5) કીલકુ (કીલિકા) સંઘયણ :** ખીલીથી બંને હાડકાં જોડેલાં હોય.

**(6) છેવટું (સેવાર્ત્ત) સંઘયણ :** બંને હાડકાં અડીને રહેલ હોય, ખીલી ન હોય.

**4. સંસ્થાન દ્વાર :** (શુભાશુભ આકૃતિ.) સંસ્થાન 6 છે :

(1) સમચતુરસ્ત્ર સંસ્થાન. (2) ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન.

(3) સાદિ સંસ્થાન. (4) વામન સંસ્થાન.

(5) કુબ્જ સંસ્થાન. (6) હૂંડ સંસ્થાન.

**(1) સમચતુરંસ્ત્ર સંસ્થાન :** પગથી માથા સુધી શોભાયમાન શરીર. પલાંઠીવાળી બેસતાં ચારે બાજુ સરખી આકૃતિ થાય.

**(2) ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન :** કેડથી માથા સુધી શોભાયમાન શરીર.

**(3) સાદિ સંસ્થાન :** પગથી કેડ સુધી શોભાયમાન શરીર

**(4) વામન સંસ્થાન :** હાથ, પગ, માથાની આકૃતિ ઠીંગણી હોય.

**(5) કુબ્જ સંસ્થાન :** હાથ, પગ, માથું, ગ્રીવા ઓછાં, અધિક હોય. અન્ય અવયવ સુંદર હોય.

**(6) હૂંડ સંસ્થાન :** સર્વ અવયવ અશુભ હોય. રૂઢ, મૂઢ, મૃગાપુત્ર લોઢિયાની જેમ.

**5. કષાય દ્વાર : કષાય એટલે જેનાથી સંસાર વધે તે. જેમાં જીવો વિવિધ દુ:ખો દ્વારા કષ્ટ પામે તે. કષાય ચાર :**

(1) ક્રોધ. (2) માન.
(3) માયા. (4) લોભ.

**6. સંજ્ઞા દ્વાર : સંજ્ઞા** એટલે વેદનીય કે મોહનીય કર્મના ઉદયથી થતી અભિલાષા કે ઈચ્છા. સંજ્ઞા ચાર :

(1) આહાર સંજ્ઞા. (2) ભય સંજ્ઞા.
(3) મૈથુન સંજ્ઞા. (4) પરિગ્રહ સંજ્ઞા.

**સંજ્ઞા** એટલે જીવોની વિવિધ ઈચ્છા.

**7. લેશ્યા દ્વાર :** લેશ્યા છ **:**

(1) કૃષ્ણ લેશ્યા. (2) નીલ લેશ્યા.
(3) કાપોત લેશ્યા. (4) તેજો લેશ્યા.
(5) પદ્મ લેશ્યા (6) શુક્લ લેશ્યા.

**લેશ્યા :** કષાય અને યોગની પ્રવૃત્તિથી ઉદ્ભવતા આત્માના શુભ-અશુભ પરિણામને લેશ્યા કહે છે. જેના દ્વારા આત્મા કર્મોથી લેપાય છે, તે લેશ્યા. છ લેશ્યામાં પ્રથમ ત્રણ અશુભ છે, અંતિમ ત્રણ શુભ છે. **છ લેશ્યાવાળા જીવોના પરિણામ બતાવે છે.**

(1) **કૃષ્ણ લેશ્યા :** છકાયનો વિરાધક, નિર્દય, દુષ્ટ ભાવોવાળો હોય.

(2) **નીલ લેશ્યા :** ઈર્ષ્યાળુ, ક્રોધી, મૂર્ખ, કપટી, દ્વેષી, પ્રમાદી હોય.

(3) **કાપોત લેશ્યા :** મનથી વક્ર, માયાવી, દોષોને છુપાવે, છળ-કપટ કરે, જૂઠું બોલે, ચોરી કરે, અનાર્ય હોય.

(4) **તેજો લેશ્યા :** અહંકાર રહિત, નમ્ર, માયા રહિત, વિનય ભક્તિ કરે, પ્રિયધર્મી, દ્રઢધર્મી, ઈન્દ્રિય દમન કરે, સ્વાધ્યાયી હોય.

**(5) પદ્મ લેશ્યા :** અલ્પ કષાયી, શાંત ચિત્ત, તપ કરે, પરિમિત બોલે, આત્મદમન કરે, ઉપશાંત હોય, જિતેન્દ્રિય હોય.

**(6) શુક્લ લેશ્યા :** અશુભધ્યાન છોડીને શુભ ધ્યાનમાં રહે, શાંત ચિત્ત હોય, પાંચ સમિતિ યુક્ત જીવ, સરાગ સંયમી હોય.

**8. ઈન્દ્રિય દ્વાર :** ઈન્દ્રિય પાંચ :

(1) શ્રોત્રેન્દ્રિય. (2) ચક્ષુઈન્દ્રિય.

(3) ઘ્રાણેન્દ્રિય. (4) રસનેન્દ્રિય.

(5) સ્પર્શેન્દ્રિય.

**ઈન્દ્રિય :** એટલે સાધન. જે સાધન રૂપી પદાર્થોને આંશિક રીતે જાણવામાં મદદરૂપ થાય તે ઈન્દ્રિય છે. જીવ જેના દ્વારા વિષયને ગ્રહણ કરે તે ઈન્દ્રિય છે.

**9. સમુદ્ઘાત દ્વાર :** સમુદ્ઘાત સાત :

(1) વેદનીય સમુદ્ઘાત. (2) કષાય સમુદ્ઘાત.

(3) મારણાંતિક સમુદ્ઘાત. (4) વૈક્રિય સમુદ્ઘાત.

(5) તૈજસ સમુદ્ઘાત. (6) આહારક સમુદ્ઘાત.

(7) કેવળ સમુદ્ઘાત.

**સમુદ્ઘાત : સમ** = એકીભાવે, એકાગ્ર થઈને, એકમેક થઈને **ઉદ્** = પ્રબળતાથી. **ઘાત** = નિર્જરા, **સમુદ્ઘાત** એટલે મૂળ શરીરને છોડ્યા વિના કર્મ પુદ્ગલોથી વ્યાપ્ત પોતાના આત્મપ્રદેશોને શરીર અવગાહનાની બહાર કાઢીને કર્મની નિર્જરા કરવાની પ્રક્રિયા છે.

(1) **વેદનીય સમુદ્ઘાત :** અશાતા વેદનીય કર્મને કારણે આત્મપ્રદેશમાં સ્પંદન થઈ અમુક આત્મપ્રદેશનું શરીરના નાક, કાન આદિ પોલાણવાળા ભાગમાં આવવું અને ઉદિરણા દ્વારા અશાતાવેદનીયની નિર્જરા કરવી તે. અશાતાવેદનીયની જ સમુદ્ઘાત થાય છે પરંતુ શાતાવેદનીયની સમુદ્ઘાત થતી નથી.

(2) **કષાય સમુદ્ઘાત :** ક્રોધ, માન, માયા કે લોભ કષાયની તીવ્રતાને કારણે આત્મપ્રદેશનું શરીરના નાક, કાન આદિ પોલાણવાળા ભાગમાં આવવું અને ઉદિરણા દ્વારા કષાય મોહનીયની નિર્જરા કરવી તે.

(3) **મારણાંતિક સમુદ્ઘાત :** મૃત્યુના અંતર્મુહૂર્ત પહેલાં ઉત્પત્તિ સ્થાન સુધી શરીરની પહોળાઈ જેટલા આત્મપ્રદેશોને ફેલાવવા તે.

(4) **વૈક્રિય સમુદ્ઘાત :** વૈક્રિય રૂપનું નિર્માણ કરવાના હેતુથી વૈક્રિય પુદ્ગલોને ગ્રહણ કરવા માટે આત્મપ્રદેશનો દંડ કાઢી દિશા-વિદિશામાં સંખ્યાત યોજન સુધી ફેલાવવા તે.

(5) **તૈજસ સમુદ્ઘાત :**શીત કે ઉષ્ણ તેજોલેશ્યાનો ઉપયોગ કરવાના હેતુથી આત્મપ્રદેશોને શરીરની પહોળાઈ જેટલો દંડ કાઢી દિશા-વિદિશામાં સંખ્યાત યોજન સુધી ફેલાવવા તે.

(6) **આહારક સમુદ્ઘાત :** આહારકનું પૂતળું બનાવવા આત્મપ્રદેશોને શરીરની પહોળાઈ જેટલો દંડ કાઢી વિદિશામાં સંખ્યાત યોજન સુધી ફેલાવવા.

(7) **કેવળ સમુદ્ઘાત :** આયુષ્ય સિવાયના ત્રણ અઘાતી કર્મ ખપાવવા માટે 4 સમયમાં આત્મપ્રદેશોને આખા લોકમાં ફેલાવવા તથા 4 સમયમાં તેને સંકોચી લેવા તે.કેવળ સમુદ્ઘાત તેરમા ગુણસ્થાનક વાળા કેવળી ભગવાન

કરે છે. તેની સ્થિતિ આઠ સમયની છે. વેદનીય આદિ પ્રથમ છ સમુદ્ઘાત છદ્મસ્થની છે, પ્રમાદી કરે છે. અસંખ્યાત સમયની તેની સ્થિતિ છે.

**10. સંજ્ઞી-અસંજ્ઞી દ્વાર :**

(1) સંજ્ઞી તે મનવાળા જીવો. (2) અસંજ્ઞી તે મન વિનાના જીવો.

**11. વેદ દ્વાર :** વેદ ત્રણ :

(1) સ્ત્રીવેદ. (2) પુરુષવેદ.

(3) નપુંસકવેદ.

**વેદ :** વિષય અને વિકારની અભિલાષા તે વેદ છે. લિંગ તે ચિહ્ન છે, તેના દ્વારા વેદની ઓળખાણ થાય છે.

(1) **સ્ત્રીવેદ :** જેના ઉદયથી સ્ત્રીને પુરુષ સમાગમની ઈચ્છા થાય.

2) **પુરુષવેદ :** જેના ઉદયથી પુરુષને સ્ત્રી સમાગમની ઈચ્છા થાય.

(3) **નપુંસકવેદ :** જેના ઉદયથી નપુંસકને પુરુષ અને સ્ત્રી બંનેના સમાગમની ઈચ્છા થાય.

**12. પર્યાપ્તિ દ્વાર : પર્યાપ્તિ છ :**

(1) આહાર પર્યાપ્તિ. (2) શરીર પર્યાપ્તિ.

(3) ઈન્દ્રિય પર્યાપ્તિ. (4) શ્વાસોચ્છવાસ પર્યાપ્તિ.

(5) ભાષા પર્યાપ્તિ. (6) મન પર્યાપ્તિ.

**પર્યાપ્તિ :** એટલે આહાર વગેરેના પુદ્ગલોને ગ્રહણ કરીને શરીર, ઈન્દ્રિય આદિ રૂપમાં પરિણમાવવાની જીવની પૌદ્ગલિક શક્તિ વિશેષને પર્યાપ્તિ કહે છે.

(1) **આહાર પર્યાપ્તિ :** સંસારી જીવ યોનિમાં ઉત્પન્ન થઈને પ્રથમ સમયે જે આહાર કરે છે, તેને ઓજ આહાર કહે છે. તે આહાર ઔદારિક કે વૈક્રિયના પુદ્ગલનો હોય છે. તે આહાર જિંદગીમાં એક જ વાર કરે છે. જે શક્તિથી જીવ ઉત્પત્તિ સ્થાનમાં રહેલા આહારને ખલ (કચરો) અને રસ રૂપમાં પરિણમાવે છે, તે આહાર પર્યાપ્તિ છે.

(2) **શરીર પર્યાપ્તિ :** ગ્રહણ કરેલાં ઓજ આહારના પુદ્ગલોને રસી, લોહી, માંસ, હાડકાં હાડની મજ્જા, ચર્મ, વીર્ય સાત ધાતુમાં પરિણમાવે, તેને શરીર પર્યાપ્તિ કહે છે. શરીર પર્યાપ્તિ પૂર્ણ થાય ત્યાં સુધીના આહારને ઓજ આહાર કહે છે. શરીર પર્યાપ્તિ બંધાયા પછી જ રોમ આહાર શરૂ થાય છે.

(3) **ઈન્દ્રિય પર્યાપ્તિ :** શરીરની આકૃતિમાં કાન, નાક આદિ ઈન્દ્રિયોના અવયવો પ્રગટ થાય છે તે.

(4) **શ્વાસોચ્છવાસ પર્યાપ્તિ:** શ્વાસોચ્છવાસ યોગ્ય પુદ્ગલોને લેવા અને મૂકવાની શક્તિ પ્રાપ્ત થાય છે તે.

(5) **ભાષા પર્યાપ્તિ :** ભાષાના પુદ્ગલો લેવા-મૂકવાની શક્તિ પ્રાપ્ત થાય છે તે.

(6) **મન પર્યાપ્તિ :** મનના પુદ્ગલોને લેવા અને મૂકવાની શક્તિ પ્રાપ્ત થાય તે.

**13. દ્રષ્ટિ દ્વાર :** દ્રષ્ટિ ત્રણ :

(1) સમકિત દ્રષ્ટિ. (2) મિથ્યાત્વ દ્રષ્ટિ.

(3) સમામિથ્યાત્વ દ્રષ્ટિ.

**દ્રષ્ટિ :** તત્ત્વ વિચારણાની પદ્ધતિને દ્રષ્ટિ કહે છે. મનના/આત્માના અભિપ્રાય.

(1) **સમકિત દ્રષ્ટિ :** સુદેવ, સુગુરુ અને સુધર્મ પર શ્રદ્ધા કરવી.

(2) **મિથ્યાત્વ દ્રષ્ટિ :** કુદેવ, કુગુરુ અને કુધર્મની શ્રદ્ધા કરવી.

(3) **સમામિથ્યાત્વ દ્રષ્ટિ :** સર્વ દેવ, સર્વ ગુરુ અને સર્વ ધર્મને સમાન સમજવા.

**14. દર્શન દ્વાર :** દર્શન ચાર :

(1) ચક્ષુદર્શન. (2) અચક્ષુદર્શન.
(3) અવધિદર્શન. (4) કેવળ દર્શન.

**દર્શન :** જેનાથી વસ્તુના સામાન્ય સ્વરૂપને જોવું તે.

(1) **ચક્ષુદર્શન :** આંખ દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ.
(2) **અચક્ષુદર્શન :** આંખ સિવાયની બીજી ઈન્દ્રિયો તથા મન દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ.
(3) **અવધિદર્શન :** આત્મદ્રવ્ય દ્વારા મર્યાદિત ક્ષેત્રમાં રહેલાં રૂપી દ્રવ્યોનો સામાન્ય બોધ. અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન થયા પહેલાં જે સામાન્ય બોધ થાય તે.
(4) **કેવળદર્શન :** સંપૂર્ણ લોકાલોકના સર્વ દ્રવ્યોનો સામાન્ય બોધ તે.

**15. જ્ઞાન દ્વાર : જ્ઞાન પાંચ :**

(1) મતિજ્ઞાન. (2) શ્રુતજ્ઞાન.
(3) અવધિજ્ઞાન. (4) મન:પર્યવજ્ઞાન.
(5) કેવળજ્ઞાન.

**અજ્ઞાન ત્રણ :**

(1) મતિઅજ્ઞાન (2) શ્રુતઅજ્ઞાન.
(3) વિભંગજ્ઞાન.

**જ્ઞાન :** એટલે જેનાથી વસ્તુને વિશેષરૂપે જાણવી તે.

**મિથ્યાદ્રષ્ટિ જીવોને અજ્ઞાન અને સમકિતી જીવોને જ્ઞાન હોય છે.**

(1) **મતિજ્ઞાન :** મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પાંચ ઈન્દ્રિય તથા

મન દ્વારા વસ્તુનું જે યથાર્થ જ્ઞાન થાય છે, તે મતિજ્ઞાન છે.

(2) **શ્રુતજ્ઞાન :** શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી શબ્દ દ્વારા અર્થનું યથાર્થ જ્ઞાન થાય અથવા સૂત્રજ્ઞાન થાય તે.

(3) **અવધિજ્ઞાન :** અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી આત્મા દ્વારા રૂપી દ્રવ્યોને જાણનારું જે મર્યાદિત યથાર્થ જ્ઞાન થાય, તેને અવધિજ્ઞાન કહે છે. મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને તપ સંયમથી ઉત્પન્ન થાય છે.તીર્થંકર ને જન્મથીજ પ્રથમ ત્રણ જ્ઞાન હોય છે.

(4) **મન:પર્યવજ્ઞાન:**મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી જીવોના મનના ભાવોને જાણનારું જ્ઞાન, તે મનઃપર્યવજ્ઞાન છે. દરેક તીર્થંકર દીક્ષા લે ત્યારે તરત આ જ્ઞાન ઉત્પન્ન થાય છે. આ જ્ઞાન માત્ર સાધુ-સાધ્વીને જ થાય છે.

(5) **કેવળજ્ઞાન :** કેવળજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વ દ્રવ્યોના, સર્વ ગુણોની, સર્વ પર્યાયોને આત્મા દ્વારા એકી સાથે એક સમયમાં જાણે તે.
પ્રથમ બે જ્ઞાન **પરોક્ષ** છે કારણ કે, તે મન અને ઈન્દ્રિયની સહાયથી થાય છે. અંતિમ ત્રણ **પ્રત્યક્ષ જ્ઞાન** છે. તે આત્માથી જ જાણે છે. તેમાં ઈન્દ્રિય કે મનની જરૂર પડતી નથી.

(6) **મતિઅજ્ઞાન :** પાંચ ઈન્દ્રિય તથા મન દ્વારા જે વસ્તુનું અયથાર્થ (અસત્ય) જ્ઞાન થાય તેને મતિઅજ્ઞાન કહે છે.

(7) **શ્રુતઅજ્ઞાન :** શબ્દ દ્વારા અર્થનું અયથાર્થ જ્ઞાન થાય તે શ્રુતઅજ્ઞાન.

(8) **વિભંગજ્ઞાન :** રૂપી દ્રવ્યોને જાણનારું જે મર્યાદિત અયથાર્થ જ્ઞાન થાય તેને વિભંગજ્ઞાન કહે છે. જે અસંજ્ઞી જીવ મરીને નરક કે દેવ ગતિમાં જાય છે તેને ત્યાં પર્યાપ્તા થયા બાદ વિભંગજ્ઞાન થાય છે.

**16. યોગ દ્વાર :** (વ્યાપાર, ક્રિયા) યોગ પંદર :

(1) સત્ય મનયોગ. (2) અસત્ય મનયોગ.
(3) મિશ્ર મનયોગ. (4) વ્યવહાર મનયોગ.
(5) સત્ય વચનયોગ. (6) અસત્ય વચનયોગ.
(7) મિશ્ર વચનયોગ. (8) વ્યવહાર વચનયોગ.
(9) ઔદારિક શરીર કાયયોગ. (10) ઔદારિક મિશ્ર શરીર કાયયોગ.
(11) વૈક્રિય શરીર કાયયોગ. (12) વૈક્રિય મિશ્ર શરીર કાયયોગ.
(13) આહારક શરીર કાયયોગ. (14) આહારક મિશ્ર શરીર કાયયોગ.
(15) કાર્મણ શરીર કાયયોગ.

**યોગ :** યોગ એટલે મન, વચન અને કાયાનો વ્યાપાર અથવા શુભાશુભ ક્રિયા.યોગ એટલે આત્મપ્રદેશનું કંપન.

(1) **સત્ય મનયોગ :** મનથી તત્ત્વનો સત્ય વિચાર કરવો.

(2) **અસત્ય મનયોગ :** મનથી તત્ત્વનો અસત્ય વિચાર કરવો.

(3) **મિશ્ર મનયોગ :** મનથી સત્ય મૃષા વિચાર કરવો.

(4) **વ્યવહાર મનયોગ :** જેમાં સત્ય અને મૃષા રહિત વિચાર કરવા. (આજ્ઞા, યાચના, પૃચ્છા, અનેક અર્થવાળા, ગંભીર વિચાર વગેરે.

(5) **સત્ય વચનયોગ :** સત્ય બોલવું.

(6) **અસત્ય વચનયોગ :** અસત્ય બોલવું.

(7) **મિશ્ર વચનયોગ :** સાચું-ખોટું બોલવું.

(8) **વ્યવહાર વચનયોગ :** વ્યવહાર ભાષા બોલવી.

(9) **ઔદારિક શરીર કાયયોગ :** ઔદારિક શરીરના પુદ્ગલ સમૂહથી થતો વ્યાપાર.

(10) **ઔદારિક મિશ્ર શરીર કાયયોગ :** વૈક્રિય, આહારક કે કાર્મણ શરીર સાથે મળેલા ઔદારિકના પુદ્ગલને મિશ્ર કહેવાય છે : (ક) જીવ જ્યારે મનુષ્ય કે તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે, ત્યારે પ્રથમ સમયે તૈજસ અને કાર્મણ શરીર દ્વારા ઔદારિકના પુદ્ગલને ગ્રહણ કરે છે, ત્યારે ઔદારિક મિશ્ર કાયયોગ બને છે. શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી તે રહે છે. (ખ) લબ્ધિથી ફોરવેલા આહારક કે વૈક્રિયમાંથી ઔદારિકમાં પાછા ફરે ત્યારે ઔદારિક મિશ્ર કાયયોગ બને છે. (ગ) કેવળીને કેવળ સમુદ્ઘાતના બીજા, છઠ્ઠા, સાતમા સમયે હોય છે.

(11) **વૈક્રિય શરીર કાયયોગ :** વૈક્રિય શરીરના પુદ્ગલ સમૂહથી થતો વ્યાપાર.

(12) **વૈક્રિય મિશ્ર શરીર કાયયોગ :** દેવ, નારકીને અપર્યાપ્ત અવસ્થામાં તથા ઉત્તર વૈક્રિય શરીર બનાવે ત્યારે વૈક્રિય મિશ્ર કાયયોગ હોય. મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય કે વાયુકાયને ઔદારિક શરીરમાંથી વૈક્રિય શરીર બનાવતી વખતે વૈક્રિય મિશ્ર કાયયોગ હોય.

(13) **આહારક શરીર કાયયોગ અને**

(14) **આહારક મિશ્ર શરીર કાયયોગ :** ચૌદ પૂર્વધર મુનિ લબ્ધિ દ્વારા આહારક શરીર બનાવવાની શરૂઆત કરે ત્યારે આહારક મિશ્ર કાયયોગ. જ્યારે શરીર બની જાય અને પોતાનું કાર્ય કરે ત્યારે આહારક કાયયોગ.

(15) **કાર્મણ શરીર કાયયોગ :** (ક) એક ગતિમાંથી બીજી ગતિમાં ઉત્પન્ન થવા વાટે વહેતા (જઈ રહેલા) જીવોને વિગ્રહગતિમાં કાર્મણ કાયયોગ હોય છે. (ખ) કેવળીને કેવળ સમુદ્ઘાતના ત્રીજા, ચોથા, પાંચમા સમયે હોય છે.

**17. ઉપયોગ દ્વાર :** ઉપયોગ બાર :

| | |
|---|---|
| (1) મતિજ્ઞાન. | (2) શ્રુતજ્ઞાન. |
| (3) અવધિજ્ઞાન. | (4) મન:પર્યવજ્ઞાન. |
| (5) કેવળજ્ઞાન. | (6) મતિઅજ્ઞાન. |
| (7) શ્રુતઅજ્ઞાન. | (8) વિભંગજ્ઞાન. |
| (9) ચક્ષુદર્શન. | (10) અચક્ષુદર્શન. |
| (11) અવધિદર્શન. | (12) કેવળદર્શન. |

**ઉપયોગ :** એટલે જ્ઞાન અને દર્શનમાં આત્માની પ્રવૃત્તિ, આત્માનો સ્વભાવ. તેના બે પ્રકાર છે :

**(1) સાકાર ઉપયોગ** એટલે જ્ઞાનનો ઉપયોગ (5 જ્ઞાન, 3 અજ્ઞાન).

**(2) અનાકાર ઉપયોગ** એટલે દર્શનનો ઉપયોગ (4 દર્શન).

**18. આહાર દ્વાર :** આહાર ત્રણ પ્રકારનો :

**(1) ઓજ આહાર :** જીવ જ્યારે યોનિમાં ઉત્પન્ન થાય છે, ત્યારે પ્રથમ સમયે લેવાતા પુદ્ગલનો આહાર શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધીનો આહાર.

**(2) રોમ આહાર :** શરીરના છિદ્રો દ્વારા લેવાતો આહાર.

**(૩) કવળ આહાર :** કોળિયાથી લેવાતો આહાર.

**આહારના બીજા ત્રણ પ્રકાર તે**

**(1) સચિત આહાર :** સચિત પુદ્ગલોનો લેવાતો આહાર.

**(2) અચિત આહાર :** અચિત પુદ્ગલોનો લેવાતો આહાર.

**(૩) મિશ્ર આહાર :** સચિત અને અચિત બંનેના મિશ્ર પુદ્ગલોનો લેવાતો આહાર.

**19. ઊપજવાનો દ્વાર :** જીવો પૂર્વભવમાંથી આવીને યોનિમાં ઊપજે તે. તેનું પરિમાણ (માપ) 1 સમયમાં 1, 2, 3 યાવત્ સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા જીવ છે.

**20. સ્થિતિ દ્વાર :** સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની.

**21. મરણ દ્વાર :**

**(1) સમોહિયા મરણ :** જે ઈલિકા ગતિ સમુદ્ઘાત કરે, ઈયળની જેમ ચાલે એટલે કે જીવના પ્રદેશ ધીરે-ધીરે નીકળે તે. અર્થાત્ સમુદ્ઘાત અવસ્થામાં મરણ થવું.

**(2) અસમોહિયા મરણ :** જે દડીની પેઠે ચાલે અર્થાત્ બંદૂકની ગોળીની જેમ જીવના પ્રદેશ એકસાથે નીકળે તે.

**22. ચવણ દ્વાર :** જીવો વર્તમાન ભવને છોડીને અન્ય ભવની પર્યાયને ધારણ કરે તે. તેનું પરિમાણ એક સમયમાં 1, 2, 3 યાવત્ સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા જીવ છે.

**23. આગતિ દ્વાર :** 4 ગતિમાંથી જીવ આવે.

(1) નારકી. (2) તિર્યંચ.

(૩) મનુષ્ય. (4) દેવ.

24 દંડકમાંથી આવે. તે સાત નરકનો 1 દંડક; 10 ભવનપતિના 10 દંડક તે અસુરકુમાર નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર; પાંચ સ્થાવરના પાંચ દંડક તે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય; 3 વિકલેન્દ્રિયના 3 દંડક તે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય; 1 તિર્યંચ પંચેન્દ્રિયનો દંડક, 1 મનુષ્યનો દંડક, 1 વાણવ્યંતર દેવનો દંડક, 1 જ્યોતિષી દેવનો દંડક, 1 વૈમાનિક દેવનો દંડક.

**24. ગતિ દ્વાર :** પાંચ ગતિમાં જીવ જાય તે.

(1) નરક ગતિમાં.
(2) તિર્યંચ ગતિમાં.
(3) મનુષ્ય ગતિમાં.
(4) દેવ ગતિમાં.
(5) સિદ્ધ ગતિમાં.

તથા ચોવીસ દંડકમાં જાય ઉપર પ્રમાણે.

**24 દ્વારથી 24 દંડકનો વિસ્તાર સમજાવવામાં આવે છે.**

**નારકીનો 1 તથા દેવના 13 દંડક એમ વૈક્રિયના 14 દંડક સાથે**

**1. શરીર દ્વાર :** નારકીમાં અને દેવમાં શરીર ત્રણ –

(1) વૈક્રિય.
(2) તૈજસ.
(3) કાર્મણ.

**2. અવગાહના દ્વાર :**

**નારકીની અવગાહના**

| નરક | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|---|
| **પહેલી નરકે** | આંગુલના અસંખ્યાતમા ભાગની | પોણાઆઠ ધનુષ્ય ને છ આંગુલની |
| **બીજી નરકે** | આંગુલના અસંખ્યાતમા ભાગની | સાડા પંદર ધનુષ્ય ને બાર આંગુલ |

| | | |
|---|---|---|
| **ત્રીજી નરકે** | આંગુલના અસંખ્યાતમા ભાગની | સવાએકત્રીસ ધનુષ્યની |
| **ચોથી નરકે** | આંગુલના અસંખ્યાતમા ભાગની | સાડીબાસઠ ધનુષ્યની |
| **પાંચમી નરકે** | આંગુલના અસંખ્યાતમા ભાગની | સવાસો ધનુષ્યની |
| **છઠ્ઠી નરકે** | આંગુલના અસંખ્યાતમા ભાગની | અઢીસો ધનુષ્યની |
| **સાતમી નરકે** | આંગુલના અસંખ્યાતમા ભાગની | પાંચસો ધનુષ્યની |

**નારકી ઉત્તર વૈક્રિય** (ઉત્તર વૈક્રિય એટલે મૂળ વૈક્રિય શરીરમાંથી બીજા એક કે અનેક વૈક્રિય શરીર બનાવે.) કરે તો જઘન્ય આંગુલના સંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ દરેક નરકની જે ઉત્કૃષ્ટ અવગાહના ઉપર બતાવી છે તેના કરતાં બમણી. પહેલી નરકે સાડાપંદર ધનુષ્ય ને બાર આંગુલ યાવત્ સાતમી નરકે 1000 ધનુષ્યની.

## દેવની અવગાહના

| અવગાહના | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ભવનપતિન,વાણવ્યંતર જ્યોતિષી એ ત્રણેના દેવ અનેદેવીની | આંગુલના અસંખ્યાતમા ભાગની | સાત હાથની |
| 1.2 દેવલોકના દેવ, દેવીની | આંગુલના અસંખ્યાતમા ભાગની | સાત હાથની |
| 3.4 દેવલોકના દેવની | આંગુલના અસંખ્યાતમા ભાગની | છ હાથની |
| 5.6 દેવલોકના દેવની | આંગુલના અસંખ્યાતમા ભાગની | પાંચ હાથની |
| 7.8 દેવલોકના દેવની | આંગુલના અસંખ્યાતમા ભાગની | ચાર હાથની |
| 9. થી 12 દેવલોકના દેવની | આંગુલના અસંખ્યાતમા ભાગની | ત્રણ હાથની |
| 9. ગ્રૈવેયકના દેવની | આંગુલના અસંખ્યાતમા ભાગની | બે હાથની |
| 5. અનુત્તરના દેવની | આંગુલના અસંખ્યાતમા ભાગની | એક હાથની |

ભવનપતિથી બાર દેવલોક સુધીના દેવ ઉત્તર વૈક્રિય કરે તો, જઘન્ય આંગુલના સંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ એક લાખ જોજનની અવગાહના.
નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવોને ઉત્તર વૈક્રિય કરવાની શક્તિ છે પણ ઉત્તર વૈક્રિય કરતા નથી.

3. **સંઘયણ (સંહનન) દ્વાર :** નારકી અસંઘયણી, દેવ અસંઘયણી.
(નારકી, દેવ અસંઘયણી કારણ કે, વૈક્રિય શરીરમાં હાડકાં, લોહી, માંસ આદિ નથી.)

4. **સંસ્થાન દ્વાર :** નારકીમાં હૂંડ સંસ્થાન, ઉત્તરવૈક્રિયમાં હૂંડ સંસ્થાન.
દેવમાં સમચતુરસ્ત્ર સંસ્થાન, ઉત્તર વૈક્રિયમાં વિવિધ સંસ્થાન.

5. **કષાય દ્વાર :** નારકીમાં ચાર કષાય, દેવમાં ચાર કષાય.

6. **સંજ્ઞા દ્વાર :** નારકીમાં સંજ્ઞા ચાર, દેવમાં સંજ્ઞા ચાર.

7. **લેશ્યા દ્વાર :** નારકીમાં લેશ્યા❋ પ્રથમ ત્રણ. પહેલી, બીજી નરકે કાપોત લેશ્યા. ત્રીજી નરકે કાપોતવાળા ઘણા ને નીલ લેશ્યાવાળા થોડા.
ચોથી નરકે નીલ લેશ્યા. પાંચમી નરકે નીલ લેશ્યાવાળા ઘણા ને કૃષ્ણવાળા થોડા. છઠ્ઠી નરકે કૃષ્ણ લેશ્યા, સાતમી નરકે મહાકૃષ્ણ લેશ્યા.

## દેવતામાં લેશ્યા

1.10 ભવનપતિ, 15 પરમાધામી, 16 વાણવ્યંતર અને 10 જૃંભકા એ 51 જાતિના
દેવમાં લેશ્યા પ્રથમ ચાર.

(1) કૃષ્ણ. (2) નીલ.
(3) કાપોત. (4) તેજો.

2. 10 જ્યોતિષી, પહેલું, બીજું દેવલોક અને પહેલા કિલ્વિષી એ દેવના 13 ભેદમાં એક તેજોલેશ્યા.

3. ત્રીજું,ચોથું,પાંચમું દેવલોક,નવ લોકાંતિક અને બીજું કિલ્વિષી એ દેવના 13 ભેદમાં એક પદ્મલેશ્યા.

4. છઠ્ઠા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધી તથા ત્રીજા કિલ્વિષી એ દેવના 17 ભેદમાં એક શુક્લલેશ્યા.

5. પાંચ અનુત્તર વિમાનમાં એક પરમ શુક્લ લેશ્યા.

**8. ઈન્દ્રિય દ્વાર :** નારકીમાં અને દેવતામાં ઈન્દ્રિય પાંચ.

**9. સમુદ્ઘાત દ્વાર :** નારકીમાં ચાર સમુદ્ઘાત

(1) વેદનીય. (2) કષાય.

(3) મારણાંતિક. (4) વૈક્રિય.

**દેવમાં પાંચ સમુદ્ઘાત :**

(1) વેદનીય (2) કષાય

(3) મારણાંતિક (4) વૈક્રિય

(5) તૈજસ.

ભવનપતિથી બારમા દેવલોક સુધી પાંચ સમુદ્ઘાત. નવ ગ્રૈવેયકથી પાંચ અનુત્તર વિમાન સુધી પ્રથમ ત્રણ સમુદ્ઘાત. (લબ્ધિ[1] પાંચની છે પણ ફોરવતાં નથી તેથી)

*એક નારકી, એક દેવની જીવનપર્યંત એક જ લેશ્યા રહે છે, બીજી લેશ્યાના પરિણામ આવે તો પણ તે મૂળ લેશ્યામાં પરિવર્તિત થઈ જાય છે.

**10. સંજ્ઞી દ્વાર :** પહેલી નરકમાં સંજ્ઞી ને અસંજ્ઞી[2], બીજીથી સાતમી નરક સુધી સંજ્ઞી.

**દેવમાં :** ભવનપતિ ને વાણવ્યંતરમાં સંજ્ઞી ને અસંજ્ઞી.

જ્યોતિષીથી પાંચ અનુત્તર વિમાન સુધી, સંજ્ઞી.

**11. વેદ દ્વાર :** નારકીમાં 1 નપુંસકવેદ. ભવનપતિથી બીજા દેવલોક સુધી બે વેદ 1 પુરૂષવેદ અને 2. સ્ત્રીવેદ. ત્રીજા દેવલોકથી અનુત્તર વિમાન સુધી 1 પુરૂષવેદ.

**12. પર્યાપ્તિ દ્વાર :** નારકી અને દેવ બંન્નેમાં અપર્યાપ્તા અને પર્યાપ્તા પાંચ, પાંચ (ભાષા અને મન સાથે પૂર્ણ કરે, તેની એક જ પર્યાપ્તિ ગણી).

**13. દ્રષ્ટિ દ્વાર :** નારકીમાં દ્રષ્ટિ ત્રણ. દેવમાં ભવનપતિથી નવ ગ્રૈવેયક સુધી દ્રષ્ટિ ત્રણ.પાંચ અનુત્તર વિમાનમાં એક સમકિત દ્રષ્ટિ.

**14. દર્શન દ્વાર :** નારકીમાં દર્શન ત્રણ :

(1) ચક્ષુદર્શન (2)અચક્ષુદર્શન

(3) અવધિદર્શન.

**દેવમાં દર્શન ત્રણ :**

(1) ચક્ષુદર્શન (2) અચક્ષુદર્શન

(3) અવધિદર્શન.

**15. જ્ઞાન દ્વાર :** નારકીમાં પ્રથમના ત્રણ જ્ઞાન[1], ત્રણ અજ્ઞાન. દેવમાં : ભવનપતિથી નવ ગ્રૈવેયક સુધી ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન. પાંચ અનુત્તર વિમાનમાં ત્રણ જ્ઞાન.

---

[1] લબ્ધિ એટલે પ્રાપ્તિ, શક્તિ. લબ્ધિ ફોરવવી એટલે પ્રાપ્ત શક્તિને વાપરવી. મનુષ્ય, તિર્યંચ વૈક્રિય શરીર બનાવે તો તેણે વૈક્રિય લબ્ધિ ફોરવી કહેવાય. દેવ, નારકી ઉત્તર વૈક્રિય બનાવે તો તેણે વૈક્રિય લબ્ધિ ફોરવી કહેવાય. આવી રીતે સાધુ આહારક શરીર બનાવે તો તેણે આહારક લબ્ધિ ફોરવી કહેવાય.

**16. યોગ દ્વાર :** નારકીમાં અને દેવમાં યોગ (11) 4 મનના, 4 વચનના એ (8) તથા (9) વૈક્રિય શરીર કાયયોગ[2], (10) વૈક્રિય મિશ્ર શરીર કાયયોગ, (11) કાર્મણ શરીર કાયયોગ.

**17. ઉપયોગ દ્વાર :** નારકીમાં 9 ઉપયોગ અને દેવમાં : ભવનપતિથી નવ ગ્રૈવેયક સુધી 9 ઉપયોગ. તે (1) મતિજ્ઞાન, (2) શ્રુતજ્ઞાન, (3) અવધિજ્ઞાન, (4) મતિઅજ્ઞાન, (5) શ્રુતઅજ્ઞાન, (6) વિભંગજ્ઞાન, (7) ચક્ષુદર્શન, (8) અચક્ષુદર્શન, (9) અવધિદર્શન. (15 પરમાધામી અને 3 કિલ્વિષીમાં 3 અજ્ઞાન 3 દર્શન પાંચ અનુત્તર વિમાનમાં છ ઉપયોગ તે  3 જ્ઞાન 3 દર્શન)

**18. આહાર દ્વાર :** નારકી[2], દેવમાં બે પ્રકારનો આહાર : (1) ઓજ, (2) રોમ. છ દિશાનો આહાર લે. કરે એક પ્રકારનો. નારકી અચિત[3] પણ અશુભ કરે. દેવ અચિત્ત[5] પણ શુભ કરે.

**19. ઊપજવાનો દ્વાર :** નારકી તથા ભવનપતિથી આઠમા દેવલોક સુધી એક સમયમાં જઘન્ય 1, 2, 3 યાવત્ સંખ્યાતા ઉત્કૃષ્ટ અસંખ્યાતા જીવ ઉત્પન્ન થાય. નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધી જ. 1, 2, 3 યાવત્ ઉત્કૃષ્ટ સંખ્યાતા જીવ ઉત્પન્ન થાય.

---

[2] અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવ મરીને પ્રથમ નરકમાં તથા ભવનપતિ અને વાણવ્યંતર દેવમાં આવે છે, તે અપર્યાપ્તા અવસ્થામાં અસંજ્ઞી કહેવાય. પર્યાપ્તા થયા પછી સંજ્ઞી કહેવાય. અસંજ્ઞી જીવ હોય તો પર્યાપ્તો થાય પછી વિભંગજ્ઞાન થાય છે. જો સંજ્ઞી જીવ મરીને નારકી કે દેવ થાય તો તેને વાટે વહેતાના પ્રથમ સમયે જ તે સમકિતી હોય તો અવધિજ્ઞાન અને મિથ્યાત્વી હોય તો વિભંગજ્ઞાન થાય છે.
પાંચ અનુત્તર વિમાનમાં છ ઉપયોગ, તે ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન[3]

**20. સ્થિતિ દ્વાર :**

| નારકીની સ્થિતિ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| પહેલી નરકના નારકી | 10,000 વર્ષ | 1 સાગરોપમ |
| બીજી નરક નારકી | 1 સાગર | 3 સાગરોપમ |
| ત્રીજી નરક નારકી | 3 સાગર | 7 સાગરોપમ |
| ચોથી નરક નારકી | 7 સાગર | 10 સાગરોપમ |
| પાંચમી નરક નારકી | 10 સાગર | 17 સાગરોપમ |
| છઠ્ઠી નરક નારકી | 17 સાગર | 22 સાગરોપમ |
| સાતમી નરકના નારકી | 22 સાગર | 33 સાગરોપમ |

| દેવતાની સ્થિતિ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| દક્ષિણ દિશાના અસુરકુમારના દેવની, | 10,000 વર્ષ | 1 સાગરોપમ |
| તેની દેવીની | 10,000 વર્ષ | સાડાત્રણ પલ્યની |
| તેના 9 ભવનપતિ દેવની | 10,000 વર્ષ | દોઢ પલ્યની |
| તેની દેવીની | 10,000 વર્ષ | પોણા પલ્યની |
| ઉત્તર દિશાના અસુરકુમાર દેવની | 10,000 વર્ષ | 1 સાગર ઝાઝેરી |
| તેની દેવીની | 10,000 વર્ષ | સાડાચાર પલ્યની |
| તેના 9 ભવનપતિ દેવની | 10,000 વર્ષ | બે પલ્યમાં દેશ ઊણી |
| તેની દેવીની | 10,000 વર્ષ | 1 પલ્યમાં દેશ ઊણી |
| વાણવ્યંતરના દેવની | 10,000 વર્ષ | એક પલ્યની |

| | | |
|---|---|---|
| વાણવ્યંતરની દેવીની | 10,000 વર્ષ | અર્ધપલ્યની |
| ચંદ્રના દેવની | પા પલ્યની | 1 પલ્યને 1 લાખ વર્ષની |
| ચંદ્રની દેવીની | પા પલ્યની | અર્ધપલ્યને 50,000 વર્ષ |
| સૂર્યના દેવની | પા પલ્યની | એક પલ્યને એક હજાર વર્ષ |
| સૂર્યની દેવીની | પા પલ્યની | અર્ધપલ્યને પાંચસો વર્ષ |
| ગ્રહના દેવની | પા પલ્યની | એક પલ્યની |
| ગ્રહની દેવીની | પા પલ્યની | એક પલ્યની |
| નક્ષત્રના દેવની | પા પલ્યની | અર્ધ પલ્યની |
| નક્ષત્રના દેવીની | પા પલ્યની | અર્ધ પલ્યની ઝાઝેરી |
| તારાના દેવની | પલ્યનો 8 મો ભાગ | પા પલ્ય |
| તારાની દેવીની | પલ્યનો 8 મો ભાગ | પલ્યનો 8 મો ભાગ ઝાઝેરી |
| પહેલા દેવલોકના દેવની | એક પલ્ય | બે સાગર |
| તેની પરિગ્રહિતા દેવીની | એક પલ્યની | સાત પલ્યની |
| તેની અપરિગ્રહિતા દેવીની | એક પલ્યની | 50 પલ્યની |
| પ્રથમ કિલ્વિષિકની | 3 પલ્ય | 3 પલ્ય |
| બીજા દેવલોકના દેવની | 1 પલ્ય ઝાઝેરી | બે સાગર ઝાઝેરી |

| | | |
|---|---|---|
| તેની પરિગ્રહિતા દેવીની | 1 પલ્ય ઝાઝેરી | નવ પલ્યની |
| તેની અપરિગ્રહિતા દેવીની | 1 પલ્ય ઝાઝેરી | 55 પલ્યની |
| બીજા કિલ્વિષિકની | 3 સાગર | 3 સાગર |
| ત્રીજા દેવલોકના દેવની | 2 સાગર | 7 સાગર |
| ચોથા દેવલોકના દેવની | 2 સાગર ઝાઝેરી | 7 સાગર ઝાઝેરી |
| પાંચમા દેવલોકના દેવની | 7 સાગર | 10 સાગર |
| 9 લોકાંતિક દેવની | 7 સાગર | 8 સાગર |
| ત્રીજા કિલ્વિષિકની | 13 સાગર | 13 સાગર |
| છઠ્ઠા દેવલોકના દેવની | 10 સાગર | 14 સાગર |
| સાતમા દેવલોકના દેવની | 14 સાગર | 17 સાગર |
| આઠમા દેવલોકના દેવની | 17 સાગર | 18 સાગર |
| નવમા દેવલોકના દેવની | 18 સાગર | 19 સાગર |
| દસમા દેવલોકના દેવની | 19 સાગર | 20 સાગર |
| 11 મા દેવલોકના દેવની | 20 સાગર | 21 સાગર |
| 12 મા દેવલોકના દેવની | 21 સાગર | 22 સાગર |
| પહેલી ગ્રૈવેયકના દેવની | 22 સાગર | 23 સાગર |
| બીજી ગ્રૈવેયકના દેવની | 23 સાગર | 24 સાગર |
| ત્રીજી ગ્રૈવેયકના દેવની | 24 સાગર | 25 સાગર |
| ચોથી ગ્રૈવેયકના દેવની | 25 સાગર | 26 સાગર |
| પાંચમી ગ્રૈવેયકના દેવની | 26 સાગર | 27 સાગર |
| છઠ્ઠી ગ્રૈવેયકના દેવની | 27 સાગર | 28 સાગર |

| | | |
|---|---|---|
| સાતમી ગ્રૈવેયકના દેવની | 28 સાગર | 29 સાગર |
| આઠમી ગ્રૈવેયકના દેવની | 29 સાગર | 30 સાગર |
| નવમી ગ્રૈવેયકના દેવની | 30 સાગર | 31 સાગર |
| ચાર અનુત્તર વિમાનના દેવની | 31 સાગર | 33 સાગર |
| પાંચમા અનુત્તર વિમાનના દેવની | 33 સાગર | 33 સાગર |

**21. મરણ દ્વાર :** નારકી અને દેવમાં આ બંને પ્રકારના મરણ તે સમોહિયા, અસમોહિયા

**22. ચવણ દ્વાર :** નારકી તથા ભવનપતિથી આઠમા દેવલોક સુધી એક સમયમાં જઘન્ય 1, 2, 3 યાવત્ સંખ્યાતા ઉત્કૃષ્ટ અસંખ્યાતા જીવ ચ્યવે. નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધી જ. 1, 2, 3 યાવત્ ઉત્કૃષ્ટ સંખ્યાતા જીવ ચ્યવે.

**23. આગતિ દ્વાર : 24. ગતિ દ્વાર.**

પહેલી નરકથી છઠ્ઠી નરક સુધી, બે ગતિનો આવે, તે મનુષ્ય ને તિર્યંચ. જાય બે ગતિમાં તે મનુષ્ય ને તિર્યંચમાં. સાતમી નરકમાં બે ગતિનો આવે, તે મનુષ્ય ને તિર્યંચ. જાય એક તિર્યંચ ગતિમાં.

---

[1] સમકિતી જીવને અવધિજ્ઞાન હોય અને મિથ્યાત્વી જીવને વિભંગજ્ઞાન હોય પણ બંનેને દર્શન તો એક અવધિદર્શન જ હોય. તેને સમકિત કે મિથ્યાત્વ સાથે સંબંધ નથી.

[2] નારકી અને દેવમાં જીવ ઉત્પન્ન થયો હોય ત્યારે અને ઉત્તરવૈક્રિય બનાવે ત્યારે વૈક્રિય શરીર મિશ્ર કાયયોગ હોય.

[3] પાંચ અનુત્તર વિમાનમાં એકાંત (માત્ર) સમકિતી જીવો હોવાથી અજ્ઞાન ન હોય[4] કવલ આહાર માત્ર ઔદારિક શરીરી જીવોને જ હોય છે માટે નારકી, દેવને ન હોય.[5] જેવું શરીર હોય તે જ શરીરના પુદ્ગલો આહાર તરીકે લઈ અને પચાવી શકાય છે. નારકી, દેવ વૈક્રિયના પુદ્ગલો આહાર તરીકે ગ્રહણ કરે છે. આ પુદ્ગલો અચેત હોય છે.

પહેલી નરકથી માંડીને છઠ્ઠી નરક સુધીમાં મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય એ બે દંડકનો આવે, જાય બે દંડકમાં તે મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય. સાતમી નરકમાં બે દંડકનો આવે તે મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય, જાય એક દંડકમાં તે તિર્યંચ પંચેન્દ્રિય.

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક, આઠમા દેવલોક સુધી બે ગતિનો આવે, તે મનુષ્ય ને તિર્યંચ. જાય બે ગતિમાં મનુષ્ય ને તિર્યંચમાં. નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધી એક મનુષ્ય ગતિનો આવે ને જાય મનુષ્ય ગતિમાં.

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી ને પહેલા બીજા દેવલોક સુધી તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય બે દંડકમાંથી આવે. જાય પાંચ દંડકમાં – (1) પૃથ્વીકાય, (2) અપકાય, (3) વનસ્પતિકાય, (4) તિર્યંચ પંચેન્દ્રિય અને (૫) મનુષ્ય.
ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધી બે દંડકનો આવે, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય. જાય બે દંડકમાં, તે તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય.
નવમા દેવલોકથી અનુત્તર વિમાન સુધી 1 દંડકનો આવે તે 1 મનુષ્યનો અને જાય એક દંડકમાં તે મનુષ્યમાં.

**।। ઈતિ નારકી અને દેવતાના વૈક્રિય શરીરના 14 દંડક સમાપ્ત।।**

## હવે ઔદારિકના 10 દંડકનો વિસ્તાર કહે છે.
## પાંચ એકેન્દ્રિયના પાંચ દંડક

**1.શરીર દ્વાર :** પૃથ્વી, અપ, તેઉ અને વનસ્પતિ એ ચારમાં શરીર ત્રણ તે (1) ઔદારિક, (2) તૈજસ, (3) કાર્મણ. વાયુકાયમાં શરીર ચાર તે.
(1) ઔદારિક, (2) વૈક્રિય, (3) તૈજસ, (4) કાર્મણ.

**2. અવગાહના દ્વાર :** પૃથ્વી, અપ, તેઉ, વાયુ એ ચાર એકેન્દ્રિયની અવગાહના જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ આંગુલના અસંખ્યાતમા ભાગની. (પરંતુ જઘન્યથી ઉત્કૃષ્ટ અસંખ્યાતગણું છે). વાયુકાયની ઉત્તર વૈક્રિય કરે તો જ. ઉ. આંગુલના અસંખ્યાતમા ભાગની. વનસ્પતિની અવગાહના જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ એક હજાર જોજન ઝાઝેરી, કમલની નાલ આશ્રી.

**3. સંઘયણ (સંહનન) દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં એક છેવટું સંઘયણ.

**4. સંઠાણ દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં એક હૂંડ સંસ્થાન.

**5. કષાય દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં કષાય ચાર.

**6. સંજ્ઞા દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં સંજ્ઞા ચાર.

**7. લેશ્યા દ્વાર :** બાદર પૃથ્વી, બાદર અપ અને પ્રત્યેક વનસ્પતિ એ ત્રણ એકેન્દ્રિયના અપર્યાપ્તામાં લેશ્યા ચાર, તે (1) કૃષ્ણ, (2) નીલ, (3) કાપોત,

*પૃથ્વી, પાણી, વનસ્પતિમાં 51 જાતિના દેવ ચ્યવીને આવતાં હોય છે. તેમનામાં મૃત્યુ સમયે જે લેશ્યા હોય, તે લેશ્યા તે બીજી ગતિમાં સાથે લઈ આવે છે. તેથી પૃથ્વી વગેરેમાં તેજો લેશ્યા અપર્યાપ્તા અવસ્થામાં હોય છે.

(4) તેજો. બાદર પૃથ્વી, બાદર અપ. અને પ્રત્યેક વનસ્પતિના પર્યાપ્તામાં પહેલી ત્રણ લેશ્યા. સાધારણ વનસ્પતિ કાય તથા સૂક્ષ્મ એકેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તામાં લેશ્યા પ્રથમ ત્રણ. તેઉ, વાઉ એ બે માં ત્રણ લેશ્યા પ્રથમની.

**8. ઈન્દ્રિય દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં એક ઈન્દ્રિય તે સ્પર્શેન્દ્રિય.

**9. સમુદ્ઘાત દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં વાયુકાય વર્જીને બાકી ચાર એકેન્દ્રિયમાં ત્રણ સમુદ્ઘાત તે (1) વેદનીય, (2) કષાય, (3) મારણાંતિક. વાયુકાયમાં ચાર સમુદ્ઘાત. (1) વેદનીય, (2) કષાય, (3) મારણાંતિક, (4) વૈક્રિય. (વાયુકાયના 4 ભેદમાંથી માત્ર બાદર પર્યા. વાયુમાં)

**10. સંજ્ઞી દ્વાર :** પાંચ એકેન્દ્રિય અસંજ્ઞી.

**11. વેદ દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં નપુંસકવેદ.

**12. પર્યાપ્તિ દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં પર્યાપ્તિ પહેલી ચાર અને અપર્યાપ્તિ પહેલી ચાર.

**13. દ્રષ્ટિ દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં એક મિથ્યાદ્રષ્ટિ.

**14. દર્શન દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં એક અચક્ષુદર્શન.

**15. જ્ઞાન દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં બે અજ્ઞાન, તે (1) મતિઅજ્ઞાન, (2) શ્રુતઅજ્ઞાન.

**16. યોગ દ્વાર :** વાયુકાય વર્જીને બાકીના ચાર એકેન્દ્રિયમાં યોગ ત્રણ (1) ઔદારિક શરીર કાયયોગ, (2) ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, (3)

કાર્મણ શરીર કાયયોગ. વાયુકાયમાં યોગ પાંચ, ઉપરના 3 અને 4 વૈક્રિય શરીર કાયયોગ, 5 વૈક્રિય મિશ્ર શરીર કાયયોગ.

17. **ઉપયોગ દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં ઉપયોગ ત્રણ (1) મતિઅજ્ઞાન, (2) શ્રુતઅજ્ઞાન, (3) અચક્ષુદર્શન.

18. **આહાર દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં અલોકની દિશાઓનો વ્યાઘાત પડે તો ત્રણ દિશાનો, ચાર દિશાનો, પાંચ દિશાનો આહાર લે, અને વ્યાઘાત ન પડે તો છ દિશાનો આહાર લે. બે પ્રકારનો આહાર લે, તે (1) ઓજ, (2) રોમ, તે (1) સચિત, (2) અચિત, (3) મિશ્ર આહાર લે.

19. **ઊપજવાનો દ્વાર :** વનસ્પતિ વર્જીને બાકી ચાર સ્થાવરમાં જો પાંચે સ્થાવરના જીવ ઊપજે તો પ્રતિ સમય નિરંતર અસંખ્યાતા જીવ ઊપજે, જો ત્રસ જીવ ઊપજે તો એક સમયમાં જ. 1, 2, 3 જાવ સંખ્યાત, ઉત્કૃષ્ટ અસંખ્યાત જીવ ઊપજે.વનસ્પતિકાયમાં જો ચાર સ્થાવરના જીવો આવીને ઉપજે તો પ્રતિ સમય અસંખ્યાતા જીવ ઉપજે, વનસ્પતિના જીવો આવી ઉપજે તો અનંત ઉપજે, જો ત્રસ જીવ ઉપજે તો એક સમયમાં જ. 1, 2, 3 જાવ સંખ્યાત, ઉત્કૃષ્ટ અસંખ્યાત જીવ ઉપજે.

20. **સ્થિતિ દ્વાર :**

| એકેન્દ્રિયનું નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| (1) પૃથ્વીકાય | અંતર્મુહૂર્તની | 22,000 વર્ષની |
| (2) અપકાય | અંતર્મુહૂર્તની | 7,000 વર્ષની |
| (3) તેઉકાય | અંતર્મુહૂર્તની | ત્રણ અહોરાત્રિની |
| (4) વાઉકાય | અંતર્મુહૂર્તની | 3,000 વર્ષની |
| (5) વનસ્પતિકાય | અંતર્મુહૂર્તની | 10,000 વર્ષની |

**21. મરણ દ્વાર :** પાંચ એકેન્દ્રિયમાં બંને પ્રકારના મરણ તે સમોહિયા અને અસમોહિયા.

**22. ચવણ દ્વાર :** જે પ્રકારે ઊપજવાના દ્વાર 19માં બતાવ્યું તે પ્રમાણે ચ્યવન સમજવું.

**23. આગતિ દ્વાર, 24. ગતિ દ્વાર :**

પૃથ્વી, પાણી, વનસ્પતિ, એ ત્રણ એકેન્દ્રિયમાં ત્રણ ગતિનો આવે (1) મનુષ્ય, (2) તિર્યંચ, (3) દેવનો. જાય તે ગતિમાં (1) મનુષ્ય, (2) તિર્યંચ એ બેમાં જાય. તેઉકાય, વાઉકાય એ બે એકેન્દ્રિયમાં બે ગતિનો આવે 1 મનુષ્ય, 1 તિર્યંચ. જાય એક ગતિમાં તે તિર્યંચમાં.

પૃથ્વી, પાણી, વનસ્પતિ એ ત્રણ એકેન્દ્રિયમાં ત્રેવીસ દંડકનો આવે, એક નારકીનો વર્જીને. જાય 10 દંડકમાં પાંચ એકેન્દ્રિય, 3 વિકલેન્દ્રિય, 1 મનુષ્ય, 1 તિર્યંચ મળી 10.

તેઉકાય, વાઉકાય એ બે એકેન્દ્રિયમાં દસ દંડકનો આવે, તે પાંચ એકેન્દ્રિય, 3 વિકલેન્દ્રિય, એક મનુષ્ય, એક તિર્યંચ પંચેન્દ્રિય એમ દસ. જાય નવ દંડકમાં તે પાંચ એકેન્દ્રિય, 3 વિકલેન્દ્રિય, એક તિર્યંચ પંચેન્દ્રિય એમ 9.

**।। ઈતિ પાંચ એકેન્દ્રિયના પાંચ દંડક સમાપ્ત ।।**

## બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય(વિકલેન્દ્રિય)ના 3 દંડક તથા અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય(સંમૂર્ચ્છિમ)નો વિસ્તાર

**1. શરીર દ્વાર :** બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં શરીર ત્રણ (1) ઔદારિક, (2) તૈજસ, (3) કાર્મણ.

**2. અવગાહના દ્વાર :** બધાની અવગાહના જુદી-જુદી નીચે મુજબ.

| | **જઘન્ય અવગાહના** | **ઉત્કૃષ્ટ અવગાહના** |
|---|---|---|
| **બેઈન્દ્રિયની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | બાર (12) જોજનની |
| **તેઈન્દ્રિયની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | ત્રણ (3) ગાઉની |
| **ચૌરેન્દ્રિયની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | ચાર (4) ગાઉની |

---

**અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની અવગાહનાની ગાથા :**
**જોયણ સહસ્સ, ગાઉઅં પુહુત્તં તતો જોયણ પુહુત્તં ।**
**દોણ્ડં તું ધણુહ, પુહુત્તં સમ્મુચ્છિમેં હોઈ ઉચ્ચત્ત ।।**

| | | |
|---|---|---|
| **જલચરની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | એક હજાર યોજનની |
| **સ્થળચરની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | પૃથક્ ગાઉની |
| **ઉરપરિસર્પની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | પૃથક્ યોજનની |
| **ભુજપરિસર્પની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | પૃથક્ ધનુષ્યની |
| **ખેચરની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | પૃથક્ ધનુષ્યની |

**3. સંઘયણ દ્વાર :** ત્રણ વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં સંહનન એક છેવટું.

**4. સંઠાણ દ્વાર :** ત્રણ વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં સંઠાણ એક તે હૂંડ સંસ્થાન,

**5. કષાય દ્વાર :** ત્રણ વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં ચાર કષાય.

**6. સંજ્ઞા દ્વાર :** ત્રણ વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં સંજ્ઞા ચાર.

**7. લેશ્યા દ્વાર :** તેમાં લેશ્યા ત્રણ, (1) કૃષ્ણ, (2) નીલ, (3) કાપોત.

**8. ઈન્દ્રિય દ્વાર :** બેઈન્દ્રિયમાં બે, તેઈન્દ્રિયમાં ત્રણ, ચૌરેન્દ્રિયમાં ચાર, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં પાંચ.

**9. સમુદ્ઘાત દ્વાર :** તેમાં સમુદ્ઘાત ત્રણ (1) વેદનીય, (2) કષાય, (3) મારણાંતિક.

**10. સંજ્ઞી દ્વાર :** ત્રણ વિકલે. તથા અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં બધા અસંજ્ઞી.

**11. વેદ દ્વાર :** તેમાં એક વેદ તે નપુંસકવેદ.

**12. પર્યાપ્તિ દ્વાર :** તેમાં પર્યાપ્તિ પાંચ : (1) આહાર પર્યાપ્તિ, (2) શરીર પર્યાપ્તિ, (3) ઈન્દ્રિય પર્યાપ્તિ, (4) શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ, (5) ભાષા પર્યાપ્તિ. અપર્યાપ્તિ પાંચ.

**13. દ્રષ્ટિ દ્વાર :** તેમના અપર્યાપ્તામાં દ્રષ્ટિ બે – (1) સમકિત દ્રષ્ટિ, (2)

મિથ્યાત્વ દ્રષ્ટિ. પર્યાપ્તામાં એક મિથ્યાત્વ દ્રષ્ટિ.

**14. દર્શન દ્વાર :** બેઈન્દ્રિય, તેઈન્દ્રિયમાં દર્શન એક તે અચક્ષુદર્શન. ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચે.માં દર્શન બે તે – (1) ચક્ષુદર્શન, (2) અચક્ષુદર્શન.

**15. જ્ઞાન દ્વાર :** તેમના અપર્યાપ્તા[1] માં બે જ્ઞાન (1) મતિ જ્ઞાન, (2) શ્રુત જ્ઞાન. અજ્ઞાન બે (1) મતિઅજ્ઞાન, (2) શ્રુતઅજ્ઞાન. પર્યાપ્તામાં અજ્ઞાન બે (1) મતિઅજ્ઞાન, (2) શ્રુતઅજ્ઞાન.

**16. યોગ દ્વાર :** તેમાં યોગ ચાર : (1) વ્યવહાર વચનયોગ[2], (2) ઔદારિક શરીર કાયયોગ, (3) ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, (4) કાર્મણ શરીર કાયયોગ.

**17. ઉપયોગ દ્વાર :** બેઈન્દ્રિય, તેઈન્દ્રિયના અપર્યાપ્તામાં પાંચ ઉપયોગ. (1) મતિજ્ઞાન, (2) શ્રુતજ્ઞાન, (3) મતિઅજ્ઞાન, (4) શ્રુતઅજ્ઞાન, (5) અચક્ષુદર્શન.  પર્યાપ્તામાં 3 ઉપયોગ તે બે અજ્ઞાનને એક અચક્ષુદર્શન. ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના અપર્યાપ્તામાં છ ઉપયોગ. (1) મતિજ્ઞાન, (2) શ્રુતજ્ઞાન, (3) મતિઅજ્ઞાન, (4) શ્રુતઅજ્ઞાન, (5) ચક્ષુદર્શન, (6) અચક્ષુદર્શન. પર્યાપ્તામાં ચાર ઉપયોગ, બે અજ્ઞાન, બે દર્શન.

---

[2] વિકલેન્દ્રિયમાં પર્યાપ્તા થયા પછી જ વ્યવહાર વચનયોગ હોય.

[1] વિકલેન્દ્રિયમાં જીવ જે ગતિમાંથી આવ્યો હોય ત્યાંથી સમ્યગ્ દર્શન (ઉપશમ સમકિત) લઈને આવ્યો હોય તો અપર્યાપ્તામાં જ્ઞાન હોય પણ તે જ્ઞાન પર્યાપ્તા થતાં સુધીમાં મિથ્યાત્વ આવી જવાથી અજ્ઞાન થઈ જાય.

**18. આહાર દ્વાર :** આહાર છ દિશાનો લે, ત્રણ પ્રકારે કરે તે (1) ઓજ, (2) રોમ, (3) કવલ તે 1. સચિત, 2. અચિત અને 3. મિશ્ર કરે.

**19. ઊપજવાનો દ્વાર, 22. ચવણ દ્વાર :** ત્રણ વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં એક સમયમાં જ. 1, 2, 3 જાવ સંખ્યાત, ઉત્કૃષ્ટ અસંખ્યાત ઊપજે અને તે જ પ્રમાણે ચ્યવે.

**20. સ્થિતિ દ્વાર :**

| | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| **બેઈન્દ્રિય** | અંતર્મુહૂર્ત | બાર વર્ષની |
| **તેઈન્દ્રિય** | અંતર્મુહૂર્ત | 49 દિવસની |
| **ચૌરેન્દ્રિય** | અંતર્મુહૂર્ત | છ માસની |

**અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની સ્થિતિ જુદી-જુદી નીચે મુજબ, તેની ગાથા:**

**પુવ્વ ક્રોડ ચઉરાશી, તેપન, બાયાલીસ બહુત્તેર ।**
**સહસ્સાઈ વાસાઈ, સમ્મુચ્છિમે આઉયં હોઈ ।।**

| | | |
|---|---|---|
| **જળચર** | અંતર્મુહૂર્ત | પૂર્વક્રોડ વર્ષની |
| **સ્થળચર** | અંતર્મુહૂર્ત | ચોરાશી હજાર વર્ષની |
| **ઉરપરિસર્પ** | અંતર્મુહૂર્ત | ત્રેપન હજાર વર્ષની |
| **ભુજપરિસર્પ** | અંતમૂહૂર્ત | બેતાળીશ હજાર વર્ષની |
| **ખેચર** | અંતર્મુહૂર્ત | બહોતેર હજાર વર્ષની |

**21. મરણ દ્વાર :** સર્વમાં મરણ બે પ્રકારના સમોહિયા અને અસમોહિયા.

**23. આગતિ દ્વાર, 24. ગતિ દ્વાર :**

બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય બે ગતિનો આવે તે (1) મનુષ્ય, (2) તિર્યંચ. જાય બે ગતિમાં (1) મનુષ્ય, (2) તિર્યંચ.

અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં બે ગતિનો આવે તે (1) મનુષ્ય, (2) તિર્યંચ. જાય ચાર ગતિમાં તે (1) નારકી, (2) તિર્યંચ, (3) મનુષ્ય, (4) દેવ.

બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય એ ત્રણમાં દસ ઔદારિક દંડકનો આવે, તે પાંચ એકેન્દ્રિય, ત્રણ વિકેન્દ્રિય, મનુષ્ય અને તિર્યંચનો. ને જાય પણ તે જ દસમાં. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં દસ ઔદારિકનો આવે તે ઉપર મુજબ દસ કહ્યા તે, જાય બાવીશ દંડકમાં. તે જ્યોતિષી ને વૈમાનિક તે બે સિવાયના બાવીસ દંડકમાં જાય.

**ઈતિ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય (વિકલેન્દ્રિય)ના 3 દંડક.**
**તથા અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય (સંમૂર્ચ્છિમ)નો વિસ્તાર.**

## સંજ્ઞી તિર્યંચ (ગર્ભજ) પંચેન્દ્રિયનો એક દંડક

**1. શરીર દ્વાર :** સંજ્ઞી તિર્યંચમાં શરીર 4 –

(1) ઔદારિક (2) વૈક્રિય

(3) તૈજસ (4) કાર્મણ.

**2. અવગાહના દ્વાર : ગાથા :**

**જોયણ સહસ્સં છ ગાઉ, આઈ તતો જોયણ સહસ્સં ।**
**ગાઉ પુહુત્તં ભુજએ, ધણુહ પુહુત્તં ચ પક્ખીસુ ।।**

| | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|---|
| **જલચરની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | એક હજાર યોજનની |
| **સ્થળચરની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | છ ગાઉની |
| **ઉરપુરની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | એક હજાર યોજનની |
| **ભુજપરની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | પૃથક્ ગાઉની |
| **ખેચરની** | આંગુલનો અસંખ્યાતમો ભાગ | પૃથક્ ધનુષ્યની |

પાંચેય ઉત્તર વૈક્રિય કરે તો જ. આંગુલના સંખ્યાતમા ભાગની, ઉ. (પૃથક સો) નવસો જોજનની.

**3. સંઘયણ (સંહનન) દ્વાર :** તેમાં સંઘયણ છ.

**4. સંઠાણ દ્વાર :** તેમાં સંસ્થાન છ.

**5. કષાય દ્વાર :** તેમાં કષાય ચાર.

**6. સંજ્ઞા દ્વાર :** તેમાં સંજ્ઞા ચાર.

**7. લેશ્યા દ્વાર :** તેમાં લેશ્યા છ.

**8. ઈન્દ્રિય દ્વાર :** તેમાં ઈન્દ્રિય પાંચ.

**9. સમુદ્ઘાત દ્વાર :** તેમાં સમુદ્ઘાત પાંચ તે- (1) વેદનીય, (2) કષાય, (3) મારણાંતિક, (4) વૈક્રિય[1], (5) તૈજસ.

**10. સંજ્ઞી દ્વાર :** તે સંજ્ઞી.

**11. વેદ દ્વાર :** તેમાં વેદ ત્રણ.

**12. પર્યાપ્તિ દ્વાર :** તેમાં પર્યાપ્તિ છ ને અપર્યાપ્તિ છ.

**13. દ્રષ્ટિ દ્વાર :** તેમાં દ્રષ્ટિ ત્રણ.

**14. દર્શન દ્વાર :** તેમાં દર્શન ત્રણ તે – (1) ચક્ષુદર્શન, (2) અચક્ષુદર્શન, (3) અવધિદર્શન.

**15. જ્ઞાન દ્વાર :** તેમાં જ્ઞાન ત્રણ તે (1) મતિજ્ઞાન, (2) શ્રુતજ્ઞાન, (3) અવધિજ્ઞાન.

અજ્ઞાન ત્રણ તે (1) મતિઅજ્ઞાન, (2) શ્રુતઅજ્ઞાન, (3) વિભંગજ્ઞાન.

**16. યોગ દ્વાર :** તેમાં યોગ તેર તે 4 મનના, 4 વચનના એ 8. (9) ઔદારિક શરીર કાયયોગ, (10) ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, (11) વૈક્રિય શરીર કાયયોગ, (12) વૈક્રિય મિશ્ર શરીર કાયયોગ, (13) કાર્મણ શરીર કાયયોગ.

**17. ઉપયોગ દ્વારા :** તેમાં ઉપયોગ 9 તે – (1) મતિજ્ઞાન, (2) શ્રુતજ્ઞાન, (3) અવધિજ્ઞાન, (4) મતિઅજ્ઞાન, (5) શ્રુતઅજ્ઞાન, (6) વિભંગજ્ઞાન, (7) ચક્ષુદર્શન, (8) અચક્ષુદર્શન, (9) અવધિદર્શન.

**18. આહાર દ્વાર :** આહાર ત્રણે પ્રકારનો – ઓજ, રોમ, કવલ તથા સચેત, અચેત, મિશ્ર.

---

[1] સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પણ શ્રાવકપણું પાળી તપ કરી વૈક્રિય લબ્ધિ પ્રાપ્ત કરી શકે છે. તે વૈક્રિય ફોરવે ત્યારે વૈક્રિય મિશ્ર અને પાછા ઔદારિકમાં આવે ત્યારે ઔદારિક મિશ્ર હોય.

**19. ઊપજવાનો દ્વાર 22. ચવણ દ્વાર :** સર્વ તિર્યંચ પંચેન્દ્રિયમાં જ. 1, 2, 3 જાવ સંખ્યાત, ઉત્કૃષ્ટ અસંખ્યાત જીવ ઊપજે તથા ચવે.

**20. સ્થિતિ દ્વાર :**

| | **જઘન્ય સ્થિતિ** | **ઉત્કૃષ્ટ સ્થિતિ** |
|---|---|---|
| જલચરની | અંતર્મુહૂર્તની | પૂર્વ ક્રોડ વર્ષની |
| સ્થળચરની | અંતર્મુહૂર્તની | ત્રણ પલ્યની |
| ઉરપરિસર્પની | અંતર્મુહૂર્તની | પૂર્વ ક્રોડ વર્ષની |
| ભુજ પરિસર્પની | અંતમુહૂર્તની | પૂર્વ ક્રોડ વર્ષની |
| ખેચરની | અંતર્મુહૂર્તની | પલ્યના અસંખ્યાતમાં ભાગની |

**21. મરણ દ્વાર :** સમોહિયા મરણ તે એળની પેઠે ચાલે. અસમોહિયા મરણ તે દડીની પેઠે ચાલે.

**23. આગતિ દ્વાર, 24. ગતિ દ્વાર :** ચાર ગતિનો આવે. ચાર ગતિમાં જાય. ચોવીસ દંડકનો આવે અને જાય ચોવીસ દંડકમાં.

**।। ઈતિ સંજ્ઞી તિર્યંચ (ગર્ભજ) પંચેન્દ્રિયનો એક દંડક સમાપ્ત ।।**

## મનુષ્ય ગર્ભજ પંચેન્દ્રિયનો એક દંડક

**1. શરીર દ્વાર :** મનુષ્ય ગર્ભજમાં શરીર પાંચ.

**2. અવગાહના દ્વાર :** જઘન્ય અવગાહના આંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ અવગાહના જુદી-જુદી નીચે મુજબ.

| **અવસર્પિણી કાળમાં** (ભરત, ઈરવતક્ષેત્રમાં) | |
|---|---|
| પહેલો આરો બેસતાં | ત્રણ ગાઉની |
| પહેલો આરો ઊતરતાં તથા બીજો આરો બેસતાં | બે ગાઉની |
| બીજો આરો ઊતરતાં તથા ત્રીજો આરો બેસતાં | એક ગાઉની |
| ત્રીજો આરો ઊતરતાં તથા ચોથો આરો બેસતાં | પાંચસો ધનુષ્યની |
| ચોથો આરો ઊતરતાં તથા પાંચમો આરો બેસતાં | સાત હાથની |
| પાંચમો આરો ઊતરતાં તથા છઠ્ઠો આરો બેસતાં | બે હાથની |
| છઠ્ઠો આરો ઊતરતાં | એક હાથની. |
| **ઉત્સર્પિણી કાળમાં** (ભરત, ઈરવતક્ષેત્રમાં) | |
| પહેલો આરો બેસતાં | એક હાથની |
| પહેલો આરો ઊતરતાં તથા બીજો આરો બેસતાં | બે હાથની |
| બીજો આરો ઊતરતાં તથા ત્રીજો આરો બેસતાં | સાત હાથની |
| ત્રીજો આરો ઊતરતાં તથા ચોથો આરો બેસતાં | પાંચસો ધનુષ્યની |
| ચોથો આરો ઊતરતાં તથા પાંચમો આરો બેસતાં | એક ગાઉની |
| પાંચમો આરો ઊતરતાં તથા છઠ્ઠો આરો બેસતાં | બે ગાઉની |
| છઠ્ઠો આરો ઊતરતાં | ત્રણ ગાઉની. |

મહાવિદેહ ક્ષેત્રમાં જ. આંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉ. 500 ધનુષ્ય.
મનુષ્ય વૈક્રિય કરે તો જઘન્ય આંગુલનો સંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ લાખ યોજન અધિક.

**3. સંઘયણ (સંહનન) દ્વાર :** તેમાં સંઘયણ છ.

**4. સંઠાણ દ્વાર :** તેમાં સંઠાણ છ.

**5. કષાય દ્વાર :** તેમાં કષાય ચાર તથા અકષાયી.

**6. સંજ્ઞા દ્વાર :** તેમાં સંજ્ઞા ચાર તથા નોસંજ્ઞોપયુક્ત[1].

**7. લેશ્યા દ્વાર :** તેમાં લેશ્યા છ તથા અલેશી.

**8. ઈન્દ્રિય દ્વાર :** તેમાં ઈન્દ્રિય પાંચ તથા અનિન્દ્રિય[2].

**9. સમુદ્ઘાત દ્વાર :** તેમાં સમુદ્ઘાત સાત.

**10. સંજ્ઞી દ્વાર :** તેમાં સંજ્ઞી તથા નોસંજ્ઞી નોઅસંજ્ઞી[3].

**11. વેદ દ્વાર :** તેમાં વેદ ત્રણ તથા અવેદી[4].

**12. પર્યાપ્તિ દ્વાર :** તેમાં પર્યાપ્તિ છ, અપર્યાપ્તિ છ.

**13. દ્રષ્ટિ દ્વાર :** તેમાં દ્રષ્ટિ ત્રણ.

**14. દર્શન દ્વાર :** તેમાં દર્શન ચાર.

**15. જ્ઞાન દ્વાર :** તેમાં જ્ઞાન પાંચ, અજ્ઞાન ત્રણ.

**16. યોગ દ્વાર :** તેમાં યોગ પંદર, તથા અયોગી[5]

**17. ઉપયોગ દ્વાર :** તેમાં ઉપયોગ બાર

**18. આહાર દ્વાર :** તેમાં આહાર ત્રણ પ્રકારનો ઓજ, રોમ, કવલ અને સચેત, અચેત તથા મિશ્ર. અથવા અણાહારક.

---

[1] નોસંજ્ઞોપયુક્તમાં 7 થી 14 ગુણસ્થાનકના જીવો આવે જેમને આહાર આદિની ઈચ્છા ન હોય.

[2] 14મા ગુણસ્થાને ઈન્દ્રિયનો ઉપયોગ નથી તેથી તે અનિન્દ્રિય કેહવાય.

[3] નોસંજ્ઞી નોઅસંજ્ઞીમાં 13મા ગુણસ્થાનવાળા કેવળી તથા 14મા ગુણસ્થાનવાળા અયોગી જીવો નો સમાવેશ થાય છે. જેવો મન હોવા છતાં કેવળી હોવાથી તેનો ઉપયોગ કરતાં નથી.

[4] અવેદી એટલે જેમને વિષય અને વિકારનો વર્તમાને ઉદય નથી તેવા 9 થી 14 ગુણસ્થાનકના જીવો.

[5] અયોગી એટલે જેમને મન, વચન અને કાયાના યોગનો વ્યાપાર નથી તેવા 14મા ગુણસ્થાનકવાળા જીવો

**19. ઊપજવાનો દ્વાર : 22. ચવણ દ્વાર** : એક સમયમાં જ. 1, 2, 3 ઉત્કૃષ્ટ સંખ્યાતા ઊપજે અને ચવે.

**20. સ્થિતિ દ્વાર : અવસર્પિણીકાળમાં** (ભરત, ઈરવત ક્ષેત્રમાં)

| | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|
| પહેલો આરો બેસતાં | ત્રણ પલ્યની, |
| પહેલો આરો ઊતરતાં તથા બીજો આરો બેસતાં | બે પલ્યની, |
| બીજો આરો ઊતરતાં તથા ત્રીજો આરો બેસતાં | એક પલ્યની, |
| ત્રીજો આરો ઊતરતાં તથા ચોથો આરો બેસતાં | એક ક્રોડ પૂર્વની, |
| ચોથો આરો ઊતરતાં, પાંચમો આરો બેસતાં | સો વર્ષ ઝાઝેરી, |
| પાંચમો આરો ઊતરતાં તથા છઠ્ઠો આરો બેસતાં | વીસ વર્ષની, |
| છઠ્ઠો આરો ઊતરતાં | સોળ વર્ષની. |
| **ઉત્સર્પિણીકાળમાં** (ભરત, ઈરવતક્ષેત્રમાં) | |
| પહેલો આરો બેસતાં | સોળ વર્ષની, |
| પહેલો આરો ઊતરતાં તથા બીજો આરો બેસતાં | વીસ વર્ષની, |
| બીજો આરો ઊતરતાં તથા ત્રીજો આરો બેસતાં | સો વર્ષ ઝાઝેરી, |
| ત્રીજો આરો ઊતરતાં તથા ચોથો આરો બેસતાં | એક ક્રોડ પૂર્વની, |
| ચોથો આરો ઊતરતાં, પાંચમો આરો બેસતાં | એક પલ્યની, |
| પાંચમો આરો ઊતરતાં તથા છઠ્ઠો આરો બેસતાં | બે પલ્યની, |
| છઠ્ઠો આરો ઊતરતાં | ત્રણ પલ્યની. |

**21. મરણ દ્વાર :** મરણ બંને પ્રકારના – સમોહિયા અને અસમોહિયા. મહાવિદેહ ક્ષેત્રમાં જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ એક ક્રોડ પૂર્વ વર્ષની. જુગલિક કાળ વર્જીને બધે સ્થિતિ જઘન્ય અંતમુહૂર્ત જાણવી.

**23. આગતિ દ્વાર, 24. ગતિ દ્વાર :** ચાર ગતિનો આવે. ચારે ગતિ તથા પાંચમી મોક્ષ ગતિમાં જાય. બાવીસ દંડકનો આવે તે તેઉકાય અને વાયુકાયના 2 દંડક વર્જીને. જાય ચોવીસ દંડકમાં.

**।। ઈતિ મનુષ્ય ગર્ભજનો દંડક સમાપ્ત ।।**

## મનુષ્ય સંમૂર્ચ્છિમનો વિસ્તાર

**1. શરીર દ્વાર :** શરીર 3 તે (1) ઔદારિક, (2) તૈજસ, કાર્મણ.

**2. અવગાહના દ્વાર :** જ. આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉ. આંગુલના અસંખ્યાતમા ભાગની.

**3. સંઘયણ (સંહનન) દ્વાર :** તેમાં સંઘયણ એક તે છેવટું (સેવાર્ત્ત).

**4. સંઠાણ દ્વાર :** તેમાં સંઠાણ એક તે હૂંડ.

**5. કષાય દ્વાર :** તેમાં કષાય ચાર.

**6. સંજ્ઞા દ્વાર :** તેમાં સંજ્ઞા ચાર.

**7. લેશ્યા દ્વાર :** તેમાં લેશ્યા ત્રણ તે (1) કૃષ્ણ, (2) નીલ, (3) કાપોત.

**8. ઈન્દ્રિય દ્વાર :** તેમાં ઈન્દ્રિય પાંચ.

**9. સમુદ્ઘાત દ્વાર :** તેમાં સમુદ્ઘાત પ્રથમની ત્રણ.

**10. સંજ્ઞી દ્વાર :** તેમાં અસંજ્ઞી[1].

**11. વેદ દ્વારા :** તેમાં વેદ એક તે નપુંસકવેદ.

**12. પર્યાપ્તિ દ્વાર :** પાંચ પર્યાપ્તિ બાંધવાની શરૂ કરે. ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કરે,અપર્યાપ્તિ ચાર અસંજ્ઞી મનુ. ચોથી પર્યાપ્તિનો અપર્યાપ્તો રહેતો થકો મૃત્યુ પામે છે.

**13. દ્રષ્ટિ દ્વાર :** તેમાં દ્રષ્ટિ એક મિથ્યાત્વ દ્રષ્ટિ.

**14. દર્શન દ્વાર :** તેમાં દર્શન બે – (1) ચક્ષુદર્શન, (2) અચક્ષુદર્શન.

**15. જ્ઞાન દ્વાર :** તેમાં જ્ઞાન નથી. અજ્ઞાન[2] બે તે (1) મતિઅજ્ઞાન, (2) શ્રુતઅજ્ઞાન.

**16. યોગ દ્વાર :** તેમાં યોગ ત્રણ તે – (1) ઔદારિક શરીર કાયયોગ, (2) ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, (3) કાર્મણ શરીર કાયયોગ.

**17. ઉપયોગ દ્વાર :** ઉપયોગ ચાર – (1) મતિઅજ્ઞાન, (2) શ્રુતઅજ્ઞાન, (3) ચક્ષુદર્શન, (4) અચક્ષુદર્શન.

**18. આહાર દ્વાર :** આહાર[3] બે પ્રકારનો – (1) ઓજ, (2) રોમ, તે સચેત, 2 અચેત, 3. મિશ્ર.

---

[1]સંમૂર્ચ્છિમ મનુષ્ય મન પર્યાપ્તિ બાંધતો નથી, માટે અસંજ્ઞી.

[2]સંમૂર્ચ્છિમ મનુષ્ય એકાંત મિથ્યાદ્રષ્ટિ છે, માટે અજ્ઞાન.

[3]સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્તા અવસ્થામાં જ મૃત્યુ પામી જાય, માટે કવલ આહાર નથી.

**19. ઊપજવાનો દ્વાર, 22. ચવણ દ્વાર :** એક સમયમાં 1, 2, 3 જાવ સંખ્યાતા, ઉત્કૃષ્ટ અસંખ્યાતા ઊપજે અને ચવે.

**20. સ્થિતિ દ્વાર :** તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉ. અંતર્મુહૂર્ત.

**21. મરણ દ્વાર :** મરણ બે (1) સમોહિયા, (2) અસમોહિયા મરણ. બંને પ્રકારના મરણ.

**23. આગતિ દ્વાર, 24. ગતિ દ્વાર :** તેમાં બે ગતિનો આવે – (1) મનુષ્ય, (2)તિર્યંચ. જાય બે ગતિમાં (1) મનુષ્ય (2) તિર્યંચ. તેમાં આઠ દંડકનો આવે, તે પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય. એ દસ દંડકમાં જાય તે પાંચ એકેન્દ્રિય,ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય.

**।। ઈતિ સંમૂર્ચ્છિમ મનુષ્યનો વિસ્તાર સંપૂર્ણ ।।**

## જુગલિયા મનુષ્યનો વિસ્તાર (30 અકર્મભૂમિ અને 56 અંતરદ્વીપના)

**જુગલિયા મનુષ્યનો વિસ્તાર (30 અકર્મભૂમિ અને 56 અંતરદ્વીપના)**

**1. શરીર દ્વાર :** ત્રણ શરીર – (1) ઔદારિક, (2) તૈજસ, (3) કાર્મણ.

**2. અવગાહના દ્વાર : હેમવય, હિરણ્યવયમાં** જ. આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉ. એક ગાઉની.

**હરિવાસ, રમ્યકવાસમાં** જ. આંગુલના અસંખ્યાતમાં ભાગની, ઉ. બે ગાઉની.

**દેવકુરુ, ઉત્તરકુરુમાં** જ. આંગુલના અસંખ્યાતમાં ભાગની, ઉ. ત્રણ ગાઉની

**56 અંતરદ્વીપમાં** જ. આંગુલના અસંખ્યાતમાં ભાગની, ઉ. 800 ધનુષ્યની

**3. સંઘયણ દ્વાર:** સંઘયણ એક તે 1 વજ્રઋષભનારાચ સંઘયણ.

**4. સંઠાણ દ્વાર :** સંઠાણ એક તે 1 સમચતુરસ્ત્ર સંઠાણ.

**5. કષાય દ્વાર :** કષાય ચાર.

**6. સંજ્ઞા દ્વાર :** સંજ્ઞા ચાર.

**7. લેશ્યા દ્વાર :** તે ચાર – (1) કૃષ્ણ, (2) નીલ, (3) કાપોત, (4) તેજો.

**8. ઈન્દ્રિય દ્વાર :** ઈન્દ્રિય – પાંચ.

**9.સમુદ્ઘાતદ્વાર :** સમુદ્ઘાત ત્રણ તે – (1) વેદનીય, (2) કષાય, (3) મારણાંતિક.

**10. સંજ્ઞી દ્વાર :** 86 જુગલિયા સંજ્ઞી.

**11. વેદ દ્વાર :** તેમાં વેદ[1] બે તે – (1) સ્ત્રીવેદ, (2) પુરુષવેદ.

**12. પર્યાપ્તિ દ્વાર :** તેમાં પર્યાપ્તિ છ ને અપર્યાપ્તિ છ.

**13. દ્રષ્ટિ દ્વાર :** ત્રીસ અકર્મભૂમિમાં દ્રષ્ટિ[2] બે તે, (1) સમકિત દ્રષ્ટિ, (2) મિથ્યાત્વ દ્રષ્ટિ. 56 અંતરદ્વીપમાં એક તે મિથ્યાત્વ દ્રષ્ટિ.

**14. દર્શન દ્વાર :** તે સર્વમાં દર્શન બે તે (1) ચક્ષુદર્શન, (2) અચક્ષુદર્શન.

**15. જ્ઞાન દ્વાર :** ત્રીસ અકર્મભૂમિમાં બે જ્ઞાન – (1) મતિજ્ઞાન, (2) શ્રુતજ્ઞાન તથા અજ્ઞાન બે – (1) મતિઅજ્ઞાન, (2) શ્રુતઅજ્ઞાન. 56 અંતરદ્વીપમાં બે અજ્ઞાન (1) મતિઅજ્ઞાન, (2) શ્રુતઅજ્ઞાન.

**16. યોગ દ્વાર :** સર્વમાં યોગ અગિયાર તે 4 મનના, 4 વચનના, એ 8. 9. ઔદારિક શરીર કાયયોગ, 10. ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, 11. કાર્મણ શરીર કાયયોગ.

**17. ઉપયોગ દ્વાર :** ત્રીસ અકર્મભૂમિમાં ઉપયોગ 6 તે – (1) મતિજ્ઞાન, (2) શ્રુતજ્ઞાન, (3) મતિઅજ્ઞાન, (4) શ્રુતઅજ્ઞાન, (5) ચક્ષુદર્શન, (6) અચક્ષુદર્શન.56 અંતરદ્વીપમાં ઉપયોગ 4 તે – (1) મતિઅજ્ઞાન, (2) શ્રુતઅજ્ઞાન, (3) ચક્ષુદર્શન, (4) અચક્ષુદર્શન.

**18. આહાર દ્વાર :** જુગલિયામાં આહાર 3 પ્રકારનો – ઓજ, રોમ, કવલ તથા સચેત, અચેત, મિશ્ર.

**19. ઊપજવાનો દ્વાર : 22. ચવણ દ્વાર** : જ. 1,2,3 ઉત્કૃષ્ટ સંખ્યાતા ઊપજે અને ચ્યવે.

---

[1] જુગલિયામાં સ્ત્રી અને પુરુષનું જોડલું જ હોય, તેથી ત્યાં નપુંસક ન હોય.

[2] જુગલિયામાં દ્રષ્ટિનું પરિવર્તન થતું નથી તેથી જે જુગલિયા જન્મથી સમકિતી હોય, તે આખો ભવ સમકિતી. જે મિથ્યાત્વી હોય, તે મિથ્યાત્વી રહે.

| **20. સ્થિતિ દ્વાર :** | **જઘન્ય સ્થિતિ** | **ઉત્કૃષ્ટ સ્થિતિ** |
|---|---|---|
| હેમવય, હિરણ્યવય<br>હરિવાસ, રમ્યક્વાસ<br>દેવકુરુ, ઉત્તરકુરુ<br>56 અંતરદ્વીપ | એક પલ્યમાં દેશ ઊણી<br>બે પલ્યમાં દેશ ઊણી<br>ત્રણ પલ્યમાં દેશ ઊણી<br>પલ્યના અસં.મા ભાગમાં દેશ ઊણી, | એક પલ્યની<br>બે પલ્યની<br>ત્રણ પલ્યની<br>પલ્યના અસં.મા ભાગની (અસંખ્ય કરોડ પૂર્વની) |

**21. મરણ દ્વાર :** મરણ બે – (1) સમોહિયા, (2) અસમોહિયા મરણ.

**23. આગતિ દ્વાર, 24. ગતિ દ્વાર :** બે ગતિનો આવે તે – (1) મનુષ્ય, (2) તિર્યંચ. એક દેવ ગતિમાં જાય.

ત્રીસ અકર્મભૂમિમાં બે દંડકનો આવે તે – (1)મનુષ્ય, (2) તિર્યંચ. જાય તેર દંડકમાં તે 10 ભવનપતિના દંડક, 11 વાણવ્યંતર, 12 જ્યોતિષી, 13 વૈમાનિક એ 13. 56 અંતરદ્વીપમાં બે દંડકનો આવે (1) મનુષ્યનો, (2) તિર્યંચનો, જાય 11 દંડકમાં 10 ભવનપતિના દંડક 11 વાણવ્યંતર એ 11.

**।। ઈતિ જુગલિયાનો વિસ્તાર સમાપ્ત ।।**

**ઈતિ મનુષ્યનો દંડક સંપૂર્ણ.**

**નોટ :** એક પલ્યથી ઓછી સ્થિતિવાળા સર્વ મનુષ્ય જુગલિયા અને તિર્યંચ જુગલિયા મિથ્યાદ્રષ્ટિ હોય. તેથી વધુ સ્થિતિવાળાને મિથ્યાત્વ કે સમકિત એ બેમાંથી એક દ્રષ્ટિ હોય છે.

# સિદ્ધનો વિસ્તાર

1. **શરીર દ્વાર** : સિદ્ધમાં શરીર નથી[1].

2. **અવગાહના દ્વાર:** પાંચસો ધનુષ્યના સિદ્ધ થયા હોય તો તેની અવગાહના ત્રણસો તેત્રીસ ધનુષ્ય ને બત્રીસ આંગુલની. સાત હાથના સિદ્ધ થયા હોય તો તેની ચાર હાથ ને સોળ આંગુલ. બે હાથના સિદ્ધ થયા હોય તો તેની એક હાથ ને આઠ આંગુલ[2].

3. **સંઘયણ દ્વાર** : સિદ્ધ અસંઘયણી.

4. **સંઠાણ દ્વાર** : સિદ્ધ અસંસ્થાની.

5. **કષાય દ્વાર** : સિદ્ધને કષાય નથી.

6. **સંજ્ઞા દ્વાર** : સિદ્ધને સંજ્ઞા નથી.

7. **લેશ્યા દ્વાર** : સિદ્ધ અલેશી.

8. **ઈન્દ્રિય દ્વાર** : સિદ્ધમાં ઈન્દ્રિય નથી.

9. **સમુદ્ઘાત દ્વાર** : સિદ્ધને સમુદ્ઘાત નથી.

10. **સંજ્ઞી દ્વાર** : સિદ્ધ સંજ્ઞી નથી, અસંજ્ઞી નથી.

11. **વેદ દ્વાર** : સિદ્ધને વેદ નથી.

---

[1]સિદ્ધમાં શરીરનથી માટે શરીરના અનુસાંધાનના કોઈ પણ બોલ તેમાં લાગુ પડતાં નથી. [2]જે જીવ સિદધ થાય તેની માનુષ્ય તરીકે જેટલી અવગાહના હોય, તેના 2/3 ભાગનો સિદ્ધમાં આત્મા પ્રદેશનો ઘન (ફેલાવો) પડે

12. **પર્યાપ્તિ દ્વાર** : સિદ્ધને પર્યાપ્તિ કે અપર્યાપ્તિ નથી.

13. **દ્રષ્ટિ દ્વાર** : સિદ્ધમાં સમકિત દ્રષ્ટિ.

14. **દર્શન દ્વાર** : સિદ્ધમાં કેવલદર્શન.

15. **જ્ઞાન દ્વાર** : સિદ્ધમાં કેવળજ્ઞાન.

16. **યોગ દ્વાર** : સિદ્ધને યોગ નથી. અયોગી.

17. **ઉપયોગ દ્વાર** : સિદ્ધને ઉપયોગ બે – (1) કેવલજ્ઞાન, (2) કેવલદર્શન.

18. **આહાર દ્વાર** : સિદ્ધને આહાર નથી. અણાહારક.

19. **ઊપજવાનો દ્વાર** : સિદ્ધમાં જધન્ય 1, 2, 3, ઉત્કૃષ્ટ 108 ઊપજે.

20. **સ્થિતિ દ્વાર** : એક સિદ્ધ અપેક્ષા સિદ્ધને આદિ છે પણ અંત (છેડો) નથી. સર્વ સિદ્ધ અપેક્ષા અનાદિ અનંત.

21. **મરણ દ્વાર** : મરણ એક પણ નથી.

22. **ચવણ દ્વાર** : સિદ્ધને ચવવું નથી.

23. **આગતિ દ્વાર** : આવે 1 મનુષ્ય ગતિનો.

24. **ગતિ દ્વાર** : સિદ્ધને ગતિ નથી.એવા સિદ્ધ ભગવંતજીને મારા, તમારા ત્રણે કાળ વંદન નમસ્કાર હો.

**।। ઈતિ 24 દંડકનો વિસ્તાર સમાપ્ત ।।**

# સમજણ માટે દંડકનું કોષ્ટક

| દ્વારનું નામ | બોલનું નામ | દંડક | વિસ્તાર |
|---|---|---|---|
| 1. શરીર દ્વાર | ઔદારિક શરીર<br>વૈક્રિય શરીર<br>આહારક શરીર<br>તૈજસ, કાર્મણ | 10<br>17<br>1<br>24 | પાંચ સ્થાવર, 3 વિકલે, તિર્યંચ પંચે,મનુષ્ય.<br>નારકી, દેવતા 13, વાઉકાય,તિર્યંચ,મનુષ્ય.<br>મનુષ્યનો. |
| 2. સંઘયણ દ્વાર | પ્રથમ પાંચ સંઘયણ<br>છેવટું સંઘયણ<br>અસંઘયણી | 2<br>10<br>14 | તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય.<br>5 સ્થાવર, 3 વિકલે., તિર્યંચ, અને મનુષ્ય.<br>13 દેવના, 1 નારકીનો. |
| 3. સંઠાણ દ્વાર | સમચતુરસ્ત્ર સંઠાણ<br>2, 3, 4, 5 સંઠાણ<br>હુંડ સંઠાણ | 15<br>2<br>11 | 13 દેવના,1 તિર્યંચ પંચેન્દ્રિય, 1 મનુષ્ય.<br>1 તિર્યંચ પંચેન્દ્રિય, 1 મનુષ્ય<br>5 સ્થાવર, 3 વિકલે, તિર્યંચ, મનુષ્ય અને 1 નારકીનો દંડક. |
| 4. કષાય દ્વાર | ચારે કષાયમાં<br>અકષાયી | 24<br>1 | <br>મનુષ્ય |
| 5. સંજ્ઞા દ્વાર | ચારે સંજ્ઞામાં<br>નોસંજ્ઞાબહુત્તા | 24<br>1 | <br>મનુષ્ય |
| 6. લેશ્યા દ્વાર | કૃષ્ણ, નીલ, કાપોત<br>તેજોલેશ્યામાં<br>પદ્મ/શુક્લ લેશ્યામાં<br>અલેશીમાં | 22<br>18<br>3<br>1 | જ્યોતિષી અને વૈમાનિક છોડીને 22.<br>તેઉ, વાઉ, વૈમાનિક, 3 વિકલેન્દ્રિય છોડીને.<br>1 વૈમાનિક, 1 તિર્યંચ પંચે., 1 મનુષ્યનો.<br>1 મનુષ્યનો. |
| 7. ઈન્દ્રિય દ્વાર | એકેન્દ્રિયમાં<br>બે., તે., ચૌરેમાં<br>પંચેન્દ્રિયમાં<br>અણિન્દ્રિયમાં<br>સ્પર્શનેન્દ્રિયમાં<br>રસનેન્દ્રિયમાં<br>ઘ્રાણેન્દ્રિયમાં<br>ચક્ષુઈન્દ્રિયમાં<br>શ્રોત્રેન્દ્રિયમાં | 5<br>3<br>16<br>1<br>24<br>19<br>18<br>17<br>16 | પાંચ એકેન્દ્રિયના.<br>પોતપોતાનો એક-એક દંડક.<br>પાંચ સ્થાવર અને 3 વિકલેન્દ્રિય છોડીને.<br>મનુષ્ય.<br><br>પાંચ સ્થાવરના વર્જીને.<br>પાંચ સ્થાવર અને બેઇન્દ્રિય વર્જીને.<br>પાંચ સ્થાવર અને બેઇન્દ્રિય, તેઈન્દ્રિય વર્જીને.<br>પાંચ સ્થાવર 3 વિકલેન્દ્રિય વર્જીને. |

| | | | |
|---|---|---|---|
| 8. સમુદ્ઘાત દ્વાર | વે, ક, મારણાં. માં<br>તૈજસ સમુ.માં<br>વૈક્રિય સમુ.માં<br>આહારક/કેવળ સમુ | 24<br>15<br>17<br>1 | 13 દેવ, 1 તિર્યંચ પંચે, 1 મનુષ્યનો.<br>13 દેવ, નારકી, 1 તિર્યંચ, 1 મનુ, 1 વાઉ.<br>મનુષ્યનો |
| 9. સંજ્ઞી દ્વાર | સંજ્ઞીના દંડક<br>અસંજ્ઞીના દંડક<br>નોસંજ્ઞીનો અસંજ્ઞી | 16<br>22<br>1 | 13 દેવ, 1 નારકી, 1 તિર્યંચ, 1 મનુષ્યનો.<br>વૈમાનિક, જ્યોતિષીના બે વર્જીને.<br>મનુષ્યનો. |
| 10. વેદ દ્વાર | સ્ત્રીવેદ, પુરુષવેદ<br>નપુંસકવેદ<br>અવેદી | 15<br>11<br>1 | દેવ 13, 1 તિર્યંચ પંચેન્દ્રિય, 1 મનુષ્યનો.<br>દેવતાના 13 વર્જીને.<br>મનુષ્યનો. |
| 11.પર્યાપ્તિ દ્વાર | પર્યાપ્તા/અપર્યાપ્તા<br>1 થી 4 પર્યાપ્તિ<br>નોપર્યાપ્તા નોઅપર્યા<br>ભાષા પર્યાપ્તિ<br>મન પર્યાપ્તિ | 24<br>24<br>0<br>19<br>16 | દંડક<br>સિદ્ધના જીવો<br>પાંચ સ્થાવરના વર્જીને<br>સંજ્ઞીના દંડક |
| 12. દ્રષ્ટિ દ્વાર | સમકિત દ્રષ્ટિ<br>મિથ્યાત્વ દ્રષ્ટિ<br>મિશ્ર દ્રષ્ટિ | 19<br>24<br>16 | પાંચ સ્થાવરના વર્જીને<br>13 દેવ, 1 નારકી, 1 તિર્યંચ, 1 મનુષ્યનો. |
| 13. દર્શન દ્વાર | ચક્ષુદર્શનના<br>અચક્ષુદર્શનના<br>અવધિદર્શનના<br>કેવળદર્શનના | 17<br>24<br>16 | પાંચ સ્થાવર અને બેઈન્દ્રિય, તેઈન્દ્રિય વર્જીને.<br>પાંચ સ્થાવર અને 3 વિકલેન્દ્રિય છોડીને.<br>1 મનુષ્યનો. |
| 14. જ્ઞાન દ્વાર | મતિ, શ્રુત જ્ઞાનના<br>અવધિજ્ઞાનના/વિભંગજ્ઞાન<br>મનઃ પર્યવ, કેવળના<br>મતિ, શ્રુત અજ્ઞાન | 19<br>16<br>1<br>24 | પાંચ સ્થાવર વર્જીને.<br>પાંચ સ્થાવર અને 3 વિકલેન્દ્રિય છોડીને.<br>મનુષ્યનો<br>દંડક |
| 15. યોગ દ્વાર | 4 મનના<br>4 વચનના<br>2 ઔદારિકના<br>2 વૈક્રિયના<br>2 આહારકના<br>કાર્મણનો<br>અયોગીનો | 16<br>10<br>17<br>1<br>24<br>1 | પાંચ સ્થાવર અને 3 વિકલેન્દ્રિય છોડીને.<br>4 વચનના વ્યવહાર વચનના 19 બાકી 3 વચનમાં 16.<br>5 સ્થાવર અને 3 વિકલેન્દ્રિયના વર્જીને.<br>5 સ્થાવર, 3 વિકલે., તિર્યંચ અને મનુષ્ય.<br>નારકી, દેવતા 13, વાઉકાય, તિર્યંચ, મનુષ્ય.<br>મનુષ્યનો.<br>મનુષ્ય (14મા ગુણસ્થાનકે) |
| 16. આહાર દ્વાર | છ દિશા, ઓજ, રોમ, અચેત,અશુભ<br>છ દિશા, ઓજ, રોમ, અચેત, શુભ<br>3,4, 5 દિશા ઓજ, રોમ, સચેત, અચેત, મિશ્ર<br>છ દિશા, ઓજ, રોમ, કવલ, સચેત, અચેત, મિશ્ર<br>6 દિશા, ઓજ, રોમ, કવલ, સચેત, અચેત, મિશ્ર | 1<br>13<br>5<br>3<br>2 | નારકી<br>દેવતા<br>સ્થાવર<br>વિકલેન્દ્રિય<br>તિર્યંચ પંચે. મનુષ્ય |

## ❖ સમજણથી શુદ્ધિ ❖

દંડક એટલે જીવને કર્મના ફળ ભોગવવાના વિવિધ સ્થાનો અનંતકાલના પરિભ્રમણમાં આ જીવે પોત-પોતાના કર્મો પ્રમાણે વિવિધ સ્થાનોમાં જન્મ-મરણ કર્યા છે, તે સમજાય છે તે ઉપરાંત જગતના તમામ જીવોની સ્થિતિ, તે તે જીવોને પ્રાપ્ત થતી ઋદ્ધિને આ થોકડા દ્વારા જાણી શકાય છે. આ સર્વ પ્રકારની જાણકારીથી મનુષ્યજન્મની વિશિષ્ટતાનો બોધ થાય છે.

દંડકના 24 દ્વારમાં બતાવેલી અનેક વિગતોમાંથી કેટલીક વસ્તુ એવી છે કે જે માત્ર કર્મભૂમિના મનુષ્યને જ પ્રાપ્ત થાય છે. જેમકે આહારક શરીર, અકષાયી, નોસંજ્ઞોપયુક્ત, અલેશી, અનિન્દ્રિય, કેવલી સમુદઘાત, નોસંજ્ઞી-નોઅસંજ્ઞી, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, અયોગી વગેરે.

24 દંડકમાંથી કેટલાક સ્થાનો એવા છે, જ્યાં માત્ર મનુષ્ય જ જઈ શકે છે, જેમકે 9 થી 12 દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન.

આ રીતે મનુષ્યજન્મની વિશેષતાનો બોધ થવાની પરમ પુણ્યના ઉદયે આપણને પ્રાપ્ત થયેલા મનુષ્યજન્મનું મૂલ્ય અનુભવાય છે. તેમ જ જે ભાવો પર માત્ર મનુષ્યનો જ અધિકાર છે, તેને પ્રાપ્ત કરવા આપણા ભાવોનો વેગ-સંવેગ વધે છે અને સર્વજ્ઞના કથનની શ્રદ્ધા દૃઢતમ થાય છે.

સંક્ષેપમાં આ થોકડાનું અધ્યયન આપણી ભાવવિશુદ્ધિનું નિમિત્ત બને છે.

## ❖ 2 કાળનું માપ ❖

શ્રી ભગવતી સૂત્ર, શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર અને શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કાળનું માપ બતાવેલ છે, જે નીચે પ્રમાણે છે.

જૈનદર્શનમાં કાળના સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગને **'સમય'** કહેલ છે. જેના બે વિભાગ થઈ શકે નહીં, તેને **'સમય'** કહે છે. આંખના એક પલકારામાં અસંખ્ય સમય થઈ જાય છે.

**જૈન દ્રષ્ટિએ કાળનું માપ નીચે પ્રમાણે દર્શાવેલ છે :**

| | |
|---|---|
| **સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાળ** | = 1 સમય (તેને નિશ્ચય કાળ પણ કહે છે.) |
| **અસંખ્યાતા સમય** | = 1 આવલિકા (5825 આવલિકાએ 1 સેકન્ડ થાય) |
| **256 આવલિકા** | = 1 ક્ષુલ્લક ભવ (આટલા કાળથી ઓછો કોઈનો ભવ ન હોય) |
| **17 ક્ષુલ્લક ભવ ઝાઝેરું** | = 1 શ્વાસોચ્છ્વાસ (પ્રાણ) |
| **7 શ્વાસોચ્છ્વાસ (પ્રાણ)** | = 1 સ્તોક |
| **7 સ્તોક** | = 1 લવ |
| **77 લવ** | = 1 મુહૂર્ત (બે ઘડી, 3773 શ્વાસોચ્છ્વાસ) |
| **30 મુહૂર્ત** | = 1 અહોરાત્રિ (8 પ્રહર = 60 ઘડી = 24 કલાક) |
| **15 અહોરાત્રિ** | = 1 પક્ષ, પખવાડિયું |
| **2 પક્ષ (30 અહોરાત્રિ)** | = 1 મહિનો, (1 માસ) |
| **2 માસ** | = 1 ઋતુ (વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, શિશિર અને હેમંત આ છ ઋતુ છે.) |
| **3 ઋતુ** | = 1 અયન = 6 મહિના (ઉત્તરાયન અને દક્ષિણાયન) |
| **2 અયન** | = 1 વર્ષ (12 મહિના) |
| **5 વર્ષ** | = 1 યુગ |

| | |
|---|---|
| **20 યુગ** | = 1 શતાબ્દી (100 વર્ષ) |
| **84 લાખ વર્ષ** | = 1 પૂર્વાંગ |
| **84 લાખ પૂર્વાંગ** | = 1 પૂર્વ (70, 560 અબજ વર્ષ = 84 લાખ x 84 લાખ વર્ષ) |
| **1 ક્રોડપૂર્વ વર્ષ** | = 70 લાખ 56 હજાર ક્રોડાક્રોડી વર્ષ |
| | = (84 લાખ x 84 લાખ x 1 કરોડ વર્ષ) |

1 ક્રોડપૂર્વ વર્ષ સુધીનું જે મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય હોય તેને સંખ્યાતા-વર્ષના આયુષ્યવાળા કહેવાય છે. તેથી વધારે અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્ય સુધીના આયુષ્યવાળા મનુષ્ય કે તિર્યંચને અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા અને જુગલિયા કહેવાય છે.

1 પલ્યમાં અસંખ્ય વર્ષ પસાર થઈ જાય છે. તે સમજવા ઉદાહરણ આપેલ છે.

4 ગાઉ (ઉત્સેધ આંગુલથી) લાંબો, 4 ગાઉ પહોળો, 4 ગાઉ ઊંડો ગોળાકાર ખાડો હોય તેમાં જુગલિયા બાળકના મુંડન બાદ[1] એકથી સાત દિવસના ઊગેલા સરખી લંબાઈ, પહોળાઈ, જાડાઈવાળા વાલાગ્રોના અસંખ્ય ટુકડા કરી તે ખાડો વાલાગ્રોથી ઠાંસોઠાંસ ભરી દેવામાં આવે. પછી દર 100 વર્ષે એક-એક વાલાગ્રનો ટુકડો કાઢવામાં આવે તો જેટલા કાળમાં તે ખાડો ખાલી થાય તેટલા કાળને પલ્ય કહેવાય છે. (આ તો સમજવા માટે ઉપમા છે. આવો ખાડો કોઈએ ભર્યો નથી અને ખાલી કર્યો નથી.)

1 ક્રોડાક્રોડ = 1 કરોડ x 1 કરોડ.

10 ક્રોડાક્રોડ = 10 કરોડ x 10 કરોડ નહીં પરંતુ 10 કરોડ x 1 કરોડ.

10 ક્રોડાક્રોડ પલ્ય એટલે 1 સાગરોપમ.

10 ક્રોડાક્રોડ સાગરોપમના 1 ઉત્સર્પિણીકાળ રૂપ છ આરા હોય છે.

10 ક્રોડાક્રોડ સાગરોપમના 1 અવસર્પિણીકાળ રૂપ છ આરા હોય છે.

20 ક્રોડાક્રોડ સાગરોપમનું 1 કાળચક્ર હોય છે.

આવા અનંતા કાળચક્રનું એક પુદ્ગલ પરાવર્તન થાય છે.

આપણો જીવ આવા અનંતા પુદ્ગલ પરાવર્તનથી આ સંસારમાં ભમી રહેલ છે.

**અંતર્મુહૂર્તના કાળની સમજણ :** મુહૂર્ત કરતાં કાંઈક પણ ઓછો કાળ એટલે અંતર્મુહૂર્ત.

**અંતર્મુહૂર્તના ત્રણ પ્રકાર છે :**

(1) **જઘન્ય અંતર્મુહૂર્ત :** બે સમયથી 9 સમય સુધીનો કાળ.

(2) **મધ્યમ અંતર્મુહૂર્ત :** 10 સમયથી 48 મિનિટમાં માત્ર બે સમય ઓછો કાળ.

(3) **ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત :** 48 મિનિટમાં એક સમય ઓછો કાળ. મુહૂર્ત એટલે બે ઘડી, 48 મિનિટ પૂર્ણ.

---

[1]જુગલિયા જન્મે ત્યારે પણ તેમના માથે ઘણા લાંબા વાળ હોય છે. આ વાળના ટુકડા નથી કરવાના. પરંતુ એકવાર શિરમૂંડન કરાવે (જુગલિયાને મૂંડન ન હોય સમજવા માટે કહેલ છે) પછી માથામાં વાળ ઊગે એમાં 1 થી 7 દિવસના ઊગેલા અર્થાત્ ક્યારેક એક દિવસમાં કોઈ વાલાગ્ર ઊગી જાય, કોઈ બે દિવસે ઊગે, મોડામાં મોડા સાત દિવસે તો બધા વાળ ઊગી જાય. આ એક દિવસે ઊગેલા હોય કે સાત દિવસે ઊગેલા હોય. દરેક વાલાગ્રની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ સરખી લેવાની, એવા એક-એક વાલાગ્રના અસંખ્ય ટુકડાથી ખાડો ભરવાનો. વાલાગ્ર = વાળનો અગ્ર ભાગ.

## ❖ 3. અવગાહનાની સમજણ❖

**અવગાહના** એટલે અવગાહિત ક્ષેત્ર. જીવે રોકેલી જગ્યા.

શરીરની અવગાહના એટલે બે પગ પર ઊભા રહીને, બે હાથ ઊંચા કરીને જીવ જેટલા આકાશપ્રદેશને રોકી શકે તેટલી ઊંચાઈ.

**ઊંચાઈ :** માત્ર સીધા ઊભા રહેવાથી શરીરની ઊંચાઈ મળે છે.

ચારે ગતિના જીવોના શરીરની અવગાહના નીચે દર્શાવેલ માપ પ્રમાણે ઉત્સેધ આંગુલથી માપવામાં/ગણવામાં આવે છે.

| | |
|---|---|
| 6 આંગુલ | = 1 પગ. |
| 12 આંગુલ (હાથની આંગળી) | = બે પગ = 1 વેંત |
| એવી 2 વેંતની પહોળાઈ | = 1 હાથ |
| એવા 4 હાથ | = 1 ધનુષ્ય (96 આંગુલ, 8 વેંત) |
| એવા 2000 ધનુષ્ય | = 1 ગાઉ, (1 કોશ) |
| એવા 4 ગાઉ | = 1 યોજન (19 કળા) |

**આંગુલના 3 પ્રકાર છે :**

(1) **આત્મ આંગુલ.**

(2) **ઉત્સેધ આંગુલ.**

(3) **પ્રમાણ આંગુલ.**

**(1) આત્મા આંગુલ :** આપણું પોતાનું એક આંગુલ. આંગુલનું માપ આપણી આંગળીની પહોળાઈ સમાન સમજવું. અથવા ભરત, ઈરવત વગેરે ક્ષેત્રના સપ્રમાણ મનુષ્યોના પોતપોતાના આંગુલના માપને આત્મ આંગુલ કહે છે. આત્મ આંગુલથી દરેક કાળમાં મનુષ્યો પોતાની અવગાહના પ્રમાણે ઘર, નગર આદિની રચના કરે છે અને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ મપાય છે. આત્મ આંગુલથી અશાશ્વતા પદાર્થો માપવામાં આવે છે.દા.ત. નગર તથા જંગલનાં કૂવા, વાવડી, સરોવર, નદી, તળાવ, અશાશ્વત લવણની

ખાડીઓ, દ્રહો, ગુફાઓ, અશાશ્વતા પર્વતો, ખીણો, વૃક્ષો, ઉદ્યાન, બગીચા, નગરમાર્ગો, રાજભવનો, દુકાનો, વગેરે આત્મ આંગુલથી મપાય છે.

**સમજણ :** ભરત ચક્રવર્તીની વિનિતા નગરી કે કૃષ્ણની દ્વારિકા નગરી અને શ્રેણિક રાજાની રાજગૃહી નગરી આ સર્વ નગરી પોતપોતાના કાળમાં 12 યોજન લાંબી અને 9 યોજન પહોળી હતી. ભરત ચક્રવર્તી 500 ધનુષ્યના હતા, કૃષ્ણ વાસુદેવ 10 ધનુષ્યના હતા અને શ્રેણિક રાજા તો 7 હાથના હતા, માટે તેમના આત્મ આંગુલ પ્રમાણે તેમની નગરીની લંબાઈ-પહોળાઈ હતી.

ઉત્તમ પુરુષો પોતાના આત્મ આંગુલથી 108 આંગુલ ઊંચા હોય છે. મધ્યમ પુરુષ 104 આંગુલ ઊંચા હોય છે અને અધમ પુરુષ 96 આંગુલ ઊંચા હોય છે.

(2) **ઉત્સેધ આંગુલ :** નરક આદિ ચાર ગતિના જીવોના શરીરની ઊંચાઈને માપવા માટે જે આંગુલનો ઉપયોગ કરાય છે, તે ઉત્સેધ આંગુલ છે.

અવસર્પિણીકાળના પાંચમા આરાના 10, 500 વર્ષ પસાર થાય, પછીના સપ્રમાણ મનુષ્યના શરીરના આંગળનું માપ. અથવા

ભગવાન મહાવીરના આત્મ આંગુલથી અર્ધા આંગુલનું માપ તે ઉત્સેધ આંગુલ છે.

ચારે ગતિના જીવોના શરીરની અવગાહના ઉત્સેધ આંગુલથી દર્શાવાય (મપાય) છે. જેમ કે, ભરત ચક્રવર્તી 500 ધનુષ્યના હતા તે માપ ઉત્સેધ આંગુલથી સમજવું.

(3) **પ્રમાણ આંગુલ :** ઉત્સેધ આંગુલથી હજાર ગણું મોટું માપ પ્રમાણ આંગુલનું છે. તેના દ્વારા શાશ્વતા પદાર્થોની લંબાઈ, પહોળાઈ કે ઊંડાઈ માપવામાં આવે છે.

શાશ્વત નદી, શાશ્વતા પર્વત, ભવનપતિના ભવન, નરકાવાસા, દેવવિમાનો, જંબુદ્વીપ વગેરે અસંખ્ય દ્વીપો, લવણ સમુદ્ર વગેરે અસંખ્ય સમુદ્રો, સિદ્ધશિલા વગેરે શાશ્વતા સ્થળોના માપ પ્રમાણ આંગુલથી મપાય છે.

લોકમાં ત્રણ પ્રકારના પદાર્થ છે :

(1) મનુષ્યકૃત. (2) ઉપાધિજન્ય

(3) શાશ્વતા. તેમાંથી:

(1) મનુષ્યકૃત પદાર્થોની લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ આત્મ આંગુલથી મપાય છે.

(2) ઉપાધિજન્ય પદાર્થ એટલે કે શરીર આદિની લંબાઈ વગેરે ઉત્સેધ આંગુલથી મપાય છે.

(3) શાશ્વતા પદાર્થોની લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ પ્રમાણ આંગુલથી મપાય છે.

**અવગાહનાનું આંગુલ, વેંત, હાથ, ધનુષ્ય, ગાઉ અને યોજનમાં રૂપાંતર બતાવતું તૈયાર કોષ્ટક (માત્ર સમજણ માટે. પ્રશ્ન પૂછાશે નહીં.)**

| આંગુલ | વેંત | હાથ | ધનુષ્ય | ગાઉ | યોજન |
|---|---|---|---|---|---|
| 24 = | 2 = | 1 = | 0.25 = | 0.00013 = | 0.00000 |
| 48 | 4 | 2 | 0.5 | 0.00025 | 0.00000 |
| 72 | 6 | 3 | 0.75 | 0.00038 | 0.00000 |
| 96 | 8 | 4 | 1 | 0.0005 | 0.00013 |
| 120 | 10 | 5 | 1.25 | 0.00063 | 0.00016 |
| 168 | 14 | 7 | 1.75 | 0.00088 | 0.00022 |
| 192 | 16 | 8 | 2 | 0.001 | 0.00025 |
| 216 | 18 | 9 | 2.25 | 0.00113 | 0.00028 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 864 | 72 | 36 | 9 | 0.0045 | 0.00113 |
| 3000 | 250 | 125 | 31.25 | 0.01563 | 0.00391 |
| 6000 | 500 | 250 | 62.5 | 0.03125 | 0.00781 |
| 12000 | 1000 | 500 | 125 | 0.0625 | 0.01563 |
| 24000 | 2000 | 1000 | 250 | 0.125 | 0.03125 |
| 48000 | 4000 | 2000 | 500 | 0.25 | 0.0625 |
| 86400 | 7200 | 3600 | 900 | 0.45 | 0.1125 |
| 96000 | 8000 | 4000 | 1000 | 0.5 | 0.125 |
| 144000 | 12000 | 6000 | 1500 | 0.25 | 0.1876 |
| 192000 | 16000 | 8000 | 2000 | 1 | 0.25 |
| 384000 | 32000 | 16000 | 4000 | 2 | 0.5 |
| 576000 | 48000 | 24000 | 6000 | 3 | 0.75 |
| 768000 | 64000 | 32000 | 8000 | 4 | 1 |
| 1152000 | 96000 | 48000 | 12000 | 6 | 1.5 |
| 1536000 | 128000 | 64000 | 16000 | 8 | 2 |
| 1728000 | 144000 | 72000 | 18000 | 9 | 2.25 |
| 2304000 | 192000 | 96000 | 24000 | 12 | 3 |
| 3072000 | 256000 | 128000 | 32000 | 16 | 4 |
| 3840000 | 320000 | 160000 | 40000 | 20 | 5 |
| 6144000 | 512000 | 256000 | 64000 | 32 | 8 |
| 6912000 | 576000 | 288000 | 72000 | 36 | 9 |
| 7680000 | 640000 | 320000 | 80000 | 40 | 10 |
| 1536000 | 1280000 | 640000 | 160000 | 80 | 20 |
| 23040000 | 1920000 | 960000 | 240000 | 120 | 30 |
| 30720000 | 2560000 | 1280000 | 320000 | 160 | 40 |
| 38400000 | 3200000 | 1600000 | 400000 | 200 | 50 |
| 76800000 | 6400000 | 3200000 | 800000 | 400 | 100 |
| 153600000 | 12800000 | 6400000 | 1600000 | 800 | 200 |
| 384000000 | 32000000 | 16000000 | 4000000 | 2000 | 500 |
| 768000000 | 64000000 | 32000000 | 8000000 | 4000 | 1000 |

## ❖ 4. 32 અસજ્ઝાયો ❖

(**આધાર :** શ્રી ઠાણાંગ સૂત્ર 4, શ્રી ઠાણાંગ સૂત્ર 10 તથા શ્રી નિશીથ સૂત્ર ઉ. 19)

**અસજ્ઝાય** એટલે અસ્વાધ્યાય. જે કાળમાં આગમ સૂત્રોના મૂળ પાઠનો સ્વાધ્યાય, ગાથા ગોખવી, વાંચવી કે પરિયટ્ટણા કરવારૂપ કરી શકાય નહીં તે.

**અસજ્ઝાયો કોને લાગુ પડે ?** અસજ્ઝાયો આગમ સૂત્રના **મૂળ પાઠ**ને જ લાગે છે : અર્થને નહીં. આપણી પરંપરામાં માન્ય 32 આગમ સૂત્ર સિવાયના અન્ય કોઈપણ ગ્રંથો, સાહિત્ય, કવિતાઓ, પાઠો, શ્લોકો, ગુજરાતી કે અન્ય ભાષામાં કરાયેલા ભાષાંતરોને **કોઈપણ અસજ્ઝાયો લાગતી નથી.**

### ❖ આકાશ સંબંધી 10 અસજ્ઝાય ❖

(1) **ઉલ્કાપાત**[1] **:** તારો આકાશેથી ખરે તો 1 પ્રહર સુધી અસજ્ઝાય.

(2) **દિગ્દાહ** **:** જ્યાં સુધી દિશા લાલવર્ણની દેખાય ત્યાં સુધી અસજ્ઝાય.

**સમજણ :** ક્યારેક એક દિશામાં નગર બળતું હોય, તેમ આકાશવર્તી ઉદ્યોત (પ્રકાશ) દિગ્દાહ કહેવાય છે.

(3) **ગર્જિત** **:** બે પ્રહર સુધી અસજ્ઝાય.

**સમજણ :** વાદળોના અવાજને ગર્જના કહે છે. મેઘગર્જના કે મેઘનો ધ્વનિ થાય તે.

---

**માત્ર સમજણ માટે (પ્રશ્ન પુછાશે નહીં)**

[1] રેખા સહિત અથવા રેખા રહિત પ્રકાશમાન દ્રવ્યને ઉલ્કાપાત કહે છે. ઉલ્કા પડવી એટલે આકાશમાં ઉત્પન્ન થયેલી આગનું પડવું. વ્યવહારમાં તેને તારો ખરવો-તૂટવો કહે છે. વાસ્તવમાં તો શાશ્વત તારાના વિમાન તો તૂટતાં જ નથી. ત્રણ કારણે તારા ચલિત થાય છે – (1) વિક્રિયા કરતાં, (2) પરિચારણા કરતાં અને (3) એક સ્થાનેથી બીજા સ્થાનમાં સંક્રમણ કરતાં.

(4) **વિદ્યુત** : વીજળી ચમકે તો 1 પ્રહર સુધી અસજ્ઝાય.

**સમજણ** : આકાશમાં વીજળીનું ચમકવું, તે વિદ્યુત કહેવાય છે. ગર્જના એવં વિદ્યુત કુદરતી અથવા દેવકૃત બંને પ્રકારે હોય છે.

(5) **નિર્ઘાત** : 8 પ્રહર સુધી અસજ્ઝાય.

**સમજણ** : વાદળાં સહિત કે વાદળાં રહિત આકાશમાં વ્યંતર વડે કરાયેલ મહાધ્વનિ, મોટો કડાકો થાય, તે નિર્ઘાત છે.

**સમજણ** : ક્રમ 3, 4 અને પમાં આદ્રાનક્ષત્રથી સ્વાતિનક્ષત્ર સુધી સૂર્યનો યોગ હોવાથી સ્વાધ્યાયકાળ સમજવો. બાકીના સમયે તેની અસજ્ઝાય રાખવી. આર્દ્રાનક્ષત્ર લગભગ 22 જૂન આસપાસ અને સ્વાતિનક્ષત્ર લગભગ 22 ઑક્ટોબર આસપાસ બેસે.

(6) **યૂપક**[1] : બાલ ચંદ્રની, શુકલપક્ષની એકમ, બીજ, ત્રીજની રાત્રિનો પ્રથમ પ્રહર.

(7) **યક્ષાદીપ્ત** : જ્યાં સુધી દેખાય ત્યાં સુધી.

**સમજણ** : આકાશમાં ચમકતાં કે નાચતાં યક્ષનું ચિહ્ન જેવું દેખાય અથવા યક્ષના પ્રભાવથી પ્રકાશિત અગ્નિ દેખાય તે. તે દેવકૃત માનવામાં આવે છે.

---

**માત્ર સમજણ માટે (પ્રશ્ન પુછાશે નહીં)**

[1] સૂર્યની સંધ્યાની પ્રભાનું અને ચંદ્રની પ્રભાનું એકીસાથે હોવું એટલે કે મિશ્રણ થવું તે યૂપક છે. જે દિવસોમાં સંધ્યાની પ્રભા અને ચંદ્રની પ્રભા આવૃત્ત થઈ જાય છે. તે સંધ્યા છેદાવરણ (યૂપક) છે.

[2] (1) કારતકથી મહા સુધીનો સમય વર્ષા માટેનો ગર્ભકાળ ગણાય છે ત્યારે ધૂમિકા પડી શકે. (2) દેવો પણ રસ્તામાં આવતા જતાં ક્યારેક પોતાની હાજરીનો સંકેત દેવા માટે ધુમ્મસ આદિ કરતાં રહે છે અથવા અપકાયનો ભૂરા રંગ જેવો ધુમાડો નીચે આવી જાય એ કાળી ધુમ્મસ છે. બંને પ્રકારની ધુમ્મસ કુદરતી સ્વભાવથી પણ હોય છે.

(8) **ધૂમિકા** : કાળી ધુમ્મસને ધૂમિકા કહે છે. એ જ્યાં સુધી રહે, ત્યાં સુધી અસજ્ઝાય.

(9) **મિહિકા**[2] : સફેદ ધુમ્મસને મિહિકા કહે છે. તે કરાં આદિ પડે તો જ્યાં સુધી રહે, ત્યાં સુધી અસજ્ઝાય.

(10) **રજોદ્ઘાત** : તેવું **જ્યાં સુધી રહે** ત્યાં સુધી અસજ્ઝાય.

**સમજણ** : ચારે તરફ રજ, ધૂળનું પડવું, આંધી આવવી.

## ઔદારિક શરીર સંબંધી 10 અસજ્ઝાય

**(11 થી 13) અસ્થિ, માંસ, શોણિત :** હાડકાં, માંસ, લોહી પડ્યાં હોય તો **જ્યાં સુધી દેખાય કે હોય** ત્યાં સુધી અસજ્ઝાય.

**સમજણ :** (1) મનુષ્યનાં હાડકાં, માંસ, લોહી 100 હાથની અંદર દેખાય ત્યાં સુધી, (2) તિર્યંચના 60 હાથની અંદર દેખાય ત્યાં સુધી, (3) હાડકું બળી કે નદી આદિના પાણીમાં તણાઈ કે ધોવાઈ ગયું હોય તો 12 વર્ષ સુધી, (4) મૃત કે ભાંગેલું ઈંડું હોય તો 3 પ્રહર સુધી, (5) સ્ત્રીના ઋતુ સંબંધી ત્રણ દિવસની, (6) 7 કે 8 ઘર સુધીના ક્ષેત્રમાં બાળક જન્મ વખતે 7/8 દિવસ સુધી અસજ્ઝાય રાખવામાં આવે છે. 1 હાથ = અંદાજે દોઢ ફૂટ.

(14) **અશુચિસામન્ત**[1] **:** અશુચિની દુર્ગંધ આવે કે દેખાય ત્યાં સુધી અસજ્ઝાય.

(15) **સ્મશાનસામન્ત :** સ્મશાનભૂમિની ચારે તરફ 100 હાથ સુધી અસજ્ઝાય.

(16) **ચંદ્રોપરાગ :** ચંદ્રગ્રહણની અસજ્ઝાય. ખંડગ્રહણમાં 8 પ્રહર, પૂર્ણ ગ્રહણમાં 12 પ્રહર અસજ્ઝાય.

**સમજણ :** ચંદ્રગ્રહણ પૂનમની રાત્રે થાય છે, તેથી જે પૂનમે થવાનું હોય, તે સૂર્યાસ્તથી જ અસજ્ઝાય ગણાય છે.

(17) **સૂર્યોપરાગ[2] :** સૂર્યગ્રહણની અસજ્ઝાય. ખંડગ્રહણમાં 12 પ્રહર, પૂર્ણ ગ્રહણમાં 16 પ્રહર અસજ્ઝાય.

**સમજણ :** સૂર્યગ્રહણ અમાસના દિવસે જ થાય છે, તેથી જે અમાસના દિવસે થવાનું હોય, તે સૂર્યોદયથી જ અસજ્ઝાય ગણવામાં આવે છે.

(18) **પતન[3] (રાજમરણ) :** રાજાનું અવસાન થતાં નવો રાજા ઘોષિત ન થાય ત્યાં સુધી.

(19) **રાજવ્યુદ્ગ્રહ :** યુદ્ધ સ્થાન કે રણભૂમિથી નજીક, યુદ્ધ ચાલે ત્યાં સુધી અસજ્ઝાય.

---

**માત્ર સમજણ માટે (પ્રશ્ન પુછાશે નહીં)**

[1]લોહી, મળ, મૂત્ર, વમન વગેરે ઘ્રાણેન્દ્રિય ગોચર (દુર્ગંધ,) એવં દ્રષ્ટિ ગોચર હોય ત્યાં સુધી સ્વાધ્યાય વર્જવો. બિલાડી, કૂતરાં આદિના મળ પણ અશુચિરૂપ સમજવામાં આવે છે. તેની પણ અસજ્ઝાય ગણવી.

[2]સૂર્ય અને ચંદ્રના વિમાન ઔદારિકના બનેલાં છે, તેથી બંને ગ્રહણને ઔદારિકની અસજ્ઝાયમાં લીધાં છે. ગ્રહણ સમયે લોકો દાન પુણ્ય કરે છે. દેવોને અર્ધ્ય ચડાવે છે, તેથી દેવોનું વિશેષ આવાગમન સંભવે છે. તેથી ગ્રહણની અસજ્ઝાય હોય છે.

[3]ભારત દેશમાં વર્તમાને લોકશાહી છે, માટે હવે આ સ્થિતિ બનતી નથી. રાજાશાહી વખતે દેશનિકાલ થવો આદિ ભય રહેતો હોવાથી વ્યાખ્યાન દેવારૂપ અસ્વાધ્યાય ગણેલ છે. મોટા અવાજથી વ્યાખ્યાન કે વાંચણી પણ ન કરવા. મંદ અવાજે મૂળપાઠની સ્વાધ્યાય કરવામાં વાંધો નથી. વર્તમાનમાં તો નેતાના મૃત્યુ પર લોકોને શોક ન હોય, વિવાહ આદિ કાર્ય પણ બંધ ન રાખતાં હોય તેથી વ્યાખ્યાનાદિ બંધ કરવાની જરૂરત નથી.

(20) **ઉપાશ્રય અંત :** ઔદારિક શરીર : ઉપાશ્રયની અંદર પંચેન્દ્રિયનું કલેવર પડ્યું હોય, ત્યાં સુધી અસજ્ઝાય.

સમજણ : તિર્યંચનું 60 હાથ સુધીમાં અને મનુષ્યનું 100 હાથ સુધીમાં હોય તો. ઉપાશ્રયની બહાર કલેવર હોય તો કાંઈ વાંધો નથી. શરીરના ટુકડા કે અખંડ કલેવર હોય ત્યાં સુધી અસજ્ઝાય.

## ❖ કાળ સંબંધી 12 અસજ્ઝાય ❖

(21 થી 28) **આષાઢ** સુદ પૂનમ અને વદ એકમની, **આસો** સુદ પૂનમ અને વદ એકમની, **કારતક** સુદ પૂનમ અને વદ એકમની અને **ચૈત્ર** સુદ પૂનમ અને વદ એકમની દિવસ અને રાત્રિની અસજ્ઝાય.

**સમજણ** : આ દિવસો દરમિયાન લોકો ઈન્દ્ર મહોત્સવ, કાર્તિકેય મહોત્સવ, યક્ષ મહોત્સવ કે ભૂત મહોત્સવના નામે મહોત્સવ કરતાં. એ દિવસોમાં પોતાના નામ આદિના મહોત્સવો ઉજવાતાં હોવાથી દેવાદિનું આવાગમન વધુ રહે છે, માટે અસજ્ઝાય કહી છે.

(29) **પ્રભાત :** રાત્રિ અને સવારના સંધિકાળની 1 મુહૂર્તની. સૂર્યોદય પહેલાં 36 મિનિટ અને સૂર્યોદય બાદ 12 મિનિટ અસજ્ઝાય.

(30) **મધ્યાહ્ન :** સૂર્યોદયથી સૂર્યાસ્તના મધ્ય ભાગનો સમય. તેની પહેલાંની એક ઘડી (24 મિનિટ) અને પછીની એક ઘડી એમ કુલ બે ઘડી = 1 મુહૂર્તની (48 મિનિટ) અસજ્ઝાય.

(31) **સંધ્યા :** સાંજ અને રાત્રિના સંધિકાળની 1 મુહૂર્તની અસજ્ઝાય. સૂર્યાસ્ત પહેલાં 12 મિનિટ અને સૂર્યાસ્ત પછી 36 મિનિટ.

(32) **મધ્યરાત્રિ :** સૂર્યાસ્તથી સૂર્યોદયના મધ્ય ભાગનો સમય. તેની પહેલાંની એક ઘડી અને પછીની એક ઘડી એમ કુલ બેઘડી = 1મુહૂર્તની અસજ્ઝાય.

**કાલિક સૂત્રોનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ અને ચોથા પ્રહરે કરવામાં આવે છે. ઉત્કાલિક સૂત્રોનો સ્વાધ્યાય દિવસ-રાત્રિના ચારે પ્રહર (કુલ 8 પ્રહર)** ઉપરની અસજ્ઝાયો છોડીને થઈ શકે છે.

શ્રી ઉવવાઈ સૂત્ર, શ્રી રાયપસેણીય સૂત્ર, શ્રી જીવાભિગમ સૂત્ર, શ્રી પ્રજ્ઞાપના સૂત્ર, શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર, શ્રી દશવૈકાલિક સૂત્ર, શ્રી નંદી સૂત્ર, શ્રી અનુયોગદ્વાર સૂત્ર અને શ્રી આવશ્યક સૂત્ર આ **9 ઉત્કાલિક સૂત્રો** છે. બાકીનાં **23 સૂત્રો કાલિક સૂત્રો** છે.

શ્રી આવશ્યક સૂત્ર ઉત્કાલિક હોવા છતાં પણ કાળની બધી મર્યાદા ઓળંગી ગયેલ છે. અકાળમાં જ આવશ્યક (પ્રતિક્રમણ) કરવામાં આવે છે.

## ❖ 5. મોક્ષમાર્ગ આરાધના ❖

(1) ચાર ગતિ, 24 દંડક અને 84 લાખ જીવાયોનિમાં ભવભ્રમણ કરતો મારો આત્મા અનંત દુ:ખનો અનુભવ કરી રહ્યો છે.

(2) જન્મ, જરા અને મરણના દુ:ખોથી જ્ઞાનીજનોએ સંસારને દુ:ખી કહ્યો છે. તેમાં નરકના નારકી તો દુ:ખી જ છે, પરંતુ દેવલોકના દેવતા પણ દુ:ખી જ છે. ધન, વૈભવ, અનુકૂળતા, પુણ્યોદય આદિ પ્રાપ્ત થવા પર પણ ચારે ગતિના જીવો દુ:ખી જ છે.

(3) રાગ-દ્વેષ, આરંભ પરિગ્રહ, વિષય કષાયના સેવન વડે કર્મબંધના કારણે કર્મ બાંધી જીવ પોતાના જ કરેલા કર્મ અનુસાર આ સંસારમાં ભ્રમણ કરી રહ્યો છે.

(4) ચાર ગતિ સિવાય પણ એક એવું સ્થાન છે, જ્યાં જીવને જન્મ, જરા, રોગ અને મરણના દુ:ખો નથી. આઠ કર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરી, આત્મા સ્વયં પરમાત્મા બની લોકના અગ્રભાગે સદાકાળને માટે આત્મસુખ, આત્મરમણતા, આત્મ સ્વભાવનો, અવ્યાબાધ સુખનો સ્વામી બને છે. આ સ્થાનને મોક્ષ કહે છે. મોક્ષમાં અનંતા સિદ્ધ બિરાજે છે.

(5) અરિહંત ભગવાન, ભવ્ય જીવો પર કરુણા કરી મોક્ષપ્રાપ્તિનો ઉપાય બતાવે છે. આપણે પણ માનવ ભવ, જિનશાસન અને જિનવાણીને પામીને મોક્ષમાર્ગની આરાધના કરવા સમ્યક્ પરાક્રમ કરવું જોઈએ.

(6) સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપ એ મોક્ષમાર્ગનો ઉપાય છે. મોક્ષમાર્ગની આરાધના કરવા અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મની આરાધના કરવી. સુદેવ, સુગુરુ અને સુધર્મ પર શ્રદ્ધા કરવી. પોતાની વૃત્તિ, વચન અને વર્તનમાં ધર્મને ઘૂંટવો.

**હું મારા જ્ઞાનગુણને પ્રાપ્ત કરવા સમ્યગ્ જ્ઞાનની આરાધના નીચે પ્રમાણે કરીશઃ**

(1) જ્ઞાન એટલે જાણવું. સમ્યગ્ જ્ઞાન એટલે યથાર્થ જાણવું. અનાદિકાળના ભવભ્રમણનું કારણ મારી પોતાની જ અજ્ઞાનતા છે. કેવળજ્ઞાન એ મારો નિજ આત્મગુણ છે.

(2) જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનો પ્રત્યે વિનય, આદર, બહુમાન કેળવીશું.

(3) દર્શન વિના જ્ઞાન નહીં, માટે કેવલી પ્રરૂપિત ધર્મને વિશે શુદ્ધ શ્રદ્ધા રાખીશું.

(4) છકાય અને નવ તત્ત્વનું યથાર્થ સ્વરૂપ જાણવા, સમજવા અને કંઠસ્થ કરવા પુરુષાર્થ કરીશ.

(5) વર્તમાન 32 આગમોને જ ધર્મ શાસ્ત્ર માનીશ. તે આગમસૂત્રો આત્માના કલ્યાણ માટે ગુરુગમથી ભણીશ.

(6) જિજ્ઞાસા અને શંકાનું સમાધાન કરવા પૂ. સાધુ-સાધ્વીજી આદિને પ્રશ્નો, પ્રતિપ્રશ્નો પૂછીને ધર્મનું જ્ઞાન વધારીશ. શીખેલા જ્ઞાનને વારંવાર ફેરવવા, સ્વાધ્યાય કરવા પ્રયત્નશીલ રહીશ.

(7) ભગવાન ઋષભદેવ આદિ મહાપુરુષોના જીવન ચરિત્રને જાણીને વિવિધ ધર્મકથા આદિ વડે આત્મગુણોને પ્રગટાવીશ.

(8) દરરોજ ઓછામાં ઓછું પંદર મિનિટ માટે ધાર્મિક જ્ઞાન શીખવું તેવો નિયમ કરીશ અથવા દિવસમાં કે મહિનામાં અમુક નવા શબ્દો, પાઠો કંઠસ્થ કરવા પ્રયત્નશીલ રહીશ.

(9) જ્ઞાન ભણતા યથાશક્તિ તપ કરીશ.

(10) અક્ષર અને અર્થ બંને શુદ્ધ ભણવા પ્રયત્ન કરીશ.

(11) અર્થ અને જ્ઞાનદાતા ગુરુનું નામ કદી ગોપાવીશ નહીં.

**હું મારા દર્શનગુણને પ્રાપ્ત કરવા સમ્યગ્ દર્શનની આરાધના નીચે પ્રમાણે કરીશ :**

(1) સંસાર ભ્રમણનું મૂળ કારણ મારું પોતાનું મિથ્યાત્વ છે. જિનવાણીથી ઓછી, અધિક અને વિપરીત માન્યતા, વિપરીત શ્રદ્ધા એ ચાર ગતિના ભ્રમણનું કારણ છે.

(2) ક્ષાયિક સમકિત એ મારા આત્માનો નિજગુણ છે. તેવા ક્ષાયિક સમકિતના ધારક અરિહંત અને સિદ્ધ ભગવાનનો વિનય, આદર અને બહુમાન કરીશ.

(3) દર્શનાચારનું પાલન કરાવતાં આચાર્યની આજ્ઞા પાળીશ. પૂ. ઉપાધ્યાય પાસેથી આગમજ્ઞાનનો અભ્યાસ કરી ધર્મમાં સ્થિર બનીશું. પૂ. સાધુ-સાધ્વીજીની મન, વચન અને કાયાથી પર્યુપાસના કરી પ્રિયધર્મી, દ્રઢધર્મી બનીશ.

(4) સુદેવ, સુગુરુ અને સુધર્મની સમજણ મેળવી કુદેવ, કુગુરુ અને કુધર્મનો ત્યાગ કરીશ.

(5) **"તમેવ સચ્ચં, નિસંકં, જં જિણેહિં પવેઈયં"** નિર્ગ્રંથ પ્રવચન એ જ સત્ય છે. જિનવચન પર દ્રઢ શ્રદ્ધા કરીશ. ધર્મમાં પરમ શ્રદ્ધા કરી, બીજાને પણ ધર્મમાં સ્થિર કરી, વાત્સલ્યભાવે જિનશાસનની પ્રભાવના કરીશ.

(6) 25 પ્રકારના મિથ્યાત્વના સ્વરૂપને જાણી તેનો ત્યાગ કરીશું. વ્યવહાર સમકિતના 67 બોલ જાણી, તેને આદરવા પ્રયત્ન કરીશ.

(7) લૌકિક દેવ-દેવીને માનીશ નહીં અને જો માનીશ કે પૂજવા પડે તો તેને ધર્મ માનીશ નહીં.

(8) પાખંડીના આડંબર દેખી કદી મુંઝવન પામીશ નહીં.

(9) સામાયિક, તપસ્યા આદિના ફળમાં ક્યારેય સંદેહ કરીશ નહીં.

(10) શ્રી ભગવતી સૂત્ર, તુંગિયા નગરીના અધિકાર દ્વારા જણાય છે કે, પહેલાંના શ્રાવકો જ્યારે એકબીજાને મળતા ત્યારે કહેતા **"એસ અટ્ઠે, એસ પરમટ્ઠે, સેસે અણટ્ઠે"** નિર્ગ્રંથ પ્રવચન એ જ અર્થ છે, એ જ પરમ અર્થ છે, બાકી બધું નિરર્થક છે.

**હું મારા ચારિત્રગુણને પ્રાપ્ત કરવા સમ્યક્ ચારિત્રની આરાધના નીચે પ્રમાણે કરીશ :**

(1) આવતાં કર્મ બંધને અટકાવવા ચારિત્ર એ શ્રેષ્ઠ ઉપાય છે.

(2) પોતાની શક્તિને ગોપવ્યા વિના શ્રાવકના બાર વ્રતોને અંગીકાર કરીશું અથવા વધારે પુરુષાર્થ જગાડીને પાંચ મહાવ્રતધારી આરાધક સાધુ બનીશું.

(3) શ્રાવકના ત્રણ મનોરથને ચરિતાર્થ કરવા જાગૃત બનીશું. શ્રાવકના 21 ગુણને જીવનમાં આત્મસાત્ કરીશું. શ્રાવકની 11 પડિમાની જાણકારી મેળવીશું.

(4) છકાય જીવોની દયા પાળવા વધારે જાગૃત બનીશું. પાંચ ઈન્દ્રિયોના વિષય પર ચાર કષાયો પર કાબૂ મેળવવાનો સતત પુરુષાર્થ કરીશું.

(5) હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહના ભાવો ઘટાડીશું. દિશાની મર્યાદા, દ્રવ્યની મર્યાદા અને અનર્થદંડના ત્યાગ વડે આત્મગુણોની વૃદ્ધિ કરીશું.

(6) સંવર, સામાયિક, પૌષધ, સંવર પૌષધ, રાત્રિ પૌષધ, ગૌચરી દયા વગેરે શિક્ષા વડે આત્માના ગુણોનું પોષણ કરીશું.

(7) પૂ. સાધુ-સાધ્વીજીને 14 પ્રકારના નિર્દોષ સૂઝતા આહારપાણી આદિના દાન વડે તેમના સંયમમાં સહાયક બનીશું.

**હું મારા તપગુણને પ્રાપ્ત કરવા સમ્યક્ તપની આરાધના નીચે પ્રમાણે કરીશ :**

(1) કર્મ રહિત અવસ્થા એ મારા આત્માનો શુદ્ધ સ્વભાવ છે :

(2) **"હું આત્મા છું, દેહ જુદો છે"** સંસાર ભ્રમણનું મૂળ કારણ મારા જ કર્મો છે. કરોડો ભવના ભેગાં થયેલાં પાપકર્મોને એક માત્ર 12 પ્રકારના તપ વડે ખપાવી શકાય છે.

(3) તપના પાંચ અતિચારોની જાણકારી મેળવી, તે અતિચારોનું સેવન ન થાય તેવું લક્ષ રાખીશું.

(4) પાંચ પર્વતિથિએ લીલોતરીનો ત્યાગ, વિગયનો ત્યાગ આદિ તપ કરીશું.

(5) આહાર, ઉપકરણ અને કષાય ઘટાડવારૂપ ઉણોદરી તપ કરીશું.

(6) દૂધ, દહીં આદિ વિગય અને સારા-સારા રસનો ત્યાગ કરીશું.

(7) એક સ્થાને સ્થિર રહેવું, ઠંડી, ગરમીની આતાપના લેવી, વિભૂષા કરવી નહીં આદિ કાયક્લેશ તપ કરીશું.

(8) લીધેલાં વ્રતોમાં લાગેલા દોષોનું પ્રાયશ્ચિત્ત તપ કરીશું. અરિહંત, ગુરુ, આચાર્ય, તપસ્વી, ચતુર્વિધ સંઘ આદિનો વિનય, વૈયાવચ્ચ આદિ કરવારૂપ તપ કરીશું.

(9) પ્રશ્નાદિ પૂછવા, શીખેલું ફેરવવું, ચિંતન કરવું, ધર્મકથા કરવી, એ સ્વાધ્યાય તપ આચરીશું.

(10) આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનને ત્યાગી, મનને ધર્મધ્યાનમાં રાખીશું.

(11) આલોક કે પરલોકની ઈચ્છા રહિત તપ કરીશું.

(12) તપ કરવાની શક્તિ છુપાવીશું નહીં.

(13) આજીવિકા માટે તપ ક્યારેય નહીં કરીએ.

(14) અંતિમ સમયે સંથારો કરવાની ભાવના રાખીશું.

આમ સમ્યક્ પ્રકારે મોક્ષમાર્ગની આરાધના કરતો આરાધક તે જ ભવે અથવા પરંપરાએ સિદ્ધ બને છે.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1)જીવ દુઃખનો અનુભવ કેવી રીતે કરે છે ? (2) મોક્ષ કોને કહે છે ? (3) સમ્યક્ પરાક્રમ શા માટે કરવું જોઈએ ? (4) મારા જ્ઞાનગુણને પ્રાપ્ત કરવા હું જ્ઞાન આરાધના કેવી રીતે કરીશ ? (5) જ્ઞાન એટલે શું? (6) શાસ્ત્ર કોને માનવા ? (7) મોક્ષનો ઉપાય શું છે ? (8) ધર્મને ક્યાં ક્યાં ઘૂંટવો ? (9) સંસાર ભ્રમણનું કારણ શું? (10) કયું સૂત્ર ધર્મની શ્રદ્ધા મજબૂત કરે છે ? (11) કઈ નગરીના શ્રાવકો એકબીજાને મળતા ત્યારે શું કહેતા ? (12) કઈ શિક્ષા વડે આત્મગુણોનું પોષણ થાય છે ? (13) કર્મબંધનના કારણો કયાં કયાં ? (14) આત્માનો શુદ્ધ સ્વભાવ શું છે ? (15) ઉણોદરી તપના પ્રકાર લખો. (16) વિગય કેટલા ? કયા કયા ?

## કથા વિભાગ

### ❖ મહાવીરસ્વામી જીવન અવલોકન (27 ભવ સાથે) ❖

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની તીર્થંકર ભગવાને સ્થાપના કરીને ભવ્ય જીવોનું કલ્યાણ કરવા કરુણા કરી છે. આ જંબુદ્વીપના દક્ષિણમાં સ્થિત ભરતક્ષેત્રમાં અત્યારે પાંચમો આરો ચાલી રહેલ છે. આ ભરતક્ષેત્રની ધરા પર ત્રીજા આરામાં જૈન ધર્મની આદિ કરનારા યુગપુરુષ પ્રથમ તીર્થંકર શ્રી ભગવાન ઋષભદેવ હતા. તેમના અને ચોથા આરામાં ચોવીસમા શ્રી વીર વર્ધમાન ભગવાન મહાવીરસ્વામી થયા. જેમનું જીવન આપણાં સહુ માટે એક આદર્શ દીવાદાંડીરૂપ છે. ભગવાનની સાધના, આરાધના, તપશ્ચર્યા, વ્રત નિયમ પાલનની દ્રઢતા, પ્રતિકૂળતાઓને હસતે મુખે સહેવાની કળા તથા અનુકૂળતામાં પણ નિર્લેપતા જેવા ગુણો જાણીને કેળવવા જરૂરી છે. પરંતુ હાય ! નસીબ આપણું કે જેને વર્તમાન હૂંડા અવસર્પિણીકાળમાં જન્મ તો મળ્યો છે, પણ ભૌતિકતા પાછળની આંધળી દોટને કારણે પોતાના જ ધર્મપુરુષના જીવનથી અજાણ રહી ગયા છીએ. ભગવાન મહાવીરસ્વામીના જયવંતા જિનશાસનમાં તેમનું જીવન ચારિત્ર ભવ્ય જીવોને માટે પ્રેરણારૂપ અને કલ્યાણકારી છે.

ચાલો, આજે જાણી લઈએ પ્રભુના જીવનના પરાક્રમો...! મોક્ષ તો જેમને મહાવીરના ભવમાં મળ્યો, પણ મોક્ષના બીજરૂપ સમકિત તો પામ્યા પ્રથમ નયસારના ભવમાં...!!! આ બંને વચ્ચે તેમના થયેલા ભવોમાં મુખ્ય 27 ભવ થયા હતા. આ કથામાં આપણે ભગવાનના આ 27 ભવો પર એક નજર કરીશું.

## ❖ પ્રથમ ભવ નયસાર ❖

જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં શત્રુમર્દન રાજાના રાજ્યમાં નયસાર નામે એક ગ્રામપતિ કઠિયારો રહેતો હતો. તેનો વ્યવસાય જંગલમાંથી લાકડાં કાપી લાવવાનો હતો. તે નયસાર કઠિયારાને એક નિયમ હતો કે જ્યાં સુધી તે કોઈ અતિથિને દાન ન દે કે જમાડે નહીં, ત્યાં સુધી પોતે જમવા બેસતો નહીં.

એકવાર રાજાએ તેને શ્રેષ્ઠ લાકડાં લાવવાની જવાબદારી સોંપી, તેથી એક દિવસ તે નોકરોની સાથે જંગલમાં લાકડાં કાપવા ગયા. જમવાની વેળા થતાં પોતે દાન આપવા માટે કોઈ અતિથિની શોધમાં હતા. તે સમયે માસક્ષમણના તપસ્વી મહાવ્રતધારી મહાત્મા અન્ય ભગવંતો સાથે વિહાર કરતા ભૂલા પડી આ જંગલના માર્ગે જ્યાં નયસારનો પડાવ હતો ત્યાં પધાર્યા. નયસારે તપસ્વી મુનિનો આદર સત્કાર કરી ઉચ્ચ ભાવનાથી નિર્દોષ આહારાદિ વ્હોરાવ્યા અને સંત મહાત્માને પારણું કરાવ્યા બાદ જે ગામે જવું હતું, તે ગામે જવાનો માર્ગ બતાવવા સાથે ચાલ્યા. સાધુજીએ પરમ ઉપકાર કરી સંસાર વનમાં ભૂલા પડેલા નયસારના આત્માને આત્મસુખ પ્રાપ્તિનો માર્ગ અને નમસ્કાર સૂત્રનું સ્મરણાદિ ધર્મ વિધિઓ શીખવી પોતાના રસ્તે ચાલ્યા ગયા. જેના દ્વારા નયસારના જીવનમાં શ્રદ્ધારૂપ સમકિતની પ્રાપ્તિ થઈ. પોતાનું બાકી રહેલું આયુષ્ય પૂર્ણ કરી તે નયસારનો આત્મા પ્રથમ સુધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો.

પ્રથમ દેવલોકનું પોતાનું એક પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરી જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં વનિતા નગરીમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના પુત્ર, પ્રથમ ચક્રવર્તી ભરત રાજાને ઘરે પુત્રપણે મરીચિ નામે ઉત્પન્ન થયા.

## ❖ તૃતીય ભવ મરીચિ ❖

ભગવાન મહાવીરના જીવે મરીચિના ભવમાં વૈરાગ્ય પામી દાદા ઋષભદેવ ભગવાન પાસે સંયમ લીધો. ચારિત્ર ધર્મની આરાધના કરવામાં પોતાની નબળાઈ લાગતા તેમણે ત્રિદંડીના વેશને ધારણ કર્યો. જેમાં તેણે ત્રિદંડનું ચિહ્ન રાખ્યું. માથા પર શિખા રાખી, છત્ર અને અણુવ્રતધારી બન્યા. પરિગ્રહ રાખતા થયા. ચંપલ પહેરતાં, લલાટ પર ચંદન લગાવતા, રંગીન વસ્ત્ર ધારણ કરતાં. આમ જૈન મુનિનો વેશ ત્યાગી ત્રિદંડી સંન્યાસી મુનિ બની ગયા.

મુનિ મરીચિ ચારિત્રથી ભ્રષ્ટ થવા છતાં શ્રદ્ધાથી ભ્રષ્ટ થયા નહોતા. તેઓ કહેતા કે "શ્રમણ ધર્મ મેરુ પર્વતનો ભાર ઉઠાવવા સમાન છે, મારામાં એટલો ભાર ઉઠાવવાની ક્ષમતા ન હતી તે માટે મેં વેશ પરિવર્તિત કર્યો છે." તેઓ પાસે જ્યારે કોઈ જીવ વૈરાગ્ય પામતાં, ત્યારે પોતાના શિષ્ય ન બનાવતાં ભગવાન ઋષભદેવનો ધર્મ સાચો છે તે જાણી તેમની પાસે તેમનો શિષ્ય બનાવવા માટે મોકલતા. ભગવાન વિહાર કરીને જ્યાં જતાં, ત્યાં તેઓ સાથે-સાથે જતા.

કાલાંતરે ભગવાન ઋષભદેવ વનિતા નગરીની બહાર પધાર્યા. ભરત રાજાએ ભગવાનને ભવિષ્યમાં થવાવાળા તીર્થંકર બાબતે પ્રશ્ન કર્યો કે, "ભગવાન આ સભામાં એવી કોઈ વ્યક્તિ છે, જે ભવિષ્યમાં તીર્થંકર થવાની હોય ?" ઋષભદેવે કહ્યું : "આપનો પુત્ર મરીચિ આ અવસર્પિણીકાળમાં 'મહાવીર' નામે અંતિમ તીર્થંકર, 'ત્રિપૃષ્ઠ' નામે પ્રથમ વાસુદેવ અને મહાવિદેહની મૂકા નગરીમાં 'પ્રિયમિત્ર' નામે ચક્રવર્તી થશે.

ભરત મહારાજા આ વાત સાંભળીને પોતાના પુત્ર મરીચિ પાસે આવીને કહે છે : "તમે નિર્ગ્રંથ પ્રવ્રજ્યાનો ત્યાગ કરી દીધો છે તેથી વંદનને યોગ્ય નથી, પરંતુ તમે ભવિષ્યમાં વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર એમ ત્રણે

પદવીને પામવાના છો, તે શુભ સમાચાર દેવા હું આવ્યો છું.” એમ કહી ભરત રાજા ત્યાંથી ચાલ્યા ગયા.

ભરત રાજાની વાત સાંભળી મરીચિએ વિચાર્યું, ‘વર્તમાન અવસર્પિણીકાળમાં મારા દાદા પ્રથમ તીર્થંકર, મારા પિતા પ્રથમ ચક્રવર્તી અને એમનો પુત્ર હું પ્રથમ વાસુદેવ, મહાવિદેહનો ચક્રવર્તી અને આ ભરતક્ષેત્રનો અંતિમ, ચોવીસમો તીર્થંકર એમ ત્રણ પદવી મને મળશે. મારા જેવી ઉચ્ચતા સંસારમાં કોઈને નથી માટે હવે હું કોની પરવા કરું ?” એમ કુળમદ કરી ઘણાં કર્મ બાંધ્યાં.

એકવાર મરીચિ સ્વયં બીમાર પડ્યા ત્યારે એમની પાસે કપિલ નામના પુરુષે વૈરાગ્ય થવાથી શિષ્ય થવાના ભાવ બતાવ્યા. મરીચિએ તેને ભગવાન ઋષભદેવ પાસે જવા કહ્યું ત્યારે કપિલે તેમને પૂછ્યું કે, “શું તમારી પાસે સાચો ધર્મ નથી ?” ત્યારે ઉત્સૂત્ર પ્રરૂપણા કરતાં મરીચિએ કહ્યું કે, “જિનમાર્ગમાં પણ ધર્મ છે અને અહીં પણ ધર્મ છે.” આમ શ્રદ્ધાથી પણ ભ્રષ્ટ થઈને મરીચિએ ઘણાં કર્મબંધ કર્યાં. અંતમાં મરીચિએ અણસણ કર્યો પરંતુ પાપની આલોચના ન કરી. પોતાનું આયુષ્ય પૂર્ણ કરી તે પાંચમા બ્રહ્મ દેવલોકમાં દસ સાગરોપમની સ્થિતિવાળો દેવ થયો.

એકવાર તીર્થંકરના માર્ગની આશાતના કરીને અન્ય વેષ ધારણ કરવાના કારણે કટુ કર્મફળ ભોગવવા આત્મા પાંચમા, સાતમા, નવમા, અગિયારમા અને તેરમા ભવમાં એમ પાંચ ભવમાં બ્રાહ્મણપણે ઉત્પન્ન થયા અને તે દરેક ભવમાં ત્રિદંડી વેશધારી સાધુ બન્યા. છઠ્ઠા, આઠમા, દસમા બારમા અને ચૌદમા ભવમાં તેઓ અનુક્રમે પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ અને પંચમ દેવલોકમાં ઉત્પન્ન થયા.

## ❖ પંદરમો ભવ વિશ્વભૂતિ ❖

આમ બ્રાહ્મણ અને દેવના ભવો કરતાં-કરતાં પંદરમા ભવમાં રાજગૃહીનગરમાં વિશાખાભૂતિ રાજાના ઘરે ધારિણી માતાની કુક્ષિમાં વિશ્વભૂતિપણે ઉત્પન્ન થયા. વિશાખાભૂતિ રાજાના મોટા ભાઈને પોતાની રાણી પ્રિયંગુની કુક્ષિએ પુત્ર જન્મેલો. જેનું નામ વિશાખાનંદી હતું. આમ વિશાખાનંદી મોટા ભાઈ અને વિશ્વભૂતિ કાકાના દીકરા નાના ભાઈ થયા.

યુવાન થતાં અનેક સુંદર કન્યાઓ સાથે વિશ્વભૂતિના લગ્ન થયાં. પોતાના નગરના શ્રેષ્ઠ ઉદ્યાન પુષ્પકરંડકમાં તે પોતાની રાણીઓ સાથે આનંદ પ્રમોદ કરતા હતા. તે જ સમયે મોટા ભાઈ વિશાખાનંદી પણ તે જ ઉદ્યાનમાં પોતાની પત્નીઓ સાથે આવ્યા. પરંતુ વિશ્વભૂતિ અને તેમની રાણીઓ ઉદ્યાનમાં હોવાથી તેમને પ્રવેશ ના મળ્યો. તેથી તેઓ નિરાશ થઈ પાછા ફર્યા. વિશાખાનંદીની માતાને આ વાતની જાણ થતાં તે પણ નિરાશ થઈ અને પિતા વિશાખાભૂતિ રાજાને બધી વાત જણાવી. રાજાએ સહજતાથી કહ્યું કે "ઉદ્યાન ખાલી થવા પર વિશાખાનંદી ત્યાં જઈ જ શકવાનો છે." પરંતુ રાણી સ્ત્રી-હઠ લઈને બેઠાં.

વિશ્વભૂતિને ઉદ્યાનમાંથી દૂર કરવાના હેતુથી રાજાએ વિશ્વભૂતિને સામંતરાજા પુરુષસિંહને વશ કરવાના બહાના હેઠળ ગામની બહાર મોકલી દીધો. વિશ્વભૂતિ સેના લઈ પુરુષસિંહને હરાવવા તેના રાજ્ય પાસે પહોંચતા પુરુષસિંહે તેનું ભવ્ય સ્વાગત કર્યું. વાતો કરતાં ખબર પડી કે પુરુષસિંહ તરફથી કોઈ તકલીફ ઊભી થઈ ન હતી. તેથી પોતાને ગામથી દૂર મોકલવાનું કારણ ઉદ્યાન ખાલી કરાવવાનું હતું તેમ વિશ્વભૂતિને સમજાઈ ગયું.

પોતાના ગામમાં આવી તે પુષ્પકરંડક ઉદ્યાનમાં ગયા અને ગુસ્સામાં આવીને તેણે એક વૃક્ષને જોરથી મુક્કો માર્યો. તેના બળપ્રભાવથી તે વૃક્ષના ફળ, ફૂલ તૂટીને પૃથ્વી પર પડી ગયાં. તેને મનમાં થયું કે આ સંસારીઓ કેવા

સ્વાર્થી છે ? ભાઈ, પિતા વગેરે ભોગલાલસા માટે છળપ્રપંચ કરે છે માટે મારે આવા સંસારમાં નથી રહેવું. તેણે દીક્ષા અંગીકાર કરી અને છટ્ઠને પારણે છટ્ઠની ઉગ્ર તપશ્ચર્યા કરવા લાગી ગયા. એકલ વિહાર પ્રતિમા ધારણ કરીને વિચરણ કરતા તેઓ એકવાર મથુરા પાસેના શહેરમાં આવી ગયા. તેમનું શરીર તપને કારણે કૃશ થઈ ગયું હતું. તેમાં માસક્ષમણના પારણા માટે તેઓ ગૌચરી લેવા રસ્તામાં નીકળ્યા. રસ્તામાં એક દૂબળી પાતળી ગાયનો ધક્કો લાગવાથી તેઓ નીચે પડી ગયા. તે સમયે તેમનો ભાઈ વિશાખાનંદી યોગાનુયોગે ત્યાંથી પસાર થતો હતો. તે જોરથી હસ્યો અને વ્યંગપૂર્વક બોલ્યો : "એક મુક્કાથી વૃક્ષના ફળ પાડી દેવાવાળા તારું બધું બળ ક્યાં ચાલ્યું ગયું ?" તપસ્વી મુનિ તેના વ્યંગથી કોપિત થઈ ગયા અને ગુસ્સામાં અને આવેગમાં ગાયને શીંગડાથી ઉપાડી ચારે તરફ ફેરવીને નીચે છોડી દીધી. કષાયના આવેગમાં રમતા વિશ્વભૂતિ મુનિએ નિયાણું કર્યું કે "મારા તપના પ્રભાવથી આવતા ભવમાં હું મહાન પરાક્રમી બનું." આ નિયાણાનું પ્રાયશ્ચિત્ત કર્યા વિના કાળને પ્રાપ્ત થયેલ વિશ્વભૂતિ સોળમા ભવમાં મહાશુક્ર નામના સાતમા દેવલોકમાં દેવ બન્યા.

## ❖ ત્રિપૃષ્ઠ વાસુદેવ ❖

સાતમા દેવલોકથી ચ્યવીને તેમનો આત્મા પોતનપુર નગરીમાં રીપુમર્દન રાજાને ઘરે મૃગાવતી રાણીની કુક્ષિમાં ત્રિપૃષ્ઠ વાસુદેવપણે ઉત્પન્ન થયા. તેમની માતાને સાત સ્વપ્ન આવ્યાં. સ્વપ્નપાઠકોએ પુત્ર વાસુદેવ બનશે તેવું કથન કર્યું. પૂર્વભવમાં નિયાણું કરેલ જીવ જ વાસુદેવની પદવી પામે છે.

યુવાનવયમાં તેમણે તુંગ નામના પર્વતમાં ઉત્પન્ન થયેલ દુષ્ટ સિંહને વગર હથિયારે જડબા ફાડી નાખી વધ કર્યો. શંખપુરના રાજા કે જે ત્રણ ખંડ પર પોતાનું શાસન ચલાવતાં હતાં, તેવા અશ્વગ્રીવ પ્રતિવાસુદેવને તેમને પોતાના જ ચક્ર વડે મોતને ઘાટ ઉતાર્યા. દેવોએ આકાશમાંથી ઘોષણા કરી કે તેઓ આ કાળના પ્રથમ વાસુદેવ છે.

એકવાર સંગીતના કાર્યક્રમમાં સંગીત સાંભળતાં તેમણે ગાયકોને કહ્યું : "મને ઊંઘ આવી જાય તો તમે સંગીત બંધ કરી દેજો." થોડીવારે ત્રિપૃષ્ઠ વાસુદેવ તો ઊંઘી ગયા એટલે ગાયકોએ સંગીત બંધ કર્યું. ત્યારે ત્રિપૃષ્ઠ વાસુદેવનો શય્યાપાલક સંગીતમાં મશગૂલ બન્યો હતો, જેથી તેણે ગાયકોને સંગીત ચાલુ રાખવાનું કહ્યું. જે સંગીતના અવાજથી રાજા ઊંઘમાંથી જાગી ગયા. ભાન ભૂલી ક્રોધાતૂર બની શય્યાપાલકના કાનમાં સીસું રેડાવ્યું. પરિણામે તીવ્ર રૌદ્ર પરિણામે કર્મબંધ કર્યો. આવા નિયાણાયુક્ત ભવમાં અનેક પાપકર્મો વધારીને તેઓ 18મા ભવે સાતમી નરકમાં ગયા.

સાતમી નરકમાં આયુષ્ય પૂર્ણ કરી ઓગણીસમે ભવે સિંહ બન્યા. ત્યાંથી ફરી પાછા વીસમે ભવે ચોથી નરકમાં ઉત્પન્ન થયા.
ત્યાંથી એકવીસમા ભવે વિમલકુમાર બન્યા. ત્યાંથી 22મા ભવે દેવ થયા.

### ❖ પ્રિયમિત્ર ચક્રવર્તી અને નંદનકુમારનો ભવ ❖

ત્યાંથી ત્રેવીસમા ભવે મહાવિદેહક્ષેત્રની મૂકા નગરીમાં ધનંજય રાજાની ધારિણી રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયા. તેની માતાએ 14 સ્વપ્નો જોયાં. તેમનું નામ પ્રિયમિત્ર રાખવામાં આવ્યું.

તેમની યુવાનવય થતાં તેમના પિતાએ રાજ્યકારભાર એમને સોંપીને દીક્ષા લીધી. સમય જતાં પ્રિયમિત્રને ત્યાં 14 મહારત્નો ઉત્પન્ન થયાં. છ ખંડ સાધીને તેઓ ચક્રવર્તી બન્યા. એકવાર મૂકા નગરીની બહાર પોટ્ટિલ નામના આચાર્ય પધાર્યા. મહારાજા તેમને વંદન કરવા ગયા. ધર્મ ઉપદેશ સાંભળીને તેમને વૈરાગ્ય થયો. દીક્ષા લઈ ઉગ્ર તપ આરાધના કરી. ચોર્યાસી લાખ પૂર્વનું આયુષ્ય ભોગવીને 24મા ભવે સાતમા મહાશુક્ર દેવલોકના દેવ થયા.

પચ્ચીસમા ભવે છત્રા નગરીમાં જિતશત્રુ રાજાને ત્યાં ભદ્રામાતાના પુત્ર નંદનકુમાર થયા. તેઓ રાજા બન્યા પછી સંયમ સ્વીકારે છે. દીક્ષાના

દિવસથી જ માસક્ષમણના પારણે માસક્ષમણ કરે છે. એક લાખ વર્ષનો સંયમ પાળે છે. જેમાં 11, 80, 645 માસક્ષમણની ઉચ્ચ કોટિની આરાધના કરે છે. “સર્વ જીવ કરું શાસનરસી” આદિ ભાવે તીર્થંકર નામ ગોત્ર કર્મબંધનાં વીસ કારણોનું અનેકવાર આચરણ કરી તીર્થંકર નામ ગોત્ર કર્મ બાંધે છે. બે મહિનાનો સંથારો કરી નંદન મુનિ 26મા ભવે દસમા દેવલોકમાં ઉત્પન્ન થયા. ભગવાનના પૂર્વભવની પરંપરાઓ તેમાં વચ્ચે-વચ્ચે ક્યારેક અસંખ્યકાળ માટે (લાંબા કાળ માટે) અનેક નાના-મોટા ભવો કર્યા, જેની અહીં ગણતરી કરવામાં આવી નથી.

ભગવાન મહાવીર સ્વામી દસમા દેવલોકનું બાવીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં બ્રાહ્મણકુંડ નામે નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષિમાં અષાઢ સુદ છઠ્ઠની મધ્યરાત્રિએ ઉત્પન્ન થયા. એ વખતે માતા દેવાનંદાએ 14 તેજસ્વી મહાસ્વપ્નો જોયાં.

માતા દેવાનંદાએ ગર્ભનું સુખરૂપ પાલન કરતાં 82 રાત વીતી ત્યારે શક્રેન્દ્ર મહારાજનું આસન ચળ્યું (દેહકંપન થયું). પોતાના જ્ઞાન વડે તેમણે પ્રભુને બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયેલા જોયા. આથી હરિણૈગમૈષી દેવ દ્વારા ભગવાનનું સાહરણ (ઉઠાવી જવું) કરી ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજાના ઘરે માતા ત્રિશલાની કુક્ષિમાં મૂક્યા. ત્રિશલામાતાએ પણ ગર્ભના પ્રભાવથી 14 મહાસ્વપ્નો જોયાં.

ગર્ભમાંથી જ પ્રભુ ત્રણ જ્ઞાન મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન અને 11 અંગસૂત્રના શ્રુતજ્ઞાન સહિત હતા. પોતાના શરીરના હલવાથી માતાને દુઃખ થશે એમ ધારી પ્રભુએ શરીરનું હલનચલન બંધ કર્યું. માતાને મનમાં થયું કે, ‘ગર્ભ હાલતો ચાલતો નથી તેથી લાગે છે કે ગર્ભનો નાશ થયો છે.’ આમ વિચારી ખેદ પામ્યા. પરિણામે આખા રાજમહેલમાં શોક વ્યાપી ગયો. જ્ઞાનના

બળથી પ્રભુએ બધાના શોકનું કારણ જાણી શરીરને હલાવ્યું, તેથી માતાને અને તેનાથી બધાને આનંદ થયો.

માતાની પુત્રવત્સલતા જાણી પ્રભુએ ગર્ભમાં જ પ્રતિજ્ઞા કરી કે માતા-પિતાની હાજરીમાં દીક્ષા લઈશ નહીં. આમ દેવાનંદાની કુક્ષિમાં 82।। રાત્રિ અને ત્રિશલામાતાની કુક્ષિમાં સાડા છ મહિના (195 રાત્રિ) એમ નવ મહિના અને સાડાસાત દિવસના ગર્ભકાળ બાદ ચૈત્ર સુદ તેરસની મધ્યરાત્રિએ પ્રભુનો જન્મ થયો. તે જ મધ્યરાત્રિએ 64 ઈન્દ્રો દ્વારા મેરુ પર્વત પર પ્રભુનો જન્માભિષેક ઉજવાયો. સિદ્ધાર્થ રાજાએ પણ નગરમાં જન્મોત્સવ ઉજવ્યો. ભગવાન જ્ઞાત વંશના, કાશ્યપ ગોત્રના, ક્ષત્રિય જાતિના, ઈક્ષ્વાકુ કુળના, શરીરે સુવર્ણ રંગના, 1008 શુભ ચિહ્નોવાળા, અનંતબળ ધારક, સાત હાથની ઊંચાઈવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સમચતુરસ્ત્ર સંસ્થાની અને શરીરનું લોહી ગાયના દૂધ જેવું સફેદ હતું. તેઓ જ્યારથી ગર્ભમાં આવ્યા, ત્યારથી નગરમાં સર્વ પ્રકારે ધનધાન્ય આદિની વૃદ્ધિ થઈ હતી માટે તેમનું નામ વર્ધમાનકુમાર રાખવામાં આવ્યું.

એક વખત બાળપણમાં બીજા બાળકો સાથે રમત રમતા હતા. એ રમતમાં એવી શરત હતી કે રમતાં જે જીતે તે હારનારના ખભે બેસે. તે સમયે પહેલા દેવલોકના ઈન્દ્ર શક્રેન્દ્ર મહારાજે વર્ધમાનકુમારના બળની દેવલોકમાં પ્રશંસા કરી. એક મિથ્યાત્વી દેવને આ વાત માનવામાં ન આવી. તે વર્ધમાનકુમારના બળની પરીક્ષા કરવા નાના બાળકનું રૂપ કરીને પ્રભુ અને અન્ય બાળકો સાથે ભળીને રમવા લાગ્યો. રમત રમતાં દેવ ઈરાદાપૂર્વક હારી ગયો. તેણે (બાળકે) વર્ધમાનકુમારને પોતાના ખભે બેસવાનું કહ્યું. જેવા વર્ધમાનકુમાર તેના ખભા પર બેઠાં કે તરત દેવે તાડ જેવું ઊંચું અને વિકરાળ રૂપ ધારણ કરી પ્રભુને ઊંચે ઉપાડ્યા. પ્રભુએ જ્ઞાનથી દેવસ્વરૂપને જાણ્યું અને તેના ખભા પર એક મુઠ્ઠીનો સામાન્ય પ્રહાર કર્યો, એટલે દેવ વામન રૂપ બની

ગયો. આમ ભગવાનના અતિ બળને જોઈને ઈન્દ્ર મહારાજાએ તેને ‘મહાવીર’ નામ આપ્યું.

વર્ધમાનકુમાર યુવાનવયના થયા ત્યારે સમરવીર રાજાએ પોતાની કુંવરી યશોદા સાથે પરણાવવા માટે વર્ધમાનના પિતા રાજા સિદ્ધાર્થને માગણી કરી. વર્ધમાનકુમારે માતા-પિતાની આજ્ઞાથી પોતાના ભોગાવલી કર્મના ઉદયને ભોગવી લેવાના હેતુથી મૌન સંમતિ આપી. આથી યશોદા સાથે લગ્ન થયાં. અનાસક્તપણે ગૃહસ્થાશ્રમમાં રહેતાં એક પુત્રીનો જન્મ થયો. જેનું નામ પ્રિયદર્શના રાખ્યું.

પ્રભુ 28 વર્ષના થયા તે વર્ષે માતા-પિતાનો આયુષ્યકાળ ઓછો લાગવાથી બંનેએ સંથારો કર્યો. તે બંને બે મહિનાનો સંથારો પૂર્ણ કરી બારમા દેવલોકે દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યભવ પામી સિદ્ધ થશે. ત્યાર પછી વર્ધમાન મોટા ભાઈ નંદીવર્ધન પાસે દીક્ષાની અનુમતિ લેવા ગયા. પરંતુ ભાઈએ વર્ધમાનને બે વર્ષ રોકાઈ જવાની વિનંતી કરી.

ભાઈની વાતનો સ્વીકાર કરીને હવે તેઓ સંયમીત જીવન જીવવા લાગ્યા. એક વર્ષ બાદ 29 વર્ષની ઉંમરે લોકાંતિક દેવોએ ‘પ્રભુ આપ તીર્થ પ્રવર્તાવો’ એવો સંકેત પામ્યા. તેઓ દરરોજ 1 કરોડ, 8 લાખ સુવર્ણમુદ્રાનું દાન કરવા લાગ્યા. એક વર્ષમાં તેમણે કુલ 388 કરોડ, 80 લાખ સુવર્ણમુદ્રાનું દાન કર્યું. આમ, કુલ 30 વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં રહીને કારતક વદ 10ના દિવસે પાણી રહિતના છઠ્ઠ તપ સહિત અશોક વૃક્ષની નીચે 30 વર્ષની ઉંમરે પ્રભુ ચંદ્રપ્રભા પાલખીમાં બેસીને દીક્ષા લેવા નીકળ્યા. તેમણે ‘નમો સિદ્ધાણં’ કહીને સ્વયં જાવજીવ માટે સર્વ સાવદ્ય યોગના પચ્ચક્ખાણ કર્યા. દીક્ષા લેતાં જ તેમને ચોથું મન:પર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. ઈન્દ્ર મહારાજે તેમના શરીર પર દેવદૂષ્ય વસ્ત્ર મૂક્યું. તે વસ્ત્ર પ્રભુના શરીર પર 13 મહિના રહ્યું પછી પડી ગયું.

દીક્ષા લઈ પ્રભુએ ગ્રામાનુગ્રામ વિહાર કર્યો. છદ્મસ્થકાળમાં તેમને મનુષ્ય, તિર્યંચ અને દેવ તરફથી ઘણા ઉપસર્ગો સહન કરવા પડ્યા.
દીક્ષા વખતે લગાડેલ ચંદનના લેપથી ચાર માસ સુધી ભમરાઓએ આક્રમણ કર્યું અને દંશ દીધા.

પ્રથમ ચાતુર્માસમાં શુલપાણી યક્ષના મંદિરમાં રાત્રે કાઉસ્સગ્ગમાં પ્રભુ સ્થિર હતા, ત્યાં યક્ષે આવીને હાથી અને પિશાચના રૂપમાં ભયંકર રૂપો ધારણ કર્યાં, પણ પ્રભુ ડગ્યા નહીં. પછી યક્ષે પ્રભુના મસ્તક, નાક, આંખ, દાંત, હોઠ વગેરેમાં તીવ્ર વેદનાઓ ઉપજાવી, પણ પ્રભુ તો ધ્યાનમાં મસ્ત રહ્યાં. યક્ષ થાક્યો અને પ્રભુની ક્ષમા માંગી.

ભગવાન જંગલમાંથી જતા હતા, ત્યાં ચંડકૌશિક નામના દ્રષ્ટિવિષ સર્પે પ્રભુને ડંખ આપ્યા, પણ પ્રભુએ તો કરુણા કરી સર્પનો પૂર્વભવ સંભળાવી સર્પને પણ બૂઝવ્યો.

પ્રભુ અનાર્ય દેશમાં ગયા. ત્યાંના અધર્મી અને જડ લોકો પ્રભુને માર મારતા. પ્રભુ પર કૂતરાં છોડતા, જે કરડતાં અને પ્રભુને લોહીની ધારાઓ છૂટતી.

સંગમ નામના મિથ્યાત્વી દેવે છ માસ સુધી પ્રભુને ભયંકર ઉપસર્ગો આપ્યા. ધૂળનો વરસાદ કર્યો. ઝેરી કીડીઓથી પ્રભુનું શરીર ચારણી જેવું કર્યું. વાઘના, હાથીના અને સર્પના રૂપે પ્રભુને ઉપસર્ગો આપ્યા. એકવાર તો એક રાત્રિમાં 20 ઉપસર્ગો આપ્યા, છતાં પ્રભુ ન ડગ્યા.

કટપૂતના વ્યંતરી દેવીએ બરફ જેવો ઠંડો પવન ફૂંક્યો અને બરફના પાણીની ધારા વહાવી શીત ઉપસર્ગ આપ્યો.

ગોવાળે બળદની ચોરીના શકથી ધ્યાનસ્થ પ્રભુના કાનમાં ખીલા ઠોક્યા. આવી તકલીફોની ઝડીઓ વચ્ચે પ્રભુ આત્મ સાધનામાં લીન રહ્યાં અને તપનો યજ્ઞ કરતા રહ્યાં.

### ❖ અડોલ તપ સાધના ❖

| | |
|---|---|
| 1 વાર સાડા બાર વર્ષમાં તેમણે 6 માસિક ઉપવાસ | જેનું પારણું ખીરથી ગોવાલણના હાથે થયું. |
| 1 વાર પાંચ મહિના 25 દિવસના ઉપવાસ (અભિગ્રહ સહિત) | જેનું પારણું ચંદનબાળાના હાથે બાકુળાથી. |
| 9 વાર ચાર મહિનાના ઉપવાસ, | |
| 2 વાર ત્રણ મહિનાના ઉપવાસ, | |
| 2 વાર અઢી મહિનાના ઉપવાસ, | |
| 2 વાર દોઢ મહિનાના ઉપવાસ, | |
| 6 વાર 2 મહિનાના ઉપવાસ, | |
| 12 વાર માસક્ષમણ | |
| 72 વાર અર્ધ માસક્ષમણ, | |

12 અઠ્ઠમ, 229 છઠ્ઠ એમ કુલ 4166 દિવસના ઉપવાસ અને માત્ર 349 પારણાં કર્યાં.

**3 ભદ્ર, મહાભદ્ર, સર્વતોભદ્ર પ્રતિમા-** પારણું સાકર ભાતથી બહુલાદાસીના હાથે થયું. પારણા વિજય શેઠને ત્યાં ક્રૂર ધાન્યથી, સુનંદા શ્રાવિકાને હાથે ખીરથી, બહુલબ્રાહ્મણને ત્યાં વગેરે થયા.

તે સર્વ ઉપવાસ પાણી વિનાના ચૌવિહારા હતા અને માત્ર 48 મિનિટની નિદ્રા લીધી.

આમ પ્રભુએ કુલ 12 વર્ષ, છ મહિના, 15 દિવસ છદ્મસ્થપણે રહ્યાં. તેમાં વધુ મૌન રહેતા. માત્ર "હું ભિક્ષુક છું" એટલું જ બોલતાં. ધ્યાન કરતા ઊંઘ આવે તો આંટા મારતા, અપ્રીતિ થાય તો ત્યાં ન રહેતા. કરપાત્રમાં (હાથમાં) આહાર કરતા.

## ❖ કેવળી અવસ્થા ❖

આ સઘન સાધનાની ફળશ્રુતિરૂપ વૈશાખ સુદ દશમે દિવસના ત્રીજા પ્રહરે, ઋજુવાલિકા નદીના કિનારે શાલવૃક્ષ નીચે, ગોદુહિકાસને, શુક્લ ધ્યાનમાં, છઠ્ઠ તપે, ચાર ઘાતી કર્મનો ક્ષય થવાથી ભગવાનને કેવળજ્ઞાનનો દીપક પ્રગટ્યો. જેનાથી તેઓ ત્રણે કાળના, ત્રણે લોકના સર્વ ભાવો જાણવા દેખવા લાગ્યા.

પ્રભુએ સૌપ્રથમ જ્ઞાનધારા વહાવી ત્યારે ફક્ત દેવો જ હાજર હોવાથી અને મનુષ્યો ન હોવાથી કોઈએ વ્રત ધારણ ન કર્યા. પ્રભુ વિહાર કરી પાવાપુરી પધાર્યા. ત્યાં દેવોએ ભવ્ય સમવશરણની રચના કરી. ઈન્દ્રભૂતિ આદિ 11 બ્રાહ્મણો, 4400 શિષ્યો સાથે નીચે મુજબના સંશયોનું સમાધાન કરવા આવ્યા : (1) જીવ છે ? (2) કર્મ છે ? (3) શરીર તે જ જીવ છે ? (4) પાંચ મહાભૂતો શું છે ? (5) પૂર્વભવ અને પશ્ચાત્ ભવ શું છે ? (6) બંધ મોક્ષ શું છે ? (7) દેવો છે ? (8) નારકી છે ? (9) પુણ્ય-પાપ છે ? (10) પરલોક છે ? (11) મોક્ષ છે ? પ્રભુએ આ 11 બ્રાહ્મણોની શંકાઓનું સમાધાન કરી દીક્ષા આપી, જેઓ તેમના મુખ્ય શિષ્ય ગણધર કહેવાયા.

ગૌતમ ગણધર મુખ્ય સાધુ, ચંદનબાળા મુખ્ય સાધ્વી, શંખ પ્રથમ શ્રાવક, સુલસા પ્રથમ શ્રાવિકા બની અને ભગવાને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. 11 ગણધરોને પ્રભુએ ત્રિપદી આપી. તેના પર ચિંતન કરીને તેમણે દ્વાદશાંગી 12 અંગસૂત્રની રચના કરી.

પ્રભુની દેશના અર્ધમાગધી ભાષામાં, માલકોષ રાગમાં બોલાતી અને 1 યોજન (= 4 ગાઉ, અંદાજે 14 કિ.મી.) સુધી સંભળાતી. પ્રભુની વાણીની અસર રાજા, ચોર, સિપાહી, ધનવાન, ખૂની વગેરે અનેક જીવોને તારણહાર રૂપ બની.

### ❖ પ્રભુના સંગમાં આવેલા અનેકના જીવન પરિવર્તનના ઉદાહરણો ❖

(1) શ્રેણિક રાજા સમકિતી બન્યા અને આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર થશે.

(2) પ્રભુના પ્રથમ માતા-પિતા ઋષભદત્ત અને દેવાનંદા એક જ દેશના સાંભળી વૈરાગ્ય પામી દીક્ષિત થઈ 11 અંગસૂત્રોનો અભ્યાસ કરી મોક્ષ પધાર્યા.

(3) પ્રભુના જમાઈ જમાલી 500 પુરુષો સાથે અને પુત્રી પ્રિયદર્શના 1000 સ્ત્રીઓ સાથે દીક્ષિત થયાં. બંને 11 અંગના જ્ઞાતા થયા. પરંતુ જમાઈ જમાલી પ્રભુના વચનોનો અવળો અર્થ કરવાથી વિરાધક થઈ ગયા.

(4) પોતનપુરના રાજા પ્રસન્નચંદ્રએ બાળ રાજકુમારને ગાદી સોંપી દીધી અને વૈરાગી બની દીક્ષા લઈ આત્મકલ્યાણ સાધી લીધું.

(5) દશાર્ણભદ્ર રાજા ભવ્ય સવારી લઈને તેનું અભિમાન કરતાં ભગવાન પાસે આવ્યા. એમનો અહં ઈન્દ્ર મહારાજાએ ઉતારી દીધો. રાજાનો મદ ઊતરતાં દીક્ષા લઈ લીધી.

(6) જેના ઘરે રોજની 99 દેવતાઈ પેટીઓ ઊતરતી એવા શાલિભદ્રએ બનેવી ધન્ના સાથે ભગવાન પાસે દીક્ષા લઈ એકાવતારી બની ગયા.

(7) કાકંદિના ધન્ના અણગારે એક દેશના સાંભળી વૈરાગી થઈ દીક્ષા લીધી. છઠ્ઠના પારણે લૂખો-સૂકો આહાર કરી પારણું કરી શરીરને હાડકાંનો માળો બનાવી દીધો. પ્રભુએ તેમની તપ આરાધનાની પ્રશંસા કરી, 1 માસનો સંથારો કરી તેઓ એકાવતારી બન્યા.

(8)પ્રભુના ગોશાલક નામના કુશિષ્યે પોતાને કેવલી તરીકે ઓળખાવ્યો. પ્રભુ પર તેજોલેશ્યા છોડી, જેથી પ્રભુને છ માસ સુધી લોહીના ઝાડા રહ્યા. (પિત્તજ્વર) અંતે તે પોતાની વાતનો પસ્તાવો કરી 12મું દેવલોક પામ્યો.
પ્રભુએ કેવળીપણે 30 ચાતુર્માસ કર્યા. પ્રભુની વાણીથી પ્રભાવિત થઈને 11 ગણધર, 14,000 સાધુ, 1300 અવધિજ્ઞાનીઓ, 300 ચૌદ પૂર્વધર સાધુઓ, 36,000 સાધ્વી, 700 કેવળી, 700 અનુત્તર વિમાને જવાવાળા, 500 મન:પર્યવજ્ઞાની, 1,59,000 શ્રાવકો, 3,18,000 શ્રાવિકાઓ અને બીજા લાખો અનુયાયી થયા. 9 જીવોએ એમના શાસન-કાળમાં તીર્થંકર નામ કર્મ બાંધ્યું.
અંતિમ ચાતુર્માસે પાવાપુરી નગરીમાં આસો વદ અમાસના રાત્રિએ પ્રભુ નિર્વાણ પામ્યા. તે પહેલાં તેમણે શ્રી વિપાક સૂત્રના 110 અધ્યયન અને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના 36 અધ્યયનો અર્થરૂપે સંભળાવ્યા. પ્રભુ સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધ થયા, બુદ્ધ થયા, મુક્ત થયા, શાશ્વત સુખ માણનારા થયા, જન્મ જરા મરણથી મુક્ત થઈ, અજર અમર પદ પામ્યા.
જય હો પરમ તારક કરુણાનિધાન પરમાત્મા મહાવીરનો...!!!

**બોલો મહાવીર સ્વામી ભગવાનનો જય હો...**

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(1) નયસાર કોણ હતો ? તેને સમકિતિની પ્રાપ્તિ કેવી રીતે થઈ ?

(2) મરીચિ ચારિત્રથી અને શ્રદ્ધાથી કેવી રીતે ભ્રષ્ટ થયા ?

(3) ત્રિદંડી એટલે શું?
(4) મરીચિને કઈ ત્રણ પદવી ભવિષ્યમાં પ્રાપ્ત થશે ?
(5) મરીચિના ભવ પછી કેટલા ભવ સુધી બ્રાહ્મણપણે ઉત્પન્ન થયા ? શા માટે ?
(6) વિશ્વભૂતિ કોણ હતા ? તેમને લડાઈ કરવા શા માટે મોકલ્યા ?
(7) વિશ્વભૂતિને વૈરાગ્ય કેવી રીતે આવ્યો ?
(8) વિશાખાભૂતિ વિશ્વભૂતિ પર શા માટે હસ્યો ? તેનું પરિણામ શું આવ્યું ?
(9) ત્રિપૃષ્ઠ વાસુદેવ કેવી રીતે બન્યા ? નરકમાં લઈ જતું કર્મ તેમણે કઈ રીતે બાંધ્યું ?
(10) મહાવીરે તીર્થંકર નામગોત્ર કયા ભવમાં બાંધ્યું ?
(11) પ્રિયમિત્ર ચક્રવર્તીએ દીક્ષા લઈને શું સાધના કરી ?
(12) 27 ભવમાં દેવના, મનુષ્યના, તિર્યંચના અને નરકના ભવ કેટલા ?
(13) દેવાનંદા અને ઋષભદત્ત કોણ હતા ?
(14) મહાવીરનું સાહરણ કોણે કર્યું ? શા માટે ?
(15) ત્રિશલામાતાને શા માટે દુઃખ થયું ?
(16) કોની કુક્ષિમાં મહાવીર કેટલો કાળ રહ્યા ?
(17) ભગવાનના શરીર, કુળ આદિનું વર્ણન કરો.
(18) ભગવાનનું નામ મહાવીર શાથી પડ્યું ?
(19) ભગવાનના માતા-પિતાનું મૃત્યુ ક્યારે અને કેવી રીતે થયું ?
(20) મહાવીરના ભવમાં કયા દેવો ભગવાનને શું સંકેત આપે છે ?
(21) તીર્થંકરનું એક દિવસનું અને આખા વર્ષનું કુલ વર્ષીદાન કેટલું ?
(22) ભગવાને દીક્ષા ક્યારે અને કેવી રીતે લીધી ?
(23) છદ્મસ્થકાળે ભગવાને સહન કરેલા ઉપસર્ગોનું વર્ણન કરો.
(24) છદ્મસ્થકાળના તપનું વર્ણન કરો.
(25) ભગવાનને કેવળજ્ઞાન ક્યાં અને ક્યારે થયું ?
(26) ભગવાનની પહેલી દેશના કોણે સાંભળી ?

(27) મહાવીર પાસે સહુ પ્રથમ કોણે કોણે દીક્ષા લીધી ?

(28) ભગવાને ગણધરોને શું આપ્યું ?

(29) ભગવાનની દેશનાની ભાષા કઈ અને તે કેવી હતી?

(30) કેવળી મહાવીરનો પરિવાર લખો.

(31) ભગવાન પાસે જે-જે આત્માઓએ પોતાનું આત્મકલ્યાણ કર્યું, તેનો ટૂંકસાર અને તેમનું નામ લખો.

(32) ભગવાને અંતિમ રાત્રિએ લોકોને શેની દેશના આપી ?

(33) ભગવાનનો જન્મ, ચ્યવન, દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષની તિથિ લખો.

# કાવ્ય વિભાગ

## શ્રી ભક્તામર સ્તોત્ર
## (રાગ : વસંતતિલકા વૃતમ્)

ભક્તામર-પ્રણત-મૌલિ - મણિ - પ્રભાણા-
મુદ્યોતકં દલિત પાપ-તમો-વિતાનમ્ ।
સમ્યક્ પ્રણમ્ય જિન - પાદ - યુગં યુગાદા-
વાલમ્બનં ભવ - જલે - પતતાં જનાનામ્ ।। 1 ।।

ય: સંસ્તુત: સકલ વાંગ્મય તત્ત્વ બોધા-
દુદ્દભૂત બુદ્ધિ - પટુભિઃ સુરલોક - નાથૈ: ।
સ્તોત્રૈર્ - જગત્ –ત્રિતય ચિત્ત હરૈ રુદારૈ:
સ્તોષ્યે કિલાહમપિતં પ્રથમં જિનેન્દ્રમ્ ।। 2 ।।

બુદ્ધ્યા વિનાપિ વિબુધા - ર્ચિત - પાદપીઠ !
સ્તોતું સમુદ્યત - મતિર્વિગત - ત્રપોહમ્ ।
બાલંવિહાય જલ સંસ્થિત મિન્દુ - બિમ્બ-
મન્ય: ક ઈચ્છતિ જન: સહસા ગ્રહીતુમ્ ।। 3 ।।

વક્તું ગુણાન્ ગુણ સમુદ્ર ! શશાંક - કાન્તાન્
કસ્તે ક્ષમ: સુરગુરુ - પ્રતિમોપિ બુદ્ધ્યા ।
કલ્પાન્ત - કાલ - પવનોદ્ધત - નક્ર - ચક્રં
કો વા તરીતુમલમમ્બુનિધિં ભુજાભ્યામ્ ।। 4 ।।

સોહં તથાપિ તવ ભક્તિ - વશાન્મુનીશ !
કર્તું સ્તવં વિગત - શક્તિ - રપિ પ્રવૃત્ત: ।
પ્રીત્યાત્મ - વીર્ય - મવિચાર્ય મૃગો મૃગેન્દ્રં
નાભ્યેતિ કિં નિજશિશો: પરિપાલનાર્થમ્ ।। 5 ।।

અલ્પ - શ્રુતં શ્રુતવતાં પરિહાસ ધામ
ત્વદ્ - ભક્તિરેવ મુખરી કુરુતે બલાન્મામ્ ।
યત્કોકિલ: કિલ મધૌ મધુરં વિરૌતિ
તચ્ચારુ ચામ્ર – કલિકા – નિકરૈક - હેતુ: ।। 6 ।।

ત્વત્ - સંસ્તવેન ભવ – સંતતિ - સન્નિબદ્ધં
પાપં ક્ષણાત્ - ક્ષયમુપૈતિ શરીરભાજામ્ ।
આક્રાન્તલોક - મલિ - નીલમ - શેષમાશુ
સૂર્યાંશુ - ભિન્નમિવ શાર્વર - મન્ધકારમ્ ।। 7 ।।

મત્વેતિ નાથ ! તવ સંસ્તવનં મયેદ -
મારભ્યતે તનુ - ધિયાપિ તવ પ્રભાવાત્ ।
ચેતો હરિષ્યતિ સતાં નલિની - દલેષુ
મુક્તા - ફલ - દ્યુતિ મુપૈતિ નનૂદ - બિંન્દુ: ।। 8 ।।

આસ્તાં તવ સ્તવનમસ્ત - સમસ્ત - દોષં
ત્વત્ - સંકથાપિ જગતાં દુરિતાનિ હંતિ ।
દૂરે: સહસ્રકિરણ: કુરુતે પ્રભૈવ
પદ્માકરેષુ જલજાનિ વિકાસ - ભાંજિ ।। 9 ।।

નાત્યદ્ભુતં ભુવનભૂષણ ભૂતનાથ !
ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવન્ત - મભિષ્ટુવન્ત:  ।
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિં વા ?
ભૂત્યાશ્રિતં ય ઈહ નાત્મસમં કરોતિ ।। 10 ।।

દ્રષ્ટ્વા ભવંત - મનિમેષ - વિલોકનીયં,
નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુ: ।
પીત્વા પયઃ શશિકર – દ્યુતિ – દુગ્ધ - સિન્ધો:
ક્ષારં જલં જલ- નિધેર -શિતું ક ઈચ્છેત્ ।। 11 ।।

યૈ: શાન્ત - રાગ - રુચિભિ: પરમાણુભિસ્ત્વં
નિર્માપિત સ્ત્રિભુવનૈક - લલામ - ભૂત ! ।
તાવન્ત એવ ખલુ તે પ્યણવ: પૃથિવ્યાં,
યત્તે સમાનમપરં ન હિ રૂપ મસ્તિ ।। 12 ।।

વકત્રં ક્વ તે સૂર - નરો - રગ -નેત્રહારિ
નિ:શેષ - નિર્જિત જગત્ - ત્રિતયોપમાનમ્ ? ।
બિમ્બં કલંક - મલિનં ક્વ નિશાકરસ્ય ?
યદ્વાસરે ભવતિ પાંડુ - પલાશ - કલ્પમ્ ।। 13 ।।

સમ્પૂર્ણ મંડલ - શશાંક - કલા- કલાપ
શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ  ।
યે સંશ્રિતા સ્ત્રિ - જગદીશ્વર નાથમેકં
કસ્તાન્ - નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ।। 14 ।।

ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગ નાભિર્
નીર્તં મનાગપિ મનો ન વિકાર - માર્ગમ્ ।
કલ્પાન્ત - કાલ - મરુતા ચલિતા - ચલેન,
કિં મંદરાદ્રિ - શિખરં ચલિતં કદાચિત્ ।। 15 ।।

નિર્ધૂમ - વર્તિરપવર્જિત - તૈલ - પૂર:
કૃત્સ્નં જગત્ - ત્રયમિંદ પ્રકટી-કરોષિ ।
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતા - ચલાનાં,
દીપોપર સ્ત્વમસિ નાથ ! જગત્ - પ્રકાશ: ।। 16 ।।

નાસ્તં કદા ચિદુપયાસિ ન રાહુગમ્ય:
સ્પષ્ટીકરોષિ સહસા યુગ પજ્જગન્તિ ।
નામ્ભોધરો - દર - નિરુદ્ધ - મહા - પ્રભાવ:
સૂર્યાતિશાયિ મહિમા સિ મુનીન્દ્ર ! લોકે ।। 17 ।।

નિત્યોદયં દલિત મોહ - મહાન્ધકારં
ગમ્યં ન રાહુ - વદનસ્ય ન વારિદાનામ્ ।
વિભ્રાજતે તવ મુખાબ્જ મનલ્પ - કાન્તિ
વિદ્યોતયજ્ - જગદપૂર્વ શશાંક બિમ્બમ્ ।। 18 ।।

કિં શર્વરીષુ શશિનાહ્નિ વિવસ્વતા વા
યુષ્મન્મુખેન્દુ - દલિતેષુ તમસ્સુ નાથ ! ।
નિષપન્ન - શાલિ - વન - શાલિનિ જીવલોકે
કાર્યં કિયજ્ - જલધરૈર્જલ - ભાર - નમ્રૈ: ।। 19 ।।

**જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં**
**નૈવં તથા હરિ - હરાદિષુ નાયકેષુ ।**
**તેજ: સ્ફૂરન્મણિષુ યાતિ યથા મહત્વં**
**નૈવં તુ કાચ - શકલે કિરણા - કુલેડપિ ।। 20 ।।**

**મન્યે વરં હરિ - હરાદય એવ દ્રષ્ટા-**
**દ્રષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।**
**કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્ય:**
**કશ્ચિન્મનો - હરતિ નાથ ! ભવાન્તરેપિ ।। 21 ।।**

**સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્**
**નાન્યા - સુતં ત્વદુપમં જનની પ્રસૂતા ।**
**સર્વા દિશો દધતિ ભાનિ સહસ્ર - રશ્મિં**
**પ્રાચ્યેવ દિગ્ - જનયતિ સ્ફુરદંશુ - જાલમ્ ।। 22 ।।**

**ત્વામામનન્તિ મુનય: પરમં પુમાંસ-**
**માદિત્ય - વર્ણ - મમલં તમસ: પુરસ્તાત્ ।**
**ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું**
**નાન્ય: શિવ: શિવપદસ્ય મુનીન્દ્ર ! પન્થા: ।। 23 ।।**

**ત્વામવ્યયં વિભુ-મચિંત્ય-મસંખ્યમાદ્યં**
**બ્રહ્માણમીશ્વર મનન્ત મનંગ - કેતુમ્ ।**
**યોગીશ્વરં વિદિત - યોગ મનેક મેકં**
**જ્ઞાન - સ્વરૂપ - મમલં પ્રવદન્તિ સન્ત: ।। 24 ।।**

બુદ્ધ સ્ત્વમેવ વિબુધાર્ચિત - બુદ્ધિ - બોધાત્
ત્વં શંકરોસિ ભુવન - ત્રય - શંકરત્વાત્ ।
ધાતાસિ - ધીર ! શિવમાર્ગ - વિધેર્વિધાનાત્
વ્યક્તં ત્વમેવ ભગવન્ ! પુરુષોત્તમોસિ ।। 25 ।।

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ !
તુભ્યં નમ: ક્ષિતિતલા મલ - ભૂષણાય ।
તુભ્યં નમસ્ત્રિજગત: પરમેશ્વરાય
તુભ્યં નમો જિન ! ભવોદધિ - શોષણાય ।। 26 ।।

કો વિસ્મયોત્ર યદિ નામ ગુણૈરશેષૈ-
સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ ! ।
દોષૈરુપાત્ત - વિવિધાશ્રય જાત ગર્વૈ:
સ્વપ્નાંતરેપિ ન કદાચિદ - પીક્ષિતોસિ ।। 27 ।।

ઉચ્ચૈરશોક - તરુ - સંશ્રિત મુન્મયૂખ-
માભાતિ રૂપમમલં ભવતો નિતાન્તમ્ ।
સ્પષ્ટૌલ્લ સત્ - કિરણ - મસ્ત - તમો - વિતાનં
બિમ્બં રવેરિવ પયોધર પાર્શ્વવર્તિ ।। 28 ।।

સિંહાસને મણિ - મયૂખ - શિખા - વિચિત્રે,
વિભ્રાજતે તવ વપુ: કનકાવદાતમ્ ।
બિમ્બં વિયદ્વિલસ દંશુ લતા – વિતાન
તુંગોદયાદ્રિ - શિરસીવ સહસ્રરશ્મે:  ।। 29 ।।

કુન્દાવદાત - ચલ - ચામર - ચારુ - શોભં
વિભ્રાજતે તવવપુ: કલધૌત - કાન્તમ્ ।
ઉદ્યચ્છ શાંક - શુચિ - નિર્ઝર - વારિધાર-
મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાત - કૌમ્ભમ્ ।। 30 ।।

છત્ર - ત્રયં તવ વિભાતિ શશાંક - કાન્ત-
મુચ્ચૈઃ સ્થિતં સ્થગિત - ભાનુકર - પ્રતાપમ્ ।
મુક્તા - ફલ - પ્રકર - જાલ – વિવૃદ્ધ – શોભં -
પ્રખ્યાપયત્ - ત્રિજગત: પરમેશ્વરત્વમ્ ।। 31 ।।

ગંભીર - તાર - રવ પૂરિત - દિગ્ – વિભાગ-
સ્ત્રૈલોક્ય લોક - શુભ - સંગમ - ભૂતિ દક્ષ: ।
સદ્ધર્મ - રાજ - જય - ઘોષણ - ઘોષક: સન્
ખે દુન્દુભિર્ધ્વનતિ તે યશસ: પ્રવાદી, ।। 32 ।।

મંદાર - સુંદર - નમેરુ - સુપારિજાત-
સંતાનકાદિ કુસુમોત્કર વૃષ્ટિ - રુદ્ધા ।
ગંધોદ - બિન્દુ - શુભ - મન્દ મરુત્પ્રપાતા-
દિવ્યા દિવ: પતતિ તે વચસાં તતિર્વા ।। 33 ।।

શુમ્ભત્પ્રભા વલય - ભૂરિ વિભા વિભોસ્તે
લોકત્રય - દ્યુતિમતાં દ્યુતિમાક્ષિપન્તિ ।
પ્રોદ્યદ્ દિવાકર નિરન્તર - ભૂરિ સંખ્યા
દીપ્ત્યા જયત્યપિ નિશામપિ સોમ - સૌમ્યામ્ ।। 34 ।।

સ્વર્ગા - પવર્ગ - ગમ - માર્ગ – વિમાર્ગણેષ્ટ-
સદ્ધર્મ - તત્ત્વ - કથનૈકપટુ સ્ત્રિલોક્યામ્ ।
દિવ્ય - ધ્વનિર્ભવતિ તે વિશદાર્થ સર્વ-
ભાષા સ્વભાવ પરિણામ ગુણૈ: પ્રયોજ્ય: ।। 35 ।।

ઉન્નિદ્ર - હેમ - નવ - પંકજ - પુંજ - કાન્તિ
પર્યુલ્લ-સન્નખ - મયૂખ - શિખા - ભિરામૌ ।
પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ! ધત્ત:
પદ્માનિ તત્ર વિબુધા: પરિકલ્પયન્તિ ।। 36 ।।

ઈત્થં યથા તવ વિભૂતિર - ભૂજ્જિનેન્દ્ર !
ધર્મોપદેશન - વિધૌ ન તથા પરસ્ય ।
યાદક્ પ્રભા દિનકૃત: પ્રહતાન્ધકારા
તાદક્ કુતો ગ્રહ ગણસ્ય વિકાશિનોપિ ।। 37 ।।

શ્ચ્યોતન્મદા - વિલવિલોલ - કપોલ - મૂલ-
મત્ત - ભ્રમદ્ ભ્રમર - નાદ - વિવૃદ્ધ - કોપમ્ ।
ઐરાવતા - ભમિ - ભમુદ્ધત - માપતન્તં
દ્રષ્ટ્વા ભયં ભવતિ નો ભવદા - શ્રિતાનામ્ ।। 38 ।।

ભિન્નેભ - કુંમ્ભ - ગલદુજ્જ્વલ શોણિતાક્ત -
મુક્તા - ફલ - પ્રકરભૂષિત ભુમિ - ભાગ: ।
બદ્ધ - ક્રમ: ક્રમગતં હરિણાધિપોપિ
નાક્રામતિ ક્રમ - યુગાચલ સંશ્રિતં તે ।। 39 ।।

કલ્પાન્ત - કાલ - પવનોદ્ધત વહ્નિ કલ્પં
દાવાનલં જ્વલિત – મુજ્જવલ મુત્સ્ફુલિંગમ્ ।
વિશ્વં જિઘત્ - સુમિવ સમ્મુખ – માપતન્તં
ત્વન્નામ - કીર્ત્તન - જલં શમયત્યશેષમ્ ।। 40 ।।

રક્તેક્ષણં સમદ - કોકિલ - કંઠ - નીલં
ક્રોધોદ્ધતં ફણિન - મુત્ફણ - માપતન્તમ્ ।
આક્રામતિ ક્રમ - યુગેન નિરસ્ત શંક -
સ્ત્વન્નામ - નાગ - દમની હૃદિ યસ્ય પુંસ: ।। 41 ।।

વલ્ગત્તુરંગ - ગજ - ગર્જિત - ભીમ નાદ-
માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્ ।
ઉદ્યદ્ - દિવાકર - મયૂખ – શિખાપવિદ્ધં
ત્વત્કીર્તનાત્તમ ઈવાશુ ભિદામુપૈતિ ।। 42 ।।

કુન્તાગ્ર - ભિન્ન - ગજ - શોણિત વારિ - વાહ-
વેગાવતાર – તરણા - તુર - યોધ – ભીમે ।
યુદ્ધે જયં વિજિત - દુર્જય - જેય - પક્ષા-
સ્ત્વત્પાદ - પંકજ - વના - શ્રયિણો લભન્તે ।। 43 ।।

અમ્ભોનિધૌ ક્ષુભિત - ભીષણ - નક્ર ચક્ર-
પાઠીન - પીઠ – ભય દોલ્વણ વાડવાગ્નૌ ।
રંગતરંગ શિખર - સ્થિત - યાનપાત્રા-
સ્ત્રાસં વિહાય ભવત: સ્મરણાદ્ - વ્રજન્તિ ।। 44 ।।

ઉદ્‌ભૂત ભીષણ જલોદર ભાર - ભુગ્ના:
શોચ્યાં દશા - મુપગતા શ્ચ્યુત જીવિતાશા: ।
ત્વત્પાદ પંકજ - રજોમૃત દિગ્ધ - દેહા:
મર્ત્યા ભવન્તિ મકર ધ્વજ તુલ્યરૂપા: ।। 45 ।।

આપાદ - કંઠ - મુરુ - શૃંખલ – વેષ્ટિ તાંગા:
ગાઢં બૃહન - નિગડ - કોટિ - નિઘૃષ્ટ - જંઘા: ।
ત્વન્નામ - મંત્રમનિશં મનુજા: સ્મરન્ત:
સદ્યઃ સ્વયં વિગતબંધ - ભયા ભવન્તિ ।। 46 ।।

મત્ત - દ્વિપેન્દ્ર - મૃગરાજ દવા - નલાહિ
સંગ્રામ - વારિધિ - મહોદર - બન્ધનોત્થમ્ ।
તસ્યાશુ નાશમુપયાતિ ભયં ભિયેવ
યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ।। 47 ।।

સ્તોત્રં - સ્રજં તવ જિનેન્દ્ર ! ગુણૈર્નિબદ્ધાં
ભક્ત્યા મયારુચિર - વર્ણ - વિચિત્ર – પુષ્પામ્ ।
ધત્તે જનો ય ઈહ કંઠ-ગતા - મજસ્ત્રં
તં ‘માનતુંગ’મવશા સમુપૈતિ લક્ષ્મી: ।। 48 ।।

।। इति मानतुंगाचार्य विरचितं आदिनाथ स्तोत्रम् ।।

# પરિશિષ્ટ

આ પૃષ્ઠ પર શ્રેણી પાંચથી આઠના પાઠોમાં આવેલ અમુક કઠીન શબ્દોના અર્થ સમજણ માટે મૂકવામાં આવેલ છે. પરીક્ષામાં તેના આધારે પ્રશ્નો પૂછાશે નહીં

## 5 મી શ્રેણી

| શબ્દ | શબ્દાર્થ |
|---|---|
| **પ્રાણ** | = જેના સંયોગે સંસારી જીવોને શ્રોત આદિ ક્રિયા થાય તે. |
| **સમકિત** | = નવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા હોય તે. |
| **દેશવિરતિ** | = અંશે ચારિત્ર હોય તે. (શ્રાવક) |
| **સર્વવિરતિ** | = સર્વાંશે ચારિત્ર હોય તે. (સાધુ) |
| **યાવત્ જીવન** | = જાવજ્જીવ સુધી. મૃત્યુ ન આવે ત્યાં સુધી. |
| **જઘન્ય** | = ઓછામાં ઓછું. |
| **ઉત્કૃષ્ઠ** | = વધારેમાં વધારે. |
| **મનોરથ** | = મનની ઈચ્છા, આશય, ભાવના, |
| **વિસામો** | = આરામ |
| **ક્ષીણ** | = નષ્ટ, નાશ થવું. |
| **અસાધ્ય** | = જેને સાધી શકાય નહીં તેવું. દૂર કરી ન શકાય તેવું. |
| **મારણાંતિક ઉપસર્ગ** | = મનુષ્ય, દેવ કે તિર્યંચ દ્વારા મરણ પણ આવી જાય ત્યાં સુધીનું કષ્ટ |
| **નિષ્કપટ** | = કપટ રહિતપણું. |
| **અનુમોદના** | = મન, વચન કે કાયાથી સારું જાણવું. |
| **તિવિહારો** | = જેમાં પાણી પીવાની છૂટ હોય તે. |

| | |
|---|---|
| **ચૌવિહારો** | = જેમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય તે. |
| **ક્ષેત્ર મર્યાદા** | = અમુક દિશા સુધી જવું તેવી હદ. |
| **વૈયાવચ્ચ** | = અપેક્ષા વગર સેવા કરવી. |
| **ઉપક્રમ** | = ઉપસર્ગ (તકલીફ, કષ્ટ) |
| **આલોચના** | = માફી માંગવી, ક્ષમા માંગવી. |
| **છદ્મસ્થ** | = જેને કેવળજ્ઞાન ન થયું હોય તેવા જીવો. |
| **અશુચિ** | = ખરાબ પદાર્થ, ન ગમે તેવો પદાર્થ. |
| **જુગલિયા** | = સ્ત્રી અને પુરુષ એમ જોડલું જન્મે તે. યુગલ. |
| **ભાજન** | = એક પ્રકારનું લઘુનીત માટેનું પાત્ર |
| **વીતરાગી** | = રાગ અને દ્વેષ રહિત, જેના રાગ અને દ્વેષ ચાલ્યા ગયા છે તે. |
| **સાદિ અનંત** | = જેની શરૂઆત (આદિ) છે પણ છેડો (અંત) નથી. |
| **ઉત્પત્તિ** | = પેદાશ, ઉદ્ભવ થવો. |
| **લોકનો અગ્રભાગ** | = જૈન દ્રષ્ટિએ લોકનો સૌથી ઉપરનો ભાગ, જેના પછી અલોક આવી જાય. |
| **કર્તા** | = કર્મને બાંધનાર. |
| **હર્તા** | = કર્મનો નાશ/ક્ષય કરનાર. |
| **ભોક્તા** | = બાંધેલાં કર્મનું ફળ ભોગવનાર. |
| **બેડી** | = જંજીર, હાથકડી, બંધન. |
| **અવ્યાબાધ** | = બાધા, પીડા, કષ્ટ ન પહોંચે તેવું. |
| **અક્ષય** | = જેનો નાશ ન થાય તેવું. |
| **અમૂર્તિ** | = જેનો આકાર ન હોય તેવું. |
| **અગુરુલઘુ** | = હલકું પણ નહીં અને ભારે પણ નહીં. |
| **અંતરાય** | = વિઘ્ન, અડચણ. |
| **આશાતના** | = દુઃખ દેવારૂપ પ્રવૃત્તિ અથવા બહુમાન ન સચવાય તેવી પ્રવૃત્તિ. |

| | |
|---|---|
| **વાસુદેવ** | = ત્રણ ખંડનો રાજા. (6 ખંડમાંથી 1, 2 અને 6th ખંડનો રાજા) |
| **દ્રવ્ય** | = જેમાં ગુણ અને પર્યાય (અવસ્થા) હોય તે. દ્રવ્ય તે પદાર્થ. |
| **સાગરોપમ** | = કાળનું એક માપ જેની ઉપમા સાગર દ્વારા દેવાય છે.10 ક્રોડાક્રોડી પલ્ય. |
| **અંતર્મુહૂર્ત** | = 1 મુહૂર્ત (48 મિનિટ) કરતાં કાંઈક ઓછો કાળ. |
| **વૃક્ષસ્કાર** | = વિભાગ, અધ્યયન. |
| **અવગાહના** | = જીવે રોકેલી જગ્યા. શરીરની ઊંચાઈ. |
| **સાંહરણ** | = દેવ દ્વારા એક જગ્યાએથી ઉપાડીને બીજી જગ્યાએ મૂકવું. |
| **અવસ્વાપિની** | = ગાઢ. |
| **પરિહાર વિશુદ્ધ ચારિત્ર** | = જેમાં પરિહાર તપ વિશેષથી કર્મ નિર્જરારૂપ શુદ્ધિ થાય છે તે. |
| **સૂક્ષ્મ સંપરાય ચારિત્ર** | = જે ચારિત્રમાં સૂક્ષ્મ લોભરૂપ કષાય ઉદયમાં રહે તે. |
| **યથાખ્યાત ચારિત્ર** | = જેમાં સંપૂર્ણ વીતરાગ અવસ્થા (રાગ, દ્વેષ રહિતપણું) ચારિત્ર પ્રાપ્ત થાય છે તે ચારિત્ર. જેવું ભગવાને કહ્યું છે તેવું ચારિત્ર, નિરતિચાર અને કષાય રહિત. |
| **પુલાક લબ્ધિ** | = નવમા પૂર્વની ત્રીજી આચારવત્થુનું જ્ઞાન પ્રાપ્ત થતાં જે શક્તિ પ્રાપ્ત થાય તે. |
| **ક્ષપક શ્રેણી** | = મોહનીય કર્મની 28 પ્રકૃતિનો 8 માંથી 12મા ગુણસ્થાનક સુધી ક્ષય કરે તે. |
| **ઉપશમ શ્રેણી** | = મોહનીયની 28 પ્રકૃતિ 8 માંથી 11મા ગુણસ્થાનક સુધી સર્વથા ઢાંકે તે. |
| **જિનકલ્પી સાધુ** | = જે સાધુ પુરુષ ગુરુઆજ્ઞાથી સંઘ, સમૂહ કે |

| | |
|---|---|
| | ઉપાશ્રયમાં રહેતા નથી, એકલા વિચરે છે, પર્વત, ગુફા આદિ સ્થાનો પર રહે છે તે. |
| **અસિ** | = હથિયાર, શસ્ત્ર, રક્ષા થાય તેવા કાર્ય. |
| **મસિ** | = કલમ, વેપાર, વાણિજ્ય. |
| **કૃષિ** | = ખેતી, વનસ્પતિ ઉત્પાદન. |
| **સુદર્શન ચક્ર** | = ચક્રવર્તી કે વાસુદેવ જેનાથી શત્રુનો નાશ કરે તેવું હથિયાર. |
| **સરસાઈ** | = ફળદ્રુપતા, રસકસતા. |
| **વૈતાઢ્ય પર્વતની શ્રેણી** | = ભરતક્ષેત્રના બે વિભાગ કરે તે વૈતાઢ્ય પર્વત અને તે પર્વતના બે ભાગ કરે, તે તેની શ્રેણી |
| **વિદ્યાધર** | = વૈતાઢ્ય પર્વતમાં ઉત્પન્ન થતા મનુષ્યો જે અમુક વિદ્યાના ધારક હોય તે. |
| **પ્રતિમા** | = વિશેષ નિયમો. |
| **લવણની ખાડી** | = જંબુદ્વીપને ફરતો લવણસમુદ્ર, તેનું પાણી જે જંબુદ્વીપમાં આવે, તે સમુદ્ર રૂપ બનેલા છે તે. |
| **વૃષભ** | = બળદ (Buffalo) |
| **પાપભીરુ** | = પાપના કાર્યથી ડરનાર, પાપ કાર્ય સમજીને તેનાથી દૂર રહે. |
| **સૌધર્મેન્દ્ર** | = સુધર્મ નામના પ્રથમ દેવલોકના ઈન્દ્ર. |
| **જૃંભકા દેવ** | = માલિક દેવો. |
| **શિબિકા** | = પાલખી. |
| **પ્રપિતામહ** | = દાદાના પિતાજી. |
| **નિર્ગ્રંથ પ્રવચન** | = કેવળી કે તીર્થંકર ભગવાન જે રાગ-દ્વેષ રહિત છે, તેમની પ્રરૂપણા. |
| **આર્ત્તધ્યાન** | = આર્ત્ત એટલે દુઃખ. દુઃખના નિમિત્તથી કે દુઃખમાં થવાવાળું ધ્યાન. |
| **રૌદ્રધ્યાન** | = હિંસા, જૂઠ, ચોરી વગેરે દુષ્ટ આચરણનું ચિંતન |

કરવું.

**ધર્મધ્યાન** = વીતરાગ દેવની આજ્ઞા, કર્મ આવવાના કારણ, તેના શુભ - અશુભ ફળ અને ત્રણ લોકના આકારનું ચિંતન કરવું તે.

**શુક્લધ્યાન** = સંસાર, પુદ્ગલ, કર્મ અને જીવ આદિના સ્વભાવનું વિશુદ્ધ રીતે ચિંતન કરવું.

**14 પૂર્વધર** = 14 પૂર્વની જ્ઞાન ધારક વ્યક્તિ. જેને શ્રુતકેવળી પણ કહેવાય છે.

**ગણધર** = તીર્થંકરના મુખ્ય દ્વાદશાંગી (બાર અંગસૂત્ર) રચનારા શિષ્યો.

ગણ= સમૂહ, ધર = ધારક. ઘણા શિષ્ય સમૂહના ધારક.

**કેવળી** = કેવળજ્ઞાના ધારક વ્યક્તિ.

**સમિતિ** = આવશ્યક કાર્યને માટે યત્નાપૂર્વકની સમ્યક્પ્રવૃત્તિ.

**ગુપ્તિ** = 3 યોગનો અશુભ પ્રવૃત્તિથી રોકવા.

**અષ્ટ પ્રવચન માતા** = પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ માતા.

## 6 ઠ્ઠી શ્રેણી

**ગૌચરી દોષ** = સાધુ-સાધ્વીજી પોતાના જીવનનિર્વાહ માટે જે આહારપાણી માંગીને લાવે, તે ગૌચરી. તેમાં ભગવાનની આજ્ઞાથી કોઈ ભૂલચૂક કરવી તે દોષ.

**પહોર/પ્રહર** = દિવસ કે રાત્રિનો ચોથો ભાગ.

**આર્ય ક્ષેત્ર** = જે ક્ષેત્રમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, સાધુ, શ્રાવક આદિ જન્મ ધારણ કરે.

**આરાધક** = સમકિતની હાજરીમાં જે આયુષ્ય બાંધે તે.

**સમ્યક્ પરાક્રમ** = સાચા મોક્ષમાર્ગનો પુરુષાર્થ કરવો તે.

**શ્રુતધર્મ** = તીર્થંકર પ્રરૂપિત (બતાવેલ) મોક્ષમાર્ગ તે.

**ચારિત્રધર્મ** = તીર્થંકર આચરિત મોક્ષમાર્ગ.

**પર્યુપાસના** = સેવા, વૈયાવચ્ચ.

**તીર્થ** = તારે તે તીર્થ. ચતુર્વિધ સંઘરૂપ તીર્થ.

**શાશ્વત** = જે સદાકાળ રહે તે, જેનો કદાપિ કોઈપણ કારણે નાશ ન થાય તે.

**પ્રાયશ્ચિત્ત** = પાપની કબૂલાતની શુદ્ધિ આલોચના, ક્ષમા, માફી.

**ગૃહસ્થવાસ** = સાંસારિક જીવન.

**મિંજ્જા** = હાડકાંની નસો.

**અન્યતીર્થિ** = જૈન સિવાય અન્ય મત કે અન્ય ધર્મના લોકો.

**ગુરુ આમાન્યા** = ગુરુએ સમજાવેલી મર્યાદા પ્રમાણે.

**તથારૂપ બુદ્ધિ** = જેવું ભગવાને કહ્યું છે, તે પ્રમાણે.

**તત્ત્વ** = જેનું સદાકાળ હોવાપણું છે તે.

**વિવેક** = હિત અને અહિતની સમજણ.

**ઉપયોગ** = જ્ઞાન અને દર્શનમાં આત્માની પ્રવૃત્તિ, આત્માનો સ્વભાવ.

**વેદક** = વેદન, અનુભવ કરવો તે.

**જીવના અસંખ્ય પ્રદેશ** = લોકના અસંખ્યાતા આકાશપ્રદેશ છે. તેટલાં જ 1 જીવના આત્મપ્રદેશ છે. કુલ અનંત જીવના અનંત આત્મપ્રદેશ છે.

**દેશથકી** = અમુક, કાંઈક, અંશત:

**સઉપયોગી** = ઉપયોગ સહિત. એમ બધે 'સ' એટલે સહિત અર્થ કરવો.

**સંગ્રહનય** = અનેક વિષયોને એકમાં ગ્રહણ કરનાર જીવ.

**યોગ** = મન, વચન અને કાયાનો વ્યાપાર કે શુભાશુભ

ક્રિયા. આત્મપ્રદેશનું કંપન.

**ઈન્દ્રિય** = સાધન. જે સાધન રૂપી પદાર્થોને આંશિક રીતે જાણવામાં મદદરૂપ થાય તે. જીવ જેના દ્વારા વિષયને ગ્રહણ કરે, તે ઈન્દ્રિય.

**લેશ્યા** = કષાય અને યોગની પ્રવૃત્તિથી ઉદ્ભવતા આત્માના શુભઅશુભ પરિણામ. જેનાથી આત્મા કર્મોથી લેપાય છે, તે લેશ્યા.

**કષાય** = જેનાથી સંસાર વધે તે. જેમાં જીવો વિવિધ દુ:ખોથી કષ્ટ પામે.

**પર્યાપ્તિ** = આહાર આદિના પુદ્ગલોને ગ્રહણ કરીને, શરીર ઈન્દ્રિય આદિમાં પરિણમાવવાની (ફેરવવાની) જીવની પૌદ્ગલિક શક્તિ વિશેષ તે.

**યોજન** = 4 ગાઉ, એક પ્રકારનું ગણિતનું માપ.

**કળા** = 1 યોજનનો 19મો ભાગ (એક પ્રકારનું ગણિતનું માપ)

**જગતી** = જંબુદ્વીપને ફરતો કોટ

**નરકાવાસ** = નારકીના આવાસ, રહેવાના સ્થાન

**કુંભી** = કુંભ આકારના નારકીના ઉત્પન્ન થવાના સ્થાન

**દ્રવ્ય થકી** = સંખ્યાની દ્રષ્ટિએ

**ત્રસ નાડી** = લોકમાં જે ક્ષેત્રમાં હાલતાં-ચાલતાં ત્રસ જીવો રહેછે, તેવો 1 રજ્જુ પહોળો અને 14 રજ્જુ ઊંચો લોકનો ભાગ.

**તિર્ચ્છાલોક** = મધ્યલોક. જેમાં મુખ્યત્વે મનુષ્ય અને તિર્યંચ રહે છે તથા જેમાં અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્ર આવેલા છે, તેવો લોકનો ભાગ.

**અધોલોક** = મધ્યલોકથી નીચો લોક. જેમાં નારકી, ભવનપતિ આદિ દેવો રહે છે.

| | |
|---|---|
| **ઊર્ધ્વલોક** | = મધ્યલોકથી ઊંચો લોક, જેમાં વૈમાનિક દેવો રહે છે. |
| **ત્રણ પલિયા** | = ત્રણ પલ્ય. તે અસંખ્યકાળની સ્થિતિ છે, તેના આધારે  નામ છે. |
| **ત્રણ સાગરિયા** | = ત્રણ સાગર. તે અસંખ્યકાળની સ્થિતિ છે, તેના આધારે નામ છે. |
| **અનાદિ અનંત** | = જેની શરૂઆત પણ નથી અને છેડો પણ નથી. |
| **તેજોલબ્ધિ** | = જેમાં શીત અને ઉષ્ણ બંને પ્રકારના પુદ્ગલો છોડવાની શક્તિ હોય તે. |
| **તેજોલેશ્યા** | = નમ્ર, માયા રહિત, વિનય ભક્તિ કરે, પ્રિયધર્મી, દ્રઢધર્મી, ઈન્દ્રિય દમે તેવો. |
| **1 હાથ ન્યૂન** | = 1 હાથ તે માપ છે, તેમાં કાંઈક ઓછું. |
| **ગળનાળે** | = ગરનાળું, પાણી આવવાનો રસ્તો, માર્ગ. |
| **પરઠવું** | = યત્નાપૂર્વક પદાર્થનો ત્યાગ કરવો. |
| **ભંડ-ઉપકરણ** | = સાધના જીવનના ઉપયોગી સાધનો. |
| **હીણપતતા** | = નાનપ, પોતે નાનો છે તેવો ભાવ. |
| **પૂર્વ પર્યાય** | = ભૂતકાળની અવસ્થા |
| **વિગય** | = જે મનમાં વિકાર ઉત્પન્ન કરે, તેવો માદક આહાર. |
| **એકઠાણિયો** | = એક સ્થાનવાળા |
| **બેઠાણિયો** | = બે સ્થાનવાળા. |
| **અભવ્ય** | = જેનામાં મોક્ષ જવાની લાયકાત ન હોય, તેવા જીવો. |
| **વિપાક** | = ફળ, અસર. |
| **જાતિસ્મરણજ્ઞાન** | = પોતાના પૂર્વ ભવના સંજ્ઞીપણાના ભવો યાદ આવવા. |
| **ગાઉ** | = એક પ્રકારનું માપનું નામ. 2000 ધનુષ્ય = 1 |

ગાઉ.

**4 ગાઉ** = 1 યોજન

**નાસ્તિ** = જેની અસ્તિ (હોવાપણું) નથી તે.

**આશ્રી** = અપેક્ષા, આધાર.

**પંડિતવીર્ય** = જેમાં પંડિત જેવી શક્તિ ફોરવવામાં આવે તે.

**અવેદી** = જેને વેદનો ઉદય ન હોય તે.

**અકષાયી** = ચાર કષાય રહિતપણું.

**ક્ષાયિક સમકિત** = જેમાં મોહનીય કર્મની સાત પ્રકૃતિનો સંપૂર્ણ ક્ષય છે તેવું સમકિત.

**અપ્રમાદી** = પાંચ પ્રમાદ રહિતપણું.

**સ્નાતક** = સંપૂર્ણ શુદ્ધ, ચાર ઘાતી કર્મ રહિત કેવળીનો આત્મા.

**મંડલ ક્ષેત્ર** = સૂર્યને મેરુ પર્વતને ફરતે ફરવાનું ક્ષેત્ર.

**પર્વ રાહુ** = સૂર્યને ફરવાના ક્ષેત્રમાં જે વિમાન દ્વારા ગ્રહણ થાય તે.

**સબલ દોષ** = જે કાર્ય કરવાથી ચારિત્રની નિર્મળતા નષ્ટ થઈ જાય તે.

**સ્પર્શના** = આચરણ કે અવગાહના ઉપરાંત જેટલાં ક્ષેત્રને રોકેલ (સ્પર્શીને) હોય તે.

**પૃચ્છા સમયે** = જે સમયે પૂછવામાં આવે તે સમય (કાળ).

**અતિશય** = કોઈ સામાન્ય માનવીમાં ન હોય તેવી આગવી વિશિષ્ટતા

**ગીતાર્થ** = જેમને 11 અંગસૂત્રનું જ્ઞાન હોય તે.

**પરમાર્થ** = 32 આગમ.

**ક્ષુધાવાન** = ભૂખ્યો, તરસ્યો વ્યક્તિ.

**પ્રકીર્ણક** = જુદા-જુદા વિભાગ.

**દ્રષ્ટિવાદ** = 12મા અંગસૂત્રનું નામ છે.

| | |
|---|---|
| **પ્રમાણ** | = જેનાથી અર્થ, પદાર્થ જાણી શકાય તેને પ્રમાણ કહે છે. |
| **નય** | = પ્રત્યેક પદાર્થના અનેક ધર્મ છે, તેનું અંશ (ગુણ અથવા ધર્મ) જ્ઞાન. |
| **અંત:ક્રોડાક્રોડ** | = એક ક્રોડાક્રોડમાં કાંઈક ઓછું. |
| **અર્ધ પુદ્ગલ પરાવર્તન** | = અનંતો કાળ... = અનંત ઉત્સર્પિણી, અવસર્પિણી પસાર થાય તેટલો કાળ. |
| **આચ્છાદિત** | = ઢંકાયેલું, આવરાયેલું. |
| **યક્ષાયતન** | = યક્ષનું મંદિર |
| **પળ પરિમાણ** | = પળ તે એક પ્રકારનું વજનનું માપ. |
| **અક્ષોભિત** | = ક્ષોભ રહિત (સંકોચ રહિત) |
| **વિકુવર્ણા** | = વિવિધ ક્રિયા દ્વારા શરીર ફોરવવું, રૂપ કરવા તે. |
| **સંસ્તારક** | = જમીન પર પાથરવાની પથારી |
| **શૌચ મૂલક** | = શરીર શુદ્ધિમાં બતાવાતો ધર્મ. |
| **યાપનીય** | = યાત્રા કરવા યોગ્ય. |
| **પ્રાસુક વિહાર** | = યોગ્ય વિહાર, પદયાત્રા. |
| **આતંક** | = રોગ. |

## 8 મી શ્રેણી

| | |
|---|---|
| **ઋજુ ગતિ** | = એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં આત્મપ્રદેશો સીધા જ નીકળે વચ્ચે વળાંક ન લે તે. એક જ સમયમાં એક ગતિમાંથી બીજી ગતિમાં પહોંચે તે. |
| **ભાવ સત્ય** | = ઉદ્દેશ્યની વિશુદ્ધિ હોય તે. |
| **કરણ સત્ય** | = કરવું, કરાવવું અને અનુમોદનામાં નિષ્ઠાવાન હોય. દેખાડો માત્ર ન હોય. |

**જોગ સત્ય** = મન, વચન અને કાયાના યોગ સત્ય, નિષ્ઠાપૂર્વક હોય.

**નિગ્રહ** = રોકવું, નિરોધ કરવો.

**યોનિ** = જીવોનું ઉત્પત્તિસ્થાન.

**નોસંજ્ઞોપયુક્ત** = જેમાં આહારાદિ કરે પણ તેની ઈચ્છા ન હોય તે.

**ગુણસ્થાનક** = કષાય અને યોગના કારણે આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણોની વધ-ઘટ વાળી અવસ્થા તે અથવા જ્ઞાનાદિ ગુણોનું સ્થાન તે ગુણસ્થાન છે.

**1. મિથ્યાત્વ ગુણસ્થાન** = કુદેવ, કુગુરુ, કુધર્મને માને. જિનવાણીથી ઓછું, અધિક કે વિપરીત શ્રદ્ધે, પ્રરૂપે કે સ્પર્શે તેને મિથ્યાત્વ કહે છે.

**2. સાસ્વાદન ગુણસ્થાન** = ઉપશમ સમકિતથી પડતાં, જેને તે સમકિતનો માત્ર સ્વાદ રહ્યો હોય તે.

**3. મિશ્ર ગુણસ્થાન** = ધર્મ કે અધર્મ પર રુચિ કે અરુચિ નથી, તેને મિશ્ર ગુણ કહે છે.

**4. અવિરતિ સમ્યગ્ દ્રષ્ટિ ગુણસ્થાન** = સમકિત (સાચી) દ્રષ્ટિ મળવી, જિનવાણી પર શ્રદ્ધા થાય પરંતુ વ્રત નિયમ ધારણ ન કરે તેવું ગુણસ્થાન.

**5. દેશવિરતિ (શ્રાવક) ગુણસ્થાન** = સાધુના વ્રતોની અપેક્ષા આંશિક રીતે વ્રતોને ગ્રહણ કરે તે.

**6. પ્રમત્ત સંજત્તિ ગુણસ્થાન** = સાધુના પાંચ મહાવ્રતને ધારણ પણ જાણતાં કે અજાણતાં કોઈ પ્રમાદનું સેવન થઈ જાય,તેને પ્રમત્ત સંજત્તિ ગુણસ્થાન કહે છે.

**7. અપ્રમત્ત સંજત્તિ ગુણસ્થાન** = પ્રમાદ રહિત સાધુનું ગુણસ્થાન છે.

**8. નિવર્તિ બાદર ગુણસ્થાન** = અપૂર્વ ભાવો આવવાથી અહીંથી બેમાંથી એક શ્રેણી આદરે (ઉપશમ શ્રેણી કે ક્ષપક શ્રેણી) તેને નિવર્તિ બાદર ગુણસ્થાન કહે છે.

**9. અનિવર્તિ બાદર ગુણસ્થાન** = આ ગુણસ્થાને રહેલાં દરેક જીવોના પરિણામ સરખા હોય છે અને જ્યાં કષાય ભાવો ઓછા થાય, તેને અનિવર્તિગુણસ્થાન કહે છે.

**10. સૂક્ષ્મ સંપરાય** = માત્ર સૂક્ષ્મ લોભનો ઉદય જ્યાં રહે છે, તે ગુણસ્થાન.

**11. ઉપશાંત મોહનીય ગુણસ્થાન** = મોહનીય કર્મની સર્વ 28 પ્રકૃતિને જ્યાં ઉપશમાવી (ઢાંકી) દીધી છે, તેને ઉપશાંત મોહનીય ગુણસ્થાન કહે છે.

**12. ક્ષીણ મોહનીય ગુણસ્થાન** = મોહનીય કર્મને મૂળમાંથી નાશ કર્યા બાદ જ્યાં આવીને જીવ બાકીના ત્રણ ઘાતીકર્મનો ક્ષય કરે છે, તેને ક્ષીણ મોહનીય ગુણસ્થાન કહે છે.

**13. સયોગી કેવળી ગુણસ્થાન** = જ્યાં જીવ કેવળજ્ઞાન પામીને મન, વચન અને કાયાના યોગ સહિત વિચરે, તેને સયોગી કેવળી ગુણસ્થાન કહે છે.

**14. અયોગી કેવળી ગુણસ્થાન** = કેવળજ્ઞાન સહિત જીવો, યોગોને રુંધીને, ચાર અઘાતી કર્મનો નાશ કરીને મોક્ષ પામે, તેને અયોગી કેવળી ગુણસ્થાન કહે છે.

***સમાપ્ત***

# 9 વાસુદેવનો કોઠો

| ક્રમ | વાસુદેવનું નામ | ચ્યવન દેવલોક | પૂર્વભવનું નામ | પૂર્વભવના આચાર્ય | નિયાણું કઈ નગરીમાં | નિયાણું કારણ | આયુષ્ય વર્ષ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ત્રિપૃષ્ઠ વાસુદેવ | 7મું દેવલોક | વિશ્વભૂતિ મુનિ | સંભૂત આચાર્ય | મથુરા | ગાય | 84 લાખ વર્ષ |
| 2 | દ્વિપૃષ્ઠ વાસુદેવ | 10મું દેવલોક | પધતક | સુભદ્ર | કનકવસ્તુ | યૂપ સ્તંભ | 72 લાખ વર્ષ |
| 3 | સ્વયંભૂ વાસુદેવ | 12મું દેવલોક | ધનદત્ત | સુદર્શન | શ્રાવસ્તી | સંગ્રામ | 50 લાખ વર્ષ |
| 4 | પુરુષોત્તમ વાસુદેવ | 8મું દેવલોક | સમુદ્રદત્ત | શ્રેયાંસ | પોઢનપુર | સ્ત્રી પરાજય | 30 લાખ વર્ષ |
| 5 | પુરુષસિંહ વાસુદેવ | 2મું દેવલોક | ઋષિપાલ | કૃષ્ણ | રાજગૃહ | યુદ્ધમાં પરાજય | 10 લાખ વર્ષ |
| 6 | પુરુષપુંડરિક વાસુદેવ | 4મું દેવલોક | પ્રિયમિત્ર | ગંગદત્ત | કાકન્દી | સ્ત્રી અનુરાગ | 65 હજાર વર્ષ |
| 7 | દત્ત વાસુદેવ | 1મું દેવલોક | લલિતમિત્ર | સાગર | કૌશામ્બી | ગોષ્ઠી | 53 હજાર વર્ષ |
| 8 | લક્ષ્મણ વાસુદેવ | 1મું દેવલોક | પુનર્વસુ | સમુદ્ર | મિથિલા નગરી | પર ઋદ્ધિ | 12 હજાર વર્ષ |
| 9 | કૃષ્ણ વાસુદેવ | 7મું દેવલોક | ગંગદત્ત | દ્રુમસેન | હસ્તિના પુર | માતા પરાભવ | 1000 હજાર વર્ષ |

**વાસુદેવ :** (1) રત્ન 7 : ચક્ર, ધનુષ્ય, ગદા, શંખ, કૌસ્તુભમણિ, તલવાર, વનમાળા. (2) માતા 7 સ્વપ્ન : સિંહ, સૂર્ય, અગ્નિ, હાથી, ધ્વજા, વિમાન,

પદ્મ સરોવર. (3) રાણી : 32,000. (4) બળ : 20 લાખ અષ્ટાપદનું બળ. (5) રંગ : શરીર રંગ શ્યામ, વસ્ત્ર રંગ પીળા. (6) દેવ સંખ્યા : 7 રત્નના7000 + આત્મરક્ષક 1000 કુલ 8000. (7) નિશાન : રથ પર ગરુડનું નિશાન.

## 9 વાસુદેવનો કોઠો

| અવગાહના દેહમાન | પિતાનું નામ | માતાનું નામ | જન્મ નગરી | શાસન કોનું | કોટિશિલા ઉપાડી | ગતિ નરક | ક્રમ |
|---|---|---|---|---|---|---|---|
| 80 ધનુષ | પ્રજાપતિ | મૃગાવતી | પોતનપુર | 11મા તીર્થંકર | માથાની ઉપર | 7મી | 1 |
| 70 ધનુષ | બ્રહ્મા | પદ્માવતી | દ્વારવતી (દ્વારિકા) | 12મા તીર્થંકર | માથા સુધી | 6ઠ્ઠી | 2 |
| 60 ધનુષ | સોમ | પૃથ્વી | દ્વારવતી (દ્વારિકા) | 13મા તીર્થંકર | ગળા સુધી | 6ઠ્ઠી | 3 |
| 50 ધનુષ | રુદ્ર | સીતા | દ્વારવતી (દ્વારિકા) | 14મા તીર્થંકર | છાતી સુધી | 6ઠ્ઠી | 4 |
| 45 ધનુષ | શિવ | અમ્મા | અશ્વપુર | 15મા તીર્થંકર | પેટ સુધી | 6ઠ્ઠી | 5 |
| 29 ધનુષ | સહસ્ત્ર (મહાસિંહ) | લક્ષ્મા | ચક્રપુર | 18મા તીર્થંકર | કમર સુધી | 6ઠ્ઠી | 6 |
| 26 ધનુષ | અગ્રેષ (અગ્નિસિંહ) | સુખવતી | બનારસી | 18મા તીર્થંકર | જાંઘ સુધી | 5મી | 7 |
| 16 ધનુષ | દશરથ | સુમિત્રા (કૈકેયી) | રાજગૃહ | 20મા તીર્થંકર | ગોઠણ સુધી | 4 થી | 8 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 10 ધનુષ | વસુદેવ | દેવકી | મથુરા | 22મા તીર્થંકર | જમીનથી 4 આંગુલ ઉપર | 3 જી | 9 |

## 12 ચક્રવર્તી કોઠો

| ક્રમ | ચક્રવર્તી નું નામ | ચ્યવન ક્યાંથી? | દેવપણે આયુષ્ય | પિતાનું નામ | માતાનું નામ | સ્ત્રી રત્ન | દેહમાન અવગા. | નગરીનું નામ |
|---|---|---|---|---|---|---|---|---|
| 01 | ભરત ચક્રવર્તી | સર્વાર્થ સિદ્ધ | 33 સાગર | ઋષભ રાજા | સુમંગલા રાણી | સુભદ્રા | 500 ધનુષ્ય | વનિતા અયોધ્યા |
| 02 | સગર ચક્રવર્તી | વિજય વિમાન | 32 સાગર | સુમિત્ર રાજા | યશોમતિ | ભદ્રા | 450 ધનુષ્ય | વનિતા અયોધ્યા |
| 03 | મઘવા ચક્રવર્તી | 7મી ગ્રૈવેયક | 29 સાગર | વિજય રાજા | ભદ્રા | સુનંદા | 42 ½ ધનુષ્ય | સાવત્થિ નગરી |
| 04 | સનત્કુમાર ચક્રવર્તી | સર્વાર્થ સિદ્ધ | 33 સાગર | સમુદ્ર વિજય | સહદેવી | જયા-નામા | 41 ½ ધનુષ્ય | હસ્તિ-નાપુર |
| 05 | શાંતિનાથ ચક્ર+તીર્થંકર | સર્વાર્થ સિદ્ધ | 33 સાગર | વિશ્વસેન | અચલા દેવી | વિજયા નામા | 40 ધનુષ્ય | હસ્તિ-નાપુર |
| 06 | કુંથુનાથ ચક્ર+તીર્થંકર | સર્વાર્થ સિદ્ધ | 33 સાગર | સુરસેન | શ્રી રાણી | કૃષ્ણ શ્રી | 35 ધનુષ્ય | ગજપુર |
| 07 | અરનાથ ચક્ર+તીર્થંકર | સર્વાર્થ સિદ્ધ | 33 સાગર | સુદર્શન | દેવી રાણી | સુરશ્રી | 30 ધનુષ્ય | ગજપુર |
| 08 | સુભૂમ ચક્રવર્તી | બીજું દેવલોક | 2 સાગર ઝાઝેરું | કૃત વિજય | તારા રાણી | પદ્મશ્રી | 28 ધનુષ્ય | ગજપુર |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 09 | મહાપદ્મ ચક્રવર્તી | 5મું દેવલોક | 10 સાગર | પદ્મોત્ત ર | જાલા રાણી | વસુંધ રા | 20 ધનુષ્ય | વારાણ સી |
| 10 | હરિસેન ચક્રવર્તી | 3જું દેવલોક | 7 સાગર | મહાહ રી વિજય | મેરા રાણી | દેવી | 15 ધનુષ્ય | કંપિલપુર |
| 11 | જયસેન રાજગૃહ | 12મું દેવલોક | 22 સાગર | પદ્મ રાજા | વપ્પરા રાણી | લચ્છી મતી | 12 ધનુષ્ય | રાજગૃહિ |
| 12 | બ્રહ્મદત્ત ચક્રવર્તી | 1લું દેવલોક | 2 સાગર | બ્રહ્મભૂ તિ | ચૂલની | કુરુમ તિ | 7 ધનુષ્ય | કંપિલપુર |

**શરીર રંગ :** 12 ચક્રીના કંચન. (2) ઋદ્ધિ : 7 પંચેન્દ્રિય રત્ન (સેનાપતિ, ગાથાપતિ, વાર્ધિક્ય, પુરોહિત, સ્ત્રી, અશ્વ, ગજ) + 7 એકેન્દ્રિય રત્ન (ચક્ર, છત્ર, ચર્મ, દંડ, અસિ, મસિ, કાકણિ રત્ન) + 9 નિધિ (3) દેવ : 14 રત્નના 14,000 + આત્મરક્ષક 2000 + 9 નિધાના 9 કુલ 16,000

## 12 ચક્રવર્તી કોઠો

| કુંવરપણે વર્ષ | માંડલિક રાજાપણે | ચક્રવર્તીપણે કેટલાં વર્ષ રહ્યાં | દીક્ષા પર્યાય | ચક્રવર્તીનું આયુષ્ય | 6 ખંડ જીત કાળ | કોના શાસનમાં | ક્રમ |
|---|---|---|---|---|---|---|---|
| 77 લાખ પૂર્વ વર્ષ | 1000 વર્ષ | 6 લાખ પૂર્વમાં 1000 વર્ષ ઊણું | 1 લાખ પૂર્વ વર્ષ | 84 લાખ પૂર્વ વર્ષ | 60હજાર વર્ષ | 1લા તીર્થંકરના | 01 |
| 70 લાખ પૂર્વ વર્ષ | 50 હજાર વર્ષ | 1 લાખ પૂર્વમાં 50000 વર્ષ ઊણું | 1 લાખ પૂર્વ વર્ષ | 75 લાખ પૂર્વ વર્ષ | 30હજાર વર્ષ | બીજા તીર્થ શાસનમાં | 02 |
| 25 હજાર વર્ષ | 25 હજાર વર્ષ | 4 લાખ વર્ષ | 50 હજાર વર્ષ | 5 લાખ વર્ષ | 10000 વર્ષ | 15મા તીર્થ. પછી | 03 |
| 50 હજાર વર્ષ | 50 હજાર વર્ષ | 1 લાખ વર્ષ | 1 લાખ વર્ષ | 3 લાખ વર્ષ | 900 વર્ષ | 15મા તીર્થ. પછી | 04 |
| 25 હજાર વર્ષ | 25 હજાર વર્ષ | 25 હજાર વર્ષ | 25 હજાર વર્ષ | 1 લાખ વર્ષ | 800 વર્ષ | 16મા તીર્થ. પછી | 05 |
| 23 ¾ હજાર વર્ષ | 23 ¾ હજાર વર્ષ | 23 ¾ હજાર વર્ષ | 23 3/4 હજાર વર્ષ | 95,000 વર્ષ | 600 વર્ષ | 17મા તીર્થ. પછી | 06 |
| 21 હજાર વર્ષ | 21 હજાર વર્ષ | 21 હજાર વર્ષ | 21 હજાર વર્ષ | 84,000 વર્ષ | 400 વર્ષ | 18મા તીર્થ. પછી | 07 |
| 5 હજાર વર્ષ | 5 હજાર વર્ષ | 50 હજાર વર્ષ | દીક્ષા ન લીધી | 60,000 વર્ષ | 500 વર્ષ | 18મા તીર્થ. પછી | 08 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 500 વર્ષ | 500 વર્ષ | 19 હજાર વર્ષ | 10 હજાર વર્ષ | 30,000 વર્ષ | 300 વર્ષ | 20મા તીર્થ. પછી | 09 |
| 375 વર્ષ | 375 વર્ષ | 8900 વર્ષ | 300 વર્ષ | 10,000 વર્ષ | 150 વર્ષ | 21મા તીર્થ. પછી | 10 |
| 300 વર્ષ | 300 વર્ષ | 2000 વર્ષ | 400 વર્ષ | 3,000 વર્ષ | 100 વર્ષ | 21મા તીર્થ. પછી | 11 |
| 28 વર્ષ | 56 વર્ષ | 616 વર્ષ | દીક્ષા ન લીધી | 700 વર્ષ | 10 વર્ષ | 22મા તીર્થ. પછી | 12 |

**(4) બળ :** 1 ચક્રીમાં 40 લાખ અષ્ટાપદનું બળ. (5) ચંદ્રકાંતમણિ આદિ રત્નજડિત 64 સેરના હાર હોય. (6) અઠ્ઠમ ક્યાં કરે ? માગધ તીર્થ, વરદામ તીર્થ, પ્રભાસ તીર્થ, સિંધુદેવી, વૈતાઢ્ય પર્વત, તમિસ્ત્રા ગુફા, ઋષભકૂટ, નમિ વિનમિ વિદ્યાધર, ગંગાદેવી સિદ્ધ કરવા, ખંડપ્રપાત ગુફા, નવ નિધિ.

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ: ||

# શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Brihad Mumbai Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva- Dharmik Shikshan Board,

Aaradhya - 1 Arth, Ground floor, H-Wing, Naidu Colony, Pantnagar, Ghatkopar (E), Mumbai- 400075

**E-mail: jainshikshanboard@gmail.com** **Website: www.jainshikshan.org**

### Our Website

Contact Details of Shikshan Board office (Phone & Email)
News and Events related to examination and breaking news
Know Goals and Visions of Board
Facility to enroll for forth coming exam online
Historical exams and answer papers available form 2016
Download online Shreni books
Schedule of forth coming Shreni exams available
Access Photographs of various events
View Past exams results

Scan for Website

### વેબ સાઇટમાં માહિતી

શિક્ષણ બોર્ડની ઓફિસના ફોન નંબર તથા ઇ-મેલ મેળવી શકશે.
બોર્ડ દ્વારા આગામી પરીક્ષાની માહિતી વિગતવાર મૂકવામાં આવશે.
બોર્ડના હેતુ તથા ધ્યેય જાણવા મળશે.
ઘર બેઠા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે.
2016 થી પરીક્ષાના પેપર તથા જવાબો મેળવી શકાશે.
દરેક શ્રેણીનો અભ્યાસક્રમ ડાઉનલોડ કરી શકશો.
પરીક્ષા માટેની માહિતી સમયસર મળી શકશે.
પ્રોગ્રામના ફોટા જોઈ શકાશે.
ભૂતપૂર્વ આપેલી પરિક્ષાનું પરિણામ જોઇ શકશો.

Scan to exam registration

# કર્મ આઠ


જ્ઞાનાવરણીય કર્મ
દર્શનાવરણીય કર્મ
વેદનીય કર્મ
મોહનીય કર્મ
આયુષ્ય કર્મ
નામ કર્મ
ગોત્ર કર્મ
અંતરાય કર્મ